# શ્રી દશવૈકાલિક સૂત્ર



લેખક
પ. પૂ. યોગનિષ્ઠ આચાર્યદેવેશ
શ્રીમદ્ વિજય કેશરસૂરીશ્વરજી મ. સા.

॥ શ્રી અજાહરા પાર્શ્વનાથાય નમઃ ॥

॥ શ્રી મુક્તિ-કમલ-કેસર-ચંદ્ર-પ્રભવચંદ્રસૂરીશ્વરજી સદ્‌ગુરુભ્યો નમઃ ॥

ચતુર્દશ પૂર્વી શ્રી શય્યંભવસૂરિ કૃત

# ॥ શ્રી દશવૈકાલિકસૂત્ર ॥

[ભાષાંતર, છૂટા શબ્દના અર્થ તથા ભાવાર્થ સહિત]

લેખક

પ. પૂ. યોગનિષ્ઠ આચાર્યદેવેશ

શ્રીમદ્‌ વિજય કેશરસૂરીશ્વરજી મ.સા.

શ્રી વિજય નેમિસૂરિ-જ્ઞાન શાળા
શાસન સમ્રાટ ભવન
ક્રમાંક: 000198
સ્થાન: 02-11
શેઠ હઠીસિંહની વાડી, અમદાવાદ.

પ્રકાશક

શ્રી મુક્તિચંદ્ર શ્રમણ આરાધના ટ્રસ્ટ

મુક્તિનગર-ગિરિવિહાર, તલેટી રોડ,

પાલીતાણા - ૩૬૪૨૭૦

પ. પૂ. ગચ્છાધિપતિ આચાર્યદેવ
શ્રીમદ્ વિજય હેમપ્રભસૂરીશ્વરજી મ.સા.
ની પ્રેરણાથી

સ્વર્ગસ્થ સાધ્વીજી જ્ઞાનશ્રીજી મ. તથા
તેઓની શિષ્યા વિનયશ્રીજી મ.ની
સ્મૃતિમાં સાધ્વીજી સૂર્યયશાશ્રીજી મ. તથા
સાધ્વી કલ્પલતાશ્રીજી મ.ના ઉપદેશથી

સાધુ-સાધ્વીજી ભગવંતો તથા
જ્ઞાનભંડારને ભેટ


પ્રાપ્તિસ્થાન

શ્રી મુક્તિચંદ્ર શ્રમણ આરાધના ટ્રસ્ટ
મુક્તિનગર, ગિરિવિહાર,
તળેટી રોડ, પાલીતાણા-૩૬૪૨૭૦

સોમચંદ ડી. શાહ
જીવન નિવાસ સામે,
પાલીતાણા-૩૬૪૨૭૦

સન્ ૧૯૯૯, સંવત ૨૦૫૫, શ્રાવણ વદી ૫
બીજી આવૃત્તિ - નકલ ૧૫૦૦
મૂલ્ય : રૂ. ૩૫-૦૦


મુદ્રક
સિદ્ધિ પ્રિન્ટોરીયમ
અમદાવાદ-૩૮૦ ૦૦૧
ફોન : ૨૧૧ ૨૯ ૩૯ - ૨૧૪ ૬૩ ૧૭

મુખપૃષ્ઠ પરિચય :- મહાવીરગિરી તીર્થ, ભોપાલ (M.P.)
તીર્થોધ્ધારક :- પ. પૂ. આ.દેવ શ્રીમદ્ વિજય હેમપ્રભસૂરીશ્વરજી મ. સા.


# મુક્તિ કમળ કેશર વાટીકા




સંઘ રઘુવીર પ. પૂ.
બુદ્ધિ વિજયજી મ. સા. (બુટેરાયજી મ. સા.)



પ. પૂ. આચાર્ય વિજય
શ્રી કમલ સૂરીશ્વરજી મ. સા.




પ. પૂ. યોગનિષ્ઠ આચાર્ય
શ્રી વિજય કેશર સૂરીશ્વરજી મ. સા.




તપાગચ્છાધિરાજ પ. પૂ.
શ્રી મુક્તિવિજયજી (ગણિ.) મૂલચંદજી મ. સા.



પ. પૂ. આચાર્ય
શ્રી વિજય ચન્દ્ર સૂરીશ્વરજી મ. સા.



પ. પૂ. આચાર્ય
શ્રી વિજય પ્રભવચન્દ્ર સૂરીશ્વરજી મ. સા.



પ. પૂ. આચાર્ય
શ્રી વિજય હેમપ્રભસૂરીશ્વરજી મ. સા.

# પહેલી આવૃત્તિની પ્રસ્તાવના

શ્રી શ્રી શ્રી સિજ્જંભવસૂરિ મહારાજે પોતાના પુત્ર અને શિષ્ય મનક મુનિનું અલ્પાયુષ્ય જ્ઞાનબળથી જાણ્યું અને તેમના ઉપકારને અર્થે આ શ્રી દશવૈકાલિક સૂત્ર આગમમાંથી ઉદ્ધરીને રચ્યું. તે મનક મુનિના સ્વર્ગગમન પછી પાછું ભંડારવા માંડ્યું, પણ સાંપ્રતકાળમાં સાધુ- સાધ્વીઓને અતિ ઉપકારી થશે એવી શ્રી સંઘની વિજ્ઞપ્તિથી તે તેમના પઠન-પાઠન માટે રાખ્યું, અને તે પ્રમાણે હાલમાં દીક્ષા લીધા પછી તરત જ દરેક સાધુ-સાધ્વીને ભણાવવામાં આવે છે.

હવે તે સૂત્ર ભણવાને સુગમ પડે તેવા હેતુથી સાધ્વીજી હિતશ્રીજી તથા ઉત્તમશ્રીજી મ.ના ઉપદેશથી કેટલાક શ્રાવક ભાઈઓ તથા બહેનોએ મદદ આપી તે વડે ટુલાઈન ગ્રેટ મીટર ટાઈપમાં નિર્ણયસાગર પ્રેસમાં સુરત નિવાસી ભાઈ નાનચંદ ભાયચંદે ૫૦૦ નકલો છપાવી બહાર પાડી અને તે સાધુ-સાધ્વીઓને વહેંચવામાં આવી. ત્યાર પછી ઉક્ત સાધ્વીજી મહારાજોનો આજ દશવૈકાલિક સૂત્ર શુદ્ધતાપૂર્વક અર્થ સાથે બહાર પડે તો વધારે લાભદાયક થાય એવો વિચાર થયો અને તેઓ રામપુરે પધાર્યાં ત્યારે પંન્યાસજી શ્રી કેશરવિજયજી ગણિ ત્યાં હતા, તેમનો મેળાપ થયો, ત્યાં તેમનો ઉપરનો વિચાર દર્શાવ્યો ત્યારે ઉક્ત પંન્યાસજીએ કહ્યું કે મારી પાસે કેટલાક વર્ષથી તેનું સરળ ભાષાંતર તૈયાર છે તે તમારા કામમાં આવશે. ત્યાર બાદ તેના ખર્ચ માટે શ્રાવક ભાઈઓ તથા બહેનોને સતત ઉપદેશ દઈ મદદ કરાવી, તે માટે તેમના તથા ઉક્ત પંન્યાસજીએ ભાષાંતર આ કામ માટે આપ્યું અને સુધાર્યું તેને માટે તેમનો ઉપકાર માનવામાં આવે છે.

લી.

**ઝવેરી ફકીરચંદ ઘેલાભાઈ**

**સુરત**

**સંવત ૧૯૬૭, સને ૧૯૧૧**

# પ્રસ્તાવના અને ગર્ભિતસાર

## 'बहुविग्धो हू मुहूतो मा अवरण्हं पडिक्खेह'

આ ભીષણ સંસાર મેદિનીમાં રહેલા જીવોનો એક એક સમય, ઘડી, મૂહૂર્તો અનેક વિઘ્ન-જાળથી યુક્ત છે. કયો સમય કે કાળ વ્યક્તિના વ્યાધિ કે મરણ માટે થશે તે વિશેષજ્ઞાની સિવાય કોણ જાણવા સમર્થ છે ? અર્થાત્ અજાણ સાધકે મૃત્યુ પૂર્વે જ સમયને અનુસરી જીવન મહેલને તપ-ત્યાગ-સ્વાધ્યાયાદિ અનુપમ ઘરેણાથી શણગારી લેવો. એવું જ દૃષ્ટિબિંદુ ધ્યાનમાં લઈ પ. પૂ. આરાધ્યપાદ ચૌદપૂર્વધર આચાર્ય દેવશ્રી શય્યંભવસૂરિ મ.સા. એ મુનિરાજ મનક (સ્વ સંસારી પક્ષે પુત્ર) માટે માત્ર ૬ માસનું આયુ શેષ જાણી પૂર્વોના જ્ઞાનખજાનામાંથી પોતાની અજબ પ્રતિભા અને મેધાથી સાધુજીવનના પાયારૂપ 'શ્રી દશવૈકાલિક સૂત્ર' ઉદ્ધર્યું (રચ્યું). તે કાળે જ્યારે મનકમુનિનો સ્વર્ગવાસ થયો ત્યારે આ સૂત્ર પુનઃ સંહરી લેવાનું પૂ. આ. શય્યંભવસૂરિએ વિચારેલ. પણ શ્રમણ સંઘ માટે ખૂબ જ ઉપયોગી બનશે તેવી સંઘની ભાવભીની વિનંતિ લક્ષમાં લઈ આ મહાસૂત્ર કાયમ રાખ્યું. કલિકાલમાં આ સૂત્ર સાધુપ્રાણને ટકાવવા તેટલું જ ઉપયોગી બન્યું છે. દીક્ષા પર્યાયના આરંભથી લઈ અંત સુધી આના માર્મિક શ્લોકો દિલ દિવારમાં ટાંકી રાખવા જેવા છે જે સાધકને પળે પળે સચોટ શિક્ષા તેમજ જાગૃતિમય પ્રેરણા આપવા પૂરતું પરિબળ છે.

નિરામય સંયમયાત્રાનું પ્રથમ સોપાન અહિંસા-સંયમ-તપના ત્રિવેણી સંગમમાં ભાવસ્નાનનું છે. વળી ગમે તે પ્રલોભનોના (ઈન્દ્રિયોના કે ભક્તગણોના) હડફેટમાં નહિ આવતા કઈ રીતે આહારગ્રહણ (અન્વેષણ) કરવો તે અંગેનું સંક્ષિપ્ત વર્ણન પહેલા 'દ્રુમપુષ્પિકા' નામના અધ્યયનમાં કર્યું છે.

સાધકના વ્યવસ્થિતતાની ઈમારત એના સ્વંયની આચારનિષ્ઠા ઉપર આધારિત છે. જે વ્યક્તિ સ્વલક્ષ્યને અનુલક્ષી, આચાર સંહિતાને નિષ્ઠાપૂર્વક વળગી રહે છે તેને દુનિયાની કોઈ પણ અરાજકતા લેશ માત્ર પણ ડગમગાવી ન શકે આવો એક દાવો જાણે બીજુ 'શ્રામણ્યપૂર્વિકા' અધ્યયન રાજીમતિ ને રથનેમિનો સુંદર સંવાદ જણાવી સાધક સામે કરી કહ્યું છે. પૂર્વકાળમાં પણ પતનના નિમિત્તો હતા જ. આ કાળમાં કાંઈ નવું નથી છતાં કાળનો દોષનું બહાનુ લઈ આચારોમાં ઉણાસ કરવો તે યોગ્ય નથી.

ત્રીજા 'ક્ષુલ્લકચાર' અધ્યયનમાં, સાધુ અવસ્થાના પાયાની વાત કરી વ્રત પાળનાર માટે પ્રાથમિક આચાર અંગે વર્ણન કરી, આહાર સેવન વિગેરેમાં મન ઉપર કાબુ રાખી ધીરજતા અને સહનશીલતા રાખવા કહ્યું.

જે ધૃતિવંત છે તે જ છઃ જીવનિકાયની દયા પાળી તપમાં પ્રવૃત્તિ કરી શકે. માટે જ ૪થા અધ્યયનમાં પૃથ્વી આદિ ષડ્કાયના ટૂંક ભેદો, હિંસાના પ્રકારો તેમજ કઈ કઈ રીતે (વસ્ત્ર ઝાટકવા આદિથી) દોષ સંભવે છે, ઇત્યાદિ દર્શાવી જે જીવતત્ત્વને સ્યાદ્વાદથી જાણે છે. તે પરંપરાએ કઈ રીતે શાશ્વતસિદ્ધિ ગતિને વરે છે. તે અંગેની હારમાળા (ક્રમ)ની સુંદર રચના શાસ્ત્રકાર મહર્ષિએ કરેલ છે.

જીવરક્ષા અથવા કોઈ પણ સંયમ અનુષ્ઠાનને સુદૃઢ રાખવા કાયાની આરોગ્યતા જરૂરી છે. જે જ્ઞાનતંતુને સતેજ રાખે છે. માટે ૫માં અધ્યયનમાં સાધુની આહાર-અન્વેષણ ગ્રહણ આલોચનાદિની નિર્દોષ પદ્ધતિનું તેમજ ગોચરી ગ્રહણ કર્યા બાદ ગ્રાસ કેટલા ? ગ્રાસ લેવાની પદ્ધતિ શું ? કલ્પ્ય, અકલ્પ્ય શું છે ? રસ લોલુપતાથી અકલ્પ્ય ગ્રહણ કરે તો આત્માને પરભવમાં શું પરિપાક મળે ? અને જે નિર્લોભિ થઈ સંયમદેહની રક્ષાને જ ધ્યાનમાં લઈ જિનાજ્ઞાપૂર્વક આહાર લે તેનું શું ફળ ? ઇત્યાદિનું વિશદ વર્ણન કર્યું છે.

આહાર લઈને આત્મગુણવૃદ્ધિ માટે જ્ઞાન-દર્શન-ચારિત્ર રત્નત્રયીને ખીલવવા ૬ઠ્ઠું 'મહાચાર' અધ્યયન કહે છે. તેમાં સંયમના ૧૮ સ્થાનોની વિસ્તૃત વ્યાખ્યા કરી છે. અને પ્રસ્તુત ૧૮ સ્થાનોમાં અવિચલ રહી પ્રાપ્ત કરેલ સંયમની વફાદારી નિભાવવા કહ્યું છે. જે આવા શુદ્ધ આચારોમાં સુસ્થિત ન રહે તે જ્ઞાની હોવા છતાં આ શાસનમાં ટકતો નથી પણ ફેંકાઈ જાય છે. તેવી પણ ચેતાવણી સાથે જ આપી છે.

ક્રિયા, તપ, વિહાર ઇત્યાદિ આચારશુદ્ધિ તો રાખે છે, પણ વચન સમિતિ ન હોવાથી 'કર્યા ઉપર પાણી'ના જેવું થઈ જાય છે. પણ ખંધક મુનિના પૂર્વ ભવને તેમજ દ્રોપદીને યાદ કરી વચન ઉપર ખૂબ જ કાબૂ રાખવા ૭મા અધ્યયનમાં કહ્યું "સાવ સૂકૂ હતું વરસાદ થયો સારૂં થયું" તેવું ઉચ્ચારણ કરતો સાધુ સમગ્ર અપકાય વિરાધનાના અનુમોદનનું પાપ માથે લઈ લે છે. આચાર વિષયશુદ્ધિને ઓળખી સાધુએ શું કરવું ? તેમજ આંતરિક કષાયોનું ઉદ્ભાવન થાય તો કઈ રીતે શમાવવા ? આદિનું વર્ણન ૮માં આચાર પ્ર. અધ્યાયમાં કરાવેલ છે.

આ સમગ્ર આચારયુક્ત સંયમજીવનનો આધાર શીલા 'વિનય' અને સમાધિ છે તે ખ્યાલમાં લઈ ૯મું વિનયસમાધિ અધ્યયન કહ્યું. તીર્થંકર પ્રભુ જ્યારે સમોસરણમાં બેસે ત્યારે 'નમોતિત્થસ્સ' કહે છે. તે પણ સાધકાત્માને પ્રવચન કે તીર્થ માટેનું સંપૂર્ણ વિનય રાખવા સૂચવે છે. વિનય સમાધિના અર્થો કેટલાં ગંભીર છે. અને આવશ્યક છે... તેમજ એકાદ ઉદ્દેશામાં પૂર્ણ થઈ શકે તેમ નથી, માટે ૪ ઉદ્દેશાઓ બનાવ્યાં હોઈ શકે, અને તે જ ખ્યાલમાં લઈ છેલ્લે આ અધ્યયન મૂક્યું છે.

હવે આ વિનય સંપન્ન જ્ઞાનાદિ રત્નત્રયી-શુદ્ધિથી યુક્ત છ જીવકાય રક્ષક શ્રમણની ટૂંકમાં ઓળખાણ શું ? તેમજ સહવર્તી સાથે રહેતા ગંભીરતાદિ ગુણો જાળવી કઈ રીતે ચલાવતા શીખવું ? અને સ્વસંયમની રક્ષા શી રીતે ધારવી ? તેની સુંદર પ્રરૂપણા ૧૦મા અધ્યયનમાં ૨૧ ગાથાથી કરેલ છે.

જ્યારે ભ્રાતૃ શ્રીયકને ભાવ દયાથી બેન સાધ્વીએ તપ કરાવ્યો, પણ ઉપવાસ કરતા મુનિ કાળધર્મ પામ્યાં, તે અંગેનું પ્રાયશ્ચિત લેવા જ્યારે સીમંધર પ્રભુ પાસે સાધ્વી (દૈવી શક્તિથી) ગયા ત્યાં પ્રભુએ ૪ વસ્તુ આપી. તેમાં બે આચારાંગમાં ચૂલિકા તરીકે મૂકેલ છે, અને ૨ ચૂલિકા રતિ અને વિવિકતચર્યા અત્રે ૧૦ અધ્યયનનાં અંતે મૂકવામાં આવી છે.

આ ચૂલિકાઓ પતન પામતા મુનિ માટે ચમત્કારિક મંત્ર સદૃશ છે. સંયમમાં અતિ આનંદ, રતિ ઉપજાવનાર છે. માટે સાધકે નિત્ય ઓછામાં ઓછું આ બે ચૂલિકાઓ ગણી જવી.

ઘણા સમય પહેલા પૂ. યોગનિષ્ઠ આ. વિ. શ્રી કેસરસૂરીશ્વરજી મ.સા. એ આ ગ્રંથનુ શાબ્દિક અનુવાદ તેમજ ભાવાર્થ લખેલ અને શા. હીરાચંદ કક્કલભાઈ અમદાવાદવાળા તરફથી પ્રગટ થયેલ સાધુ-સાધ્વીજીઓને ભેટ આપવામાં આવેલ. પણ ત્યાર પછી આ ગ્રંથ અલભ્ય થઈ ગયેલ.

આ કાળની અંદર આવા સરળ અનુવાદની ઘણી માંગ હોવાથી તેમજ ઉપયોગિતા નજરે પડવાથી આનું પુનઃ સંસ્કરણ પૂ. પરમોપકારી ગુરૂદેવ શ્રીમદ્ વિજય હેમપ્રભસૂરીશ્વરજી મ.સા.ની શુભ પ્રેરણાથી પ્રકાશિત કરવામાં આવેલ છે. સ્વર્ગસ્થ સાધ્વીરત્ન શ્રી જ્ઞાનશ્રીજી મ.ની સ્મૃતિમાં પ્રગટ થઈ રહેલ છે. તેમજ પ્રૂફ રીડીંગનું કાર્ય મુનિશ્રી વિજ્ઞાનપ્રભવિજયે કાળજી રાખી તપાસી આપેલ છે. તેમનો આ સહકાર સરાહનીય છે.

લી.

શ્રાવણ વદ ૫, ૩૧-૮-૯૮
મંગળવાર

**મુનિ ઉદયપ્રભ વિજયજી**
**શ્રી પુરૂષાદાનીય પાર્શ્વનાથ શ્વે. મૂ. પૂ. જૈન સંઘ**
**C/o. શ્રી દેવકીનંદન જૈન સંઘ**
અમદાવાદ

# પૂજ્ય પ્રવર્તિની સાધ્વીજી સૌભાગ્યશ્રીજી મ.ના શિષ્યા સાધ્વીજી જ્ઞાનશ્રીજી મ.નું જીવન ઝરમર

ભરતક્ષેત્રના પાવનભૂમીમાં અનેક મહાપુરૂષો થયા છે. તેમાં અકબર બાદશાહ જેવાએ જેમને જગતગુરૂની પદવીથી વિભૂષીત કરેલા એવા જીનશાસનના સ્તંભરૂપ મહાનશાસન પ્રભાવક એવા જગદ્‌ગુરુ વિજય શ્રી હીરસૂરીશ્વરજી મ.સા.ના જન્મથી પાવન થયેલી ધરા, એટલે પાલનપુર નગરી - તેમાં ઝવેરી હીરાલાલભાઈના કુલમાં ધાપુબેનની કુક્ષીએ પુત્રીરત્નનો જન્મ થયો. એ બાલીકાનું નામ ચંદન પાડવામાં આવ્યું.

પાપાપગલી ભરવા લાગેલા એવા બેન ચંદનને પ્રભુદર્શન વિના ચેન ન પડે. પ્રભુ સ્તવન વિના નિંદ ન ચડે, જ્યારે ચાર વર્ષની થઈ. માતા-પિતાના મુખેથી નવકાર આદિ સૂત્રો સાંભળી કંઠસ્થ કરી લીધા. કર્મની ગહનતાને કોણ પીછાણી શક્યું છે. અચાનક માતા મૃત્યુશય્યા પર ચીર નિંદ્રામાં પોઢી ગયા, ત્યારે નાની બાળકી શું જાણે મૃત્યુને ? મા ભગવાનના ઘરે ગઈ એમ બોલે. માનું સ્થાન હવે પિતાએ સંભાળ્યું. સાથે દાદાની ગોદમાં રમતાં-રમતાં મા વિસરાઈ ગઈ. પાઠશાળામાં તથા સ્કુલમાં પ્રથમ નંબરે પાસ થતી. જ્યાં અભ્યાસમાં લીન બની છે ત્યાં કાળે પિતાને ઝડપી લીધા. **અગિયાર વર્ષની** નાની વયે મા- બાપ બન્નેની છાયા ગુમાવી. પણ મા-બાપની હૂંફ પૂરી **પાડનાર દાદાજીની** અતિ લાડકી બનેલી ચંદનમાં પૂર્વના સુસંસ્કારો દ્વારા પ્રબળ પુણ્યોદયે **ધર્મ જાગૃતિ** આવી અને કર્મસ્વરૂપને જાણતા મૌન-જ્ઞાન-પ્રાર્થનામાં મન એકાગ્ર બન્યું.

યુવાની દીવાની ન બની પણ સુહાની બની. સંત્સંગ-ગુરૂસમાગમ ન મળવા છતાં સ્વભાવિક સંયમનો રંગ લાગ્યો. એક દિવસ દાદાને કહે - મારે તો દીક્ષા લેવી છે. ત્યારે દાદા બોલી ઊઠ્યા - બેટી ! પાગલ થઈ છે કે શું ? ક્યારેય આવી વાત કરીશ નહીં. દીકરી હૂં તને મારી આંખથી અળગી નહિ કરી શકું ત્યારે ચંદન કહે તો શું મને કુમારી રાખશો ? દાદા કહે જરૂર, પ્રેમથી પરણાવીશ. તો દાદાજી મારી સાથે સાસરે આવશો ? દાદા કહે દીકરી કેવી વાત કરે છે ? હું તો દીક્ષા માટે રજા નહિ આપી શકું. જેને વાત્સલ્યના ભરપૂર ઘુટડા પીવડાવ્યાં છે તેવા દાદાજીને આઘાત પહોંચાડવા મન કબુલ ન થયું. તોએ ત્યાગ ભાવમાં જીવન જીવવા લાગ્યાં. થોડા સમયમાં દાદાજી પણ અનંતનાં યાત્રી બન્યાં. ચંદન વિચારે ચિત્તમાં. આશ્ચર્ય છે ને જીવનનૈયાના ત્રણ નાવીકો બદલાયા. ચોથા નંબરે હતા વડીલ બંધુ. તેમની પાસે સંયમની અનુજ્ઞા માંગી. ભાઈ કહે બેન તું છે કોમળ, તારાથી સંયમના કષ્ટો કેમ સહન થશે ? આતમ ખોજનો એ માર્ગ અતિગહન છે. બેન ચંદન કહે છે. આ

અસાર સંસારમાં મારૂં મન નથી માનતું. બસ મને આશીર્વાદ સાથે આજ્ઞા આપો. ભાઈ, વિશેષ શું કહું ? મને મારા ભાવિ ગુરૂએ સ્વપ્નમાં દર્શન દીધાં છે. મને ત્યાં લઈ જાઓ. મને ત્યાં જલદી બોલાવે છે.

ભાઈએ કહ્યું, ગુરૂનું નામ ખબર છે ? ત્યારે ચંદનબેને નામ અને ઠામ આપી દીધા... મારા ગુરૂ પૂજ્ય કેસરસૂરીશ્વરજી મ.સા. છે, અને હાલ પાલીતાણામાં બિરાજે છે. ભાઈએ સાંભળીને તપાસ કરી તો ખરેખર સંવત ૧૯૮૨ની સાલ હતી, અને પૂજ્ય આચાર્યશ્રી તે સમયે પાલીતાણામાં હતા. ત્યારબાદ પૂજ્ય આચાર્યદેવ ભાવનગર-અમાવાદ-દહેગામ થઈને સંવત ૧૯૮૪માં વિસનગર ચાતુર્માસ બિરાજમાન હતા. તે સમયે દીક્ષાર્થી ચંદનબેનના ભાઈ ઝવેરી ચીમનલાલ હીરાલાલ પાલનપુરથી વિસનગર જઈને ચંદનબેનને દીક્ષા આપવા પાલનપુર પધારવા પૂજ્ય આચાર્યદેવ શ્રી વિજય કેસરસૂરીશ્વરજી મ.સા.ને વિનંતિ કરતા. તે વિનંતિ સ્વીકારી પૂજ્ય આચાર્ય ભગવંત તથા મહોપાધ્યાય શ્રી દેવવિજયજી વિગેરે તથા સાધ્વીજી અશોકશ્રીજી મ. તથા સૌભાગ્યશ્રીજી મ. વિગેરે સમુદાય સાથે પાલનપુર પધાર્યા. દીક્ષા પ્રસંગે ઝવેરી રેવાચંદ ઉજ્જમચંદભાઈ તરફથી અઠ્ઠાઈ મહોત્સવ કરવામાં આવ્યો. અને સંવત ૧૯૮૫ના કારતક વદી ૧૦ને ગુરૂવારે સવારે દીક્ષાનો ભવ્ય વરઘોડો ચઢાવવામાં આવ્યો. બેન ચંદન ચાર ઘોડાની બગીમાં બેસીને છૂટથી ત્યાં રૂપા-નાંણા વિગેરેનો વરસીદાન કરી ગામ બહાર વરઘોડા સાથે આવી એક વાડીમાં સુંદર વૃક્ષની નીચે એકત્ર થયેલી માનવમેદની વચ્ચે પરમ પૂજ્ય આ. શ્રી વિજય કેસરસૂરીશ્વરજી મહારાજ સાહેબે દીક્ષા આપી અને બેન ચંદનનું નામ સાધ્વી જ્ઞાનશ્રીજી મ. રાખ્યું. તેમને સાધ્વીજી સૌભાગ્યશ્રીજીના શિષ્યા તરીકે જાહેર કરવામાં આવ્યાં.

ગામ પરગામના અનેક ભાવિકોની સમક્ષ આ દીક્ષા પ્રસંગ ઉજવાયો. પ્રભાવના આદિ ધર્મ કાર્યો પણ ઘણા સારા થયા. આ દીક્ષા પ્રસંગની સ્મૃતિમાં પરમ પૂજ્ય આચાર્યશ્રી કૃત **"મહાવીર તત્ત્વપ્રકાશ"** નામનો સંસ્કૃત ગ્રંથ બેન ચંદનની દીક્ષા સ્મારક તરીકે છપાવવા તેમના ભાઈ ઝવેરી ચીમનલાલની ભાવના થવાથી તે પુસ્તક એમના તરફથી છપાવવામાં આવ્યું. જેમાં બેન ચંદનનો ફોટો તથા ટૂંક જીવનચરિત્ર પણ છપાવવામાં આવેલ.

૨૦ વર્ષની ભરયોવન વયે રત્નત્રયી પ્રાપ્તિ કરી ગુરૂઆણા-ગુરૂનિશ્રામાં અદ્‌ભૂત જ્ઞાન પ્રાપ્તિ સાથે. ચારિત્રનું પાલન કરતાં અનેક ગુણોના ધારક બન્યાં. ઉપદેશ દ્વારા અનેક આત્માઓને સાધનાના માર્ગે વાળનારા બની કેસરવાટીકાના ઘેઘૂર વડલા હેઠે પાંચ શિષ્યાઓના ગુરૂણી બની તેઓનો ઉદ્ધાર કર્યો. સા. સૂર્યયશાશ્રીજી, સા. વિનયશ્રીજી,

સા. કલ્પલતાશ્રીજી, સા. ભક્તિપૂર્ણાશ્રીજી, સા. ઉજ્જવલગુણાશ્રીજી - આ પાંચ પુષ્પો ગુરૂદેવનું સાનિધ્ય પામી વિકસ્વર બની ! શિષ્યા-પ્રશિષ્યા આદિ પંદર ઠાણાના નેતૃત્વ ધરાવતા વિશાલ પરિવાર સાથે શોભતા છેલ્લા ત્રેવીશ વર્ષોથી વૃદ્ધત્વના કારણે શ્રી તિર્થાધીરાજ શંત્રુજય ગિરિની શિતલ છાયામાં વિતાવતા છેલ્લા વીસ-એકવીસ વર્ષથી વૃદ્ધોનો સાથી એવા શ્રી મુક્તિચંદ્ર શ્રમણ આરાધના ટ્રસ્ટ સંચાલિત ગિરિવિહાર સાધ્વી કેન્દ્રમાં રહી અંતિમ પળો સુધી ગિરિરાજનું અને પૂજ્ય ગુરૂદેવનું ધ્યાન ધરતા, નમસ્કાર મહામંત્રનું રટણ કરતા આરાધનામાં લીન અને તલ્લીન બન્યાં. પૂજ્યશ્રી પરમ ભાગ્યશાળી હતી. રગેરગમાં શાસન અને સમુદાય પ્રત્યેની વફાદારી હતી. જેના ફળસ્વરૂપે પૂજ્યપાદ ગચ્છાધિપતિ આચાર્ય વિજય શ્રી હેમપ્રભસૂરીશ્વરજી મહારાજાનું ચાતુર્માસ ગિરિવિહારમાં હોવાથી સંવત ૨૦૫૧ના ભાદરવા સુદ ૧૦ પૂજ્ય આચાર્યદેવશ્રીના સ્વમુખે નવકાર મંત્રનું સ્મરણ કરતા જાગ્રત દશામાં સ્વમુખે નવકાર બોલતાં બોલતાં સંધ્યા સમયે પોતે આ દેહ પીંજરનો ત્યાગ કરી સ્વર્ગના માર્ગે પ્રયાણ કર્યું. આજે અમારી પાસે સ્વદેહે પૂજ્ય ગુરૂદેવ હાજર નથી પણ અમારા હૃદયકમળમાંથી ક્ષણ માત્ર વિસરાતા નથી. પૂજ્યશ્રીની અસિમ કૃપા અને અમીદૃષ્ટિ અમારા ઉપર સદા વરસી રહી છે.

એ અમારા પરમ ઉપકારી એવા ગુરૂદેવને વારંવાર વંદન.

લી.
આપની ચરણરેણું
**સા. સૂર્યયશાશ્રીજી**
**ગિરિવિહાર સાધ્વીજી આરાધના કેન્દ્ર**
**મુક્તિનગર, પાલીતાણા**

# યત્ કિન્ચિત્ એક મહત્ત્વની વાત

## શ્રી મુક્તિચન્દ્ર શ્રમણ આરાધના ટ્રસ્ટ, મુક્તિનગર, ગિરિવિહાર, પાલીતાણા એટલે...

(વૃદ્ધ, ગ્લાન, સાધુ, સાધ્વીજી તેમજ શ્રાવક, શ્રાવિકા, ચતુર્વિધ સંઘ માટે આરાધનાનું અપૂર્વ સ્થાન)

પરમ પૂજ્ય તપાગચ્છાધિરાજ શ્રી મુક્તિવિજયજી ગણી (શ્રી મૂલચંદજી મહારાજ સાહેબ)ના પટ્ટધર બાલબ્રહ્મચારી પરમ પૂજ્ય આચાર્ય ભગવંતશ્રી વિજય કમલસૂરીશ્વરજી મ.સા.ના પટ્ટધર પરમ પૂજ્ય યોગનિષ્ઠ આચાર્યદેવ શ્રી વિજય કેસરસૂરીશ્વરજી મ.ના પટ્ટધર પરમ પૂજ્ય અધ્યાત્મનષ્ઠ આચાર્યદેવશ્રી વિજય ચન્દ્રસૂરીશ્વરજી મ.સા.ની ભાવના હતી કે હાલના સંયોગોમાં નાના ગામડાંઓ લગભગ શ્રાવકની વસ્તી વગરના થઈ ગયા છે અને શહેરોમાં એક ચાતુર્માસ કર્યા બાદ વૃદ્ધાવસ્થા કે તબિયતના કારણે વિહાર ન કરી શકનાર એવા સાધુ-સાધ્વીજી ભગવંતોને અપમાનો સહન કરવાના પ્રસંગો આવતા હોવાથી અસમાધિમય જીવન બનતું હોય છે અને વર્ષો સુધી ચારિત્ર પાળ્યા બાદ વૃદ્ધાવસ્થામાં આર્તધ્યાનના પ્રસંગો આવતા હોય છે. તેના નિવારણ માટે પાલીતાણા તીર્થમાં એક એવું અજોડસ્થાન તૈયાર થવું જોઈએ, જેમાં ગમે તે ગચ્છ કે સમુદાયના ભેદભાવ વગર સાધુ ભગવંતો આરાધના કરી શકે, તેવા સ્થાનની પૂજ્યશ્રીની ભાવના હતી. તે પૂજ્ય ગુરૂદેવ વિજય ચંદ્રસૂરીશ્વરજી મ.સા.ની ભાવના અનુસાર તે કાર્ય પરિપૂર્ણ કરવા અર્થે પૂજ્ય આચાર્ય શ્રી વિજય પ્રભવચંદ્રસૂરીશ્વરજી મ.સા. પોતાના શિષ્ય મુનિરાજ હેમપ્રભવિજયજી મ.સા. (હાલ પૂજ્ય આચાર્ય વિજય હેમપ્રભસૂરીશ્વરજી મ.સા.) સંવત ૨૦૨૯ની સાલમાં ગુરૂશિષ્યની બેલડી શ્રી સિદ્ધાચલજીમાં પધાર્યા. સં. ૨૦૨૯ અને ૩૦ની સાલના પ્રયત્ન સ્વરૂપે ગિરિવિહાર બંગલાની પસંદગી આ કાર્ય માટે કરવામાં આવી. તે સમયે ગિરિવિહારનું બાનાખત કરવા માટે ૩ હજાર રૂપિયા જેવી રકમ પણ ન હતી. તે સમયે આ ટ્રસ્ટના સેક્રેટરી શ્રી નેમચંદ જીવણચંદ શાહ મઢીવાળા પોતાની પાસેથી ૩ હજારની રકમ ચૂકવીને તે ગિરિવિહાર બંગલાનું બાનાખત કરાવેલ. ત્યારબાદ ૨૦૩૦ની સાલમાં સાંઢેરાવ જીનેન્દ્રભુવન ધર્મશાળામાં પૂજ્ય આચાર્યદેવશ્રીનું ચાતુર્માસ તેમજ પૂજ્યશ્રીની નિશ્રામાં ૪૫૦ ભાવિકોને ઉપધાન તપ કરાવી લાભ લેનાર શ્રીમાન મોતીલાલજી ધનરાજજી લાપોદવાળાએ જે લાભ લીધો તે ઉપધાનના આરાધકોમાં ૩૦૦ આસપાસ માળ હતી. તે માળના શુભ દિવસે તે મુહૂર્તે શ્રી મુક્તિચંદ્ર શ્રમણ આરાધના ટ્રસ્ટની સ્થાપના કરવામાં આવી અને ગિરિવિહાર બંગલામાં મંગલ કાર્યક્રમનો પ્રારંભ થયો. ઉદ્‌ઘાટનનો શુભ દિવસ સં. ૨૦૩૧, માગસુર સુદ-૨ હતી. વૈશાખ સુદ-૩ના શ્રીમતી ફુટરીબાઈ ઈન્દ્રચંદ્રજી ધોકા ગિરિવિહાર

ભોજનશાળાનું ઉદ્ઘાટન કરવામાં આવ્યું. ઉદ્ઘાટન પ્રસંગે સાધ્વી તથા શ્રાવક-શ્રાવિકાઓ તરફથી તીવ્ર માંગણી થવાથી સાધુ-સાધ્વી-શ્રાવક અને શ્રાવિકા ચતુર્વિધ સંઘ માટે આરાધના કેન્દ્રો સ્થાપિત કરવાનું નિશ્ચય કરવામાં આવ્યું. ભોજનશાળામાં યાત્રાળુ સાધર્મિકબંધુઓ જમી જાય તો સાધુ-સાધ્વીજીઓને નિર્દોષ આહારની પ્રાપ્તિ થાય તે હેતુથી સં. ૨૦૩૧ના વૈશાખ સુદ-૩થી સં. ૨૦૩૯ની સાલ સુધી ફક્ત સવા રૂપિયાના ચાર્જમાં સાધર્મિકોની ભક્તિ કરી. ત્યારબાદ સં. ૨૦૩૯થી આજપર્યંત ૩ રૂપિયાના ચાર્જમાં શ્રાવક, શ્રાવિકાઓની ભક્તિ થાય છે અને નિર્દોષ આહાર, પાણી, ઔષધિ દ્વારા સાધુ-સાધ્વીજીઓની પણ ભક્તિ થઈ રહેલ છે. પૂજ્યોની કૃપા અને શાસનદેવની સહાયથી જૈન સમાજના ભાગ્યશાળી દાતાઓના સહકારથી ભોજનશાળા, સાધુ-સાધ્વી, શ્રાવક-શ્રાવિકાઓ માટે અલગ અલગ વિશાળ કેન્દ્રો તેમજ બે વિશાળ ધર્મશાળાઓ અને અન્નક્ષેત્ર વગેરે કાર્યો દ્વારા શાસન સેવા થઈ રહેલ છે.

તેમાં સોનામાં સુગંધ સમાન પરમ પૂજ્ય યોગનિષ્ઠ આચાર્ય વિજય કેસરસૂરીશ્વરજી મ.સા. લિખિત ઉત્કૃષ્ટ સાહિત્ય જે ગુજરાતી, હિન્દી તથા અંગ્રેજીમાં મુદ્રિત કરી જૈન સંઘ સામે મૂકવાનું સૌભાગ્ય પણ પ્રાપ્ત થયેલ છે. તેમાં મહાબલ મલયાસુંદરી ચરિત્ર, જેની પુસ્તકાકારે અનેક આવૃત્તિઓ છપાયેલી છતાં સાધુ-સાધ્વીજીઓની માગણીને લક્ષમાં રાખી પ્રતાકારે છપાવવાની પ્રેરણા પૂજ્ય આચાર્યદેવશ્રી હેમપ્રભસૂરીશ્વરજી મ. સાહેબે સાયન સંઘને આપી અને રાજકુમારી સુદર્શના ચરિત્ર તેની પ્રેરણા બાબુ અમીચંદ પન્નાલાલ ટ્રસ્ટના સહયોગથી અમારી સંસ્થાએ પ્રગટ કરેલ છે. મહાબલ મલયાસુંદરી ચરિત્ર પૂજ્ય યોગનિષ્ઠ આચાર્ય વિજય કેસરસૂરીશ્વરજી મ.સા.ની અર્ધશતાબ્દી નિમિત્તે તેમજ રાજકુમારી સુદર્શના પૂજ્યશ્રી હેમપ્રભસૂરીશ્વરજી મ.સા.ની આચાર્ય પદવીની સ્મૃતિમાં પ્રતાકારે પ્રગટ કરવામાં આવી છે. આ બંને પ્રતો પૂજ્ય સાધુ-સાધ્વીજી મ.સા.ને અને જ્ઞાનભંડારોમાં ભેટ આપવામાં આવે છે.

પૂજ્ય આચાર્યદેવશ્રી આદિ શિષ્ય, પ્રશિષ્યો સાથે કોલ્હાપુર, મહારાષ્ટ્રમાં ગુજરી જૈન સંઘના આગ્રહથી ત્યાં ચાતુર્માસ બિરાજેલા. ચાતુર્માસનાં ચારે માસ પ્રવચનમાં શ્રી શાંતિસૂરીશ્વરજી કૃત શ્રી ધર્મરત્ન પ્રકરણ ઉપર પ્રભાવિક પ્રવચનો થયા. તે સમયે પૂજ્ય આચાર્યદેવશ્રીને અંતરમાં એવી ભાવના થઈ કે આ ગ્રંથરત્નનું ભાષાંતર કરી પ્રતાકારે પ્રકાશિત કરવામાં આવે તો સાધુ-સાધ્વીજીઓને સ્વાધ્યાય તેમજ પ્રવચનોમાં ઉપયોગી થાય અને એ અરસામાં ભાવનગર શ્રી આત્માનંદ જૈન સભા પ્રકાશિત વર્ષો પહેલાં પ્રગટ થયેલ પુસ્તકાકારે ધર્મરત્ન પ્રકરણનું ભાષાંતર મળી જતાં ગુજરી જૈન સંઘ તથા લક્ષ્મીપૂરી જૈન સંઘને પ્રેરણા આપતાં આ ગ્રંથરત્ન પ્રકાશિત કરવામાં આ સંઘોનો સહકાર મળતાં કાર્ય ખૂબ જ સરળ બનેલ છે.

આ ગ્રંથરત્નમાં મૂળ શ્લોક, અર્થ તેમજ ભાવાર્થ અને કથાનકો હોવાથી દરેકને સ્વાધ્યાયમાં, પ્રવચનમાં અનુકૂળતા આવશે એવી આશા સાથે શ્રી સંભવનાથ જૈન સંઘ, ગુજરી પેઠ તથા શ્રી મુનિસુવ્રતસ્વામી જૈન સંઘ, કોલ્હાપુર તેમજ અન્ય સહયોગ આપનારનો અમે આભાર માનીએ છીએ.

સંવત ૨૦૫૨ની સાલના ચાતુર્માસ માટે અતિઆગ્રહ હોવાથી પરમ પૂજ્ય આચાર્યદેવશ્રી વિજય હેમપ્રભસૂરીશ્વરજી મ.સા. આદિ ઠાણા ૧૩ શિષ્યો-પ્રશિષ્યો સાથે ફુલચંદ કલ્યાણચંદ અઠવા લાઈન્સ જૈન સંઘ, સુરત પધારી રહેલ ત્યારે પૂજ્યશ્રીના અંતેવાસી સ્વાધ્યાય- વૈયાવચ્ચપ્રેમી પૂજ્ય પંન્યાસશ્રી મલયચંદ્રવિજયજી મ.સા. વિહારમાં ગરમીના કારણે હેમરેજ થઈ જવાથી નડીયાદ મુકામે જેઠ વદ ૮ના રોજ સમાધિપૂર્વક કાળધર્મ પામ્યાં, તે જ ચાતુર્માસમાં પર્યુષણ પર્વ બાદ ઝેરી મેલેરીયાના કારણે પૂજ્યશ્રીના શિષ્ય મુનિરાજ શ્રી હર્ષિતચંદ્રવિજયજી મ.સા. ભાદરવા વદી ૫ના દિને સમાધિપૂર્વક કાળધર્મ પામ્યાં, આ બન્ને પૂજ્યોની સ્મૃતિમાં અઠવા લાઈન્સ સંઘે શ્રી કલ્પસૂત્ર ભાષાંતર (શ્રી જ્ઞાનવિમલસૂરીના ઢાળીયા સાથે), બીજું શ્રી ચીરંતનાચાર્ય કૃત પંચસૂત્ર ભાષાંતર - આ બન્ને પ્રતાકારે પ્રગટ કરવામાં આવેલ છે.

ત્યારબાદ શ્રી રેખા દર્શન સામુદ્રિક શાસ્ત્ર અને આત્મવિશુદ્ધિ (હિન્દીમાં) ગિરિવિહાર સંસ્થાએ પ્રકાશિત કરેલ છે.

પરમ પૂજ્ય આચાર્યશ્રી વિજય કેશરસૂરીશ્વરજી મ.સા. દ્વારા ભાષાંતર થયેલ શ્રી દશવૈકાલિક સૂત્ર તેમજ નિતિમય જીવન (હિન્દી) પ્રેસમાં છે.

આ પ્રકાશન કાર્ય માથે લઈને શ્રી જયેશભાઈ એ. શાહે અલ્પ સમયમાં પ્રકાશિત કરી આપેલ છે. તે માટે તેમનો તથા પ્રતના પ્રિન્ટ માટે વાજબી દરે કાગળો મેળવી આપનાર શ્રી અશોકકુમાર મણીલાલ મહેતા, ગુજરાત ચોપડા ભંડારવાળાનો પણ અમે આભાર માનીએ છીએ.

આ રીતે પ્રકાશન કાર્યમાં ટ્રસ્ટ એક વિકાસનું પગલું વધુ માંડીને પૂર્વાચાર્ય વિરચિત ગ્રંથ પ્રકાશન કરી રહેલ છે. આવા કાર્યો નિરંતર થતા રહે એ જ અભિલાષા સાથે શ્રી મુક્તિચંદ્ર શ્રમણ આરાધના ટ્રસ્ટના અનેકલક્ષી કાર્યોમાં પ્રેરણા, ઉપદેશ આપનાર એવા પૂજ્ય આચાર્યદેવો તથા સાધુ-સાધ્વીજી ભગવંતો તેમજ શ્રાવક-શ્રાવિકાનો પણ અમો આભાર માનીએ છીએ.

**એજ**

**શ્રી મુક્તિચંદ્ર શ્રમણ આરાધના ટ્રસ્ટના ટ્રસ્ટીગણ**

**મુક્તિનગર, ગિરિવિહાર, પાલીતાણા-૩૬૪૨૭૦**

# અનુક્રમણિકા


| અધ્યયન | પાનુ |
|---|---|
| અધ્યયન પહેલુ | ૧ |
| અધ્યયન બીજુ | ૩ |
| અધ્યયન ત્રીજુ | ૮ |
| અધ્યયન ચોથું | ૧૪ |
| અધ્યયન પાંચમુ ઉદ્દેશો પહેલો | ૪૧ |
| અધ્યયન પાંચમુ ઉદ્દેશો બીજો | ૬૭ |
| અધ્યયન છઠ્ઠુ | ૮૧ |
| અધ્યયન સાતમુ | ૧૦૦ |
| અધ્યયન આઠમુ | ૧૧૮ |
| અધ્યયન નવમુ ઉદ્દેશો પહેલો | ૧૩૮ |
| અધ્યયન નવમુ ઉદ્દેશો બીજો | ૧૪૪ |
| અધ્યયન નવમુ ઉદ્દેશો ત્રીજો | ૧૫૧ |
| અધ્યયન નવમુ ઉદ્દેશો ચોથો | ૧૫૬ |
| અધ્યયન દશમુ | ૧૬૧ |
| ચૂલિકા પહેલી | ૧૬૮ |
| ચૂલિકા બીજી | ૧૭૭ |
| દશવૈકાલિકની સજ્ઝાયો | ૧૮૪ |

## યોગદિવાકર પ.પૂ. આચાર્ય શ્રીમદ્ વિજયકેસરસૂરીશ્વરજી મહારાજ રચિત તત્ત્વજ્ઞાનપૂર્ણ ગ્રન્થોની સૂચિ એવં સંસ્થાના અન્ય પ્રકાશનો

૧. મહાવીર તત્ત્વ પ્રકાશ
૨. આત્મ વિશુદ્ધ
૩. નીતિ વિચાર રત્નમાલા
૪. આત્માનો વિકાસક્રમ અને મહામોહનો પરાજય
૫. પ્રભુના પંથે જ્ઞાનનો પ્રકાશ
૬. આત્મજ્ઞાન પ્રવેશિકા
૭. ધર્મોપદેશ તત્ત્વજ્ઞાન
૮. નીતિમય જીવન
૯. ગૃહસ્થ ધર્મ
૧૦. આનન્દ અને પ્રભુ મહાવીર
૧૧. સમ્યગ્દર્શન
૧૨. યોગશાસ્ત્ર (ભાષાન્તર)
૧૩. શ્રી મહાબલ મલયાસુંદરી (ભાષાન્તર)
૧૪. સુદર્શના ચરિત્ર યાનિ સમળી વિહાર (ભાષાન્તર)
૧૫. પ્રબોધ ચિન્તામણિ
૧૬. શાંતિનો માર્ગ
૧૭. ધ્યાન દીપિકા
૧૮. દશવૈકાલિક સૂત્ર (ભાષાન્તર)
૧૯. ધર્મરત્ન પ્રકરણ (મૂલ અર્થ સહિત)
૨૦. ધર્મરત્નના અજવાળા
૨૧. અધ્યાત્મ કલ્પદ્રૂમ-મૂલ અર્થ સહિત
૨૨. મુક્તિમાર્ગનો સાથી
૨૩. હસ્ત સંજીવની રેખા દર્શન
૨૪. તપાગચ્છાધિરાજ અને માર્ગદર્શક ગુરુદેવ
૨૫. તપાગચ્છાધિરાજ
૨૬. પ. પૂ. કમલસૂરીશ્વરજીનું જીવનચરિત્ર
૨૭. તપાગચ્છ વંશવૃક્ષ
૨૮. શ્રી બૃહદ્ યોગવિધિ
૨૯. Knowledge of Soul
૩૦. નિત્ય આરાધના

### પત

૧. મહાબલ-મલયાસુંદરી ચરિત્ર (ભાષાન્તર)
૨. સુદર્શના ચરિત્ર યાને સમળીવિહાર (ભાષાન્તર)
૩. ધર્મરત્ન પ્રકરણ
૪. શ્રી કલ્પસૂત્ર ભાષાંતર (શ્રી જ્ઞાનવિમલસૂરીના ઢાળિયા અર્થ સાથે)
૫. શ્રી અષ્ટાન્હિકા વ્યાખ્યાન (ગુજ.) પ્રેસમાં
૬. શ્રી પંચ સૂત્ર
૭. શ્રી બારસાસૂત્ર સચિત્ર (હિન્દી ભાષાંતર)
૮. શ્રી કલ્પસૂત્ર (હિન્દી ભાષાંતર)
૯. શ્રી અષ્ટાન્હિકા વ્યાખ્યાન (હિન્દી) પ્રેસમાં

### हिन्दी

१. आत्म विशुद्धि
२. प्रभु के पंथ में ज्ञान का प्रकाश
३. आत्मज्ञान प्रवेशिका
४. धर्मोपदेश तत्त्वज्ञान
५. नीतिमय जीवन
६. गृहस्थ धर्म
७. शांति का मार्ग
८. पथ प्रदर्शक गुरुदेव

# દશવૈકાલિકસૂત્ર

## ભાષાંતર

## દ્રુમપુષ્પિકાધ્યયનમ્ ॥૧॥

સૂત્ર-ધમ્મો મંગલમુક્કિટ્ઠં, અહિંસા સંજમો તવો ।
દેવા વિ તં નમંસંતિ, જસ્સ ધમ્મે સયા મણો ॥૧॥

જહા દુમસ્સ પુપ્ફેસુ, ભમરો આવિયઇ રસં ।
ણય પુપ્ફં કિલામેઇ, સો અ પીણેઇ અપ્પયં ॥૨॥

એમેએ સમણા મુત્તા, જે લોએ સંતિ સાહુણો ।
વિહંગમા વ પુપ્ફેસુ, દાણભત્તેસણે રયા ॥૩॥

વયં ચ વિત્તિં લબ્ભામો, ન ય કોઇ ઉવહમ્મઇ ।
અહાગડેસુ રીયંતે, પુપ્ફેસુ ભમરા જહા ॥૪॥

મહુગારસમા બુદ્ધા, જે ભવંતિ અણિસ્સિઆ ।
નાણાપિંડરયા દંતા, તેણ વુચ્ચંતિ સાહુણો ॥ ત્તિ બેમિ ॥૫॥

દ્રુમપુપ્ફિયઅજ્ઝયણં સંમતં ॥૧॥

## અધ્યયન પહેલું

### ગાથા ૧ થી પાંચ સુધીના છુટા શબ્દના અર્થ

| | | |
|---|---|---|
| ધમ્મો-ધર્મ | તં-તેને | પુપ્ફેસુ-ફુલોમાં |
| મંગલં-મંગળ | નમંસંતિ-નમસ્કાર કરે છે. | ભમરો-ભમરો |
| ઉક્કિટ્ઠં-ઉત્કૃષ્ટ | જસ્સ-જેનું | આવિયઈ-મર્યાદાપૂર્વક- (થોડો થોડો) - પીએ છે. |
| અહિંસા-જીવ દયા | ધમ્મે-ધર્મમાં | |
| સંજમો-સંયમ | સયા-નિરંતર, હમ્મેશાં | |
| તવો-તપ | મણો-મન | રસં-રસ |
| દેવા-દેવો | જહા-જેમ | ન-નહિ |
| વિ-પણ | દુમસ્સ-ઝાડના | |

| | | |
|---|---|---|
| **ય**-વળી | **વ**-પેઠે | **સમા**-સરખા |
| **પુપ્ફં**-ફુલને | **દાણ**-દીધેલા, | **બુદ્ધા**-તત્ત્વના જાણ |
| **કિલામેઇ**-પીડા કરે છે. | **ભત્તેસણે**-આહારની ગવેષણામાં | **ભવંતિ**-હોય છે. અથવા (ભમે) છે. |
| **સોઅ**-તે (ભ્રમર) | **રયા**-રક્ત | **અણિસ્સિઆ**-નિશ્રાવગરના, કુલાદિકના પ્રતિબંધે રહિત. |
| **પીણેઇ**-તૃપ્ત કરે છે. | **વયં**-અમે | **નાણા**-જુદા જુદા |
| **અપ્પયં**-આત્માને | **વિત્તિ**-વૃત્તિ, આહારાદિ | **પિંડ**-આહારમાં |
| **એમ**-એ પ્રકારે | **લબ્ભામો**-પામીશું | **રયા**-આનંદ માનનારા |
| **એએ**-તે, આ | **ન**-નહિ. | **દંતા**-ઇંદ્રિયોને દમનારા |
| **સમણા**-શ્રમણો, સાધુઓ | **કોઈ**-કોઈની | **તેણ**-તે કારણ માટે |
| **મુત્તા**-નિર્લોભી, (પરિગ્રહથી મુકાએલા) | **ઉવહમ્મઈ**-વિરાધના થાય | **વુચ્ચંતિ**-કહેવાય છે |
| **જે**-જેઓ | **અહાગડેસુ**-યથાકૃત (ગ્રહસ્થે પોતાને માટે કરેલા આહારમાં) | **સાહુણો**-સાધુઓ |
| **લોએ**-લોકને વિષે | **રીયંતે**-વિચરે છે. | **ત્તિ**-એ પ્રકારે |
| **સંતિ**-છે. | **મહુગાર**-ભમરો, મધુકર | **બેમિ**-હું કહું છું. |
| **સાહુણો**-સાધુઓ | | |
| **વિહંગમા**-ભમરા, | | |

**ભાવાર્થ :** જીવોની રક્ષા કરવી, તથા સંયમ જે પાંચ આશ્રવોથી પાછું હઠવું, પાંચ ઇંદ્રિયોનો નિગ્રહ કરવો, ચાર પ્રકારના કષાયનો જય કરવો, અને ત્રણ દંડથી પાછું હઠવું, તથા બાર પ્રકારનો તપ કરવો તે ધર્મ ઉત્કૃષ્ટ મંગળ છે. જેનું મન ધર્મને વિષે નિરંતર છે, તેમને દેવો પણ નમસ્કાર કરે છે. ॥૧॥

(આ સૂત્રમાં સાધુ સાધ્વીઓનો આચાર વર્ણવેલો છે માટે પ્રથમ સાધુઓને આહાર ગ્રહણ કરવાની વિધિ કહે છે.)

સાધુ સાધ્વીઓએ આહાર કેવી રીતે લેવો જોઈએ ? જેમ વૃક્ષના પુષ્પમાંથી ભ્રમર રસને પીએ છે, અને પોતાના આત્માને તૃપ્ત કરે છે, પણ ફૂલને પીડા કરતો નથી. ॥૨॥

તેવી જ રીતે આ મનુષ્ય લોકમાં રહેલા સાધુઓ જેઓ બાહ્ય અભ્યંતર પરિગ્રહથી મૂકાએલા છે. તેઓ જેમ ભમરાઓ ફૂલને વિષે, તેમ ગૃહસ્થોએ આપેલ નિર્દોષ આહારની ગવેષણાને વિષે આસક્ત રહે. ॥૩॥

(ભક્તિથી લોકો અશુદ્ધ આહાર આપે તો પણ સાધુ તેવા આહાર ગ્રહણ ન કરે)

જેમ ભમરો બીજાને માટે ઉગેલા વૃક્ષોનાં ફુલોમાંથી રસ લે છે, તેમ અમે પણ ગૃહસ્થોએ પોતાને માટે કરેલા આહારમાંથી આજીવિકાને પામીશું, પણ કોઇ જીવની વિરાધના થાય તેમ લેઈશું નહિ. ॥૪॥

એમ ભમરાની ઉપમા વાળા, અને જાણ્યા છે તત્ત્વો જેમણે, તથા કોઇની નિશ્રા રહિત, વળી થોડા થોડા અથવા રસ વિનાના એવા આહાર લેવામાં ઉદ્વેગ નહિ પામેલા, સાધુઓને સાધુ કહીએ. એમ હું કહું છું ॥ ઇતિ શ્રી પ્રથમાધ્યયનમ્ ॥૫॥

## અથ શ્રામણ્ય પૂર્વિકાધ્યયનમ્ ॥૨॥

**સૂત્ર-કહં નુ કુજ્જા સામણ્ણં, જો કામે ન નિવારએ ।**
**પએ પએ વિસીઅંતો, સંકપ્પસ્સ વસં ગઓ ॥૧॥**

**વત્થગંધમલંકારં, ઇત્થીઓ સયણાણિ અ ॥**
**અચ્છંદા જે ન ભુંજંતિ, ન સે ચાઇ ત્તિ વુચ્ચઇ ॥૨॥**

**જે અ કંતે પિએ ભોએ, લદ્ધે વિ પિટ્ઠિ કુવ્વઇ ।**
**સાહીણે ચયઈ ભોએ, સે હુ ચાઇ ત્તિ વુચ્ચઇ ॥૩॥**

**સમાઇ પેહાઇ પરિવ્વયંતો, સિઆ મણો નિસ્સરઈ બહિદ્ધા ।**
**ન સા મહં નોવિ અહં પિ તીસે, ઇચ્ચેવ તાઓ વિણઇજ્જ રાગં ॥૪॥**

**આયાવયાહી ચય સોગમલ્લં, કામે કમાહી કમિઅં ખુ દુક્ખં ।**
**છિંદાહિ દોસં વિણઇજ્જ રાગં, એવં સુહી હોહિસિ સંપરાએ ॥૫॥**

### અધ્યયન બીજું

**ગાથા ૧ થી પાંચ સુધીના છુટા શબ્દના અર્થ**

| | | |
|---|---|---|
| કહન્-કેમ, શી રીતે ? | નિવારએ-નિવારણ કરતો | વથ્થ-વસ્ત્ર, લુગડાં |
| નુ-વિતર્કે. કુજ્જા-પાળશે ? | પએ પ્રએ-પગલે પગલે | ગંધં-ગંધ |
| સામન્નં-ચારિત્ર, સાધુપણું | વિસીયંતો-વિષાદ પામતો | અલંકારં-અલંકાર, ઘરેણાં |
| જો-જે | સંકપસ્સ-સંકલ્પોને, માઠા વિચારોને | ઇથ્થિઓ-સ્ત્રીઓ |
| કામે-કામોને, કામભોગોને | વસંગઓ-વશ થએલો | સયણાણિ-શય્યા, પથારીઓ |
| ન-નથી | | |

**ય**-વળી
**અચ્છંદા**-જે પોતાને વશ નથી
**જે**-જે (મનુષ્ય)
**ન**-નહિ
**ભુંજંતિ**-ભોગવે છે.
**સે**-તે
**ચાઇ**-ત્યાગી
**ત્તિ**-એવો
**વુચ્ચઇ**-કહેવાય ?
**જેય**-જે માણસ
**કંતે**-ચાહવા લાયક
**પિએ**-પ્રિય, વ્હાલા
**ભોએ**-ભોગોને
**લદ્ધે**-પામે છતે
**વિપિટ્ઠિ**-અનેક પ્રકારે-પુંઠે
**કુવ્વઇ**-કરે
**સાહીણે**-સ્વાધીન, પોતાને તાબે
**ચયઇ**-ત્યાગ કરે છે.
**ભોએ**-ભોગોને
**સે**-તેઓ
**હુ**-નિશ્ચે

**ચાઇ**-ત્યાગી
**ત્તિ**-એમ
**વુચ્ચઇ**-કહેવાય
**સમાઇ**-સમ, સરખી
**પેહાઇ**-દૃષ્ટિવડે
**પરિવ્વયંતો**-સંજમમાં વિચરતો
**સિઆ**-કદાચિત્
**મણો**-મન
**નિસ્સરઇ**-નિકળે
**બહિદ્ધા**-(સંજમથી) બહાર
**ન**-નથી
**સા**-તે (સ્ત્રી)
**મહં**-મ્હારી
**નો**-નથી
**વિ**-પણ
**અહં**-હું
**તીસે**-તેનો
**ઇચ્ચેવ**-એ પ્રમાણે
**તાઓ**-તે સ્ત્રીથી

**વિણઇજ્જ**-ફેડે, કાઢી નાંખે
**રાગં**-રાગને
**આયાવયાહી**-આતાપનાલે
**ચય**-ત્યાગ કર
**સોગમલ્લં**-સુકુમારપણું, કોમળપણું
**કામે**-કામોને
**કમાહી**-ઓળંઘ
**કમિઅં**-ઓળંઘ્યું
**ખુ**-નિશ્ચે
**દુઃક્ખં**-દુઃખ
**છિંદાહિ**-છેદ, નાશ કર
**દોસં**-દ્વેષ, વેર,
**વિણએજ્જ**-દૂર કર
**રાગં**-રાગ, પ્રીતિ
**એવમ્**-એ રીતે
**સુહી**-સુખી
**હોહિસિ**-થઈશ
**સંપરાએ**-સંસારને વિષે

(કદાચ નવા દિક્ષિતને સંયમને વિષે ધીરજ ન રહે તો ધીરજવાન થવાને માટે ઉપદેશ આપે છે.)

**ભાવાર્થ :** જે સંકલ્પને પરાધીન થઈને પગલે પગલે વિખવાદ પામે છે, અને કામને વિષેથી પોતાનું મન નિવારણ કરી શકતો નથી, તે સાધુપણું કેમ પાળી શકશે ? ॥૧॥

સારાં વસ્ત્રો, સુગંધી પદાર્થો, ઘરેણાં, મુકુટ આદિ અલંકાર, સુંદર સ્ત્રીઓ, અને પલંગાદિ પોતાને આધીન ન હોવાથી ભોગવતો નથી તેને ત્યાગી ન કહેવાય. કારણ કે તેની મૂર્છા બની રહેલી છે. ॥૨॥

જે માણસ મનોહર પ્રિય શબ્દાદિ વિષયોને પામીને, શુભ ભાવનાએ કરી, પોતાને સ્વાધીન એવા ભોગોનો ત્યાગ કરે છે, તેને નિશ્ચે કરીને ત્યાગી કહેવો. ॥૩॥

(આવા ત્યાગી મહાત્માનું પણ મન કદાચ સંયમથી બહાર દોડે તો તેઓએ શું કરવું ? તે કહે છે.)

પોતાના અને પરના ઉપર સમાન દૃષ્ટિએ ચાલતાં કદાચ કર્મની વિચિત્રતાએ પોતાનું મન સંયમથી બહાર નીકળે તો શુભ અધ્યવસાયે કરી તે રાગને દૂર કરવો. જેમ કે જેના ઉપર રાગ ઉત્પન્ન થયો હોય તેના ઉપર એવો વિચાર કરવો કે, તે મારી નથી અને હું તેનો નથી. સર્વ પ્રાણીઓ પોતાનાં કર્મો જુદાં જુદાં ભોગવે છે. એ ભાવનાએ કરી તેની તરફથી રાગને દૂર કરવો. ॥૪॥

(પૂર્વે અભ્યંતર વિધિ રાગને દૂર કરવા બતાવ્યો, હવે બાહ્યવિધિ બતાવે છે.)

મન વશ કરવાને માટે તું આતાપના લે, ઉપલક્ષણથી ઉનોદરિકાદિ તપશ્યા કર, સુકુમાળપણું ત્યાગ કર, સુકુમાળપણાથી કામની ઈચ્છા પ્રવર્તે છે. તથા સ્ત્રીઓને પ્રિય થવાય છે. એમ આ બન્ને ભાવનાને અંગીકાર કરી કામને ઓળંઘી જા. તે અંતર કામ દબાવવાની વિધિ બતાવે છે. દ્વેષને છેદ, રાગને દૂર કર, એમ કરવાથી સંસારને વિષે જ્યાં સુધી મોક્ષ ન થાય ત્યાં સુધી સુખી થઈશ. ॥૫॥

**સૂત્ર-પક્ખંદે જલિઅં જોઇં, ધૂમકેઉં દુરાસયં ।**
**નેચ્છંતિ વંતયં ભોત્તું, કુલે જાયા અગંધણે ॥૬॥**

**ધિરત્થુ તે જસો કામી, જો તં જીવિયકારણા ।**
**વંતં ઇચ્છસિ આવેઉં, સેઅં તે મરણં ભવે ॥૭॥**

**અહં ચ ભોગરાઅસ્સ, તં ચ સિ અંધગવણ્હિણો ।**
**મા કુલે ગંધણા હોમો, સંજમં નિહુઓ ચર ॥૮॥**

**જઇ તં કાહિસિ ભાવં, જા જા દિચ્છસિ નારિઓ ।**
**વાયાવિદ્ધુવ્વ હડો, અટ્ઠિઅપ્પા ભવિસ્સસિ ॥૯॥**

**તીસે સો વયણં સોચ્ચા, સંજયાઇ સુભાસિઅં ।**
**અંકુસેણ જહા નાગો, ધમ્મે સંપડિવાઇઓ ॥૧૦॥**

**એવં કરંતિ સંબુદ્ધા, પંડિઆ પવિઅક્ખણા ।**
**વિણિઅટ્ટંતિ ભોગેસુ, જહા સે પુરિસુત્તમો ॥ ત્તિ બેમિ ॥૧૧॥**
**સામણ્ણપુવ્વિયઅજ્ઝયણં સમતં ॥૨॥**

## ગાથા ૬ઠ્ઠી થી ૧૧મી સુધીના છુટા શબ્દના અર્થ

**પખ્ખંદે**-આશ્રય કરે
**જલિઅં**-બળતી
**જોઇં**-અગ્નિ (નો)
**ધૂમ કેઉં**-ધુમાડા વાળી
**દુરાસયં**-દુઃખે સહન કરાય એવી
**ન**-નહિ
**ઇચ્છંતિ**-ઇચ્છે
**વંતયં**-વમેલું
**ભોત્તું**-ભોગવવાને
**કુલે**-કુલને વિષે
**જાયા**-જન્મેલા
**અગંધણે**-અંગધન જાતિના નાગ
**ધિરત્થુ**-ધિક્કાર હો
**તે**-તને
**જસો**-યશના
**કામી**-અભિલાષી
**જો**-જે **તં**-તું
**જીવિયકારણા**-(અસંયમરૂપ) જીવવાને માટે
**વંતં**-વમેલાને
**ઇચ્છસિ**-ઇચ્છે છે
**આવેઉં**-પીવાને
**સેયં**-શ્રેય, કલ્યાણકારી.
**તે**-તને
**મરણં**-મરણ

**ભવે**-થાય, હોય
**અહં**-હું
**ભોગરાયસ્સ**-ભોગરાજની-ઉગ્રસેન રાજાની
**તં**-તું
**સિ**-છે
**અંધગવણ્હિણો**-અંધકવૃષ્ણિના કુલનો એટલે સમુદ્રવિજય રાજાનો પુત્ર
**મા**-નહિ
**કુલે**-કુળમાં
**ગંધણા**-ગંધન કુળના
**હોમો**-થઈએ
**સંજમં**-સંજમમાં
**નિહુઉ**-સ્થિર મનવાળો
**ચર**-ચાલ
**જઈ**-જો
**તં**-તું
**કાહિસી**-કરીશ
**ભાવં**-ભાવ, અભિપ્રાય, અભિલાષ
**જાજા**-જે જે
**દિચ્છસિ**-જોઈશ
**નારિઓ**-સ્ત્રીઓ, બૈરીઓ
**વાયા વિદ્ધ**-વાયરાવડે પ્રેરેલી (હલાવેલી)
**ઉવ્વ**-પેઠે
**હડો**-હડ વનસ્પતિની (જમીનમાં મૂલ નહિં બંધાયેલી)
**અટ્ઠિઅપ્પા**-અસ્થિર આત્માવાળો, ચળચિત્તવાળો

| | |
|---|---|
| **ભવિસ્સસિ**-થઈશ | **સંપડિવાઇયો**-સારી રીતે સ્થાપન કર્યો |
| **તીસે**-તેનાં | **એવમ્**-એ રીતે |
| **સો**-તે | **કરંતિ**-કરે છે |
| **વયણં**-વચન | **સંબુદ્ધા**-સમ્યક્ પ્રકારે બોધ પામેલા |
| **સોચ્ચા**-સાંભળીને | **પંડિયા**-પંડિતો |
| **સંજયાઇ**-સંજમવાળીના | **પવિયક્ખણા**-અતિશે વિચક્ષણ |
| **સુભાસિઅં**-સારાં કહેલાં (સંવેગજનક) | **વિણિયટ્ટંતિ**-નિવર્તે છે, પાછા ફરે છે |
| **અંકુસેણ**-અંકુશ વડે | **ભોગેસુ**-ભોગોથી |
| **જહા**-જેમ | **જહા**-જેમ |
| **નાગો**-હાથી | **સે**-તે |
| **ધમ્મે**-ધર્મમાં | **પુરિસુત્તમો**-પુરુષોમાં ઉત્તમ |

(સંયમથી મનને બહાર ન નિકળવા દેવા માટે આવો વિચાર કરે)

**ભાવાર્થ :** અગંધન કુળને વિષે પેદા થએલા સર્પો, ધુમાડાના ચિન્હવાળી, અને દુઃખે સહન કરી શકાય એવી જ્વાળાવાળી અગ્નિમાં પ્રવેશ કરે છે, પણ પોતે વમેલા ઝેરને પાછું ભોગવવાને ઇચ્છતા નથી. જ્યારે તિર્યંચો પણ અભિમાનથી જીવિતનો ત્યાગ કરે છે, પણ વમેલું પાછું ભોગવતા નથી, તો હું જિન વચનનો જાણ થઈ જેનો વિપાક અતિ દારુણ છે એવા વિષયોને તજીને ફરી ભોગવવા ઈચ્છું છું. આ ઠેકાણે રહનેમીનો દૃષ્ટાંત જાણવો ॥૬॥

હે અપયશના કામી તને ધિક્કાર થાઓ ! અસંયમના હેતુએ ભગવાને ત્યાગ કરેલીને તું ભોગવવાને ઇચ્છે છે ? આ મર્યાદાને ઓળંઘવાથી તારે મરવું સારું છે. ॥૭॥ રહનેમીની કથા અહીં જાણવી.

હું ઉગ્રસેન રાજાની પુત્રી છું અને તું સમુદ્રવિજયનો પુત્ર છે. આમ બેઉ ઉત્તમ કુળમાં પેદા થઈને આપણે ગંધનકુળના નાગ જેવાં ન થવું જોઈએ, માટે સંયમને વિષે અવ્યાક્ષિપ્ત ચિત્તવાળાં થઈને ચાલો. ॥૮॥

હે રહનેમી ! તમે જે જે સ્ત્રીઓને દેખશો તે તે પ્રત્યે ખોટા વિચારો કરશો તો જેનું મૂળ સજ્જડ બંધાએલું નથી એવી હડો નામની વનસ્પતિ જેમ વાયરાથી ઉખડી જાય છે, તેમ તમે પણ સંયમ ગુણમાં મૂળ નહિ બંધાએલું હોવાથી સંસાર સમુદ્રમાં પ્રમાદના પવનથી પ્રેરાએલા અસ્થિર થાશો. ॥૯॥

સંયમવાન્ રાજિમતિનાં આવાં સંવેગને પેદા કરનાર વચનોએ જેમ અંકુશે કરી હાથી તેમ રહનેમી ધર્મને વિષે સ્થિર થયો. ॥૧૦॥

જેમ પુરુષમાં ઉત્તમ રહનેમી આવાં રાજિમતિનાં વચને, વિષયોથી પાછો હટ્યો, તેવી રીતે બુદ્ધિવાન્, વમેલા ભોગને સેવવાના દોષનો જાણ, વિચક્ષણ, પાપભિરુ, વિષયોથી પાછા હઠે છે. ॥૧૧॥ ॥ ઈતિ શ્રી દ્વિતીયમધ્યયનમ્ ॥

## અથ ક્ષુલ્લકાચારાધ્યયનમ્ ॥૩॥

### ગા. ૧-૫

**સૂત્ર-સંજમે સુટ્ઠિઅપ્પાણં, વિપ્પમુક્કાણ તાઇણં ।**
**તેસિમેઅમણાઇન્નં, નિગ્ગંથાણ મહેસિણં ॥૧॥**

**ઉદ્દેસિઅં કીઅગડં, નિયાગમભિહડાણિ અ ।**
**રાઇભત્તે સિણાણે અ, ગંધમલ્લે અ વીઅણે ॥૨॥**

**સંનિહી ગિહિ મત્તે અ, રાયપિંડે કિમિચ્છએ ।**
**સંવાહણાદંતપહોઅણા અ, સંપુચ્છણા દેહપલોઅણા અ ॥૩॥**

**અટ્ઠાવએ અ નાલીએ, છત્તસ્સ ય ધારણટ્ઠાએ ।**
**તેગિચ્છં પાહણા પાએ, સમારંભં ચ જોઇણો ॥૪॥**

**સિજ્જાઅરપિંડં ચ, આસંદી પલિઅંકએ ।**
**ગિહંતરનિસિજ્જા અ, ગાયસ્સુવ્વટ્ટણાણિ અ ॥૫॥**

## ત્રીજું અધ્યયન

### ગાથા એકથી પાંચ સુધીના છુટા શબ્દના અર્થ

| | |
|---|---|
| સંજમે-સંજમમાં (આત્માવાળા) | અણાઇન્નં-આચરવાયોગ્ય નહિ |
| સુટ્ઠિઅપ્પાણં-સારી રીતે સ્થિત | નિગ્ગંથાણં-નિગ્રંથાને |
| વિપ્પ મુક્કાણ-પરિગ્રહથી વિશેષ પ્રકારે મુકાએલા | મહેસિણં-મહર્ષિઓને |
| તાઇણં-સ્વ પર રક્ષક | ઉદ્દેસિઅં-ઉદ્દેસીને કરેલું |
| તેસિં-તેમને | કીયગડં-વેચાથી આણેલું |
| એયં-આ | નિયાગં-આમંત્રણ કરનારનું લેવું |

| | |
|---|---|
| **અભિહડાણિય**-સામો લાવેલો પદાર્થ | **છત્તસ્સ**-છત્રનું |
| **રાઇભત્તે**-રાત્રિભોજન | **ધાર**-ધારણ કરવું |
| **સિણાણે**-સ્નાન | **અણઠ્ઠાએ**-અનર્થને માટે |
| **અ**-નહિ | **તિગિચ્છં**-વૈદું કરવું |
| **ગંધમલ્લે**-સુગંધ અને ફૂલની માળા | **પાહણા**-પગરખાં |
| **અ**-વળી | **પાએ**-પગે |
| **વીયણે**-વીંજણો | **સમારંભં**-આરંભ કરવો |
| **સંનિહી**-ભોજનાદિ રાત્રે વાસી રાખવું | **જોઇણો**-અગ્નિનો |
| **ગિહિમત્તે**-ભોજન માટે ગ્રહસ્થનું વાસણ લેવું | **સિજ્જાયરપિંડં**-શય્યાતરપિંડ |
| **ય**-વળી | **ચ**-વળી |
| **રાયપિંડે**-રાજપિંડ | **આસંદી**-સાદડી |
| **કિમિચ્છએ**-દાનશાળાનો આહાર લેવો | **પલિયંકએ**-ખાટલો વગેરે |
| **સંવાહણે**-તેલાદિકનું મર્દન કરવું | **ગિહંતર**-બે ઘરની વચ્ચે, બીજે ઠેકાણે |
| **દંતપહોયણા**-દાતણ કરવું | **નિસિજ્જા**-સુવું |
| **સંપુચ્છણા**-ગ્રહસ્થને કુશળક્ષેમ સંબંધી પુછવું | **અ**-વળી |
| **દેહપલોયણા**-દર્પણમાં પોતાનું શરીર જોવું | **ગાયસ્સ**-શરીરનું, ગાત્રનું |
| **અઠ્ઠાવય**-જુગટ્ટ રમવું | **ઉવટ્ટણાણિ**-ઉવટવું, સાફ કરવું (મેલ કાઢવા નિમિત્તે) |
| **નાલીએ**-ગંજીફા વગેરેની રમત | |

**ભાવાર્થ :-** (બીજા અધ્યયનમાં ધૃતિમાન થવા ઉપદેશ કર્યો, તે ધૃતિ આચારમાં કરવી. એ હેતુથી ક્ષુલ્લકાચાર કથા નામના ત્રીજા અધ્યયનમાં સાધુઓનો આચાર કહે છે.)

સંસારથી મુક્ત થએલા, જગતને તારવાવાળા અને સંયમમાં પોતાના આત્માને રાખવાવાળા, નિર્ગ્રંથ મહર્ષિઓને, આ આગળ બતાવવામાં આવશે તે આદરવા લાયક નથી. ||૧||

સાધુને ઉદ્દેશીને, આરંભ કરીને, જે કાંઈ આહાર પાણી, વસ્ત્ર, પાત્ર, ઉપાશ્રયાદિક બનાવ્યું હોય, (૧) સાધુને નિમિત્તે વેચાતું લાવીને આપે તે (૨) જે આમંત્રણ કરવા આવે તેને ઘેર આહાર પાણી લેવા જવું તે. (૩) પોતાના ગામથી ગ્રહસ્થ સામું લાવ્યા હોય તે. (૪) રાત્રિભોજન (૫) સ્નાન કરવું તે. (૬) સુગંધી પદાર્થો વાપરવા (૭) પુષ્પોની માળા (૮) વાયરો લેવા માટે વિંજણો (પંખો) (૯) આ આદરવા લાયક નથી કારણ કે આમાં આરંભ કરવો પડે છે. ||૨||

ગોળ, ઘી, આદિ રાતવાસી રાખવાં તે. (૧૦) ગૃહસ્થના વાસણમાં આહાર કરવો તે (૧૧) રાજાના ઘેરથી આહાર લેવો તે. (૧૨) 'જેને જે જોઈએ તે લઈ જાઓ' આવી દાનશાળા પ્રમુખમાંથી આહાર લેવો તે. (૧૩) હાડકાં, માંસ, ચામડી, રોમ આદિ ચારને સુખ થાય તેવું મર્દન કરવું તે. (૧૪) આંગળી પ્રમુખે કરી મોઢું પખાળવું તે. (૧૫) ગૃહસ્થના ગૃહ કે વ્યાપાર સંબંધી સાવદ્ય પ્રશ્ન કરવો, તથા ગૃહસ્થને સુખશાતાદિ પુછવું તે. (૧૬) આરિસામાં શરીર જોવું તે. (૧૭) આ સંનિધી આદિમાં પરિગ્રહ તથા પ્રાણાતિપાતાદિ દોષો લાગે છે. ॥૩॥

જુગટું રમવું અથવા ગૃહસ્થને આશ્રિને નિમિત્તાદિ કહેવું તે. (૧૮) નાલીકાએ કરીને પાસા નાંખવા, આ પણ એક જુગારનો ભેદ છે. (૧૯) માથા ઉપર છત્ર ધારણ કરવું. (૨૦) રોગની દવા કરાવવી તે. (ઉત્સર્ગે મના છે. ને અસહનતાએ અપવાદે કરાવે.) (૨૧) પગમાં જોડા પહેરવા તે. (૨૨) અગ્નિનો આરંભ કરવો તે. (૨૩) આ જુગાર આદિના દોષો પ્રગટ છે. ॥૪॥

જેના મકાનમાં ઉતર્યા હોય તેના ઘરનો આહાર લેવો તે. (૨૪) પલંગ અથવા માંચા ઉપર સુવું તે. (૨૫) બે ઘરના વચમાં બેસવું અથવા મહોલ્લા વગેરેમાં બેસવું તે. (૨૬) મેલાદિ દૂર કરી શરીરની શોભા કરવી તે. (૨૭) ॥૫॥

### ગાથા ૬ થી ૧૦ સુધી

**સૂત્ર-ગિહિણો વેઆવડિઅં, જા ય આજીવવત્તિઆ ।**
**તત્તાનિવ્વુડભોઇત્તં, આઉરસ્સરણાણિ અ ॥૬॥**
**મૂલએ સિંગબેરે અ, ઉચ્છુખંડે અનિવ્વુડે ।**
**કંદે મૂલે અ સચ્ચિત્તે, ફલે બીએ ય આમએ ॥૭॥**
**સોવચ્ચલે સિંધવે લોણે, રોમાલોણે ય આમએ ।**
**સામુદ્દે પંસુખારે ય, કાલાલોણે ય આમએ ॥૮॥**
**ધુવણે ત્તિ વમણે અ, વત્થીકમ્મવિરેઅણે ।**
**અંજણે દંતવણે અ, ગાયાબ્ભંગવિભૂસણે ॥૯॥**
**સવ્વમેઅમણાઇન્નં, નિગ્ગંથાણ મહેસિણં ।**
**સંજમંમિ અ જુતાણં, લહુભૂઅવિહારિણં ॥૧૦॥**

## ગાથા ૬ઠ્ઠી થી ૧૦મી સુધીના છુટા શબ્દના અર્થ

**ગિહિણો**-ગૃહસ્થની
**વેયાવડીયં**-વૈયાવચ્ચ કરવી
**જા**-જે
**અ**-વળી
**આજીવ વત્તિઆ**-જાતિ આદિકથી આજીવિકા ચલાવવી
**તત્ત**-તપાવેલું
**અનિવ્વુડ**-ત્રણ ઉકાળા આવ્યા વગરનું
**ભોઇત્તં**-પાણી પીવું
**આઉર**-આતુરતા થવાથી (ભુખથી કે રોગથી પીડા થવાથી)
**સરણાણિ**-સ્મરણ કરવું (પૂર્વે ભોગવેલા સુખને સંભારવાં)
**ય**-વળી
**મૂલએ**-મૂળો
**સિંગબેરે**-આદુ
**ઉચ્છુ**-શેરડીના
**ખંડે**-કકડા
**અનિવ્વુડે**-પાક્યા વગરના, કાચા
**કંદે**-કંદ
**મૂલે**-મૂળ
**અ**-વળી
**સચિત્તે**-સચિત હોય
**ફલે**-ફળ
**બીએ**-બીજ
**અ**-વળી
**આમએ**-કાચાં હોય
**સોવચ્ચલે**-સંચળ
**સિંધવે**-સિંધવ
**લોણે**-કાચું મીઠું
**રોમાલોણે**-રોમક ખાર
**સામુદ્દે**-સમુદ્રનું લૂણ
**પંસુખારે**-ઉખરલૂણ (ખારો)
**કાલાલોણે**-કાળું લૂણ
**ધૂવણે**-લુગડાં ધૂપવાં
**ઇત્તિ**-એમ
**વમણે**-વમન કરવું
**વત્થિકમ્મ**-બસ્તી કર્મ, (ઉદરમાં રહેલ મળને બાહાર કાઢવા માટેની હઠયોગની એક ક્રિયા વિશેષ)
**વિરેયણે**-રેચ લેવો
**અંજણે**-અંજન કરવું
**દંતવણે**-દાતણ કરવું
**ગાયાભંગ**-શરીરને ચોળવું
**વિભૂસણે**-અલંકાર ધારણ કરવા
**સવ્વં**-સર્વ
**એઅં**-આ
**અણાઇન્નં**-નહિ આચરવા યોગ્ય
**નિગ્ગંથાણ**-નિર્ગ્રંથોને
**મહેસિણં**-મહર્ષિઓને
**સંજમંમિ**-સંજમને વિષે
**જુત્તાણં**-યુક્ત
**લહુભુઅ**-વાયુની પેઠે
**વિહારિણં**-વિહાર કરનારને

**ભાવાર્થ :** ગૃહસ્થોનો વૈયાવચ્ચ કરવો તે. (૨૮) પોતાની જાતિ આદિકે કરી આજીવિકા કરવી તે. (૨૯) મિશ્ર પાણી પીવું તે. (૩૦) દોષવાળાઓને આશ્રય આપવો તે. (૩૧) ॥૬॥

સચિત્ત-મૂળા (૩૨) આદુ (૩૩) સેલડી (૩૪) કંદ (૩૫) મૂળ (૩૬) ફળ (૩૭) બીજ (૩૮) ॥૭॥ સંચળ (૩૯) સૈંધવ (૪૦) લવણ (૪૧) ખાણનું લવણ (૪૨) સમુદ્રનું લવણ (૪૩) ખારો (૪૪) કાળું લવણ (૪૫) આ સર્વ સચિત્ત વસ્તુ લેવા લાયક નથી. ॥૮॥

વસ્ત્રાદિકને ધૂપથી સુગંધીત કરવાં (૪૬) વમન કરવું (૪૭) બસ્તિ કર્મ-પેટમાં રહેલા મળને, ગુદાદ્વારા બહાર કાઢવા નિમિત્તે કરાતી હઠયોગ સંબંધી ક્રિયા તે, (૪૮) રેચ લેવો (૪૯) સુરમો આંજવો (૫૦) દાતણ કરવું (૫૧) તૈલાદિકે શરીરનું મર્દન કરવું (૫૨) શરીર ઉપર અલંકાર ધારણ કરવો (૫૩) ॥૯॥

સંયમને વિષે યુક્ત અને વાયુની માફક અપ્રતિબદ્ધ વિહારિ નિર્ગ્રંથ મહાત્માઓને આ પૂર્વે જણાવેલ સર્વ ક્રિયાઓ કરવા લાયક નથી. ॥૧૦॥

**ગાથા ૧૧ થી ૧૫ સુધી**

**સૂત્ર-પંચાસવપરિણ્ણાયા, તિગુત્તા છસુ સંજયા ।**
**પંચનિગ્ગહણા ધીરા નિગ્ગંથા ઉજ્જુદંસિણો ॥૧૧॥**

**આયાવયંતિ ગિમ્હેસુ, હેમંતેસુ અવાઉડા ।**
**વાસાસુ પડિસંલીણા, સંજયા સુસમાહિઆ ॥૧૨॥**

**પરિસહરિઉદંતા, ધૂઅમોહા જિઇંદિઆ ।**
**સવ્વદુક્ખપ્પહીણટ્ઠા, પક્કમંતિ મહેસિણો ॥૧૩॥**

**દુક્કરાઇં કરિત્તાણં, દુસ્સહાઇં સહેતુ અ ।**
**કેઇત્થ દેવલોએસુ, કેઇ સિજ્ઝંતિ નીરયા ॥૧૪॥**

**ખવિત્તા પુવ્વકમ્માઇં, સંજમેણ તવેણ ય ।**
**સિદ્ધિમગ્ગમણુપ્પત્તા, તાઇણો પરિનિવ્વુડે ॥ ત્તિ બેમિ ॥૧૫॥**

**ખુડ્ડિયાયારકહા, અજ્ઝયણં સંમત્તં ॥૩॥**

## ગાથા ૧૧ થી ૧૫ સુધીના છુટા શબ્દના અર્થ

**પંચાસવ**-પાંચ આશ્રવ
**પરિણ્ણાયા**-સમસ્ત પ્રકારે જાણ્યો છે
**તિગુત્તા**-ત્રણ ગુપ્તિવાળા
**છસુ**-છ જીવનિકાયમાં
**સંજયા**-સંયત-દયા રાખનારા
**પંચ**-પાંચ ઇંદ્રિયનો
**નિગ્ગહણા**-નિગ્રહ કરનાર
**ધીરા**-ધીર
**નિગ્ગંથા**-નિર્ગ્રંથ મુનિઓ
**ઉજ્જુદંસિણો**-સરળતાથી જોનારા
**આયાવયંતિ**-આતાપના લે છે
**ગિમ્હેસુ**-ઉનાળામાં
**હેમંતેસુ**-હેમંતઋતુ, શિયાળામાં
**અવાઉડા**-વસ્ત્ર વિનાના
**વાસાસુ**-ચોમાસામાં
**પડિસંલીણા**-અંગોપાંગ સંવરીને બેઠેલા
**સંજયા**-સાધુઓ
**સુસમાહિઆ**-અતિશે જ્ઞાનાદિકમાં યત્ન કરનારા
**પરિસહ**-(બાવીસ) પરિસહ
**રિઉ**-વેરીને
**દંતા**-દમ્યા છે જેમણે
**ધૂઅ**-દૂર કર્યો છે
**મોહા**-મોહ જેમણે
**જિઇંદિઆ**-જીતેંદ્રિઓ
**સવ્વ દુઃખ્ખ**-સર્વ દુઃખને
**પહીણટ્ઠા**-અતિશે નાશ કરવાને
**પક્કમંતિ**-ઉધમ કરે છે
**મહેસિણો**-મહોટા ઋષિઓ
**દુક્કરાઇં**-દુષ્કર કામોને
**કરિત્તાણં**-કરીને
**દુસ્સહાઇં**-દુઃખે સહન કરવા યોગ્ય
**સહેતુય**-સહન કરીને
**કેઇ**-કેટલાક
**ઇથ્થ**-અહીંથી
**દેવ લોએસુ**-દેવલોકને વિષે જાય છે
**કેઇ**-કેટલાક
**સિજ્ઝંતિ**-સિદ્ધિ પામે છે
**નીરયા**-કર્મરૂપ રજથી રહિત
**ખવિત્તા**-ખપાવીને
**પુવ્વકમ્માઇં**-પૂર્વ કર્મોને
**સંજમેણ**-સંયમ વડે
**તવેણ**-તપ વડે
**ય**-વળી
**સિદ્ધિમગ્ગં**-સિદ્ધિમાર્ગને
**અણુપત્તા**-પામ્યા
**તાઇણો**-છકાયના રક્ષક
**પરિનિવ્વુડે**-સર્વ પ્રકારે સિદ્ધિ પામ્યા
**ઇતિ**-એ પ્રકારે
**બે મિ**-કહું છું

(આ નિર્ગ્રંથ મહાત્માઓ કેવા હોય છે.)

**ભાવાર્થ :** પ્રાણાતિપાતાદિક પાંચ આશ્રવ પ્રાણાતિપાત, મૃષાવાદ, અદત્તાદાન, મૈથુન, પરિગ્રહ, આ પાંચ આશ્રવ જેમણે જાણ્યા છે તથા ત્રણ ગુપ્તિ, મનગુપ્તિ, વચનગુપ્તિ, કાયગુપ્તિથી ગુપ્ત, છ કાયને વિષે સંયત, પૃથ્વી, પાણી, અગ્નિ,

વાયરો, વનસ્પતિ, ત્રસકાય, આ છ કાયનું રક્ષણ કરવાવાળા, અને પાંચ ઇંદ્રિયોને વશ કરનાર ધીર તથા સંયમને જ ઉપાદેયપણે દેખનારા નિર્ગ્રંથો હોય છે. (૧૧)

તે મહાત્માઓ ઉનાળાની ઋતુને વિષે આતાપના લે છે. શીયાળાની ઋતુને વિષે વસ્ત્રથી અપ્રાવૃત (ઉઘાડા) રહે છે. વર્ષાઋતુને વિષે ચાલવું, ફરવું બંધ કરી, એક સ્થળે જ્ઞાનાદિકમાં તત્પર રહે છે. ૧૨

પરિષહ રિપુને દમીને, મોહને દૂર કરીને, ઇંદ્રિયોને જીતીને, તે મહાત્માઓ સર્વ દુઃખ ક્ષય કરવાને નિમિત્તે જ પ્રવૃત્તિ કરે છે. (૧૩)

(તેનું ફળ બતાવે છે.)

આવાં દુષ્કર ઔદેશીકાદિ ત્યાગ કરીને, દુઃશહ આતાપનાદિ કરીને, કેટલાક મહાત્માઓ દેવલોકમાં જાય છે, અને કેટલાક કર્મ ક્ષય કરી મોક્ષે જાય છે. ॥૧૪॥

જે મહાત્માઓ દેવલોકમાં ગયા છે તે ત્યાંથી ચવીને આ મનુષ્ય લોકમાં આવીને સંયમ અને તપે કરીને બાકી રહેલાં કર્મોને ખપાવે છે. એમ અનુક્રમે સમ્યગ્ દર્શનાદિ સિદ્ધિ માર્ગ પામીને, સ્વ, પરને તારવાવાળા મહાત્માઓ મોક્ષમાં જાય છે. ॥૧૫॥ ઇતિ ક્ષુલ્લકાચાર કથાખ્ય તૃતિયાધ્યનમ્ ॥

## ॥ અથ ષડ્જીવનિકાધ્યયનમ્ ॥

**સુઅં મે આઉસં ! તેણં ભગવયા એવમકખાયં,**
**ઇહ ખલુ છજ્જીવણિઆ નામજ્ઝયણં સમણેણં**
**ભગવયા મહાવીરેણં કાસવેણં પવેઇઆ સુઅકખાયા**
**સુપન્નત્તા સેઅં મે અહિજ્જિઉં અજ્ઝયણંધમ્મપન્નત્તી ॥**

**કયરા ખલુ સા છજ્જીવણિઆ નામજ્ઝયણં સમણેણં**
**ભગવયા મહાવીરેણં કાસવેણં પવેઇઆ સુઅકખાયા**
**સુપન્નત્તા સેઅં મે અહિજ્જિઉં અજ્ઝયણં ધમ્મપન્નત્તી ॥**

**ઇમા ખલુ સા છજ્જીવણિઆ નામજ્ઝયણં સમણેણં**
**ભગવયા મહાવીરેણં કાસવેણં પવેઇઆ સુઅકખાયા સુપન્નત્તા ॥**
**સેઅં મે અહિજ્જિઉંઅજ્ઝયણં ધમ્મપન્નત્તી ॥**

# અધ્યયન ચોથું

## છુટા શબ્દના અર્થ

| | |
|---|---|
| **સુયં**-સાંભળ્યું છે. | **મહાવીરેણં**-મહાવીરે |
| **મે**-મેં | **કાસવેણં**-કાશ્યપ ગોત્રીએ |
| **આઉસંતેણં**-આયુષમાન્ | **પવેઇઆ**-(કેવળજ્ઞાનથી) જાણીને |
| **ભગવયા**-ભગવંતે | **સુ**-ભલી પેરે |
| **એવં**-આ રીતે | **અખ્ખાયા**-કહ્યું છે. |
| **અખ્ખાયં**-કહ્યું છે. | **સુપન્નત્તા**-સારી પેઠે સેવન કરીને કહ્યું છે. |
| **ઇહ**-અહીંયા | **સેઅં**-કલ્યાણકારી (છે). |
| **ખલુ**-નિશ્ચે | **મે**-મને |
| **છજ્જીવણિઆ**-છ જીવનિકાય | **અહિજ્જિજઉ**-(તે) ભણવાનું |
| **નામ**-નામનું | **અજ્ઝયણં**-અધ્યયન |
| **અજ્ઝયણં**-અધ્યયન | **ધમ્મપન્નત્તી**-ધર્મને પ્રરૂપવાવાળું |
| **સમણેણં**-શ્રમણ | **કયરા**-(કેવી) કેવું |
| **ભગવયા**-ભગવંતે | |

ગયા અધ્યયનમાં આચારમાં ધીરજ કરવાનું કહ્યું, તે આચાર, છ જીવનિકાયના વિષયવાળો હોવાથી, તે છ જીવનિકાય બતાવે છે.

**ભાવાર્થ :** (સુધર્માસ્વામિ, જંબુસ્વામિ નામના પોતાના શિષ્યને કહે છે કે,) હે આયુષ્મન્ જંબુ ! મેં ભગવાન્ મહાવીર દેવ પાસેથી સાંભળ્યું છે, તે કાશ્યપગોત્રી ભગવાને આ ષડ્ જીવનિકાય નામનું અધ્યયન કેવલજ્ઞાનવડે જાણીને પર્ષદામાંહી કહ્યું અને પોતે પણ તે પ્રમાણે પાળ્યું, તો આ ધર્મ પ્રજ્ઞપ્તિ (જેની અંદર ધર્મની પ્રરૂપણા છે તે) અધ્યયન ભણવું મારે શ્રેયસ્કર છે.

(શિષ્ય પૂછે છે) હે ભગવન્ કયું તે છ જીવનિકાય નામનું અધ્યયન, શ્રમણ ભગવાન્ મહાવીરસ્વામિ, કાશ્યપ ગોત્રીએ, જ્ઞાનથી જાણ્યું, કહ્યું અને પાળ્યું, કે તે ભણવું મારે શ્રેયસ્કર છે ?

તં જહા ।

**પુઢવિકાઇઆ આઉકાઇઆ તેઉકાઇઆ વાઉકાઇઆ વણસ્સઇકાઇઆ તસકાઇઆ ।**
**પુઢવી ચિત્તમંતમક્ખાયા અણેગજીવા પુઢોસત્તા અન્નત્થ સત્થપરિણએણં ।**
**આઉ ચિત્તમંતમક્ખાયા અણેગજીવા પુઢોસત્તા અન્નત્થ સત્થપરિણએણં ।**
**તેઉ ચિત્તમંતમક્ખાયા અણેગજીવા પુઢોસત્તા અન્નત્થ સત્થપરિણએણં ।**
**વાઉ ચિત્તમંતમક્ખાયા અણેગજીવા પુઢોસત્તા અન્નત્થ સત્થપરિણએણં ।**
**વણસ્સઇચિત્તમંતમક્ખાયા અણેગજીવા પુઢોસત્તા અન્નત્થ સત્થપરિણએણં ॥**

**છુટા શબ્દના અર્થ**

| | |
|---|---|
| **તં**-તે | **સત્તા**-જીવ (છે). |
| **જહા**-જેવી રીતે છે તેવી રીતે | **અન્નત્થ**-અન્યત્ર બીજે ઠેકાણે |
| **પુઢવિકાઇઆ**-પૃથ્વીકાયના | **સત્થ**-શસ્ત્રવડે |
| **આઉકાઇઆ**-અપકાયના | **પરિણએણં**-નિર્જીવ થયેલી (અચિત્ત થયેલી) |
| **તેઉકાઇઆ**-અગ્નિકાયના | **આઉ**-પાણી |
| **વાઉકાઇઆ**-વાયુકાયના | **ચિત્તમંતં**-જીવવાળું |
| **વણસ્સઇકાઇઆ**-વનસ્પતિકાયના | **અક્ખાયા**-કહ્યું છે. |
| **તસકાઇઆ**-ત્રસકાયના | **અણેગજીવા**-અનેક જીવ છે. |
| **પુઢવિ**-પૃથ્વી | **પુઢોસત્તા**-જુદા જીવ છે. |
| **ચિત્તમંતં**-જીવવાળી | **અન્નત્થ**-બીજે ઠેકાણે |
| **અક્ખાયા**-કહી છે | **સત્થ**-શસ્ત્રવડે |
| **અણેગજીવા**-અનેક જીવ છે. | **પરિણએણં**-નિર્જીવ થયેલું |
| **પુઢો**-જુદા જુદા | **તેઉ**-અગ્નિ |

**ભાવાર્થ :** હે શિષ્ય ? જો આ આગળ બતાવું છું તે, છ જીવનિકાય નામનું અધ્યયન કાશ્યપ ગોત્રી શ્રમણ ભગવાન્ મહાવીરદેવે જાણ્યું, કહ્યું, અને પાળ્યું, તે ધર્મને કહેવાવાળું અધ્યયન ભણવું તને શ્રેયસ્કર છે.

(છ જીવનિકાય બતાવે છે) પૃથ્વીકાય, અપ્કાય, તેઉકાય, વાઉકાય, વનસ્પતિકાય અને ત્રસકાય.

પૃથ્વી જીવવાળી છે તેમાં અનેક જીવો છે, તે સર્વે જુદા જુદા છે, પણ જેના ઉપર

ચાલવું, દોડવું, ફરવું, ભારનું પડવું, એ આદિ સ્વકાય, પરકાય અને ઉભયકાય એમ ત્રણ પ્રકારનાં શસ્ત્રોથી અચિત (જીવ વિનાની) થએલી પૃથ્વી વિના, બાકીની પૃથ્વી સચિત (જીવવાળી) છે. (૧) પાણી સચિત્ત છે. તેમાં અનેક જીવો છે. તે સર્વે જુદા જુદા છે, પણ અગ્નિ આદિ પરકાય, સ્વકાય, ઉભયકાય શસ્ત્રથી અચિત્ત થએલ પાણી વિના, બીજાં પાણીમાં જીવો છે. (૨) અગ્નિ સચિત્ત છે. તેમાં અનેક જીવો છે. તે સર્વે જુદા જુદા છે. સ્વકાય, પરકાય, ઉભયકાયથી અચિત્ત થએલ અગ્નિ વિના, બીજી અગ્નિ સચિત્ત છે. (૩)

વાયરો સચિત્ત છે. તેમાં અનેક જીવો છે. તે સર્વ જુદા જુદા છે, પણ અન્ય શસ્ત્રોથી અચિત્ત થએલ વિના, બાકીનો વાયરો સચિત્ત છે. (૪) વનસ્પતિ જીવવાળી છે. તેમાં અનેક જીવો છે. તે સર્વ જીવો નોખા નોખા છે, પણ શસ્ત્રોથી અચિત્ત થએલી વનસ્પતિ વિનાની, બીજી વનસ્પતિ જીવવાળી છે (૫)

**તં જહા ।**

**અગ્ગબીઆ મૂલબીઆ પોરબીઆ ખંધબીઆ બીઅરૂહા**

**સંમુચ્છિમા તણલયા વણસ્સઇકાઇઆ સબીઆ ચિત્તમંતમક્ખાયા**

**અણેગજીવા પુઢોસત્તા અન્નત્થ સત્થપરિણએણં ॥**

**વનસ્પતિકાયના આલાવાના છુટા શબ્દના અર્થ**

**અગ્ગબીઆ**-અગ્ર ભાગમાં બીજ છે જેને તેવા કોરંટકાદિક

**મૂલબીઆ**-મૂળમાં બીજ છે જેને એવા કંદ વિગેરે

**પોરબીઆ**-ગાંઠામાં બીજ છે જેને એવી શેલડી આદિ

**ખંધબીઆ**-સ્કંધમાં છે બીજ જેનાં તે વડ આદિ

**બીઅરુહા**-ઘઉં વિગેરે વાવવાથી ઉગે એવા

**સમુચ્છિમા**-સમૂર્છિમ એટલે જેનું બીજ દીઠામાં આવતું નથી

**તણ**-તૃણ

**લયા**-લતા, વેલડી

**વણસ્સઇકાઇઆ**-વનસ્પતિકાયના

**સબીઆ**-બીજવાળા

**ચિત્તમંતં**-સચિત્ત

**અખ્ખાયા**-કહ્યા છે

**અણેગજીવા**-અનેકજીવવાળા

**પુઢોસત્તા**-જુદા જીવવાળા

**અન્નથ્થ**-એથી બીજા

**સત્થ પરિણએણં**-શસ્ત્ર પરિણત

(વનસ્પતિકાય જીવોના ભેદ કહે છે.)

(અગ્રબીજ, મૂળબીજ, પોરબીજ, સ્કંધબીજ, બીજરૂહ, સમૂર્છિમ તૃણ લતાદિ વનસ્પતિના ભેદો છે.)

**ભાવાર્થ :** અગ્ર ભાગ ઉપર જેને બીજ હોય તે, અગ્રબીજ કોરંટાદિ. જેનાં મૂળમાં બીજ હોય તે મૂળબીજ, તે કમળાદિ. જેના ગાંઠામાં બીજ હોય તે પર્વબીજ, શેલડી આદિ. જેના સ્કંધમાં બીજ હોય તે સ્કંધબીજ, સાલ, વડાદિ. બીજથી ઉગે તે બીજરૂહ સાલ પ્રમુખ. પ્રસિદ્ધ બીજના અભાવે ઉગે તે સમૂર્છિમ, તૃણ, વેલડી પ્રમુખ. આ અગ્રબીજ આદિ વનસ્પતિ, બીજ સહિત જીવવાળી હોય છે. તેમાં અનેક જીવ હોય છે, તેઓ સર્વ જુદા હોય છે. પણ શસ્ત્રોથી અચિત્ત થએલી વનસ્પત્તિમાં જીવ હોતા નથી (૫)

**સે જે પુણ ઇમે અણેગે બહવે તસા પાણા તં જહા । અંડયા પોયયા જરાઉઆ રસયાસંસેઇમા સંમુચ્છિમા ઉબ્ભિઆ ઉવવાઇઆ । જેસિં કેસિંચિ પાણાણં અભિક્કંતં પડિક્કંતં સંકુચિઅં પસારિઅં રૂઅં ભંતં તસિઅં પલાઇઅં આગઇગઇવિન્નાયા જે અ કીડપયંગા । જા ય કુંથુપિપીલિઆ । સવ્વે બેઇંદિઆ સવ્વે તેઇંદિઆ સવ્વે ચઉરિંદિઆ સવ્વે પંચિંદિઆ સવ્વે તિરિક્ખજોણિઆ સવ્વે નેરઇઆ સવ્વે મણુઆ સવ્વે દેવા સવ્વે પાણા પરમાહમ્મિઆ એસો ખલુ છટ્ઠો જીવનિકાઓ તસકાઉ ત્તિ પવુચ્ચઇ ॥**

**છુટા શબ્દના અર્થ**

| | |
|---|---|
| **સે**-હવે | **અંડયા**-ઇંડાથી ઉત્પન્ન થએલા તે ચકલા ચકલી વિગેરે |
| **જે**-જે | **પોયયા**-પોતથી ઉત્પન્ન થનારા હાથી વિગેરે |
| **પુણ**-વળી | **જરાઉઆ**-જરાયુ-ગર્ભના વિંટણવાળા જેવા કે માણસ ભેંસ આદિ |
| **ઇમે**-આ | **રસયા**-રસમાં ઉત્પન્ન થનારા જેવા કે બેઇંદ્રિય જીવ |
| **અણેગે**-અનેક | **સંસેઇમા**-પરસેવામાં ઉત્પન્ન થનારા જૂ લીખ વિગેરે |
| **બહવે**-ઘણા | **સમુચ્છિમા**-સમૂર્છિમ |
| **તસા**-ત્રસ | **ઉબ્ભિયા**-ભૂમિ ફોડીને ઉત્પન્ન થનારા |
| **પાણા**-જીવ | **ઉવવાઇઆ**-એકદમ પેદા થનારા જેવા કે દેવ તથા નારકી |
| **તં જહા**-તે કહે છે | **જેસિંકેસિંચિ**-જે કોઇ |

| | |
|---|---|
| **પાણાણં**-પ્રાણીઓને | **બે ઇંદિઆ**-બે ઇંદ્રિવાળા |
| **અભિક્કંતં**-સામા આવતાં | **તે ઇંદિયા**-ત્રણ ઇંદ્રિવાળા |
| **પડિક્કંતં**-પાછા વળતાં | **ચઉરિંદિઆ**-ચાર ઇંદ્રિવાળા |
| **સંકુચિઅં**-શરીર સંકોચતાં | **પંચિંદિઆ**-પાંચ ઇંદ્રિવાળા |
| **પસારિઅં**-પસારતાં | **તિરિક્ખ**-તિર્યંચ |
| **રૂઅં**-શબ્દ કરતાં | **જોણિઆ**-યોનિવાળા |
| **ભંતં**-ભમતાં | **નેરઇયા**-નારકી |
| **તસિઅં**-ત્રાસ પામતાં | **મણુઆ**-મનુષ્યો |
| **પલાઇયં**-નાશી જતાં | **દેવા**-દેવતા |
| **આગઇ**-આવવું | **પાણા**-જીવ |
| **ગઇ**-જવું | **પરમાહમ્મિઆ**-પરમ સુખના અભિલાષી |
| **વિન્નાયા**-વિશેષે જાણતાં | **એસો**-એ |
| **જેઅ**-જેઓ | **ખલુ**-નિશ્ચે |
| **કીડંપયંગા**-કીડા તથા પતંગીઆ | **છટ્ઠો**-છઠ્ઠો |
| **જેઅ**-જે વળી | **જીવનિકાઓ**-જીવનિકાય |
| **કુંથુ**-કુંથુવા | **તસકાઓ**-ત્રસકાય |
| **પિપીલિઆ**-કીડીઓ | **ઇતિ**-એમ |
| **સવ્વે**-સર્વે | **પવુચ્ચઇ**-કહેવાય છે |

**ભાવાર્થ :** (ત્રસ જીવોના ભેદો બતાવે છે.) જે આ ઘણા ત્રસ જીવો ઇંડાથી પેદા થએલા પક્ષી ગૃહકોકિલાદિ, પોતમાં પેદા થએલ હાથી, વાગોળ, જળો પ્રમુખ; જરથી વિંટાએલ અથવા જરમાં પેદા થએલ ગાય, ભેંસ, બકરી, મનુષ્યાદિ; ચલિત રસથી પેદા થએલ, કૃમી આદિ. પરસેવાથી પેદા થએલ, જૂ, માંકડાદિ. સમૂર્છિમ સ્વભાવિક પેદા થએલ, સલભ, કીડી, માંખી, દેડકાં પ્રમુખ. જમીન ભેદીને પેદા થએલ, પતંગ, ખંજરી, આદિ. ઉપપાતથી પેદા થએલ, દેવતા, નારકી, એ માંહીથી કેટલાકોનું સામું આવવું, પાછું હઠવું, શરીરનું સંકોચવું, અવયવોનું પસારવું, શબ્દ કરવો, ભમવું, ત્રાસ પામવો, દોડી જવું, ગમન આગમન કરવું, એ આદિ ક્રિયાઓ કરવાથી ત્રસ જીવો છે. એમ જાણી શકાય છે. તે જીવો કે, જે કૃમિયા, પતંગ, કુંથુવા, કીડીઓ, સર્વે બેઇંદ્રિઓવાળા. સર્વે ત્રણ ઇંદ્રિયોવાળા. સર્વે ચાર ઇંદ્રિયોવાળા, સર્વે પાંચ ઇંદ્રિયોવાળા સર્વે તિર્યંચો, સર્વે નારકીઓ સર્વે મનુષ્યો, સર્વે દેવતાઓ

અને સર્વ પ્રાણીઓ તે સર્વે સુખના અભિલાષિ છે. દુઃખના દ્વેષી છે, આ છઠ્ઠા જીવના સમૂહને ત્રસકાય કહે છે.

**ઇચ્ચેસિં છણ્હં જીવનિકાયાણં નેવ સયં દંડંસમારંભિજ્જા । નેવન્નેહિં દંડં સમારંભાવિજ્જા । દંડં સમારંભંતે વિ અન્ને ન સમણુજાણામિ । જાવજ્જીવાએ તિવિહં તિવિહેણં મણેણં વાયાએ કાએણં ન કરેમિ ન કારવેમિ । કરંતં પિ અન્નં ન સમણુજાણામિ । તસ્સભંતે પડિક્કમામિ નિંદામિ । ગરિહામિ અપ્પાણં વોસિરામિ ॥**

**છુટા શબ્દના અર્થ**

| | |
|---|---|
| **ઇચ્ચેસિં**-એ પ્રકારે, એમનાં | **મણેણં**-મન વડે |
| **છણ્હં**-છ | **વાયાએ**-વચન વડે |
| **જીવનિકાયાણં**-જીવ નિકાયનો (જીવોના સમુહનો) | **કાએણં**-કાયા વડે |
| **નેવ**-નહિજ | **ન કરેમિ**-ન કરું |
| **સયં**-પોતે | **ન કારવેમિ**-ન કરાવું |
| **દંડ**-હિંસા | **કરંતંપિ**-કરતાને પણ |
| **સમારંભિજ્જા**-આરંભ કરે | **અન્ને**-અન્યને |
| **અન્નેહિં**-બીજા પાસે | **ન**-નહિં |
| **સમારંભાવિજ્જા**-આરંભ કરાવે | **સમણુજાણામિ**-અનુમોદન આપું |
| **સમારંભંતે**-આરંભ કરનારાઓને | **તસ્સ**-તેને (તેમ કર્યું હોય તો) |
| **સમણુજાણામિ**-અનુમોદુંછું | **ભંતે**-હે ભગવંત (હું) |
| **જાવજીવાએ**-જ્યાં સુધી જીવે ત્યાં સુધી | **નિંદામિ**-નિંદુછું (મારા આત્માની સાક્ષીએ) |
| **તિવિહં**-ત્રણ પ્રકારે | **ગરિહામિ**-ગર્હુંછું (ગુરુની સાખે) |
| **તિવિહેણં**-ત્રણ કરણે | **અપ્પાણં**-પોતાના આત્માને |
| | **વોસિરામિ**-વોસિરાવુંછું |
| | **પડિક્કમામિ**-પાછો વળું છું |

**ભાવાર્થ :** આ પૂર્વે બતાવ્યા છ જીવોના સમૂહોને, મારવાનો કે દુઃખ આપવાનો દંડ, પોતે ન કરવો, બીજા નોકર ચાકરાદિ પાસે ન કરાવવો, અને બીજો કોઈ દંડ કરતો હોય તેને, સારો ન જાણવો. અનુમોદના ન કરવી. (આ પ્રમાણે શ્રમણ ભગવાન્ મહાવીર પ્રભુની આજ્ઞા છે. શ્રમણ ભગવાન મહાવીર પ્રભુનું આવું ફરમાન સાંભળી શિષ્ય કહે છે, જો શ્રમણ ભગવાનનું આવું ફરમાન છે તો) હું

જ્યાં સુધી આ દેહમાં છું ત્યાં સુધી, ત્રિવિધે ત્રિવિધે, મન, વચન, અને કાયાથી, કોઈપણ પ્રાણીને દંડ કરીશ નહિ, કરાવીશ નહિ, કરતાને સારો પણ માનીશ નહિ, આ ત્રણ પ્રકારનો દંડ પૂર્વે જે મેં કર્યો હોય, તેનાથી હું પાછો હઠું છું, મારાથી કરાએલા દંડને આત્મસાક્ષીએ નિંદુ છું, ગુર્વાદિની સાક્ષીએ ગર્હું છું. અતીતકાળમાં દંડ કરનાર આત્માના અશ્લાધ્ય (નિંદનીક) પરિણામનો ત્યાગ કરું છું. (પ્રથમ સામાન્યથી દંડ કહ્યો, હવે વિશેષથી પંચ મહાવ્રત દ્વારા, દંડ ન કરવાનું જણાવે છે.) ॥

**પઢમે ભંતે મહવ્વએ પાણાઇવાયાઓ વેરમણં । સવ્વં ભંતે પાણાઇવાયં પચ્ચક્ખામિ । સે સુહુમં વા બાયરં વા તસં વા થાવરં વા નેવ સયં પાણે અઇવાઇજ્જા । નેવન્નેહિંપાણે અઇવાયાવિજ્જા પાણે અઇવાયંતે વિ અન્ને ન સમણુજાણામિ । જાવજ્જીવાએ તિવિહં તિવિહેણં । મણેણં વાયાએ કાયેણં ન કરેમિ ન કારવેમિ કરંતં પિ અન્નં ન સમણુજાણામિ તસ્સ ભંતે પડિક્કમામિ નિંદામિ ગરિહામિ અપ્પાણં વોસિરામિ । પઢમે ભંતે મહવ્વએ ઉવટ્ઠિઓમિસવ્વાઓ પાણાઇવાયાઓ વેરમણં ॥૧॥**

**પહેલા વ્રતના આલાવાના છુટા શબ્દના અર્થ**

| | |
|---|---|
| **પઢમે**-પહેલા | **થાવરં**-સ્થાવર |
| **ભંતે**-ભગવંત | **નેવ**-નહિજ |
| **મહવ્વએ**-મહાવ્રતને વિષે | **સયં**-પોતે |
| **પાણાઇવાયાઓ**-પ્રાણાતિપાતથી | **પાણે**-પ્રાણોને |
| **વેરમણં**-વિરમવું | **અઇવાઇજ્જા**-હણીશ |
| **સવ્વં**-સર્વથા | **અન્નેહિં**-બીજા પાસે |
| **પાણાઇવાયં**-પ્રાણાતિપાત | **પાણે**-જીવોને |
| **પચ્ચક્ખામિ**-ત્યાગ કરું છું | **અઇવાયાવિજ્જા**-હણાવીશ |
| **સે**-તે | **અઇવાયંતે**-હણતાને |
| **સુહુમં**-સુક્ષ્મ (નાનું) | **વિ**-પણ |
| **વા**-અથવા (કે) | **અન્ને**-બીજાઓને |
| **બાયરં**-બાદર (મોટું) | **ન**-નહિ |
| **તસં**-ત્રસકાય | **સમણુજાણામી**-ભલો જાણીશ અથવા અનુમોદીશ |

| | |
|---|---|
| **જાવજીવાએ**-જ્યાં સુધી જીવું ત્યાં સુધી | **કારવેમિ**-કરાવું |
| **તિવિહં**-ત્રિવિધે | **કરંતં**-કરતાને |
| **મણેણં**-મનપણે | **પિ**-પણ |
| **તિવિહેણં**-ત્રિવિધે | **ઉવટ્ઠિઓમિ**-ઉઠ્યો છું |
| **વાયાએ**-વચનપણે | **સવ્વાઓ**-સર્વથા |
| **કાએણં**-કાયા વડે | **પાણાઇવાયાઓ**-પ્રાણાતિપાતથી |
| **કરેમિ**-કરું | **વેરમણં**-વિરમણથી |

**ભાવાર્થ :** (સાધુઓનાં પંચમહાવ્રતો) હે ભગવંત ! પહેલા મહાવ્રતમાં પ્રાણાતિપાતથી (જીવોને મારવાથી) પાછો હઠું છું. હે ભગવન્, સર્વથા જીવોને મારવાનાં હું પચ્ચક્ખાણ કરું છું. કે, જે અલ્પ જીવો અને મોટા જીવો (ત્રસના અલ્પ જીવો કુંથુવાદિ. ત્રસના બાદર જીવો ગાય ભેંસ મનુષ્યાદિ. સ્થાવરના અલ્પજીવો વનસ્પતિ સંબંધી પનકાદિ, થાવરના બાદર જીવો પૃથ્વીકાયિકાદિ) એ સર્વ જીવોને હું પોતે મારીશ નહિ, બીજા પાસે મરાવીશ નહિ, મારતાને સારો જાણીશ નહિ. જ્યાં સુધી આ દેહમાં આત્મા છે, ત્યાં સુધી, મન વચન કાયાએ કરી હું જીવોને હણું નહિ, હણાવું નહિ, હણતાને અનુમોદું નહિ. કોઈ જીવ અતીત કાળમાં હણાઈ ગયો હોય, તો હું તે પાપોથી પાછો વળું છું. આત્મસાક્ષીએ તે પાપને નિંદું છું. પર સાક્ષીએ તે પાપને ગર્હું છું. અને એવા આત્માના અશ્લાઘ્ય (નિંદનીક) અધ્યવસાયનો ત્યાગ કરું છું. ત્યાગ કરીને હે ભગવન્ સર્વથા જીવોને ન મારવા રૂપ પ્રથમ મહાવ્રતમાં હું રહેલો છું. ॥૧॥

**અહાવરે દુચ્ચે ભંતે મહવ્વએ મુસાવાયાઓ વેરમણં । સવ્વં ભંતે મુસાવાયં પચ્ચક્ખામિ । સે કોહા વા, લોહા વા, ભયા વા, હાસા વા । નેવ સયં મુસં વઇજ્જા । નેવન્નેહિં મુસં વાયાવિજ્જા । મુસં વયંતે વિ અન્ને ન સમણુજાણામિ । જાવજ્જીવાએ તિવિહં તિવિહેણં મણેણં વાયાએ કાએણં ન કરેમિ ન કારવેમિ કરંતં પિ અન્નં ન સમણુજાણામિ । તસ્સ ભંતે પડિક્કમામિ । નિંદામિ ગરિહામિ અપ્પાણં વોસિરામિ । દુચ્ચે ભંતે મહવ્વએ ઉવટ્ઠિઓમિ સવ્વાઓ મુસાવાયાઓ વેરમણં ॥૨॥**

## છુટા શબ્દના અર્થ

| | |
|---|---|
| **અહ**-હવે | **કોહા**-ક્રોધથી |
| **અવરે**-પહેલા પછીના | **વા**-અથવા |
| **દુચ્ચે**-બીજા | **લોહા**-લોભથી |
| **ભંતે**-ભદંત, ગુરૂ | **ભયા**-ભયથી |
| **મહવ્વએ**-મહાવ્રતને વિષે | **હાસા**-હાસ્યથી |
| **મુસાવાયાઓ**-મૃષાવાદથી | **નેવ**-નહિજ |
| **વેરમણં**-વિરમવું | **સયં**-પોતે |
| **સવ્વં**-સર્વથા | **મુસં**-અસત્ય |
| **મુસાવાયં**-જુઠું બોલવાનાં | **વઇજ્જા**-બોલીશ |
| **પચ્ચખ્ખામિ**-પચ્ચખ્ખાણ કરું છું (ત્યાગ કરું છું) | **વાયાવિજ્જા**-બોલાવીશ |
| **સે**-તે | **વયંતે**-બોલતાને |

**ભાવાર્થ :** હે ભગવન્ ! બીજા મહાવ્રતમાં અસત્ય બોલવાનો ત્યાગ કરું છું. હે ભગવન્ યાવત્ જીવિતપર્યંત ક્રોધથી, લોભથી, ભયથી, હાસ્યથી, હું અસત્ય બોલીશ નહિ. બીજાને જુઠું બોલાવીશ નહિ, જુઠું બોલનારની અનુમોદના નહિ કરું. યાવત્ જીવિત પર્યંત ત્રિવિધ ત્રિવિધ મન, વચન, કાયાએ જુઠું બોલું નહિ, બોલાવું નહિ, બોલતાને સારો જાણું નહિ; કદાચ પૂર્વે અસત્ય બોલાયું હોય, તે અસત્યના પાપથી હે ભગવન્ હું પાછો હઠું છું. આત્મસાક્ષીએ તે પાપને નિંદું છું. પર સાક્ષીએ ગર્હું છું. એ અશુદ્ધ અધ્યવસાયથી આત્માને નિવર્તાવું છું તેમ કરીને સર્વથા અસત્ય બોલવાથી નિવૃત થઈને બીજા મહાવ્રતમાં રહું છું. ॥૨॥

**અહાવરે તચ્ચે ભંતે મહવ્વએ અદિન્નાદાણાઓ વેરમણં । સવ્વં ભંતે અદિન્નાદાણં પચ્ચક્ખામિ । સે ગામે વા નગરે વા રણ્ણે વા અપ્પં વા બહું આ અણું વા થૂલં વા ચિત્તમંતં વા અચિત્તમંતં વા નેવ સયં અદિન્નં ગિણ્હિજ્જા । નેવન્નેહિં અદિન્નં ગિણ્હાવિજ્જા અદિન્નંગિણ્હંતેવિ અન્ને ન સમણુજાણામિ । જાવજ્જીવાએ તિવિહં તિવિહેણં મણેણં વાયાએ કાએણં ન કરેમિ ન કારવેમિ કરંતં પિ અન્નં ન સમણુજાણામિ તસ્સ ભંતે પડિક્કમામિ । નિંદામિ । ગરિહામિ । અપ્પાણં વોસિરામિ । તચ્ચે ભંતે મહવ્વએ ઉવટ્ઠિઓમિ સવ્વાઓ અદિન્નાદાણાઓ વેરમણં ॥૩॥**

## છુટા શબ્દના અર્થ

| | |
|---|---|
| **તચ્ચે**-ત્રીજા | **અણું**-સૂક્ષ્મ (થોડું) |
| **અદિન્ના**-નહિ આપેલા (ના) | **થૂલં**-સ્થૂલ, બાદર (ઝાઝું) |
| **આદાણાઓ**-ગ્રહણથી | **ચિત્તમંતં**-સચિત્ત |
| **ગામે**-ગામમાં | **અચિત્તમંતં**-અચિત્ત |
| **નગરે**-નગરમાં | **ગિણ્હિજ્જા**-લેઇશ |
| **અરણ્ણે**-અરણ્યમાં | **ગિણ્હાવિજ્જા**-લેવરાવીશ |
| **અપ્પં**-અલ્પ | **ગિણ્હંતેવિ**-લેનારાને પણ |
| **બહું**-બહુ | |

**ભાવાર્થ :** હે ભગવન્ ! ત્રીજા મહાવ્રતમાં સર્વથા ચોરી કરવાનો ત્યાગ કરું છું. હે ભગવન્, સર્વથા ચોરી કરવાનાં હું પચ્ચક્ખાણ કરું છું. ગામમાં કે નગરમાં, કે અરણ્યમાં, થોડા મૂલ્યવાળી કે ઝાઝા મૂલ્યવાળી, નાની કે મોટી, સચિત્ત (સજીવન) કે અચિત્ત (જીવ વિનાની), કોઈપણ વસ્તુ હું ધણીના આપ્યા વિના લઈશ નહિ, બીજા પાસે લેવરાવીશ નહિ, લેતાને અનુમોદીશ નહિ. યાવત્ જીવપર્યંત ત્રિવિધે ત્રિવિધે મન, વચન, કાયાએ કરી હું ચોરી કરું નહિ, કરાવું નહિ, કરતાને અનુમોદું નહિ. પૂર્વે ચોરી કરી હોય તેથી પાછો હઠું છું. આત્મસાક્ષીએ નિંદું છું. પર સાક્ષીએ ગર્હું છું. ખોટા અધ્યવસાયનો આત્માને ત્યાગ કરાવું છું. એમ સર્વથા ચોરી કરવાનો ત્યાગ કરીને ત્રીજા મહાવ્રતમાં રહ્યો છું. ||૩||

**અહાવરે ચઉત્થે ભંતે મહવ્વએ મેહુણાઓ વેરમણં । સવ્વં ભંતે મેહુણં પચ્ચક્ખામિ । સે દિવ્વં વા માણુસં વા તિરિક્ખજોણિઅં વા । નેવ સયં મેહુણં સેવિજ્જા । નેવન્નેહિં મેહુણં સેવાવિજ્જા । મેહુણં સેવંતે વિ અન્ને ન સમણુજાણામિ । જાવજ્જીવાએ તિવિહં તિવિહેણં મણેણં વાયાએ કાએણં ન કરેમિ ન કારવેમિ કરંતં પિ અન્નં ન સમણુજાણામિ । તસ્સ ભંતે પડિક્કમામિ । નિંદામિ । ગરિહામિ । અપ્પાણં વોસિરામિ । ચઉત્થે ભંતે મહવ્વએ ઉવટ્ઠિઓમિ સવ્વાઓ મેહુણાઓ વેરમણં ||૪||**

## છુટા શબ્દના અર્થ

| | | |
|---|---|---|
| **ચઉત્થે**-ચોથા | **દિવ્વં**-દેવ સંબંધી | **સેવિજ્જા**-સેવીશ |
| **મેહુણાઓ**-મૈથુનથી | **માણુસં**-મનુષ્ય સંબંધી | **સેવાવિજ્જા**-સેવરાવીશ |
| **મેહુણં**-મૈથુન | **તિરિક્ખજોણિઅં**-તિર્યંચયોનિ સંબંધી | **સેવંતેવિ**-સેવતાને પણ |

**ભાવાર્થ :** હે ભગવન્ ! આ ચોથા બ્રહ્મચર્ય નામના મહાવ્રતમાં સર્વથા મૈથુનનો (વિષય સેવનનો) ત્યાગ કરું છું. તે મૈથુન દેવતા સંબંધી, મનુષ્ય સંબંધી, અને તિર્યંચ સંબંધી હું પોતે સેવું નહિ, બીજા પાસે સેવરાવું નહિ, સેવતાને અનુમોદું નહિ. યાવત્ જીવિતપર્યંત, ત્રિવિધે, ત્રિવિધે, મન, વચન, કાયાએ મૈથુન સેવું નહિ સેવરાવું નહિ, સેવતાને અનુમોદું નહિ. પૂર્વે તેવી પ્રવૃત્તિ કરી હોય તેથી પાછો ફરું છું. આત્મસાક્ષીએ નિંદું છું. પરસાક્ષીએ ગર્હું છું. અશુદ્ધ અધ્યવસાયથી પાછો ફરું છું. એમ સર્વથા મૈથુનનો ત્યાગ કરીને ચતુર્થ બ્રહ્મચર્ય મહાવ્રતમાં રહ્યો છું. ॥૪॥

**અહાવરે પંચમે ભંતે મહવ્વએ પરિગ્ગહાઓ વેરમણં । સવ્વં ભંતે પરિગ્ગહં પચ્ચક્ખામિ । સે અપ્પં વા બહું વા અણું વા થૂલં વા ચિત્તમંતં વા અચિત્તમંતં વા નેવ સયં પરિગ્ગહં પરિગિણ્હિજ્જા નેવન્નેહિં પરિગ્ગહં પરિણ્ગિહાવિજ્જા । પરિગ્ગહં પરિગ્ગિણ્હંતે વિ અન્ને ન સમણુજાણામિ । જાવજ્જીવાએ તિવિહં તિવિહેણં મણેણં વાયાએ કાએણં ન કરેમિ ન કારવેમિ કરંતં પિ અન્નં ન સમણુજાણામિ । તસ્સ ભંતે પડિક્કમામિ નિંદામિ ગરિહામિ અપ્પાણં વોસિરામિ । પંચમે ભંતે મહવ્વએ ઉવટ્ઠિઓમિ સવ્વાઓ પરિગ્ગહાઓ વેરમણં ॥૫॥**

**છુટા શબ્દના અર્થ**

| | |
|---|---|
| **પંચમે**-પાંચમે | **પરિગિણ્હિજ્જા**-સમસ્ત પ્રકારે ગ્રહણ કરીશ |
| **પરિગ્ગહાઓ**-પરિગ્રહથી | **પરિગિણ્હાવિજ્જા**-સમસ્ત પ્રકારે ગ્રહણ કરાવીશ |
| **પરિગ્ગહં**-પરિગ્રહ | **પરિગિણ્હંતે**-પરિગ્રહણ કરતાને |

**ભાવાર્થ :** હે ભગવન્ ! પાંચમા મહાવ્રતમાં સર્વથા પરિગ્રહનો ત્યાગ કરું છું. તે પરિગ્રહ અલ્પ મૂલ્યવાળો, અથવા ઘણા મૂલ્યવાળો હોય, થોડો હોય કે ઝાઝો હોય, સજીવ હોય કે નિર્જીવ હોય, તો પણ તેને હું અંગીકાર કરું નહિ, બીજાને ગ્રહણ નહિ કરાવું, ગ્રહણ કરવાવાળાની અનુમોદના નહિ કરું; યાવત્ જીવપર્યંત ત્રિવિધે ત્રિવિધે મન, વચન, કાયાએ કરી પરિગ્રહ રાખું નહિ, રખાવું નહિ, રાખતાને અનુમોદું નહિ. પૂર્વે રાખ્યો હોય તેનાથી પાછો હઠું છું. આત્મસાક્ષીએ નિંદું છું, પરસાક્ષીએ ગર્હું છું. એ અધ્યવસાયથી નિવૃત થાઉં છું અને સર્વથા પરિગ્રહનો ત્યાગ કરીને પાંચમા મહાવ્રતમાં સ્થિર રહું છું. ॥૫॥

**અહાવરે છટ્ઠે ભંતે વએ રાઇભોઅણાઓ વેરમણં । સવ્વં ભંતે રાઇભોઅણં પચ્ચક્ખામિ । સે અસણં વા પાણં વા ખાઇમં વા સાઇમં વા । નેવ સયં રાઇં ભુંજિજ્જા । નેવન્નેહિં રાઇં ભુંજાવિજ્જા રાઇં ભુંજંતે વિ અન્ને ન સમણુજાણામિ । જાવજ્જીવાએ તિવિહં તિવિહેણં મણેણં વાયાએ કાએણં ન કરેમિ ન કારવેમિ કરંતં પિ અન્નં ન સમણુજાણામિ । તસ્સ ભંતે પડિક્કમામિ । નિંદામિ ગરિહામિ અપ્પાણં વોસિરામિ । છટ્ઠે ભંતે વએ ઉવટ્ઠિઓમિ । સવ્વાઓ રાઇભોઅણાઓ વેરમણં ॥૬॥**

**છુટા શબ્દના અર્થ**

| | |
|---|---|
| છટ્ઠે-છટ્ઠા | સાઇમં-સ્વાદિમ (એલાઇચી, સોપારી આદિ મુખવાસ) |
| વએ-વ્રતને વિષે | રાઇં-રાત્રિને વિષે |
| રાઇભોયણાઓ-રાત્રિભોજનથી | ભુંજિજ્જા-ખાઇશ |
| રાઇભોઅણં-રાત્રિ ભોજનને | ભુંજાવિજ્જા-ખવરાવીશ |
| અસણં-અશન (અનાજ) | ભુંજંતે-ખાતા |
| પાણં-પાણી | અન્ન-બીજાને |
| ખાઇમં-ખાદિમ (મીઠાઈ, દૂધ, ફળ, મેવો પ્રમુખ) | |

**ભાવાર્થ :** હે ભગવન્ ! સર્વથા રાત્રિ ભોજનનો ત્યાગ કરું છું. તે અશન, પાણી, ખાદિમ, સ્વાદિમ આ ચાર પ્રકારનો આહાર હું પોતે રાત્રે ખાઈશ નહિ, બીજાને ખવરાવીશ નહિ, ખાતાને અનુમોદીશ નહિ. યાવત્ જીવિતપર્યંત ત્રિવિધે ત્રિવિધે, મન, વચન, કાયાએ કરી હું રાત્રે ખાઈશ નહિ, ખવરાવીશ નહિ, ખાતાને અનુમોદીશ નહિ. પૂર્વે તેવી પ્રવૃત્તિ કરી હોય તેથી નિવર્તું છું. આત્મસાક્ષીએ નિંદું છું. પરસાક્ષીએ ગર્હું છું, અને એવા અધ્યવસાયનો આત્માને ત્યાગ કરાવું છું. આ પ્રમાણે સર્વથા રાત્રિ ભોજનનો ત્યાગ કરી, છટ્ઠા રાત્રિ ભોજન વિરમણવ્રતમાં રહું છું. ॥૬॥

**ઇચ્ચેયાઇં । પંચ મહવ્વયાઇં રાઇભોઅણવેરમણછટ્ઠાઇં અત્તહિઅટ્ઠયાએ ઉવસંપજ્જિત્તા ણં વિહરામિ ॥૭॥**

**છુટા શબ્દના અર્થ**

| | |
|---|---|
| ઇચ્ચેયાઇં-એમ આ | ઉવસંપજ્જિત્તાણં-અંગીકાર કરીને |
| મહવ્વયાઇં-મહાવ્રતોને | વિહરામિ-વિચરું છું |
| અત્તહિઅટ્ઠયાએ-આત્માના હિતને અર્થે. | |

ભાવાર્થ : એમ આ પાંચ મહાવ્રતો અને છઠ્ઠું રાત્રિ ભોજન વિરમણ, આત્માના હિતને અર્થે અંગીકાર કરીને હું વિચરું છું ।।૬।।

**સે ભિક્ખુ વા ભિક્ખુણી વા સંજયવિરયપડિહયપચ્ચક્ખાયપાવકમ્મે દિઆ વા રાઓ વા એગઓ વા પરિસાગઓ વા સુત્તે વા જાગરમાણે વા । સે પુઢવિં વા ભિત્તિં વા સિલં વા લેલું વા સસરક્ખં વા કાયં સસરક્ખં વા વત્થં હત્થેણ વા પાએણ વા કટ્ઠેણ વા કિલિંચેણ વા અંગુલિઆએ વા સિલાગએ વા સિલાગહત્થેણ વા ન આલિહિજ્જા ન વિલિહિજ્જા ન ઘટ્ટિજ્જા ન ભિંદિજ્જા અન્નં ન આલિહાવિજ્જા ન વિલિહાવિજ્જા ન ઘટ્ટાવિજ્જા ન ભિંદાવિજ્જા । અન્નં આલિહંતં વા વિલિહંતં વા ઘટ્ટંતં વા ભિંદંતં વા ન સમણુજાણામિ । જાવજ્જીવાએ તિવિહં તિવિહેણં મણેણં વાયાએ કાએણં ન કરેમિ ન કારવેમિ કરંતં પિ અન્નં ન સમણુજાણામિ । તસ્સ ભંતે પડિક્કમામિ નિંદામિ ગરિહામિ અપ્પાણં વોસિરામિ ।।૧।।**

## છુટા શબ્દના અર્થ

| | |
|---|---|
| **સે**-તે | **ભિત્તિ**-નદી કિનારાની માટીને |
| **ભિક્ખુ**-સાધુ | **સિલં**-શિલાને, મોટા પત્થરને |
| **વા**-અથવા | **લેલું**-નાના પત્થરને |
| **ભિક્ખુણી**-સાધ્વી | **સસરક્ખં**-સચિત્ત માટીથી મેલા |
| **સંજય**-સંજમવાન્ | **કાયં**-શરીરને |
| **વિરય**-(તપમાં) આસક્ત | **વત્થં**-વસ્ત્રને |
| **પડિહય**-પાછું હઠાવ્યું છે | **હત્થેણ**-હાથે |
| **પચ્ચક્ખાય**-પચક્ખાણવડે | **પાએણ**-પગે |
| **પાવકમ્મં**-પાપકર્મને | **કટ્ઠેણ**-કાષ્ટવડે |
| **દિયા**-દિવસે | **કિલિંચેણ**-ખીલાવડે |
| **રાઓ**-રાત્રીએ | **અંગુલિયાએ**-આંગળીએ કરી |
| **ગઓ**-એકલો | **સિલાગાએ**-શળીવડે |
| **પરિસાગઓ**-સભામાં રહેલો | **સિલાગહત્થેણ**-શલાકાના સમુદાયે કરી |
| **સુત્તે**-સુતેલો | **આલિહિજ્જા**-થોડું આળેખે (લીટા પાડે) |
| **જાગરમાણે**-જાગતો | **વિલિહિજ્જા**-વધારે આળેખે |
| **પુઢવિં**-પૃથ્વીકાયને | **ઘટ્ટિજ્જા**-સંઘટ્ટ કરે |

| | |
|---|---|
| **ભિદિજ્જા**-વિદારણ કરે | **આલિહંતં**-થોડું આળેખનારાને |
| **આલિહાવિજ્જા**-(બીજાપાસે) થોડું આલેખાવે | **વિલિહંતં**-વધારે આળેખનારને |
| **ઘટ્ટાવિજ્જા**-સંઘટ્ટ કરાવે | **ઘટ્ટંતં**-સંઘટ્ટ કરનારને |
| **ભિદાવિજ્જા**-વિદારણ કરાવે | **ભિંદંતં**-વિદારણ કરનારને |

(ચારિત્ર ધર્મની યતના કહે છે.)

**ભાવાર્થ :** તે સંયમવાન્, તપસ્યામાં આસક્ત, પચ્ચકાણે કરી પાપ કર્મને દૂર કરનાર, એવાં સાધુ, અથવા સાધ્વીઓએ, દિવસે અગર રાત્રિએ, એકલાં હોય અગર પર્ષદામાં બેઠેલાં હોય, સુતાં હોય અગર જાગતાં હોય, તેમણે સચિત્ત માટી, નદીના કિનારાની ભીંત, મોટા સચિત્ત પથ્થર, નાના પથ્થરના ટુકડાઓ, ઉડેલી સચિત્ત માટીવાળું શરીર, અને સચિત્ત ધૂળવાળાં વસ્ત્ર પાત્રાદિ તેઓને પણ હાથે કરીને, અથવા પગે કરીને, લાકડે કરીને, લાકડાના કટકે કરીને, આંગળીએ કરીને, લોઢાની સળીએ કરીને, સળીઓના સમૂહે કરીને, તે સચિત્ત માટી પ્રમુખને પોતે ખોદવી, ઉખેડવી નહિ, વારંવાર ઉખાડવી નહિ. એક ઠેકાણેથી બીજે ઠેકાણે નાંખવી નહિ, ભેદવી નહિ, બીજા પાસે ખોદાવવી કે ઉખડાવવી નહિ. વારંવાર ઉખડાવવી નહિ. એક ઠેકાણેથી બીજે ઠેકાણે નંખાવવી નહિ, ભેદાવવી નહિ. બીજો પોતાની મેળે આલેખતો હોય, વિશેષે વિલેખતો હોય, સંઘટ્ટતો હોય, ભેદતો હોય, તેને અનુમોદવો નહિ. યાવત્ જીવપર્યંત મન વચન કાયાએ કરી ત્રિવિધે ત્રિવિધે પોતે તેમ કરવું નહિ, બીજા પાસે તેમ કરાવવું નહિ, તેમ કરતાને અનુમોદવું નહિ, તેમ જો કદાચ થયું હોય, તો તેમ કરવાથી પાછું હઠવું. પોતાના આત્માની સાક્ષીએ નિંદવું. ગુરુ સાક્ષીએ ગર્હા કરવી. અને એવા વિચારોથી પોતાના આત્માને વોસરાવવો (પાછો હઠાવવો) ॥૧॥

**સે ભિક્ખુ વા ભિક્ખુણી વા સંજયવિરયપડિહયપચ્ચક્ખાયપાવકમ્મે દિઆ વા રાઓ વા એગઓ વા પરિસાગઓ વા સુત્તે વા જાગરમાણે વા સે ઉદગં વા ઓસં વા હિમં વા મહિઅં વા કરગં વા હરિતણુગં વા સુદ્ધોદગં વા ઉદઉલ્લં વા કાયં ઉદઉલ્લં વા વત્થં સસિણિદ્ધં વા કાયં સસિણિદ્ધં વા વત્થં ન આમુસિજ્જા ન સંફુસિજ્જા । ન આવિલિજ્જા ન પવિલિજ્જા ન અક્ખોડિજ્જા ન પક્ખોડિજ્જા ન આયાવિજ્જા ન પયાવિજ્જા અન્નં ન**

**આમુસાવિજ્જા ન સંફુસાવિજ્જા ન આવીલાવિજ્જા ન પવીલાવિજ્જા ન અક્ખોડાવિજ્જા ન પક્ખોડાવિજ્જા ન આયાવિજ્જા ન પયાવિજ્જા અન્નં આમુસંતં વા સંફુસંતં વા આવિલંતં વા પવિલંતં વા અક્ખોડંતં વા પક્ખોડંતં વા આયાવંતં વા પયાવંતં વા ન સમણુજાણામિ જાવજ્જીવાએ તિવિહં તિવિહેણં મણેણં વાયાએ કાએણં ન કરેમિ ન કારવેમિ કરંતં** પિ અન્નં ન સમણુજાણામિ તસ્સ ભંતે પડિક્કમામિ । નિંદામિ ગરિહામિ । અપ્પાણં વોસિરામિ ॥૨॥

**છુટા શબ્દના અર્થ**

| | |
|---|---|
| **ઉદગં**-પાણી | **પયાવિજ્જા**-ઘણું અથવા વધારે તપાસે |
| **ઓસં**-ઠારનું પાણી | **આમુસાવિજ્જા**-થોડું અથવા એકવાર ફરસાવે |
| **હિમં**-બરફ | **સંફુસાવિજ્જા**-ઘણું અથવા વારંવાર ફરસાવે |
| **મહિઅં**-ધુવરનું પાણી | **આવીલાવિજ્જા**-થોડું અથવા એકવાર પીડાવે |
| **કરગં**-કરા | **પવીલાવિજ્જા**-ઘણું અથવા વધારે વાર પીડાવે |
| **હરતણુગં**-તરણા ઉપર રહેલું પાણી | **અખ્ખોડાવિજ્જા**-થોડું અથવા એકવાર ઝટકાવે |
| **સુદ્ધોદગં**-આકાશમાંથી પડતું પાણી | **પખ્ખોડાવિજ્જા**-વધારે અથવા ઘણીવાર ઝટકાવે |
| **ઉદઓલ્લં**-પ્રાણીથી ભિજાએલું | **આયાવિજ્જા**-થોડું અથવા એકવાર તપાવરાવે |
| **કાયં**-શરીર **વથ્થં**-વસ્ત્ર | **પયાવિજ્જા**-વધારે અથવા ઘણીવાર તપાવરાવે |
| **સસિણિદ્ધં**-સ્નિગ્ધ, પાણીની ચીકાશવાળું | **આમુસંતં**-થોડું અથવા એકવાર ફરસતાને |
| **આમુસિજ્જા**-થોડું અથવા એકવાર ફરસે | **સંફુસંતં**-ઘણું અથવા વધારે વાર ફરસતાને |
| **સંફુસિજ્જા**-વારંવાર ફરસે | **આવીલંતં**-થોડું અથવા એક વાર પીડતાને |
| **આવીલિજ્જા**-થોડું અથવા એકવાર હલાવે | **પવીલંતં**-ઘણું અથવા વધારે પીડતાને |
| **પવીલિજ્જા**-ઘણું અથવા વારંવાર હલાવે | **અખ્ખોડંતં**-થોડું અથવા એક વાર ઝાટકતાને |
| **અખ્ખોડિજ્જા**-થોડું અથવા એકવાર ઝાટકે | **પખ્ખોડંતં**-ઘણું અથવા ઘણી વાર ઝાટકતાને |
| **પખ્ખોડિજ્જા**-ઘણું અથવા વારંવાર ઝાટકે | **આયાવંતં**-થોડું અથવા એક વાર તપાવતાને |
| **આયાવિજ્જા**-થોડું અથવા એકવાર તપાવે | **પયાવંતં**-ઘણું અથવા ઘણી વાર તપાવતાને |

(પાણીના આરંભનો નિષેધ અને તેની યતના)

**ભાવાર્થ :** સંયમવાન્, તપસ્યામાં આસક્ત, પચ્ચક્ખાણે કરી પાપ કર્મને દૂર કરનારા, એવા સાધુ અથવા સાધ્વીઓએ દિવસે અગર રાત્રે, એકલાં હોય અગર પર્ષદામાં બેઠાં હોય, સૂતાં હોય અગર જાગતાં હોય, તેમણે જમીનમાંથી નીકળેલું

પાણી, અથવા ઓસનું પાણી, હિમનું પાણી, ધુવરનું પાણી, કરાનું પાણી, તૃણનાં અગ્ર ભાગ ઉપર રહેલું પાણી, આકાશમાંથી પડેલું પાણી, પાણીથી ભીંજાએલું (પાણી ઝરતું) શરીર, પાણીથી લીલું વસ્ત્ર, તે પ્રત્યે થોડું અગર ઝાઝું, એકવાર અગર ઘણીવાર ફરસવું નહિ, થોડી અગર ઝાઝી તેને પીડા કરવી નહિ, તેને થોડી અગર ઝાઝીવાર પછાડવું નહિ, નીચોવવું નહિ, થોડી અગર ઝાઝીવાર તપાવવું નહિ, એવી જ રીતે બીજા પાસે કરાવવું નહિ, અને તેમ કરતાં હોય તેને અનુમોદન કરવું નહિ, યાવત્ જીવપર્યંત ત્રિવિધે ત્રિવિધે કરવું નહિ. બીજું પૂર્વની માફક સમજવું ॥૨॥

**સે ભિક્ખુ વા ભિક્ખુણી વા સંજયવિરયપડિહય પચ્ચક્ખાયપાવકમ્મે દિઆ વા રાઓ વા એગઓ વા પરિસાગઓ વા સુત્તે વા જાગરમાણે વા, સે અગણિં વા ઇંગાલં વા મુમ્મુરં વા અચ્ચિં વા જાલં વા અલાયં વા સુદ્ધાગણિં વા ઉક્કં વા ન ઉંજેજ્જા ન ઘટ્ટેજ્જા ન ભિંદેજ્જા ન ઉજ્જાલેજ્જા ન પજ્જાલેજ્જા ન નિવ્વાવેજ્જા અન્નં ન ઉંજાવેજ્જા ન ઘટ્ટાવ્વેજ્જા ન ભિંદાવ્વેજ્જા ન ઉજ્જાલાવેજ્જા ન પજ્જાલાવેજ્જા ન નિવ્વાવેજ્જા અન્નં ઉંજંતં વા ઘટ્ટંતં વા ભિંદંતં વા ઉજ્જાલંતં વા પજ્જાલંતં વા નિવ્વાવંતં વા ન સમણુજાણામિ । જાવજ્જીવાએ તિવિહં તિવિહેણં મણેણં વાયાએ કાએણં ન કરેમિ ન કારવેમિ કરંતં પિ અન્નં ન સમણુજાણામિ તસ્સ ભંતે પડિક્કમામિ નિંદામિ ગરિહામિ અપ્પાણં વોસિરામિ ॥૩॥**

### છુટા શબ્દના અર્થ

| | |
|---|---|
| **અગણિં**-તપાવેલા લોઢાનો અગ્નિ | **ઘટ્ટેજ્જા**-સંકોરે |
| **ઇંગાલં**-અંગારાને **મુમ્મુરં**-ભરસાડનો અગ્નિ | **ભિંદેજ્જા**-ભેદે |
| **અચ્ચિં**-મૂળ અગ્નિથી છુટો પડેલો જ્યોતિરૂપ અગ્નિ | **ઉજ્જાલેજ્જા**-વીંજણાથી થોડો જગાવે |
| **જાલં**-જ્વાળાનો અગ્નિ | **પજ્જાલેજ્જા**-વધારે જગાવે |
| **અલાયં**-ઉંબાડીયાનો અગ્નિ | **નિવ્વાવેજ્જા**-પાણી નાંખી ઓલવે |
| **સુદ્ધાગણિં**-લાકડા વિનાનો શુદ્ધ અગ્નિ | **ઉંજાવેજ્જા**-બળતણ નંખાવે |
| **ઉક્કં**-ઉલ્કાપાતનો અગ્નિ | **ઘટ્ટાવેજ્જા**-સંકોરાવરાવે |
| **ઉંજેજ્જા**-બળતણ નાંખે | **ભિંદાવેજ્જા**-ભેદાવરાવે |

| | |
|---|---|
| **ઉજ્જાલાવેજ્જા**-વીંજણાવતી થોડો જગાવરાવે | **ઘટ્ટંતં**-સંકોરતાને |
| **પજ્જાલાવેજ્જા**-વધારે જગાવરાવે | **ભિંદંતં**-ભેદતાને |
| **નિવ્વાવેજ્જા**-ઓલવાવરાવે | **ઉજ્જાલંતં**-વીંજણા વડે થોડો જગાવનારને |
| **ઉંજંત**-ઇંધણાં નાંખનારને | **પજ્જાલંતં**-વધારે જગાવનારને |
| | **નિવ્વાવંતં**-ઓલવનારને |

(અગ્નિના આરંભનો નિષેધ અને તેની યતના)

**ભાવાર્થ :** સંયમવાન્, તપસ્યામાં આસક્ત, અને પચ્ચક્ખાણથી પાપ કર્મને દૂર કરનાર એવા સાધુ, અગર સાધ્વીઓએ, તપાવેલા લોઢા માંહેનો અગ્નિ, જ્વાળા રહિત અગ્નિ, અગ્નિના કણીયા, મૂળ અગ્નિથી તૂટેલી જ્વાળા, મૂળ અગ્નિની સાથે વળગેલી જ્વાળા, ઉંબાડીયાનો અગ્નિ, અંગારા, ઉલ્કાપાતનો અગ્નિ, એ આદિ સર્વ જાતનો અગ્નિ, તે પ્રત્યે ઇંધણાં પ્રમુખથી વધારવો નહિ, હાથથી સંકોરવો નહિ, ધૂળ પ્રમુખથી ભેદવો નહિ, વીંજણા પ્રમુખના પવનથી વધારવો નહિ, અને પાણી પ્રમુખથી ઓલવવો નહિ, આમ પોતે કરવું નહિ, તેમ બીજા પાસે પણ કરાવવું નહિ, અને કરતાને ભલો જાણવો નહિ, યાવત્ જીવપર્યંત ત્રિવિધે ત્રિવિધે કરવું, કરાવવું, અનુમોદવું નહિ. બાકીનું પૂર્વવત્ જાણવું. ।।૩।।

**સે ભિક્ખુ વા ભિક્ખુણી વા સંજયવિરયપડિહયપચ્ચક્ખાયપાવકમ્મે દિઆ વા રાઓ વા એગઓ વા પરિસાગઓ વા સુત્તે વા જાગરમાણે વા સે સિએણ વા વિહુયણેણ વા તાલિઅંટેણ વા પત્તેણ વા પત્તભંગેણ વા સાહાએ વા સાહાભંગેણ વા પિહુણેણ વા પિહુણહત્થેણ વા ચેલેણ વા ચેલકણ્ણેણ વા હત્થેણ વા મુહેણ વા અપ્પણો વા કાયં બાહિરં વા વિ પુગ્ગલં ન ફુમેજ્જા ન વીએજ્જા અન્નં ન ફુમાવેજ્જા ન વીઆવેજ્જા અન્નં ફુમંતં વા વીઅંતં વા ન સમણુજાણામિ જાવજ્જીવાએ તિવિહં તિવિહેણં મણેણં વાયાએ કાએણં ન કરેમિ ન કારવેમિ કરંતં પિ અન્નં ન સમણુજાણામિ તસ્સ ભંતે પડિક્કમામિ નિંદામિ ગરિહામિ અપ્પાણં વોસિરામિ ।।૪।।**

**છુટા શબ્દના અર્થ**

| | |
|---|---|
| સિએણ-ધોળા ચામર વડે | **પત્તેણ**-કમળ આદિના પત્ર વડે |
| વિહુયણેણ-વીંજણા વડે કરી | **પત્તભંગેણ**-કેળના પાંદડાના કટકે કરી |
| તાલિઅંટેણ-તાડપત્રના વીંજણે | **સાહાએ**-શાખા અથવા ડાળ વડે |

| | |
|---|---|
| **સાહાભંગેળ**-ડાળીના કટકા વડે | **બાહિરં**-બહાર |
| **પિહુણેણ**-મોરની પીંછી વડે | **વિપુગ્ગલં**- (દુધ વિગેરેના) પુદ્‌ગલને |
| **પિહુણહથ્થેણ**-મોર પીંછીની પુંજણી વડે | **ફુમેજ્જા**-ફુંકે |
| **ચેલેણ**-વસ્ત્ર વડે | **વીએજ્જા**-વીંજે |
| **ચેલકણ્ણેણ**-વસ્ત્રના છેડા વડે | **ફુમાવેજ્જા**-ફુંકાવે |
| **હથ્થેણ**-હાથ વડે | **વીઆવેજ્જા**-વિંજાવે |
| **મુહેણ**-મુખ વડે | **ફુમંતં**-ફુંકતાને |
| **અપ્પણો**-પોતાના | **વીઅંતં**-વીંજતાને |

(વાયરાના આરંભનો નિષેધ અને તેની યતના)

ભાવાર્થ :- સંયમવાન્, તપસ્યામાં આસક્ત, અને પચ્ચરકખાણથી પાપ કર્મને દૂર કરનારાં, એવાં સાધુ અગર સાધ્વીઓએ, દિવસે અગર રાત્રે, એકલાં હોય, ઘણાં માણસમાં બેઠાં હોય, સૂતાં હોય અગર જાગતાં હોય, તેમણે ચામર વડે કરીને, વીંજણાએ કરીને, તાલવૃંતે કરીને, પાંદડાએ, પાંદડાંના કટકાએ કરીને, (કેળ પ્રમુખના) વૃક્ષની ડાળીએ કરીને, ડાળીના કટકાએ કરીને મોર પીંછે કરીને મોર પીંછીની પૂંજણીએ કરીને, વસ્ત્રે કરીને, વસ્ત્રના છેડાએ કરીને, હાથે કરીને, મોઢાએ કરીને, પોતાના શરીરને અથવા કોઈ ઉષ્ણ પુદ્‌ગળને, ફુકવું નહિ, વીંજવું નહિ, ફુંકતા, વીંજતાને અનુમોદવો પણ નહિ. યાવત્ જીવપર્યંત મન, વચન, કાયાએ કરી કરવું કરાવવું અનુમોદવું નહિ. બાકીનું પૂર્વવત્ સમજવું. ૪

**સે ભિક્ખુ વા ભિક્ખુણી વા સંજયવિરયપડિહયપચ્ચક્ખાયપાવકમ્મે દિઆ વા રાઓ વા એગઓ વા પરિસાગઓ વા સુત્તે વા જાગરમાણે વા સે બીએસુ વા બીઅપઈટ્ઠેસુ વા રૂઢેસુ વા રૂઢપઇટ્ઠેસુ વા જાએસુ વા જાયપઈટ્ઠેસુ વા હરિએસુ વા હરિઅપઈટ્ઠેસુ વા છિન્નેસુ વા છિન્નપઈટ્ઠેસુ વા સચિત્તેસુ વા સચિત્તકોલપડિ-નિસ્સિએસુ વા ન ગચ્છેજ્જા ન ચિટ્ઠેજ્જા ન નિસીએજ્જા ન તુઅટ્ટેજ્જા અન્નં ન ગચ્છાવેજ્જા ન ચિટ્ઠાવેજ્જા ન નિસીઆવેજ્જા ન તુઅટ્ટાવેજ્જા । અન્નં ગચ્છંતં વા ચિટ્ઠંતં વા નિસીઅંતં વા તુઅટ્ટંતં વા ન સમણુજાણામિ । જાવજ-જીવાએ તિવિહં તિવિહેણં મણેણં વાયાએ કાએણં ન કરેમિ ન કારવેમિ કરંતં પિ અન્નં ન સમણુજાણામિ તસ્સ ભંતે પડિક્કમામિ નિંદામિ ગરિહામિ અપ્પાણં વોસિરામિ ॥૫॥**

**બીએસુ**-બીજોમાં
**બીયપઇટ્ઠેસુ**-બીજનાં ઉપર નાંખેલી ચીજને વિષે
**રૂઢેસુ**-બીમાંથી ઉગી નીકળેલા દાણાને વિષે
**રૂઢપઇટ્ઠેસુ**-બીમાંથી ફણગો ફુટેલા ધાન્યને વિષે
**જાએસુ**-ધાન્યનાં ખેતરને વિષે
**જાયપઇટ્ઠેસુ**-ખેતર પ્રમુખને વિષે મુકેલા ભક્ષણ તથા આસનને વિષે
**હરિએસુ**-લીલી વનસ્પતિને વિષે
**હરિઅપઇટ્ઠેસુ**-લીલી વનસ્પતિની ઉપર મુકેલી ચીજને વિષે
**છિન્નેસુ**-કાપેલા ઝાડની ડાળીને વિષે
**છિન્નપઇટ્ઠેસુ**-કાપેલા ઝાડની ડાળીની ઉપર મુકેલી ચીજને વિષે
**સચિત્તેસુ**-ઇંડાદિકને વિષે
**સચિત્તકોલપડિનિસીએસુ**-ઘુણાદિકે યુક્ત એવા આસનાદિકને વિષે

| | |
|---|---|
| **ગચ્છેજ્જા**-જાય | **નિસીઆવેજ્જા**-બેસાડે |
| **ચિટ્ઠેજ્જા**-ઉભો રહે | **તુઅટ્ટાવેજ્જા**-સુવાડે |
| **નિસીએજ્જા**-બેસે | **ગચ્છંતં**-(બીજા) જનારને |
| **તુઅટ્ટેજ્જા**-સુએ | **ચિટ્ઠંતં**-ઊભો રહેતાને |
| **ગચ્છાવેજ્જા**-(બીજાને) ચલાવે | **નિસીઅંતં**-બેસતાને |
| **ચિટ્ઠાવેજ્જા**-ઊભો રાખે | **તુઅટ્ટંતં**-સુતો હોય તેને |

(વનસ્પતિના આરંભનો નિષેધ અને તેની યતના)

**ભાવાર્થ :** સંયમવાન્ તપસ્યામાં આસક્ત, અને પચ્ચક્ખાણથી પાપ કર્મને દૂર કરનારા સાધુ અગર સાધ્વીઓએ, દિવસે અગર રાત્રે એકલાં હોય અગર પર્ષદામાં બેઠાં હોય, સૂતાં હોય અગર જાગતાં હોય, તેમણે શાળિ પ્રમુખનાં બીજને વિષે, અથવા બીજ જેના ઉપર રહ્યાં હોય એવાં આસનાદિને વિષે, જ્યાં અંકુરા ઉગ્યા હોય તેને વિષે અગર અંકુરાવાળાં આસનાદિ વિષે, મોટા છોડ પ્રમુખને વિષે, અગર છોડવાળા આસનાદિ વિષે, લીલા ઘાસને વિષે, અગર લીલા ઘાસવાળા આસનાદિને વિષે, સચિત્ત ઇંડાં પ્રમુખને વિષે, અગર ઘુણાવાળાં લાકડાંદિક ઉપર જવું આવવું નહિ, બેસવું નહિ, ઊભા રહેવું નહિ, અને સૂવું પણ નહિ, બીજાને મોકલાવી બેસારવો, ઊભો રખાવવો, કે સુવરાવવો નહિ, અને તેમ કરતાને અનુમોદવો

પણ નહિ, યાવત્ જીવપર્યંત મન, વચન કાયાએ ત્રિવિધે, ત્રિવિધે, કરવું. કરાવવું કે અનુમોદવું નહિ. બીજું પૂર્વવત્ સમજવું. ॥૫॥

**સે ભિક્ખુ વા ભિક્ખુણી વા સંજયવિરયપડિહયપચ્ચક્ખાયપાવકમ્મે દિઆ વા રાઓ વા એગઓ વા પરિસાગઓ વા સુત્તે વા જાગરમાણે વા સે કીડં વા પયંગં વા કુંથું વા પિપીલિઅં વા હત્થંસિ વા પાયંસિ વા બાહુંસિ વા ઉરુંસિ વા ઉદરંસિ વા સીસંસિ વા વત્થંસિ વા પડિગ્ગહંસિ વા કંબલંસિ વા પાયપુંછણંસિ વા રહયહરણંસિ વા ગોચ્છગંસિ વા ઉંડગંસિ વા દંડગંસિ વા પીઢગંસિ વા ફલગંસિ વા સેજ્જંસિ વા સંથારગંસિ વા અન્નયરંસિ વા તહપ્પગારે ઉવગ-રણજાએ તઓ સંજયામેવ પડિલેહિઅ પડિલેહિઅ પમજ્જિઅ પમજ્જિઅ એગંતમવણેજ્જા નોણં સંઘાયમાવજ્જેજ્જા ॥૬॥**

**છુટા શબ્દના અર્થ**

| | |
|---|---|
| **કીડં**-કીડા | **પીઢગંસિ**-બાજોઠને વિષે |
| **પયંગં**-પતંગ | **ફલગંસિ**-પાટીઆને વિષે |
| **કુંથું**-કુંથુવો | **સેજ્જંસિ**-શય્યાને વિષે |
| **પિપીલિઅં**-કીડી | **સંથારગંસિ**-સંથારાને વિષે |
| **હથ્થંસિ**-હાથ ઉપર | **અન્નયરંસિ**-બીજાને વિષે |
| **પાયંસિ**-પગ ઉપર | **તહપ્પગારે**-તેવા પ્રકારે |
| **બાહુંસિ**-બાહુ ઉપર | **ઉપગરણજાએ**-ઉપકરણના સમૂહને વિષે |
| **ઉરુંસિ**-સાથળ ઉપર | **તઓ**-ત્યાંથી |
| **ઉદરંસિ**-પેટ ઉપર | **સંજયામેવ**-પ્રયત્ન વડે |
| **સીસંસિ**-માથા ઉપર | **પડિલેહિય**-પડીલેહીને |
| **વથ્થંસિ**-વસ્ત્રને વિષે | **પમજ્જિય**-પુંજીને |
| **પડિગ્ગહંસિ**-પાત્રને વિષે | **એગંતં**-એકાંત સ્થાનકને વિષે |
| **કંબલંસિ**-કાંબળીને વિષે | **અવણેજ્જા**-મૂકે |
| **પાયપુંછણંસિ**-ડંડાસણને વિષે | **નોણં**-નહિ |
| **રયહરણંસિ**-રજોહરણને વિષે | **સંઘાયં**-જથ્થામાં એકઠા કરીને |
| **ગોચ્છગંસિ**-ગુચ્છાને વિષે | **આવજ્જેજ્જા**-પીડા પમાડે |
| **ઉંડગંસિ**-માત્રાના ભાજન વિષે | |
| **દંડગંસિ**-દાંડાને વિષે | |

(ત્રસજીવની યતના)

**ભાવાર્થ :** સંયમવાન્ તપસ્યામાં આસક્ત, પચ્ચક્ખાણે કરી પાપ કર્મને દૂર કરનાર, સાધુ અગર સાધ્વી, દિવસે અગર રાત્રિએ, એકલાં હોય અગર સમુદાયમાં હોય, સૂતાં હોય અગર જાગતાં હોય, તેમણે કીડા, પતંગીઆં, કુંથુવા, કીડીઓ, આદિ, હાથમાં, પગમાં, બાહુમાં, સાથળમાં, ઉદરમાં. માથામાં, વસ્ત્રમાં, રજોહરણમાં, ગુચ્છામાં, ઉંદકમાં (તરપણી વિષે અગર માત્રાના ભાજનમાં) ડાંડામાં, બાજોઠમાં, પાટીઆમાં, વસ્તિમાં, સંથારામાં, અગર બીજાં પણ સાધુનાં ઉપયોગી ઉપગરણોને વિષે, કોઈ પણ ઠેકાણેથી, જીવો આવી ચડ્યા હોય; તો પ્રયત્ને કરીને, પ્રતિલેખી, પ્રતિલેખીને પ્રમાર્જી, પ્રમાર્જીને એકાંત સ્થળમાં મૂકવા પણ તેમને એકઠા કરીને પીડા કરવી નહિ. ॥૬॥

**સૂત્ર–અજયં ચરમાણો ઉ, પાણભૂઆઇં હિંસઈ ॥ બંધઇ પાવયં કમ્મં, તં સે હોઇ કડુઅં ફલં ॥૧॥ અજયં ચિટ્ઠમાણો ઉ, પાણાભૂઆઇં હિંસઈ ॥ બંધઈ પાવયં કમ્મં, તં સે હોઇ કડુઅં ફલં ॥૨॥ અજયં આસમાણો ઉ, પાણભૂઆઇં હિંસઈ ॥ બંધઈ પાવયં કમ્મં, તં સે હોઇ કડુઅં ફલં ॥૩॥ અજયં સયમાણો ઉ, પાણભૂઆઇં હિંસઈ ॥ બંધઈ પાવયં કમ્મં, તં સે હોઇ કડુઅં ફલમ્ ॥૪॥ અજયં ભુંજમાણો ઉ, પાણભૂઆઇં હિંસઇ ॥ બંધઈ પાવયં કમ્મં, તં સે હોઇ કડુઅં ફલં ॥૫॥ અજયં ભાસમાણો ઉ, પાણભૂઆઇં હિંસઇ ॥ બંધઈ પાવયં કમ્મં, તં સે હોઇ કડુઅં ફલં ॥૬॥ કહં ચરે કહં ચિટ્ઠે ? કહમાસે ? કહં સએ ? ॥ કહં ભુંજંતો ભાસંતો, પાવં કમ્મં, ન બંધઇ ? ॥૭॥ જયં ચરે જયં ચિટ્ઠે, જયમાસે જયં સએ ॥ જયં ભુંજંતો ભાસંતો, પાવં કમ્મં ન બંધઈ ॥૮॥ સવ્વભૂઅપ્પભૂઅસ્સ, સમ્મં ભૂઆઇં પાસઓ ॥ પિહિઆસવસ્સ દંતસ્સ, પાવં કમ્મં ન બંધઈ ॥૯॥ પઢમં નાણં તઓ દયા, એવં ચિટ્ઠઈ સવ્વસંજએ ॥ અન્નાણી કિં કાહી કિં, વા નાહિઈ છેઅ પાવગં ? ॥૧૦॥**

**ગાથા ૧ થી ૧૦ સુધીના છુટા શબ્દના અર્થ**

| | | |
|---|---|---|
| **અજયં**-અજયણાએ | બંધઇ-બાંધે | સે-તેને |
| **ચરમાણો**-ચાલતો | પાવયં-પાપને | હોઇ-હોય |
| **પાણભૂઆઇં**-ત્રસ અને સ્થાવર જીવોને | કમ્મં-કર્મને | કડુઅં-કડવું |
| હિંસઇ-હણે | તં-તેથી | ફલં-ફળ |

| | | |
|---|---|---|
| **ચિટ્ઠમાણો**-ઉભો રહેનારો | **ભુંજંતો**-ખાતો | **પિહિય**-ઢાંકેલા, બંધ કરેલા |
| **આસમાણો**-બેસતો | **ભાસંતો**-બોલતો | **આસવસ્સ**-આશ્રવદ્વાર |
| **સયમાણો**-સૂતો | **જયં**-જયણાએ | **દંતસ્સ**-ઇંદ્રિય દમવાવાળો |
| **ભુંજમાણો**-ખાતો | **સવ્વ**-સર્વ | **સવ્વસંજએ**-સર્વ સંયમીઓ |
| **ભાસમાણો**-બોલતો | **ભૂઅ**-પ્રાણીને | **અન્નાળી**-અજ્ઞાની |
| **કહં**-કેવી રીતે | **અપ્પભૂઅસ્સ**-પોતાના આત્માના જેવાં | **કિં**-શું ? |
| **ચરે**-ચાલે | | |
| **ચિટ્ઠે**-ઊભો રહે | **સમ્મં**-બરાબર રીતે | **કાહી**-કરશે |
| **આસે**-બેસે | **ભૂઆઇં**-ભૂતોને પૃથ્વી આદિ | **નાહીઈ**-જાણશે |
| **સએ**-સૂઇ રહે | **પાસઓ**-જોવાથી | **છેઅ**-પુણ્ય, શ્રેય |

(ઉપદેશરૂપ પાંચમો અધિકાર)

**ભાવાર્થ :** જે સાધુ સાધ્વી ઇર્યાસમિતિ ઓળંઘીને અયતનાએ ચાલતાં પ્રાણ (બે ઇંદ્રિયાદિ) ભૂત (એકિંદ્રય) ને હણે છે, તે એવાં પાપકર્મ બાંધે છે કે તેનાં કડવાં ફળ તેને ભોગવવાં પડે છે. ૧ હાથ પગ આદિને ઉપયોગ વિના સ્થાપન કરવારૂપ અયતનાએ ઊભા રહેતાં, પ્રાણની (જીવની) હિંસા થાય છે, તેથી પાપકર્મ બંધાય છે, કે જેનાં કડવાં ફળ ભોગવવાં પડે છે. ૨ હાથ પગ આદિને સંકોચ્યા વિના ઉપયોગ વિના બેસવારૂપ અયતનાએ, પ્રાણ ભૂતને હિંસે છે કે જે પાપકર્મથી કડવાં ફળ ભોગવવાં પડે છે. ૩. અજયણાએ સૂતાં. (દિવસે સૂવું, તથા રાત્રે પુંજ્યા વિના પડખાં પ્રમુખ ફેરવતાં) પ્રાણ, ભૂતને હણે છે. તે બાંધેલાં પાપ કર્મનાં કડવાં ફળ તેને ભોગવવાં પડે છે. ૪. પ્રયોજન વિના સરસ આહાર ખાવો તથા આહાર કરતાં છુટું છુટું વેરવું, દાણા પાડવા વિગેરે, અયતનાએ પ્રાણભૂતને હિંસે છે, તેથી બંધાતાં પાપ કર્મનાં કડવાં ફળ ભોગવવાં પડે છે. ૫. (નિષ્ઠુર-કઠોર, ગૃહસ્થની ભાષાએ બોલવારૂપ) અયતનાએ બોલતાં પ્રાણ ભૂતને હણે છે, જેથી બંધાએલાં પાપ કર્મનાં કડવાં ફળ ભોગવવાં પડે છે. ૬. (શિષ્ય ગુરુને પ્રશ્ન કરે છે હે ભગવન્, પૂર્વે કહ્યા પ્રમાણે કર્મ બંધાય છે, તો અમારે) કેમ ચાલવું ? કેમ ઊભા રહેવું ? કેમ બેસવું ? કેવી રીતે સૂવું ? કેવી રીતે આહાર કરવો ? અને કેવી રીતે બોલવું ? કે જેથી પાપ કર્મ ન બંધાય. ૭ (આચાર્ય ઉત્તર કહે છે.) ઇર્યા સમિતિ પૂર્વક તમારે ચાલવું, હાથ પગ આડા

અવળા, ફેંક્યા વિના યતનાએ ઊભા રહેવું, ઉપયોગ પૂર્વક શરીરને સંકોચવારૂપ યતનાએ બેસવું, સમાધી પૂર્વક અને થોડો કાળ યતનાપૂર્વક સૂવું, પ્રયોજન પડ્યે છતે, થોડું પણ ન છાંડતાં, યતના પૂર્વક ભોજન કરવું. કોમળ, અવસર ઉચિત અને સાધુની ભાષાએ યતનાપૂર્વક બોલવું, આ પ્રમાણે કરતાં હે શિષ્ય ! પાપ કર્મ બંધાતું નથી. ૮ હે શિષ્ય ! સર્વ જીવોને પોતાના આત્માની માફક જાણનારો તથા વીતરાગે કહેલી વિધિએ પૃથ્વી આદિને જોતો, આશ્રવદ્વારોને ઢાંકતો, અને ઇંદ્રિયોને દમનારો પાપ કર્મને બાંધતો નથી. ૯. (આ ઉપદેશ સાંભળી શિષ્ય કહે છે કે, હે ભગવન્ ! ત્યારે હવે જીવની દયાજ પાળવી. જ્ઞાન ભણવાનું શું કામ છે ? આમ બોલનાર શિષ્યને ગુરુ ઉત્તર આપ છે. હે શિષ્ય) પ્રથમ જ્ઞાન અને પછી દયા છે. અને આ પ્રમાણે સર્વ સાધુ વર્ગ ચાલે છે. અજ્ઞાની શું કરશે ? અથવા પુણ્ય પાપને કેમ જાણી શકશે ? માટે પ્રથમ જ્ઞાનની જરૂર છે. ૧૦.

**સોચ્ચા જાણઇ કલ્લાણં, સોચ્ચા જાણઇ પાવગં ॥ ઉભયં પિ જાણઇ સોચ્ચા, જં સેઅં તં સમાયરે ॥૧૧॥ જો જીવે વિ ન યાણેઇ, અજીવે વિ ન યાણઈ ॥ જીવાજીવે અયાણંતો, કહં સો નાહીઇ સંજમં ॥૧૨॥ જો જીવે વિ વિયાણેઇ, અજીવે વિ વિયાણઈ ॥ જીવાજીવે વિયાણંતો, સો હુ નાહીઇ સંજમં ॥૧૩॥ જયા જીવમજીવે ય, દો વિ એએ વિઆણઈ ॥ તયા ગઇં બહુવિહં, સવ્વજીવાણ જાણઈ ॥૧૪॥ જયા ગઇં બહુવિહં, સવ્વજીવાણ જાણઈ ॥ તયા પુણ્ણં ચ પાવં ચ, બંધં મુક્ખં ચ જાણઈ ॥૧૫॥ જયા પુણ્ણં ચ પાવં ચ, બંધં મુક્ખં ચ જાણઈ ॥ તયા નિવિંદએ ભોએ, જે દિવ્વે જે અ માણુસે ॥૧૬॥ જયા નિવિંદએ ભોએ, જે દિવ્વે જે અ માણુસે ॥ તયા ચયઇ સંજોગં, સબ્બિંતર બાહિરં ॥૧૭॥ જયા ચયઇ સંજોગં, સબ્બિંતર બાહિરં ॥ તયા મુંડે ભવિત્તાણં, પવ્વઇએ અણગારિઅં ॥૧૮॥ જયા મુંડે ભવિત્તાણં, પવ્વઇએ અણગારિઅં ॥ તયા સંવરમુક્કિટ્ઠં, ધમ્મં ફાસે અણુત્તરં ॥૧૯॥ જયા સંવરમુક્કિટ્ઠં, ધમ્મં ફાસે અણુત્તરં ॥ તયા ધુણઇ કમ્મરયં, અબોહિકલુસં કડં ॥૨૦॥**

**ગાથા ૧૧ થી ૨૦ સુધીના છુટા શબ્દના અર્થ**

| | | |
|---|---|---|
| સોચ્ચા-સાંભળીને | પાવગં-પાપનો માર્ગ | સેયં-શ્રેય, કલ્યાણ (કારક) |
| જાણઇ-જાણે | ઉભયં-બન્ને | સમાયરે-સમાચરે |
| કલ્લાણં-કલ્યાણ યા સંયમનો માર્ગ | પિ-પણ | જો-જે |

| | | |
|---|---|---|
| **જીવે**-જીવોને | **એએ**-એ | **બાહિરં**-બહારના |
| **વિ**-પણ | **તયા**-ત્યારે | **મુંડે**-મુંડ |
| **ન યાણેઇ**-ન જાણે | **ગઈં**-ગતિને | **ભવિત્તાણં**-થઇને |
| **અજીવે**-અજીવોને | **સવ્વ**-સર્વ | **પવ્વઇએ**-દિક્ષા લે |
| **જીવાજીવે**-જીવ અને અજીવોને | **જીવાણ**-જીવોની | **અણગારિઅં**-અનગારીકપણું (સાધુપણું) |
| **અયાણંતો**-નહિ જાણતો | **બહુવિહં**-ઘણા પ્રકારે | **સંવરં**-સંવરને |
| **કહ**-કેવી રીતે | **પુણ્ણં**-પુણ્યને | **ઉક્કિટ્ઠં**-ઉત્કૃષ્ટ |
| **સો**-તે નાહીઇ-જાણે | **બંધં**-બંધને | **ધમ્મં**-ધર્મને |
| **સંજમં**-સંજમ | **મુખ્ખં**-મોક્ષને | **ફાસે**-ફરસે |
| **વિયાણેઇ**-વિશેષ જાણે | **નિવ્વિંદએ**-અસાર કરી જાણે | **અણુત્તરં**-ઉત્તમ |
| **વિયાણઇ**-વિશેષ જાણે | **ભોએ**-ભોગોને | **ધુણઇ**-કાઢી નાંખે |
| **વિયાણંતો**-વિશેષ પ્રકારે જાણતો | **દિવ્વે**-દેવ સંબંધી | **કમ્મરયં**-કર્મરૂપી રજને |
| **હુ**-નિશ્ચે | **માણુસે**-મનુષ્ય સંબંધી | **અબોહિ**-મિથ્યાદષ્ટિપણું |
| **જયા**-જ્યારે | **ચયઇ**-ત્યાગ કરે | **કલુસં**-પાપ, મેલ |
| | **સંભોગં**-સંભોગને, સંજોગને | **કડં**-કરેલું, કર્મ |
| | **સબ્ભિતર**-અભ્યંતર (અંદરના રાગદ્વેષ) | |

**ભાવાર્થ :** સાંભળવાથી દયા, સંયમનું સ્વરૂપ જણાય છે, અને પાપ અસંયમનું સ્વરૂપ પણ સાંભળવાથી જણાય છે. બન્ને રસ્તા સાંભળવાથી જણાય છે, તો આ બન્નેમાં જે સારું હોય તેનો આદર કરો. ૧૧. હે શિષ્ય, જે જીવને પણ જાણતો નથી, જે અજીવને જાણતો નથી, જે જીવ અજીવ બેમાંથી કોઈને પણ જાણતો નથી, તે સંયમને કેમ જાણશે ? ૧૨. જે જીવને જાણે છે, જે અજીવને પણ જાણે છે, જીવ અજીવ બેઉને પણ જાણે છે, તે નિશ્ચે સંયમને જાણશે. ૧૩. જ્યારે જીવ, અજીવ એ બન્નેને જાણશે, ત્યારે સર્વ જીવોની નાના પ્રકારની ગતિ જાણશે. ૧૪. જ્યારે સર્વ જીવોની નાના પ્રકારની ગતિ જાણશે; ત્યારે પુન્ય, પાપ, બંધ અને મોક્ષ જાણશે. ૧૫. જ્યારે પુન્ય, પાપ, બંધ, અને મોક્ષ જાણશે, ત્યારે દેવતા અને મનુષ્ય સંબંધી શબ્દાદિ વિષયોને અસાર દુઃખરૂપે કરી જાણે. ૧૬. જ્યારે દેવતા અને મનુષ્યના વિષયોને અસાર કરી જાણે, ત્યારે બાહ્ય (હિરણ્યાદિ) અભ્યંતર (ક્રોધાદિ) સંયોગોનો ત્યાગ કરે. ૧૭. જ્યારે બાહ્ય અભ્યંતર સંયોગોનો ત્યાગ કરે, ત્યારે દ્રવ્ય ભાવથી મુંડ થઈને અણગાર ધર્મ અંગીકાર કરે. ૧૮. જ્યારે મુંડ થઈને, અણગાર ધર્મ

અંગીકાર કરે, ત્યારે ઉત્કૃષ્ટ સંવર (પ્રાણાતિપાતાદિ નિવૃતિરૂપ) અનુત્તર ધર્મને ફરસે. ૧૯. જ્યારે ઉત્કૃષ્ટ સંવરરૂપ અનુત્તર ધર્મને ફરસે, ત્યારે મિથ્યાદષ્ટિપણાએ અંગીકાર કરાએલ કર્મ રજનો નાશ કરે. ૨૦

**જયા ધુણઇ કમ્મરયં, અબોહિકલુસં કડં ॥ તયા સવ્વત્તગં નાણં, દંસણં, ચાભિગચ્છઈ ॥૨૧॥ જયા સવ્વત્તગં નાણં, દંસણં ચાભિગચ્છઈ ॥ તયા લોગમલોગં ચ, જિણો જાણઇ કેવલી ॥૨૨॥ જયા લોગમલોગં ચ, જિણો જાણઇ કેવલી ॥ તયા જોગે નિરુંભિત્તા, સેલેસિં પડિવજ્જઇ ॥૨૩॥ જયા જોગે નિરુંભિત્તા, સેલેસિં પડિવજ્જાઇ ॥ તયા કમ્મં ખવિત્તાણં, સિદ્ધિં ગચ્છઇ નીરઓ ॥૨૪॥ જયા કમ્મં ખવિતાણં, સિદ્ધિં ગચ્છઇ નીરઓ ॥ તયા લોગમત્થયત્થો, સિદ્ધો હવઇ સાસઓ ॥૨૫॥ સુહસાયગસ્સ સમણસ્સ, સાયાઉલગ્ગસ્સ નિગામસાઇસ્સ ॥ ઉચ્છોલણાપહોઅસ્સ, દુલ્લહા સુગઇ તારિસગસ્સ ॥૨૬॥ તવોગુણપહાણસ્સ, ઉજ્જુમઇ ખંતિસંજમરયસ્સ ॥ પરીસહે જિણંતસ્સ, સુલહા સુગઇ તારિસગસ્સ ॥૨૭॥ પચ્છા વિ તે પયાયા, ખિપ્પં ગચ્છંતિ અમરભવણાઇં ॥ જેસિં પિઓ તવો સં,જમો અ ખંતી અ બંભચેરં ચ ॥૨૮॥ ઇચ્ચેઅં છજીવણિઅં, સમ્મદિટ્ઠી સયા જએ ॥ દુલ્લહં લહિત્તુ સામન્નં, કમ્મુણા ન વિરાહેજ્જાસિ ॥ તિબેમિ ॥૨૯॥ ચઉત્થં છજ્જીવણિઆણામજ્ઝેયણં સંમતં ॥૪॥**

### ગાથા ૨૧ થી ૨૯ સુધીના છુટા શબ્દના અર્થ

| | |
|---|---|
| **સવ્વત્તગં**-સર્વ ઠેકાણે વ્યાપેલું | **મત્થયત્થો**-મસ્તકે અથવા ટોચે રહેલો |
| **અભિગચ્છઇ**-સારી રીતે પામે છે | **સિદ્ધો**-સિદ્ધ ભગવાન |
| **લોગં**-લોકને | **સાસઓ**-શાસ્વતો |
| **અલોગં**-અલોકને | **સુહસાયગસ્સ**-સુખના આસ્વાદ કરનારને |
| **જિણો**-કેવળજ્ઞાની ભગવાન | **સમણસ્સ**-સાધુને |
| **જોગે**-જોગોને | **સાયાઉલગસ્સ**-સુખને માટે આકુળ વ્યાકુળ |
| **નિરુંભિત્તા**-રુંધીને | **નિગામસાઇસ્સ**-(સૂત્રમાં કહેલા વખતને ઓળંગીને) અત્યંત સુઇ રહેનાર |
| **સેલેસિં**-શૈલેશીપણાને | **ઉચ્છોલણાપહોઅસ્સ**-ઘણું પાણી વાપરી હાથ પગની શુદ્ધિ રાખનાર |
| **પડિવજ્જઇ**-અંગીકાર કરે | |
| **ખવિત્તાણં**-ખપાવીને | |
| **નીરઓ**-કર્મરૂપ રજ રહિત | **દુલ્લહા**-દુર્લભ |

| | | |
|---|---|---|
| **સુગઇ**-સુગતિ, મોક્ષગતિ | **સુગઇ**-સુગતિ | **સંજમો**-સંજમ |
| **તારિસગસ્સ**-તેવાને | **તારિસગસ્સ**-તેવાને | **બંભચેરેહિં**-બ્રહ્મચર્ય |
| **તવો**-તપ | **પચ્છા**-પાછલી વયે | **ઇચ્ચેયં**-એ પ્રકારે આ |
| **ગુણ**-ગુણ | **વિ**-પણ | **છજ્જીવણિયં**-છ જીવનીકાયની |
| **પહાણસ્સ**-પ્રધાન છે જેમને | **તે**-તેઓ | **સમ્મદિટ્ઠી**-સમ્યગ્દષ્ટિ |
| **ઉજ્જુમઇ**-સરળમતિવાળા | **પયાયા**-સન્માર્ગે ચાલતા | **જયે**-જયણા કરે |
| **ખંતિ**-ક્ષમા | **ખિપ્પં**-જલદીથી | **દુલ્લહં**-દુર્લભ |
| **સંજમ**-સંજમમાં | **ગચ્છંતિ**-જાય છે | **લહિત્તુ**-પામીને |
| **રયસ્સ**-રક્ત | **અમરભવણાઇં**-દેવલોકમાં | **સામન્નં**-શ્રમણપણું |
| **પરિસહે**-પરિસહોને | **જેસિં**-જેમને | **કમ્મુણા**-કર્મવડે, ક્રિયાવડે |
| **જિણંતસ્સ**-જીતનારને | **પિઓ**-પ્રીય | **વિરાહેજ્જાસિ**-વિરાધે |
| **સુલહા**-સુલભ | **તવો**-તપ | |

**ભાવાર્થ :** જ્યારે મિથ્યાદૃષ્ટિપણાએ અંગીકાર કરાએલ કર્મનો નાશ કરે, ત્યારે સર્વ વ્યાપિ કેવળજ્ઞાન અને કેવળ દર્શનને પામે. ૨૧ જ્યારે સર્વ વ્યાપિ જ્ઞાન દર્શનને પામે, ત્યારે કર્મબંધથી મુક્ત થએલ કેવળી, લોકાલોકને જાણે. ૨૨ જ્યારે કેવળી લોકાલોકને જાણે, ત્યારે મન વચનાદિ યોગને રોકીને શૈલેશીપણું અંગીકાર કરે. ૨૩ જ્યારે યોગને રુંધીને શૈલેશીપણું અંગીકાર કરે, ત્યારે કર્મ ખપાવી કર્મરજ રહિત થઈ મોક્ષે જાય. ૨૪ જ્યારે કર્મ ખપાવી કર્મરજ રહિત થઈ મોક્ષે જાય, ત્યારે ત્રણ લોકના મસ્તક ઉપર રહેલો શાશ્વત સિદ્ધ થાય. ૨૫

(આવા સાધુઓને ધર્મનું ફળ દુર્લભ છે.)

પ્રાપ્ત થએલ શબ્દ રસાદિ સુખનો આસ્વાદક, દ્રવ્ય પ્રવ્રજ્યાવાળો, આવતા કાળનાં સુખને માટે આકુળ વ્યાકુળ, સૂત્રમાં કહેલી વેળાને ઓળંઘી નિરંતર સુવાવાળો, પાણીથી અયતનાએ પગ પ્રમુખની શુદ્ધિ કરવાવાળો, આવા ભગવાનની આજ્ઞાના લોપ કરવાવાળાને, સુગતિ દુર્લભ છે. ૨૬

(સુગતિ સુલભ)

છટ્ઠ અટ્ઠમાદિ તપસ્યા કરનાર, મોક્ષ માર્ગમાં પ્રવૃત્ત થવાની બુદ્ધિવાળા, ક્ષમા પ્રધાન, સંયમમાં આસક્ત, પરિસહને જીતવાવાળા, આવા પુરુષને સારી ગતિ સુલભ (હોય) છે. ૨૭ જેમને તપ, સંયમ, ક્ષમા, અને બ્રહ્મચર્ય પ્રીય છે, તેઓ જો

કે પાછળથી (વૃદ્ધ અવસ્થામાં) દિક્ષા લે છે, તો પણ જલ્દી દેવલોકમાં જાય છે. ૨૮ નિરંતર યતનામાં તત્પર, સમ્યગ્દષ્ટિ, દુર્લભ શ્રમણપણાને પામીને મન, વચન, કાયાએ કરીને આ છ જીવનિકાયની જયણાની પ્રમાદથી વિરાધના ન કરે. ૨૯ એમ સુધર્માસ્વામી જંબુસ્વામી નામના પોતાના શિષ્યને કહે છે. ॥ ઇતિષડ જીવનિકાય નામનું ચોથું અધ્યયન સમાપ્ત થયું ॥

## ॥ અથ પિણ્ડૈષણાધ્યયનમ્ ॥ અધ્યયન ૫ ॥

**સંપત્તે ભિક્ખકાલંમિ, અસંભંતો અમુચ્છિઓ ।**
**ઇમેણ કમજોગેણ, ભત્તપાણં ગવેસએ ॥૧॥**

**સે ગામે વા નગરે વા, ગોઅરગ્ગગઓ મુણી ।**
**ચરે મંદમણુવ્વિગ્ગો, અવ્વક્ખિત્તેણ ચેઅસા ॥૨॥**

**પુરઓ જુગમાયાએ પેહમાણો મહિં ચરે ।**
**વજ્જંતો બીઅહરિઆઇં, પાણે અ દગમટ્ટિઅં ॥૩॥**

**ઓવાયં વિસમં ખાણું, વિજલં પરિવજ્જએ ।**
**સંકમેણ ન ગચ્છેજ્જા, વિજ્જમાણે પરક્કમે ॥૪॥**

**પવડંતે વ સે તત્થ, પક્ખલંતે વ સંજએ ।**
**હિંસેજ્જ પાણભૂઆઇં તસે અદુવ થાવરે ॥૫॥**

### ગાથા ૧ થી ૫ સુધીના છુટા શબ્દના અર્થ

| | |
|---|---|
| **સંપત્તે**-રુડી રીતે પામ્યે છતે | **ગવેસએ**-ગવેષણા કરે |
| **ભિખ્ખ**-ભિક્ષાના | **ગોયરગ્ગ**-ગોચરીએ |
| **કાલંમિ**-વખતે | **ગઓ**-ગએલો |
| **અસંભંતો**-અસંભ્રાંત (વ્યાકુળતા રહિત) | **મુણિ**-મુનિ |
| **અમુચ્છિઓ**-અમૂર્છિત (આસક્તિ વિનાનો) | **ચરે**-ચાલે |
| | **મંદં**-હળવે હળવે |
| **ઇમેણ**-આ | **અણુવિગ્ગો**-ઉદ્વેગ વિનાનો |
| **કમ્મજોગેણ**-કર્મના યોગ વડે કરીને | **અવ્વખિત્તેણ**-વ્યાક્ષેપ વિનાનો, આકુળતા રહિત |
| **ભત્તપાણં**-ભાતપાણીની | **ચેઅસા**-મન વડે |

| | | |
|---|---|---|
| **પુરઓ**-આગળ | **મટ્ટિઅં**-માટીને | **પરક્કમ્મે**-બીજે રસ્તે |
| **જુગ**-ધુસરા | **ઓવાયં**-ખાડાને | **પવડંતે**-પડતે છતે |
| **માયાએ**-પ્રમાણ | **વસમં**-વિષમ, ઉંચાનીચી | **સે**-તે |
| **પેહમાણો**-જોતો થકો | **ખાણું**-સ્થંભને | **તથ્થ**-ત્યાં |
| **મહિં**-પૃથ્વી ઉપર | **વિજલં**-પાણી.વિનાનો | **પખ્ખલંતે**-લથડતે છતે |
| **વજ્જંતો**-ત્યાગ કરતો | **પરિવજ્જએ**-પરિહરે | **સંજયે**-સંજમી, ચારિત્રવાળો |
| **બીઅ**-બીજ | **સંકમેણ**-પાણી ઉપર પથ્થર અથવા લાકડાની પાજવડે | **હિંસેજ્જ**-હિંસા કરે |
| **હરિઆઇં**-લીલોત્તરીને | | **પાણ**-બે ઇંદ્રિઆદિક પ્રાણ |
| **પાણે**-ત્રસજીવને | **ગચ્છેજ્જા**-જાય | **ભૂઆઇં**-એકિંદ્રિઆદિક ભૂત |
| **દગ**-પાણીને | **વિજ્જમાણે**-વિધમાન હોય તો | **થાવર**-સ્થાવર જીવોને |

## અથ પિણ્ડેષણાધ્યયનમ્ ।।૫।।

(ગયા અધ્યયનમાં સાધુનો આચાર બતાવ્યો. તે આચાર શરીરનું સ્વસ્થપણું હોય તો બની શકે. શરીરનું સ્વસ્થપણું આહાર વિના ન હોય માટે શુદ્ધ આહાર ગ્રહણ કરવો. તેજ બતાવે છે.)

**ભાવાર્થ :** ભિક્ષા કાળ પ્રાપ્ત થએ છતે, આગળ બતાવવામાં આવશે તેવા, અનુક્રમે અનાકુળપણે અને મૂર્છા (આસક્તિ) રહિતપણે, મુનિ ભાતપાણીની ગવેષણા કરે. ૧ ગ્રામ અગર નગરને વિષે ગોચરી જાતાં સાધુએ હળવે હળવે ઉદ્વેગ રહિત અને આકુળવ્યાકુળ ચિત્તે કરી રહિત ઉપયોગ પૂર્વક ચાલવું ૨ બીજ, હરિત, (લીલોતરી), પાણી, માટી અને બેઇંદ્રિય પ્રમુખને નહિ દબાવતાં, સન્મુખ ધુંસરા પ્રમાણ દૃષ્ટિએ જોતાં સાધુએ પૃથ્વી ઉપર ચાલવું. ૩ માર્ગમાં ચાલતાં, જો ખાડ, થાણું (ઊભો થાંભો-ખીલો), પાણી વિનાનો કીચડ (કાદવ) અને નદી વિગેરે ઉતરવા માટે પથ્થર અગર લાકડાં માંડ્યા હોય, તો જ્યાં સુધી સારો મારગ મળે, ત્યાં સુધી તેવે માર્ગે ઉતરવું નહિ ૪ કારણ કે તેવા માર્ગે ઉતરતાં કદાચ સાધુ પડી જાય, અગર ખલના પામે તો તેથી ત્રસ અને થાવર એવા પ્રાણ ભૂતની હિંસા થાય, અગર પોતાના પણ હાથ પગ ભાંગે. ૫

**તમ્હા તેણ ન ગચ્છિજ્જા, સંજએ સુસમાહિએ ।**
**સઇ અન્નેણ મગ્ગેણ, જયમેવ પરક્કમે ।।૬।।**

ઇંગાલં છારિઅં રાસિં, તુસરાસિં ચ ગોમયં ।
સસરક્ખે હિં પાએહિં, સંજઓ તં નઇક્કમે ॥૭॥

ન ચરેજ્જા વાસે વાસંતે, મહિઆએ વ પડંતિએ ।
મહાવાએ વ વાયંતે, તિરિચ્છસંપાઇમેસુ વા ॥૮॥

ન ચરેજ્જા વેસસામંતે, બંભચેરવસાણુએ ।
બંભયારિસ્સ દંતસ્સ, હુજ્જા તત્થવિસુત્તિઆ ॥૯॥

અણાયણે ચરંતસ્સ, સંસગ્ગીએ અભિક્ખણં ।
હુજ્જ વયાણંપીલા, સામણ્ણંમિ અ સંસઓ ॥૧૦॥

## અધ્યયન ૫ની ગાથા ૫ થી ૧૦ સુધીના છુટા શબ્દના અર્થ

| | | |
|---|---|---|
| તમ્હા-તે માટે | ચરેજ્જ-જાય | દંતસ્સ-ઇંદ્રિયો દમેલાને |
| સંજએ-ચારિત્રિઓ | વાસે-વરસાદ | હુજ્જા-હોય |
| સુસમાહિએ-ભગવાનની આજ્ઞાએ ચાલનાર | વાસંતે-વરસતે છતે | તત્થ-ત્યાં |
| અન્નેણ-બીજે | મહિઆએ-ધુમસ, ધુંવર | વિસુત્તિઆ-(સંજમરૂપ ધાન્યને સુકવનાર) મનોવિકાર |
| મગ્ગેણ-માર્ગે | વ-અને | આણાયણે-ગોચરી નહિં જવાલાયક ઘરમાં |
| જયમેવ-જયણાએજ | પડંતિએ-પડતે છતે | ચરંતસ્સ-જતાને |
| પરક્કમે-ચાલે | મહાવાએ-મોટો વાયરો | સંસગ્ગીએ-સંસર્ગથી |
| ઇંગાલં-અંગારાના | વાયંતે-વાતે છતે | અભિક્ખણં-વારંવાર |
| છારિઅં-રાખના | તિરિચ્છ-તિર્છી ગતિએ | હુજ્જ-હોય |
| રાસિં-ઢગલાને | સંપાઇમેસુ-સંપાતિમ જીવો ઉડતે છતે | વયાણં-વ્રતોને |
| તુસ-ફોતરાંના | વેસ-વેશ્યાનાં | પીલા-પીડા |
| ગોમયં-છાણના | સામંતે-ઘરની આસપાસ | સામણ્ણંમિ-સંજમમાં |
| સસરક્ખેહિં-રજેકરી સહિત | બંભચેરે-બ્રહ્મચર્ય | અ-વળી |
| પાએહિં-પગવડે | અવસાણુએ-(નાશ કરનાર દૃષ્ટિથી) વશ કરનાર | સંસઓ-સંશય |
| સંજઓ-સાધુ | બંભયારિસ્સ-બ્રહ્મચર્યવાળા સાધુને | |
| તં-તેને | | |
| નઇક્કમે-ન ઓળંગે | | |

**ભાવાર્થ :** આ કારણથી ભગવાનની આજ્ઞાને પાળવાવાળા સાધુઓએ, જ્યાં સુધી બીજો સારો માર્ગ હોય, ત્યાં સુધી આવે રસ્તે ચાલવું નહિ. જો બીજો રસ્તો ન મળે, તો ઘણી યતના પૂર્વક તે રસ્તે ચાલવું. ૬ રસ્તામાં ચાલતાં અંગારાનો ઢગલો, રાખનો ઢગલો, ફોતરાંનો ઢગલો, અને છાણનો ઢગલો જો આવે, તો સચિત્ત રજથી ખરડાએલા પગે કરી સાધુએ તેના ઉપર ચાલવું નહિ ૭ વરસાદ વરસતો હોય, ધુંવર પડતી હોય, મોટો વાયરો વાતો હોય, ધૂળ ઉડતી હોય, તથા સંપાતિમ પતંગીયાદિ ઘણાં ઉડતાં હોય તો, સાધુએ ગોચરી જવું નહિ. કદાચ ગયા બાદ તેમ થયું હોય તો કોઈ ઢાંકેલી સારી જગ્યા હોય ત્યાં ઊભા રહેવું. ૮ જ્યાં બ્રહ્મચર્યનો નાશ થવાનો સંભવ છે, એવા વેશ્યાનાં ઘર નજદીક સાધુએ જવું નહિ. ત્યાં જવાથી ઇંદ્રિયોને દમવાવાળા બ્રહ્મચારી પુરુષને (વેશ્યાના રૂપનું દેખવું, સ્મરણ કરવું, એ આદિ અશુભ ધ્યાનોથી) બ્રહ્મચર્યમાં વિકાર પેદાં થાય છે. ૯ વારંવાર વેશ્યા પ્રમુખના મહોલ્લાઓમાં જાતાં તેનો સંસર્ગ થવાથી વ્રતને પીડા થાય છે. અને તેના ચારિત્રમાં સંશય થાય છે. ૧૦

**તમ્હા એઅં વિઆણિત્તા, દોસં દુગ્ગઇવડ્ઢણં ।**
**વજ્જએ વેસસામંતં, મુણી એગંતમસ્સિએ ॥૧૧॥**

**સાણં સૂયં ગાવિં, દિત્તં ગોણં હયં ગયં ।**
**સંડિબ્ભં કલહં જુદ્ધં, દુરઓ પરિવજ્જએ ॥૧૨॥**

**અણુન્નએ નાવણએ, અપ્પહિટ્ઠે અણાઉલે ।**
**ઇંદિઆણિ જહાભાગં, દમઇત્તા મુણી ચરે ॥૧૩॥**

**દવદવસ્સ ન ગચ્છેજ્જા, ભાસમાણો અ ગોઅરે ।**
**હસંતો નાભિગચ્છિજ્જા, કુલં ઉચ્ચાવયં સયા ॥૧૪॥**

**આલોઅં થિગ્ગલં દારં, સંધિં દગભવણાણિ અ ।**
**ચરંતો ન વિનિજ્ઝાએ, સંકઠાણં વિવજ્જએ ॥૧૫॥**

**અધ્યયન. ૫ની ગાથા ૧૦ થી ૧૫ સુધીના છુટા શબ્દના અર્થ**

| | | | |
|---|---|---|---|
| **તમ્હા**-તે માટે | **દોસં**-દોષને | **વજ્જએ**-વર્જે | **સાણં**-કુતરાને |
| **એઅં**-એ પ્રકારે | **દુગ્ગઇ**-દુર્ગતિ | **એગંતં**-મોક્ષમાર્ગનો | **સૂયં**-વિઆયેલી |
| **વિઆણિત્તા**-જાણીને | **વડ્ઢણં**-વધારનાર | **અસ્સિએ**-આશ્રય કર્યો છે જેણે | **ગાવિં**-ગાયને |

**દિત્તં**-મદોન્મત્ત

**ગોણં**-બળદને

**હયં**-ઘોડાને

**ગયં**-હાથીને

**સંડિબ્ભં**-બાળક રમતાં હોય તે ઠેકાણાને

**કલહં**-કલહવાળી જગાને

**જુદ્ધં**-યુદ્ધને, લડાઈને

**દુરઓ**-દૂરથી

**પરિવજ્જએ**-ત્યાગ કરે

**અણુન્નએ**-ઉંચુ નહિ જોતો

**નાવણએ**-નીચું નહિ જોતો

**અપ્પહિટ્ઠે**-હરખ નહિ પામતો

**અણાઉલે**-અનાકુળ

**ઇંદિઆઇં**-ઇંદ્રિઓને

**જહાભાગં**-જે ઇંદ્રિયોનો જે વિષય હોય તેને

**દમઇત્તા**-દમીને

**દવદવસ્સ**-ઉતાવળો ઉતાવળો

**ભાસમાણો**-બોલતો

**ગોયરે**-ગોચરીને વિષે

**હસંતો**-હસતો

**કુલં**-કુલ, વંશ

**ઉચ્ચ**-ઉંચું

**અવયં**-નીચું

**આલોઅં**-ગોખને

**થિગ્ગલં**-(ભીંતમાં)પુરી નાંખેલું અથવા ચણી લીધેલું

**દારં**-બારણાને

**સંધિં**-સાંધને, ખાતરને

**દગભવણાણિ**-પાણીઆરાઓને

**વિનિજ્ઝાએ**-નિહાળે

**સંકઠાણં**-શંકાનાં સ્થાનકને

**વિવજ્જએ**-વિશેષ પ્રકારે વર્જે

**ભાવાર્થ :** તે માટે મોક્ષમાર્ગનો આશ્રય કરવાવાળા મુનિએ દુર્ગતિમાં વધારો કરનાર આ દોષ જાણીને, વેશ્યાના મહોલ્લાઓ-શેરીઓનો ત્યાગ કરવો. ૧૧ રસ્તે ચાલતાં સાધુઓએ શ્વાન, (નવી પ્રસવવાળી) વિઆયેલી ગાય, મદોન્મત્ત બળદ, ઘોડા, હાથી, બાળકને રમવાનું સ્થાન, કલેશનાં સ્થાન અને યુદ્ધ થતાં હોય તેવા સ્થાનોનો દૂર થકી ત્યાગ કરવો. ૧૨ રસ્તે ચાલતાં સાધુઓએ ઘણું ઉંચુ જોવું નહિ, તેમ તદન નીચું પણ જોવું નહિ. લાભાદિ મળે છતે હર્ષ કરવો નહિ. ક્રોધાદિથી આકુળ થવું નહિ. પણ જેમ બને તેમ પોતપોતાના વિષયમાં ઇંદ્રિયોને દમીને ચાલવું. ૧૩ ઉંચા અને નીચા કુળમાં ગોચરી જતાં સાધુએ ઉતાવળું ઉતાવળું ચાલવું નહિ, તેમ વાતો કરતા જવું નહિ, તથા હસતા હસતા પણ જવું નહિ. ૧૪ ગોચરી ગએલા સાધુઓએ, ગોખ, ભીંતમાં પુરી નાંખેલા બારણાંઓ, ઘરની સાંધો, તથા પાણીયારા પ્રમુખને નિહાળીને જોવાં નહિ. કારણ કે આ સર્વે શંકાનાં સ્થાનો છે. ચોરી પ્રમુખ થવાથી આ જોનાર ઉપર શક જાય છે, માટે જોવાં નહિ. ૧૫

રન્નો ગિહવઈણં ચ, રહસ્સા રક્ખિઆણ ય ।
સંકિલેસકરં ઠાણં, દૂરઓ પરિવજ્જએ ॥૧૬॥

પડિકુઠં કુલં ન પવિસે, મામગં પરિવજ્જએ ।
અચિઅત્તં કુલં ન પવિસે, ચિઅત્તં પવિસે કુલં ॥૧૭॥

સાણીપાવારપિહિઅં, અપ્પણા નાવપંગુરે ।
કવાડં નો પણોલ્લેજ્જા, ઓગ્ગહંસિ અજાઇઆ ॥૧૮॥

ગોઅરગ્ગપવિઠો અ, વચ્ચમુત્તં ન ધારએ ।
ઓગાસં ફાસુઅં નચ્ચા, અણુન્નવિઅ વોસિરે ॥૧૯॥

નીઅદુવારં તમસં, કોટ્ઠગં પરિવજ્જએ ।
અચક્ખુવિસઓ જત્થ, પાણા દુપ્પડિલેહગા ॥૨૦॥

**અધ્યયન ૫ની ગાથા ૧૬ થી ૨૦ સુધીના છુટા શબ્દના અર્થ**

| | | |
|---|---|---|
| **રન્નો**-રાજાની | **પિહિય**-ઢાંકેલું | **ફાસુઅં**-નિર્જીવ |
| **ગિહવઇણં**-ગૃહપતિની, ઘરના-ધણીની | **અપ્પણો**-પોતે | **નચ્ચા**-જાણીને |
| **રહસ્સ**-છાની વાત | **નાવપંગુરે**-ઉઘાડે નહિ | **અણુન્નવિઅ**-રજા લઈને |
| **આરક્ખિઆણ**-કોટવાળની | **કવાડં**-કમાડ | **વોસિરે**-વોસિરાવે (કરે) |
| **સંકિલેસકરં**-ઘણો કલેશ થાય તેવાં | **નોપણુલિજ્જા**-હડસેલે નહિ | **ણીઅ**-નીચા |
| **થાણં**-સ્થાનક પ્રત્યે | | **દુવારં**-બારણાને |
| **પડિકુઠં**-નિષેધ કરેલાં | **ઉગ્ગહંસિ**-અવગ્રહને | **તમસં**-અંધારાને |
| **કુલં**-કુલ | **અજાઇયા**-માંગ્યા વિના | **કુઠ્ઠગં**-ભોંયરાદિકને |
| **પવિસે**-પેસે | **ગોઅરગ્ગ**-ગોચરીને વિષે | **પરિવજ્જએ**-વર્જે |
| **મામગં**-મારું કહેનારને | **પવિઠ્ઠો**-પેઠેલો, ગએલો | **અચક્ખુ વિસઓ**-આંખે ન જોવાય તેવાં |
| **અચિઅત્તં**-અપ્રીતિકર | **વચ્ચ**-વડી નીતિ (ઝાડે જવું) | |
| **ચિઅત્તં**-પ્રીતિકર | **મુત્તં**-લઘુનીતિ (પેસાબ) | **જત્થ**-જ્યાં |
| **સાણી**-ટાટપટ્ટીનો પડદો | **ધારએ**-ધારણ કરે | **પાણા**-ત્રસજીવો |
| **પાવાર**-કાંબળ | **ઓગાસં**-અવકાશ (જગ્યા) | **દુપ્પડિલેહગા**-જોવા મુશ્કેલ પડે |

**ભાવાર્થ :** ગોચરી જતાં સાધુઓએ, રાજા, ગૃહપતિ અને કોટવાળ પ્રમુખનાં રહસ્ય સ્થળોએ જવું નહિ. તથા કલેશ પેદા કરવાવાળા સ્થળોનો પણ દૂરથી

ત્યાગ કરવો. ૧૬ સૂતકવાળાં ઘરો, મલિન લોકોનાં ઘરો ઘરધણીએ નિષેધ કરેલાં ઘરો, અને સાધુ ઉપર અપ્રીતિ કરવાવાળાં ઘરોમાં સાધુએ ગોચરી આદિ કાર્યે પેસવું નહિ. પણ તેનાથી વિપરીત ઘરોમાં, ગોચરી આદિ માટે પ્રવેશ કરવો. ૧૭ ઘરધણીનો અવગ્રહ યાચ્યા વિના, ટાટ પટી પ્રમુખથી બંધ કરેલ, કામળ પ્રમુખથી ઢાંકેલ, અને બારણા પ્રમુખથી બંધ કરેલ ઘરોને ઉઘાડવાં નહિ, તેમ તેને હડસેલવાં પણ નહિ. ૧૮ ગોચરી ગએલા સાધુઓએ, વડી નીતિ તથા લઘુનીતિને (ઝાડો તથા પેસાબને) રોકી રાખવા નહિ. પણ ફાસુ, નિર્દોષ જગ્યા જાણીને તે ગૃહસ્થની રજા લેઈ ત્યાં જ વોસિરાવવું (ઉતાવળ હોય તો કરી લેવાં); (પ્રથમ ગોચરી જાતાં પહેલાં, ઠલ્લે, માત્રે, જઈ આવ્યા બાદ ગોચરી જવું. તેમ છતાં શરીરના રોગાદિ કારણે ગોચરી ગયા ત્યાં સ્થંડિલ માત્રાની બાધા થાય તો તેને માટે આ વિધિ છે.) ૧૯ જ્યાં ઘણું નીચું નમવું પડે ત્યાં, તથા અંધારાવાળા કોઠાર, ભોંયરા, ઓરડા આદિમાં ગોચરી જવું નહિ. કારણ કે ત્યાં ચક્ષુનો વિષય ન હોવાથી, ઇર્યાસમિતિ શોધી શકાતી નથી. ૨૦

**જત્થ પુપ્ફઇં બીઆઇં, વિપ્પઇણ્ણાઇં કોટ્ઠએ ।**
**અહુણોવલિત્તં ઉલ્લં, દટ્ઠૂણં પરિવજ્જએ ॥૨૧॥**

**એલગં દારગં સાણં, વચ્છગં વા વિ કુટ્ઠએ ।**
**ઉલંઘિઆ ન પવિસે, વિઉહિત્તાણ વ સંજએ ॥૨૨॥**

**અસંસત્તં પલોઇજ્જા, નાઇદૂરાવલોઅએ ।**
**ઉપ્ફુલ્લં ન વિણિજ્ઝાએ, નિઅટ્ટિજ્જ અયંપિરો ॥૨૩॥**

**અઇભૂમિં ન ગચ્છેજ્જા, ગોઅરગઓ મુણી ।**
**કુલસ્સ ભૂમિં જાણિત્તા, મિઅં ભૂમિં પરક્કમે ॥૨૪॥**

**તત્થેવ પડિલેહિજ્જા, ભૂમિભાગં વિઅક્ખણો ।**
**સિણાણસ્સ ય વચ્ચસ્સ, સંલોગં પરિવજ્જએ ॥૨૫॥**

**અધ્યયન ૫ની ગાથા ૨૧ થી ૨૫ સુધીના છુટા શબ્દના અર્થ**

| | | | |
|---|---|---|---|
| જત્થ-જ્યાં | વિપ્પઇણ્ણાઇં-વિખરાયેલાં | ઉવલિત્તં-લીંપેલા | એલગં-બકરાને |
| પુપ્ફાઇં-ફૂલો | કુટ્ઠએ-કોઠારમાં, ઘરનાં બારણામાં | ઉલ્લં-લીલું | દારગં-બાળકને |
| બીઆઇં-બીજ | અહુણા-હમણાં | દટ્ઠૂણં-દેખીને | સાણં-કુતરાને |

| | |
|---|---|
| **વચ્છગં**-વાછરડાને | **ન ગચ્છેજ્જા**-જાય નહિ |
| **કુટ્ઠએ**-ઘરનાં બારણામાં | **ગોયરગ્ગગઓ**-ગોચરીએ ગએલો |
| **ઉલ્લંઘિયા**-ઓળંઘીને | **કુલસ્સ**-તે કુળની (મર્યાદાને) |
| **પવિસે**-પેસે | **જાણીત્તા**-જાણીને |
| **વિઉહિત્તાણં**-કાઢી મુકીને (ઉઠાડીને, દૂર કરીને) | **મિઅં**-મિત, મર્યાદા કરેલી |
| **સંજએ**-સંજમી | **પરક્કમે**-જાય |
| **અસંસત્તં**-પ્રેમ ન રાખતાં | **તથ્થેવ**-ત્યાંજ |
| **પલોઇજ્જા**-અવલોકન કરે | **પડિલેહિજ્જા**-પડિલેહે, ઊભો રહે |
| **નાઇદૂરાવલોઅએ**-(ઘરમાં) અતિ દૂર જોવું નહિ | **ભૂમિભાગં**-ભૂમિકાના ભાગ પ્રત્યે |
| **ઉપ્ફુલં**-વિકસીત નેત્રે | **વિઅખ્ખણો**-વિચક્ષણ |
| **ન વિનિઇઝાએ**-જોવે નહિ | **સિણાણસ્સ**-નહાવાના સ્થાનકનું |
| **નિઅટ્ટિજ્જ**-પાછો વળે | **વચ્ચસ્સ**-વડી નીતિ કરવાના સ્થાનકનું |
| **અયંપિરો**-બોલ્યા સિવાય | **સંલોગં**-જોવું |
| **અઇભૂમિં**-ભૂમિની મર્યાદા મુકીને | **પરિવજ્જએ**-પરિહરે |

**ભાવાર્થ :** જે ઘરના બારણામાં પુષ્પ અને બીજાદિ છુંટાં વિખરાએલાં પડ્યાં હોય, તથા તાજું લીંપેલું સ્થાન હોય તો તે દેખીને તે ઘેર જવું નહિ. ૨૧ ઘરના દ્વારમાં ઘેટો, કુતરો, અગર વાછરડો બેઠો હોય, તો તેને ઓળંઘીને, કાઢી મૂકીને, અગર ઉઠાડીને તે ઘરમાં જવું નહિ. ૨૨ ગોચરી ગએલ સાધુઓએ, સ્ત્રી જાતિ ઉપર આસક્તી ન રાખતાં સામાન્યથી પોતાના કામ પુરતું અવલોકન કરવું. તેના ઘરમાં દૂર નજર નાંખીને જોવું નહિ. તેના ઘરના પરિવારને પણ વિકસ્વર નેત્રથી જોવો નહિ. આહારાદિ ન મળે તો પણ દીન વચન બોલ્યા વિના પાછું નીકળી જવું. ૨૩ ગોચરી ગએલ સાધુઓએ ઉત્તમ કુળની નિયમિત ભૂમિની મર્યાદાને જાણીને, ગૃહસ્થની રજા વિના ઘરમાં ઝાઝું આઘું જવું નહિ. પણ જ્યાં બીજા ભિક્ષાચરોને જવાની રજા હોય તેટલી મિત ભૂમિમાં જઈ ઊભા રહેવું. ૨૪ ગૃહસ્થની મર્યાદાવાળા ભૂમિભાગને પડિલેહીને ઊભા રહેતાં, વિચક્ષણ સાધુએ, ગૃહસ્થનાં સ્નાન કરવાનાં, તેમજ વડીનીતિ કરવાનાં સ્થાનક જોવામાં આવે તો તે સ્થળનો તરત ત્યાગ કરવો. ૨૫

દગમટ્ટિઅ આયાણે, બીઆણિ હરિઆણિ અ ।
પરિવજ્જંતો ચિઠિજ્જા, સવ્વિંદિઅ સમાહિએ ॥૨૬॥

તત્થ સે ચિટ્ઠમાણસ્સ, આહારે પાણભોઅણં ।
અકપ્પિઅં ન ગેણ્હિજ્જા, પડિગાહિજ્જ કપ્પિઅં ॥૨૭॥

આહારંતી સિઆ તત્થ, પરિસાડિજ્જ ભોઅણં ।
દિંતિઅં પડિઆઇક્ખે, ન મે કપ્પઇ તારિસં ॥૨૮॥

સંમદ્દમાણી પાણાણિ, બીઆણિ હરિઆણિ અ ।
અસંજમકરિં નચ્ચા, તારિસિં પરિવજ્જએ ॥૨૯॥

સાહટ્ટુ નિક્ખવિત્તાણં, સચિત્તં ઘટ્ટિઆણિ અ ।
તહેવ સમણટ્ઠાએ, ઉદગંસપણુલ્લિઆ ॥૩૦॥

**ગાથા ૨૬ થી ૩૦ સુધીના છુટા શબ્દના અર્થ**

| | | |
|---|---|---|
| **દગ**-પાણી | **ચિટ્ઠમાણસ્સ**-ઊભા રહેલાને | **પડિઆઇક્ખે**-કહે |
| **મટ્ટી**-માટી | **પાણ**-પાણી | **તારિસં**-તેવું |
| **અ**-અને | **ભોયણં**-ભોજન | **સંમદ્દમાણી**-પગે ચાંપતી |
| **આયાણે**-લાવવાનો માર્ગ | **અકપ્પિઅં**-નહિ કલ્પે તેવું | **પાણાણિ**-જીવોને |
| **બીઆણિ**-બીજ | **ન ગેણ્હિજ્જા**-ગ્રહણ ન કરે | **અસંજમકરિં**-સાધુને નિમિત્તે જીવ હિંસા કરનારી |
| **હરિઆણિ**-લીલી વનસ્પતિ | **પડિગાહિજ્જ**-ગ્રહણ કરે | **નચ્ચા**-જાણીને |
| **પરિવજ્જંતો**-પરિહરતો | **કપ્પિઅં**-કલ્પતું હોય તેવું | **તારિસ્સં**-તેવી સ્ત્રીને |
| **ચિઠ્ઠીજ્જા**-ઊભો રહે | **આહારંતી**-ભિક્ષા લાવનારી | **સાહટ્ટુ**-એકઠું કરીને |
| **સવ્વિંદિઅ**-સર્વ ઇંદ્રિઓને | **સિઆ**-કદાચિત્ | **નિક્ખવિત્તાણં**-મુકીને |
| **સમાહિએ**-વશમાં રાખીને | **પરિસડિજ્જ**-(ભોંય ઉપર) ઢોળે, વેરે | **ઘટ્ટિઆણિ**-સંઘટ્ટીને |
| **તથ્થ**-ત્યાં | | **સમણટ્ઠાએ**-સાધુને અર્થે |
| **સે**-તેને | **દિંતિઅં**-આપનારીને | **સંપણુલ્લિઅ**-એકઠું હલાવીને |

**ભાવાર્થ :** તેમજ વળી પાણી અને માટીને લાવવાના માર્ગનો ત્યાગ કરી, બીજ અને વનસ્પતિનો ત્યાગ કરી, સર્વ ઇંદ્રિયોમાં સમાધિવાન્ થઈને ઊભા રહેવું. ૨૬ તે તે કુલને ઉચિત્ત ભૂમિમાં ઊભા રહેલા સાધુએ, ગૃહસ્થે લાવેલા આહારપાણીમાંથી અકલ્પનિક (સદોષ) ગ્રહણ કરવું નહિ. પણ જે નિર્દોષ કલ્પનિક

હોય તે ગ્રહણ કરવું. ૨૭ ઘરમાંથી આહાર, પાણી, લાવતી સ્ત્રી જો તેમાંથી આડું અવળું ઢોળતી લાવે તો તે દેવાવાળી સ્ત્રીને સાધુએ કહેવું કે આ રીતે આહાર લેવો અમોને કલ્પે નહિ. ૨૮ ભિક્ષા લાવનારી, પ્રાણી, બીજ, અને હરિત આદિને પગે ચાંપતી જો લાવે તો, સાધુને અર્થે અસંયમ કરવાવાળો જાણીને તે આહારનો ત્યાગ કરવો. અર્થાત્ તેને કહી દેવું કે સાધુને તેવી ભિક્ષા ન કલ્પે. ૨૯ બીજા વાસણમાં કાઢીને આપે, નહિ દેવા લાયક ભાજનમાં રહેલ ચીજ સચિત્ત વસ્તુમાં મુકીને આપે, સચિત્ત વસ્તુનો સંઘટ્ટ કરીને આપે, તેમજ સાધુને માટે પાણીને આઘું પાછું પ્રેરીને આપે. ૩૦

**ઓગાહઇત્તા ચલઇત્તા, આહારે પાણભોઅણં ।**
**દિંતિઅં પડિઆઇક્ખે, ન મે કપ્પઇ તારિસં ॥૩૧॥**

**પુરેકમ્મેણ હત્થેણ, દવ્વીએ ભાયણેણ વા ।**
**[illegible]તિઅં પડિઆઇક્ખે, ન મે કપ્પઇ તારિસં ॥૩૨॥**

**(એવં) ઉદઉલ્લે સસિણિદ્ધે, સસરક્ખે મટ્ટિઆઉસે ।**
**હરિઆલે હિંગુલએ, મણોસિલા અંજણે લોણે ॥૩૩॥**

**ગેરુઅ વણ્ણિઅ સેઢિઅ, સોરટ્ઠિઅ પિટ્ઠ કુક્કુસકએઅ ।**
**ઉક્કિટ્ઠમસંસટ્ઠે, સંસટ્ઠે ચેવ બોદ્ધવ્વે ॥૩૪॥**

**અસંસટ્ઠેણ હત્થેણ, દવ્વીએ ભાયણેણ વા ।**
**દિજ્જમાણં ન ઇચ્છિજ્જા, પચ્છાકમ્મં જહિં ભવે ॥૩૫॥**

**અધ્યયન ૫ની ગાથા ૩૧ થી ૩૫ સુધીના છુટા શબ્દના અર્થ**

| | |
|---|---|
| **ઓગાહઇત્તા**-(જળાદિમાં) પેશીને | **હિંગુલએ**-હિંગળોકે કરી |
| **ચલઇત્તા**-આઘું પાછું કાઢીને | **મણોસિલા**-મણસીલે કરી |
| **પુરેકમ્મેણ**-સાધુને માટે પહેલાં ધોઈને | **અંજણે**-અંજને કરી |
| **દવ્વીએ**-કડછીએ કરી | **લોણે**-મીઠા વડે કરી |
| **ભાયણેણ**-ભાજને કરીને | **ગેરુઅ**-સોનાગેરુ |
| **સસરક્ખે**-સચિત્તં ધૂળે કરી | **વન્નિઅ**-પીળી માટી, રમચી |
| **મટ્ટીઆઓસે**-માટી તથા ખારે કરી | **સેઢિઅ**-ખડી |
| **હરિઆળે**-હરતાળે કરી | **સોરઠ્ઠીઅ**-ફટકડી |

| | | |
|---|---|---|
| **પિટ્ઠ**-ચોખા વગેરેનો આટો | **સંસટ્ઠે**-ખરડેલા | **ઇચ્છિજ્જા**-ઇચ્છે |
| **કુકુસકએ**-તરતના ખાંડેલા કુશકાએ | **બોધવ્વે**-જાણવું | **પચ્છાકમ્મં**-પશ્ચાત્ કર્મ |
| | **અસંસટ્ઠેણ**-અણખરડયા | **જહિં**-જ્યાં |
| **ઉક્કિટ્ઠ**-મોટાં ફળ | **દિજ્જમાણં**-આપેલું | **ભવે**-હોય |

**ભાવાર્થ :** વર્ષાકાળમાં ઘરનાં આંગણામાં ભરાએલ સચિત્ત પાણીને અવગાહીને અથવા પાણીને બહાર ચલાવીને ગૃહસ્થ પાણી તથા ભોજન આપે તો સાધુએ તે આપનારને કહેવું જોઈએ કે આવી રીતે અમારે કલ્પે નહિ. ૩૧ સાધુને આપવા માટે હાથ, કડછી, તથા વાસણ વગેરે ધોવારૂપ પુરસ્કર્મ (આહારાદિ આપવા પહેલાં જે દોષ ગૃહસ્થ તરફથી લાગે છે તે) કરીને દેવાવાળી પ્રત્યે સાધુએ નિષેધ કરવો કે અમારે તેવું લેવું કલ્પે નહિ. ૩૨ એવી જ રીતે પાણીનાં બિંદુ ઝરતા હાથે કરી, તથા થોડા લીલા હાથે કરી, સચિત્ત પૃથ્વીથી ખરડેલા હાથે કરી, કાદવવાળા હાથે કરી, ૩૩ ક્ષારવાળા હાથે કરી, તથા હડતાળ, હિંગળોક મણસિલ, અંજન, લવણ, ગેરુ, પીળી માટી, ખડી, ફટકડી, પીઠું તે ચોખાનો આટો, કુકશા, કાલિંગડા અને તુંબડાદિક મોટાં ફળનાં શાકાદિકે કરી ખરડાયેલા હાથે ૩૪ અગર નહિ ખરડાયેલા હાથે અથવા નહિ ખરડેલી કડછી આદિ વાસણે કરીને જો ગૃહસ્થ આપે તો તે લેવું નહિ, કારણ કે તેમ લેવાથી પશ્ચાત્ કર્મ (પાછળથી ધોવું પડે તે) આદિ દોષ લાગે છે. ૩૩-૩૪-૩૫.

**સંસટ્ઠેણ ય હત્થેણ, દવ્વીએ ભાયણેણ વા ।**
**દિજ્જમાણં પડિચ્છિજ્જા, જં તત્થેસણિઅં ભવે ॥૩૬॥**

**દુણ્હં તુ ભુંજમાણાણં, એગો તત્થ નિમંતએ ।**
**દિજ્જમાણં ન ઇચ્છિજ્જા, છંદં સે પડિલેહએ ॥૩૭॥**

**દુણ્હં તુ ભુંજમાણાણં, દો વિ તત્થ નિમંતએ ।**
**દિજ્જમાણં પડિચ્છિજ્જા, જં તત્થેસણિઅં ભવે ॥૩૮॥**

**ગુવ્વિણીએ ઉવણ્ણત્થં. વિવિહં પાણભોઅણં ।**
**ભુંજમાણં વિવજ્જિજ્જા, ભુત્તસેસં પડિચ્છએ ॥૩૯॥**

**સિઆ અ સમણટ્ઠાએ, ગુવ્વિણી કાલમાસિણી ।**
**ઉટ્ઠિઆ વા નિસીઇજ્જા, નિસન્ના વા પુણુટ્ઠએ ॥૪૦॥**

## અધ્યયન ૫ની ગાથા ૩૬ થી ૪૦ સુધીના છુટા શબ્દના અર્થ

| | |
|---|---|
| સંસટ્ઠેણ-ખરડાએલ | વિવિહં-અનેક પ્રકારનું |
| પડિછિજ્જા-ગ્રહણ કરે | વિવજ્જિજ્જા-વિશેષેવર્જે-ન ગ્રહણ કરે |
| તત્થ-ત્યાં (ગૃહસ્થને ઘેર) | ભુત્તસેસં-ખાતાં બાકી રહેલું |
| એસણિયં-નિર્દોષ | પડિચ્છએ-ગ્રહણ કરે |
| દુણ્હં-બન્ને | સિઆ-કદાચિત્ |
| ભુંજમાણાણં-ભોજન કરતાં છતાં | સમણટ્ઠાએ-સાધુને માટે |
| નિમંતએ-આમંત્રણ કરે | કાલમાસિણી-પૂર્ણમાસવાળી |
| છંદં-અભિપ્રાયને | ઉટ્ઠિયા-ઉઠેલી |
| પડિલેહએ-તપાસે અથવા વિચારે | નિસિઇજ્જા-બેસે |
| ગુવ્વિણીએ-ગર્ભવાળી સ્ત્રી માટે | નિસન્ના-બેઠેલી |
| ઉવણ્ણત્થં-તૈયાર કરેલું-કલ્પેલું | પુણુટ્ઠએ-ફરી ઊઠે |

**ભાવાર્થ :** જો તે આહાર પાણી નિર્દોષ હોય તો, અનાજથી લેપાયેલા હાથ, કડછી, કે, અન્ય વાસણથી આપે તો તે ગ્રહણ કરવો. ૩૬ એક વસ્તુના બે માલીક હોય, તેમાંથી એક માણસ નિમંત્રણા કરે કે આ આહાર ગ્રહણ કરો ત્યારે બીજા માલીકના નેત્રવિકારાદિથી અભિપ્રાયને જાણીને તેની મરજી નહિ આપવાની માલૂમ પડે તો તે એક ધણીનો આપેલો આહાર ગ્રહણ કરવો નહિ. ૩૭ એક વસ્તુના માલીક બે માણસ હોય અને જો તે બન્ને માણસ તે દેવાને નિમંત્રણા કરે અને જો તે વસ્તુ નિર્દોષ હોય તો ગ્રહણ કરવી. ૩૮ ગર્ભવાળી સ્ત્રીને ખાવા માટે વિવિધ પ્રકારનાં પાન, ભોજન તૈયાર કર્યાં હોય તો તે આહાર લેવો નહિ; પણ ખાધા બાદ વધ્યો હોય તો ગ્રહણ કરવો. ૩૯ કદાચિત્ પૂર્ણ નવ માસવાળી ગર્ભવતી સ્ત્રી, સાધુને આહાર આપવા માટે ઊભી હોય તો બેસે, અગર બેઠી હોય અને આહાર દેવા માટે ઊઠે, તો તે આહાર પાણી સાધુને કલ્પે નહિ. ૪૦

**તં ભવે ભત્તપાણં તુ, સંજયાણ અકપ્પિઅં ।**
**દિંતિઅં પડિઆઇક્ખે, ન મે કપ્પઇ તારિસં ॥૪૧॥**

**થણગં પિજ્જેમાણી, દારગં વા કુમારિઅં ।**
**તં નિક્ખિવિત્તુરોઅંતં, આહારે પાણભોઅણં ॥૪૨॥**

તં ભવે ભત્તપાણં તુ, સંજયાણ અકપ્પિઅં ।
દિંતિઅં પડિઆઇક્ખે, ન મે કપ્પઇ તારિસં ॥૪૩॥

જં ભવે ભત્તપાણં તુ, કપ્પાકપ્પંમિ સંકિઅં ।
દિંતિઅં પડિઆઇક્ખે, ન મે કપ્પઇ તારિસં ॥૪૪॥

દગવારેણ પિહિઅં, નીસાએ પીઢએણ વા ।
લોઢેણ વા વિલેવેણ, સિલેસેણ વ કેણઇ ॥૪૫॥

**અધ્યયન ૫ની ગાથા ૪૧ થી ૪૫ સુધીના છુટા શબ્દના અર્થ**

| | |
|---|---|
| **સંજયાણ**-સંજમીઓને | **આહારે**-લેઇ આવે |
| **અકપ્પિઅં**-નકલ્પે એવું | **કપ્પાકપ્પંમિ**-કલ્પે એવું કે ન કલ્પે એવું |
| **દિંતિઅં**-આપનારીને | **સંકિઅં**-વહેમ ભરેલું |
| **પડિઆઇક્ખે**-કહે | **દગવારેણ**-પાણીના ઘડાવડે |
| **તારિસં**-તેવું | **પિહિઅં**-ઢાંકેલું |
| **થણગં**-સ્તનસંબંધી દૂધ | **નિસાએ**-દળવાના પત્થરવડે |
| **પિજ્જમાણી**-પાન કરાવતી | **પીઢએણ**-બાજોઠે કરી |
| **દારગં**-છોકરાને | **લોઢેણ**-નીસાતરે કરી |
| **કુમારિઅં**-છોડીને | **વિલેવેણ**-માટીના લેપવડે |
| **નિક્ખિવિત્તુ**-મૂકીને | **સિલેસેણ**-લાખાદિ (ચીકણી વસ્તુ) વડે |
| **રોઅંતં**-રોતો | **કેણઇ**-કોઇપણ વસ્તુએકરી |

**ભાવાર્થ :** દેવાવાળી સ્ત્રીને નિષેધ કરવો કે, અમારે આવી રીતે અન્ન પાન લેવું કલ્પે નહિ. ૪૧. સ્તન પાનને કરતાં બાળક, અથવા કુમારિકાને રોતાં મૂકીને આહાર પાણી, લાવી આપે તો, તે આહાર પાણી સંયતિઓને અકલ્પનીય છે. દેવાવાળીને નિષેધ કરવો કે, આવી રીતે આહાર, પાણી સાધુને ન કલ્પે. ૪૨ ૪૩ જે આહાર પાણી નિર્દોષ છે, કે સદોષ છે, તેમાં શંકા હોય તો દેવાવાળાને નિષેધ કરવો કે મને તેવો કલ્પે નહિ. ૪૪ જે આહાર પાણીને પાણીના ઘડાથી, પત્થરની નીસાથી, બાજોઠથી, નિસાતરેથી, માટીના લેપથી અને લાક્ષાયે કરી બંધ કરેલો હોય. ૪૫

તં ચ ઉબ્ભિંદિઉં દિજ્જા, સમણટ્ઠા એવ દાવએ ।
દિંતિઅં પડિઆઇક્ખે, ન મે કપ્પઇ તારિસં ॥૪૬॥

અસણં પાણગં વા વિ, ખાઇમં સાઇમં તહા ।
જં જાણિજ્જ સુણિજ્જા વા, દાણટ્ઠા પગડં ઇમં ॥૪૭॥

તં ભવે ભત્તપાણં તુ, સંજયાણ અકપ્પિઅં ।
દિંતિઅં પડિઆઇક્ખે, ન મે કપ્પઇ તારિસં ॥૪૮॥

અસણં પાણગં વા વિ, ખાઇમં સાઇમં તહા ।
જં જાણિજ્જ સુણિજ્જા વા, પુણ્ણટ્ઠા પગડં ઇમં ॥૪૯॥

તં ભવે ભત્તપાણં તુ, સંજયાણ અકપ્પિઅં ।
દિંતિઅં પડિઆઇક્ખે, ન મે કપ્પઇ તારિસં ॥૫૦॥

**॥ અધ્યયન ૫ની ગાથા ૪૬ થી ૫૦ સુધીના છુટા શબ્દના અર્થ ॥**

| | | |
|---|---|---|
| **ઉબ્ભિંદિઉં**-લેપાદિ ઉખાડીને | **સાઇમં**-સ્વાદિ મુખવાસ વિગેરે | **દાણટ્ઠા**-આપવાને અર્થે |
| **દાવએ**-દેવાવાળો | **જાણિજ્જ**-જાણે | **પડગં**-કરેલું, નિપજાવેલું |
| **ખાઇમં**-ખાદિમવિગેરે | **સુણિજ્જા**-સાંભળીને | **પુણ્ણટ્ઠા**-પુણ્યને અર્થે |

**ભાવાર્થ :** તેવા આહારને દેવાવાળો, સાધુને માટે ઢાંકણા પ્રમુખને ભેદીને (તોડીને-ઉખાડીને) આપે તો દેવાવાળાને નિષેધ કરવો કે તેવો આહાર સાધુને ન કલ્પે. ૪૬ પોતે જાણ્યું હોય, અગર બીજા પાસેથી સાંભળ્યું હોય કે આ અશન, પાન, ખાદિમ સ્વાદિમ આદિ ચાર પ્રકારનો આહાર સાધુને આપવા તૈયાર કરેલો છે, તેવો આહાર પાણી સાધુને અકલ્પનીય છે. તે દેવાવાળાને કહેવું જોઈએ કે સાધુઓને આવો આહાર કલ્પે નહિ. ૪૭-૪૮ પોતે જાણે, અગર સાંભળે કે, ગૃહસ્થોએ આ ચાર પ્રકારનો આહાર પુણ્યાર્થે આપવા બનાવ્યો છે તે આહાર સાધુને અકલ્પનીય હોવાથી પોતે નહિ લેતાં ગૃહસ્થને મના કરવી. ૪૯-૫૦

અસણં પાણગં વા વિ, ખાઇમં સાઇમં તહા ।
જં જાણિજ્જ સુણિજ્જા વા વણિમટ્ઠા પગડં ઇમં ॥૫૧॥

તં ભવે ભત્તપાણં તુ, સંજયાણ અકપ્પિઅં ।
દિંતિઅં પડિયાઇક્ખે, ન મે કપ્પઇ તારિસં ॥૫૨॥

અસણં પાણગં વા વિ, ખાઇમં સાઇમં તહા ।
જં જાણિજ્જ સુણિજ્જા વા, સમણઠ્ઠા પગડં ઇમં ॥૫૩॥

તં ભવે ભત્તપાણં તુ, સંજયાણ અકપ્પિઅં ।
દિંતિઅં પડિઆઇક્ખે, ન મે કપ્પઇ તારિસં ॥૫૪॥

ઉદ્દેસિઅં કીઅગડં, પૂઇકમ્મં ચ આહડં ।
અજ્ઝોયરપામિચ્ચં, મીસજાયં વિવજ્જએ ॥૫૫॥

**॥ અધ્યયન ૫ની ગાથા ૫૧ થી ૫૫ સુધીના છુટા શબ્દના અર્થ ॥**

| | |
|---|---|
| **વણિમઠ્ઠા**-ભિક્ષાચરને આપવા માટે | **આહડં**-સન્મુખ લાવેલું |
| **ઉદ્દેસિઅં**-સાધુને ઉદ્દેશિને | **અજ્ઝોઅર**-ઉમેરેલું |
| **કીઅગડં**-વેચાતું આણેલું | **પામિચ્ચં**-ઉછીનું આળેલું યા બદલાવેલું |
| **પૂઇકમ્મં**-પૂતિકર્મ-નિર્દોષ આહારમાં આધાકર્મી ભેલ્યું હોય તે | **મીસજાયં**-સાધુને માટે તથા પોતાને માટે ભેગું કરેલું |

**ભાવાર્થ :** ગૃહસ્થોએ ચાર પ્રકારનો આહાર ભિક્ષાચરો (ભિક્ષુકોને) માટે કર્યો છે, એમ પોતે જાણે અગર સાંભળે તો તે આહાર અકલ્પનીક જાણી દેવાવાળાને મના કરવી કે આ નિમિત્તે કરાએલ આહાર સાધુને કલ્પે નહિ. ૫૧-૫૨ જાણવાથી અગર સાંભળવાથી ખબર પડે કે ગૃહસ્થીએ આ ચારે પ્રકારનો આહાર સાધુઓ નિમિત્તે બનાવ્યો છે, તો તે આહારાદિ સાધુને અકલ્પનિક હોવાથી દેવાવાળાને મના કરવી કે આવો આહાર સાધુને ન કલ્પે. ૫૩-૫૪ સાધુને આપવાના ઉદ્દેશથી કરેલો, વેચાતો લાવેલો, શુદ્ધ આહારમાં સદોષ ભેળેલો, સામો લાવેલો, સાધુ આવ્યા જાણી મૂળ આહારમાં વધારો કરાએલો, પોતાનો ખરાબ આહાર સાધુને આપવા માટે બીજા પાસેથી સારો આહાર બદલાવીને આણેલો, અગર ઉછીનો લવાએલો, તથા પોતાને તેમજ સાધુને અર્થે ભેળો બનાવેલો આહાર ન લેવો પણ ત્યાગ કરવો. ૫૫

ઉગ્ગમં સે અ પુચ્છિજ્જા, કસ્સઠ્ઠા કેણ વા કડં ।
સુચ્ચા નિસ્સંકિઅં સુદ્ધં, પડિગાહિજ્જ સંજએ ॥૫૬॥

અસણં પાણગં વા વિ, ખાઇમં સાઇમં તહા ।
પુપ્ફેસુ હુજ્જ ઉમ્મીસં, બીએસુ હરિએસુ વા ॥૫૭॥

**તં ભવે ભત્તપાણં તુ, સંજયાણ અકપ્પિઅં ।**
**દિંતિઅં પડિયાઇક્ખે, ન મે કપ્પઇ તારિસં ॥૫૮॥**

**આસણં પાણગં વા વિ, ખાઇમં સાઇમં તહા ।**
**ઉદગંમિ હુજ્જ નિક્ખિત્તં, ઉતિંગ પણગેસુ વા ॥૫૯॥**

**તં ભવે ભત્તપાણં તુ, સંજયાણ અકપ્પિઅં ।**
**દિંતિઅં પડિયાઇક્ખે, ન મે કપ્પઇ તારિસં ॥૬૦॥**

**॥ અધ્યયન ૫ની ગાથા ૫૬ થી ૬૦ સુધીના છુટા શબ્દના અર્થ ॥**

| | | |
|---|---|---|
| **ઉગ્ગમં**-ઉત્પત્તિપ્રત્યે | **સુચ્ચા**-સાંભળીને | **ઉમ્મીસં**-મિશ્રિત થએલો |
| **પુછિજ્જા**-પૂછે | **નિસ્સંકિઅં**-શંકારહિત | **બીએસુ**-બીજથી |
| **કસ્સટ્ઠા**-કોને અર્થે | **સુદ્ધં**-શુદ્ધ | **હરિએસુ**-લીલી વનસ્પતિથી |
| **કેણ**-કોણે | **પુપ્ફેસુ**-ફૂલથી | **નિખ્ખિત્તં**-મૂકેલો |
| **કડં**-કર્યો | **હુજ્જ**-હોય | **ઉત્તિંગપણગેસુ**-કીડીઓના નગરા ઉપર |

**ભાવાર્થ :** જો આહાર લેતાં (આ દોષવાળો છે એમ) શંકા પડે તો આહાર આપનારને આહારની ઉત્પત્તિ પૂછવી, કે આ કોને માટે તથા કોણે કર્યો છે ? પૂછ્યા બાદ શંકા રહિત 'આ નિર્દોષ જ છે' આમ સાંભળીને સાધુએ તે આહાર ગ્રહણ કરવો. ૫૬ જો ચારે પ્રકારનો આહાર પુષ્પ, બીજ, હરિત, (વનસ્પતિ)થી મિશ્ર (મળેલો) હોય તો તે આહાર પાણી સાધુઓને અકલ્પનિક હોવાથી દેવાવાળાને મના કરવી કે આવો આહાર સાધુઓને ન કલ્પે. ૫૭-૫૮ જો ચારે પ્રકારનો આહાર સચિત્ત પાણી ઉપર અગર કીડીઓના બીલ (દર) ઉપર મૂકેલો હોય તો તે સાધુને અકલ્પનીય હોવાથી દેવાવાળાને મના કરવી કે સાધુઓને તે કલ્પે નહિ. ૫૯-૬૦

**અસણં પાણગં વા વિ, ખાઇમં સાઇમં તહા ।**
**તેઉમ્મિ હુજ્જ નિક્ખિતં તં ચ સંઘટ્ટિઆ દએ ॥૬૧॥**

**તં ભવે ભત્તપાણં તુ, સંજયાણ અકપ્પિઅં ।**
**દિંતિઅં પડિયાઇક્ખે, ન મે કપ્પઇ તારિસં ॥૬૨॥**

**એવં ઉસ્સક્કિઆ ઓસક્કિઆ, ઉજ્જાલિઆ પજ્જાલિઆ નિવ્વાવિઆ ।**
**ઉસ્સિંચિયા નિસ્સિંચિયા, ઉવ્વત્તિયા ઓયારિયા દએ ॥૬૩॥**

**તં ભવે ભત્તપાણં તુ, સંજયાણ અકપ્પિઅં ।**
**દિંતિઅં પડિયાઇક્ખે, ન મે કપ્પઇ તારિસં ॥૬૪॥**

**હુજ્જા કટ્ઠં સિલં વા વિ, ઇટ્ટાલં વા વિ એગયા ।**
**ઠવિઅં સંકમટ્ઠાએ, તં ચ હોજ્જ ચલાચલં ॥૬૫॥**

### અધ્યયન ૫ની ગાથા ૬૧ થી ૬૫ સુધીના છુટા શબ્દના અર્થ

| | |
|---|---|
| **તેઉમ્મિ**-તેજસ્કાયને, અગ્નિકાયને | **ઉવ્વત્તિઆ**-બીજા વાસણમાં નાંખીને |
| **સંઘટ્ટીઆ**-સંઘટ્ટીને | **ઓયારિયા**-હેઠે ઉતારીને |
| **ઉસ્સકિઆ**-ચુલામાં ઇંધણાં નાંખીને | **કટ્ઠે**-લાકડું |
| **ઓસક્કીઆ**-ઇંધણાં કાઢી નાંખીને | **સિલં**-પાષાણ |
| **ઉજ્જાલિયા**-થોડાં ઇંધણાં નાંખીને | **ઇટ્ટાલં**-ઇંટનો કડકો |
| **પજ્જાલિયા**-ઘણાં ઇંધણા નાંખીને | **એગયા**-એકવાર |
| **નિવ્વાવિઆ**-ઓલવીને | **ઠવિઅં**-મૂકેલું |
| **ઉસ્સિંચિઆ**-ઉભરાવાના ભયથી થોડું અન્ન કાઢીને | **સંકમટ્ઠાએ**-ચાલવા માટે |
| **નિસ્સિંચિઆ**-ઉભરાણું જાણી પાણી છાંટીને | **ચલાચલં**-ડગમગતું |

**ભાવાર્થ :** પૂર્વોક્ત ચાર પ્રકારનો આહાર અગ્નિ ઉપર મૂકેલો હોય તે આહાર દેવાવાળો અગ્નિનો સંઘટ્ટ કરીને આપે તો તે આહાર સાધુઓને અકલ્પનિય હોવાથી તેને મના કરવી. ૬૧-૬૨ એમ જ અગ્નિ ઓલવાઇ જવાના ભયથી ચૂલામાં લાકડાં નાંખીને, તે બળી જવાના ભયથી બળેલાં લાકડાં પાછાં કાઢીને, થોડાં અગર ઝાઝાં લાકડાં નાંખીને, અન્નાદિ બળી જવાના ભયથી અગ્નિને ઓલવીને, ઉભરાઈ જવાના ભયથી કાંઈક અનાજ કાઢીને, અગર પાણી આદિ છાંટીને, અગ્નિ ઉપરનું અન્નાદિ અન્ય પાત્રમાં કાઢીને, અથવા નીચું ઉતારીને, જો દાન આપવાવાળો આપે તો તે આહાર પાણી સાધુને અકલ્પનિક હોવાથી દેવાવાળાને મના કરવી કે આવી રીતે સાધુને લેવું ન કલ્પે. ૬૩-૬૪ (વર્ષાઋતુને વિષે પાણી ભરાવાથી) ચાલવાને માટે તો લાકડું, પથ્થરની શિલા અગર ઇંટાળાના કડકા સ્થાપ્યા હોય અને જો તે ડગતા હોય, સ્થિર ન હોય, તો તેવા રસ્તા ઉપર સંયમવાન્ સાધુઓએ ચાલવું નહિ. ૬૫.

ન તેણ ભિક્ખુ ગચ્છિજ્જા, દિટ્ઠો તત્થ અસંજમો ।
ગંભીરં ઝુસિરં ચેવ, સવ્વિંદિઅ સમાહિએ ॥૬૬॥

નિસ્સેણિં ફલગં પીઢં, ઉસ્સવિત્તાણમારુહે ।
મંચં કીલં ચ પાસાયં, સમણટ્ઠા એવ દાવએ ॥૬૭॥

દુરુહમાણી પવડિજ્જા, હત્થં પાયં વ લૂસએ ।
પુઢવિજીવે વિહિંસિજ્જા, જે અ તન્નિસ્સિઆ જગે ॥૬૮॥

એયારિસે મહાદોસે, જાણિઊણ મહેસિણો ।
તમ્હા માલોહડં ભિક્ખં, ન પડિગિણ્હંતિ સંજયા ॥૬૯॥

કંદં મૂલં પલંબં વા, આમં છિન્નં ચ સન્નિરં ।
તુંબાગં સિંગબેરં ચ, આમગં પરિવજ્જએ ॥૭૦॥

॥ અધ્યયન ૫ની ગાથા ૬૬ થી ૭૦ સુધીના છુટા શબ્દના અર્થ ॥

| | | |
|---|---|---|
| તેણ-તે વડે | દુરુહમાણી-દુઃખે કરી ચડતાં | તમ્હા-તે કારણ માટે |
| દિટ્ઠો-દીઠો, જોયો | પવીડજ્જા-પડે | માલોહડં-માળ ઉપરથી લાવેલું |
| ગંભીરં-પ્રકાશ વિનાનું | હથ્થં-હાથ | ભિખ્ખં-ભિક્ષા |
| ઝુસિરં-પોલાણવાળું | પાયં-પગ | કંદં-કાંદો |
| સવ્વિંદિય-સર્વ ઈંદ્રિયો | લૂસએ-ભાંગે | મૂલં-મૂળ |
| સમાહિએ-રાગદ્વેષ રહિત | પુઢવીજીવે-પૃથ્વીકાયના જીવને | પલંબં-તાડનાં ફળ |
| નિસ્સેણિં-નીસરણી | હિંસિજ્જા-હણે | આમં-કાચું |
| ફલગં-પાટીયું | તન્નિસ્સિઆ-તેની નિશ્રાએ રહેલા | છિન્નં-છેદેલું |
| પીઢં-બાજોઠ | જગા-પ્રાણીઓ | સન્નિરં-પત્રશાક |
| ઉસ્સવિત્તાણં-ઉંચો કરીને | એઆરિસે-એવા | તુંબાગં-તુંબડું |
| મંચં-માંચાને, ખાટલાને | મહાદોસે-મોટા દોષોને | સિંગબેરં-આદુ |
| કીલં-ખીલાને | જાણિઊણ-જાણીને | આમગં-સચિત્ત |
| પાસાયં-પ્રાસાદ ઉપર | મહેસિણો-મોટા ઋષિયો | |
| દાવએ-દાતાર-દેવાવાળો | | |

ભાવાર્થ : તેવે રસ્તે ચાલતાં તીર્થંકર મહારાજે ચારિત્રની વિરાધના થાય એમ દીઠું છે, તથા અપ્રકાશમાં રહેલાં અને અંદર પોલાં એવાં લાકડાંઓ ઉપર પણ

ચાલવું નહિ. ૬૬ સાધુને દાન આપવા માટે દેવાવાળી જો માળ ઉપર ચડવાને નીસરણી, પાટીયું, બાજોઠ, ખાટલો અને ખીલા પ્રમુખને ઉંચા કરીને જો ચડે, તો કદાચ ચડતાં પડી જાય અને તેથી હાથપગ ભાંગી જાય, ત્યાં જો પૃથ્વીકાયના જીવો હોય અથવા તે પૃથ્વીને આશ્રય કરીને રહેલા જીવો હોય તો તેની પણ વિરાધના થાય. મહાપુરુષોએ આવા મોટા દોષો જાણી, આવા અસ્થીર માળો ઉપરથી ઉતારેલી ભિક્ષાને ગ્રહણ કરવી નહિ. ૬૭-૬૮-૬૯. સૂરણાદિ કંદ, વિદારિકાદિ મૂળ, તાલ આદિ ફળ, કાચું છેદેલું એવું પત્ર શાક, તુંબડાં અને આદુ આ સર્વે કાચું સચિત્ત, સાધુએ લેવું નહિ. ૭૦

**તહેવ સત્તુચુણ્ણાઇં, કોલચુણ્ણાઇં આવણે ।**
**સક્કુલિં ફાણિઅં પૂઅં, અન્નં વા વિ તહાવિહં ॥૭૧॥**

**વિક્કાયમાણં પસઢં, રએણ પરિફાસિઅં ।**
**દિંતિઅં પડિયાઇક્ખે, ન મે કપ્પઇ તારિસં ॥૭૨॥**

**બહુઅટ્ઠિઅં પુગ્ગલં, અણિમિસં વા બહુકંટયં ।**
**અત્થિઅં તિંદુઅં બિલ્લં, ઉચ્છુખંડં વ સિંબલિં ॥૭૩॥**

**અપ્પે સિઆ ભોઅણજ્જાએ, બહુ ઉજ્ઝિયધમ્મિએ ।**
**દિંતિઅં પડિયાઇક્ખે, ન મે કપ્પઇ તારિસં ॥૭૪॥**

**તહેવુચ્ચાવયં પાણં, અદુવા વારધોઅણં ।**
**સંસેઇમં ચાઉલોદગં, અહુણાધોઅં વિવજ્જએ ॥૭૫॥**

### અધ્યયન ૫ની ગાથા ૭૧ થી ૭૫ સુધીના છુટા શબ્દના અર્થ

| | | |
|---|---|---|
| તહેવ-તેમજ | તહાવિહં-તેવા પ્રકારનું | બહુકંટયં-ઘણા કાંટાવાળું |
| સત્તુચુણ્ણાઇં-સાથવાનો ભુકો | વિક્કાયમાણં-વેચાતું | અત્થિયં-અસ્તિક વૃક્ષનું ફળ |
| કોલચુણ્ણાઇં-બોરકુટ | પસઢં-બહુ દિવસ રાખી પ્રગટ કરેલું | તિંદુયં-તિંદુકવૃક્ષનું ફળ |
| આવણે-હાટને વિષે | રએણ-રજે કરી | બિલ્લં-બીલીફળ-બીલું |
| સક્કુલિ-તલસાંકળી | પરિફાસિઅં-ખરડયું એવું | ઉચ્છખંડ-શેલડીના કડકા |
| ફાણિઅં-પાતળો ગોળ | બહુઅટ્ઠિયં-ઘણા ઠળીયાવાળું | સિંબલિ-શીમળાનું ફળ |
| પૂયં-પુડલા | પુગ્ગલં-સીતાફળ | અપ્પે-થોડો |
| અન્નં-બીજું | અણિમિસં-અનનાસ | સિઆ-હોય |

| | |
|---|---|
| **ભોઅણજ્જાએ**-ખાવા યોગ્ય | **અદુવા**-અથવા |
| **બહુ**-ઘણું | **વારધોઅણં**-ગોળના ઘડાનું ધોવણ |
| **ઉજ્ઝિયધમ્મિએ**-ત્યાગ કરવા યોગ્ય | **સંસેઇમં**-લોટનું ધોવણ |
| **ઉચ્ચ**-કેસરાદિકથી સુગંધીદાર, ઊચું | **ચાઉલોદગં**-ચોખાનું ધોવણ |
| **અવયં**-વર્ણાદિહીન-નીચી જાતનું | **અહુણાધોયં**-તરતનું ધોએલું |

**ભાવાર્થ :** તેમજ સાથવાનું ચૂરણ, બોરનું ચૂરણ, તલસાંકળી, નરમગોળ, પુડલા અને બીજું પણ તેવા પ્રકારનું દુકાને વેચાતું, અનેક દિવસ રખાએલું અને સચિત્ત રજથી ખરડાએલું. આવી ચીજો દેવાવાળીને નિષેધ કરવો કે મને આવું કલ્પે નહિ. ૭૧-૭૨ ઘણાં હાડકાંવાળું માંસ, ઘણાં કાંટાવાળું મત્સ્ય માંસ, (કાળાદિકની અપેક્ષાએ ગ્રહણ કરવાનો નિષેધ છે. કેટલાક કહે છે કે વનસ્પતિનો અધિકાર ચાલતો હોવાથી ફળનો અર્થ કરવો આમ ટીકાકાર જણાવે છે,) અથવા જેની અંદર ઘણા ઠળીયા હોય તેવાં સિતાફળ પ્રમુખ ફળો, અનિમેષક નામનાં ફળો, ઘણા કાંટાવાળાં ફળો, અસ્થિક ફળ, તિંદુકફળ, બીલાનાં ફળ, શેલડીના કડકા અને શાલ્મલીનાં ફળો કે જેની અંદરથી થોડું ખાવામાં આવે અને ઘણું નાંખી દેવામાં આવે એવી વસ્તુ દેવાવાળીને મના કરવી કે સાધુને આવું કલ્પે નહિ. ૭૩-૭૪

(અનાજનો વિધિ કહ્યો. હવે પાણીની વિધિ કહે છે.)

જેમ અનાજ તેમ પાણી પણ, ઉંચું તે વર્ણાદિ ગુણોપેત દ્રાક્ષ પાણી પ્રમુખ, નીચું તે વર્ણાદિકે હીન પરનાલાદિકનું પાણી, તથા ગોળના ઘડાને ધોએલાનું પાણી, પીઠા (લોટ) પ્રમુખને ધોએલાનું પાણી ઉત્સર્ગ અપવાદે સાધુઓએ ગ્રહણ કરવું, પણ તરતનું ધોએલું અચિત્તપણે નહિ પરિણમેલું ચોખાનું પાણી લેવું નહિ. ૭૫

**જં જાણેજ્જ ચિરાધોયં, મઈએ દંસણેણ વા ।**
**પડિપુચ્છિઊણ સુચ્ચા વા, જં સ નિસ્સંકિઅં ભવે ॥૭૬॥**

**અજીવં પરિણયં નચ્ચા, પડિગાહિજ્જ સંજએ ।**
**અહ સંકિયં ભવિજ્જા, આસાઇત્તાણ રોયએ ॥૭૭॥**

**થોવમાસાયણટ્ઠાએ, હત્થગંમિ દલાહિ મે ।**
**મા મે અચ્ચંબિલં પૂયં, નાલં તણ્હં વિણિત્તએ ॥૭૮॥**

તં ચ અચ્ચંબિલં પૂયં, નાલં તિન્હં વિણિત્તએ ।
દિંતિઅં પડિઆઇક્ખે, ન મે કપ્પઇ તારિસં ॥૭૯॥

તં ચ હોજ્જ અકામેણં, વિમણેણ પડિચ્છિઅં ।
તં અપ્પણા ન પિબે, નો વિ અન્નસ્સ દાવએ ॥૮૦॥

**અધ્યયન ૫ની ગાથા ૭૬ થી ૮૦ સુધીના છુટા શબ્દના અર્થ**

ચિરાધોયં-ઘણી વખત પહેલાં ધોએલું
મઈએ-(સૂત્રાનુસારી) બુદ્ધિએ
દંસણેણ-દેખવાવડે
પડ્ડિપુચ્છિઊણ-(ગૃહસ્થને) પૂછીને

| | | |
|---|---|---|
| સુચ્ચા-સાંભળીને | રોયએ-નિશ્ચય કરે | |
| નિસ્સંકિઅં-શંકારહિત | થોવં-થોડું | વિણિત્તએ-નિવારણ કરવાને |
| ભવે-હોય | આસાયણટ્ઠાએ-ચાખવાને | હોજ્જ-હોય |
| અજીવં-જીવરહિત | હત્થગંમિ-હાથમાં-વિષે (અર્થે | અકામેણં-ઇચ્છા નહિ છતાં |
| નચ્ચા-જાણીને | દલાહિ-આપે | વિમણેણ-મન ઠેકાણે નહિ હોવાથી |
| પડિગાહિજ્જ-ગ્રહણ કરે | મે-મને | |
| સંજયે-સાધુ | મા-નહિ | પડિચ્છિઅં-ગ્રહણ કર્યું |
| અહ-હવે અથવા | અચ્ચંબિલં-ઘણું ખાટું | અપ્પણા-પોતે |
| સંકિયં-શંકાવાળું | પૂઇં-કોહેલું | પિબે-પીએ |
| ભવિજ્જા-હોય | નાલં-સમર્થ નથી | અન્નસ્સ-બીજાને |
| આસાઈત્તાણ-ચાખીને | તિન્હં-તૃષાને | દાવએ-અપાવે |

**ભાવાર્થ :** જે ચોખાનું પાણી બુદ્ધિએ કરી, દેખવા વડે કરી, અને પૂછવા વડે કરી શંકા રહિત થાય કે આ વધારે વખતનું ધોએલું છે તો તે ગ્રહણ કરે. ૭૬ ઉષ્ણ પાણી, અજીવપણે પરિણમેલું જાણીને સાધુઓએ લેવું. જો તેમાં શંકા રહેતી હોય તો તે ચાખીને નિર્ણય કરવો. ૭૭ પાણી આપનારને સાધુએ કહેવું કે મને ચાખવાને માટે થોડું પાણી હાથમાં આપો, કારણ કે ખાટું અગર કોહેલું પાણી મારી તૃષા દૂર કરવામાં જે સમર્થ ન થાય તેનું મને પ્રયોજન નથી. ૭૮ જે ખાટું અગર કોહાએલું પાણી તૃષા દૂર કરવામાં કામ ન લાગે તે પાણી દેવાવાળીને મના કરવી કે મને તેવું ખપે નહિ. ૭૯ કદાચ ગૃહસ્થના આગ્રહથી અગર અન્ય ચિત્તપણે તેવું પાણી લેવાઈ ગયું તો તે પાણી પોતે પીવું નહિ, અગર બીજાને પણ પાવું નહિ. ૮૦

એગંતમવક્કમિત્તા, અચિત્તં પડિલેહિઆ ।
જયં પરિઠવિજ્જા, પરિઠપ્પ પડિક્કમે ॥૮૧॥

સિઆ ય ગોયરગ્ગગઓ, ઇચ્છિજ્જા પરિભુત્તુઅં ।
કુટ્ઠગં ભિત્તિમૂલં વા, પડિલેહિત્તાણ ફાસુઅં ॥૮૨॥

અણુન્નવિત્તુ મેહાવી, પડિચ્છન્નંમિ સંવુડે ।
હત્થગં સંપમજ્જિત્તા, તત્થ ભુંજિજ્જ સંજએ ॥૮૩॥

તત્થ સે ભુંજમાણસ્સ, અટ્ઠિઅં કંટઓ સિઆ ।
તણકટ્ઠસક્કરં વા વિ, અન્નં વા વિ તહાવિહં ॥૮૪॥

તં ઉક્ખિવિત્તુ ન નિક્ખિવે, આસએણ ન છડ્ડુએ ।
હત્થેણ તં ગહેઊણં, એગંતમવક્કમે ॥૮૫॥

**અધ્યયન ૫ની ગાથા ૮૧ થી ૮૫ સુધીના છુટા શબ્દના અર્થ**

**એગંતં**-એકાંતમાં
**અવક્કમિત્તા**-જઇને
**પડિલેહિયા**-પુંજીને
**જયં**-જયણાવડે
**પરિઠવિજ્જા**-પરઠવે (ત્યાગ કરે)
**પરિઠપ્પ**-પરઠવીને
**પડિક્કમે**-ઇર્યાવહી પડિક્કમે
**સિઆ**-કદાચિત્
**ગોયરગ્ગગઓ**-ગોચરિએ ગએલો
**પરિભુત્તુઅં**-ખાવાને
**કુટ્ઠગં**-શૂન્ય ઘરમાં, મઠમાં
**ભિત્તિમૂલં**-ભીંત આગળ
**ફાસુયં**-પ્રાસુક, નિર્જીવ
**અણુન્નવિત્તુ**-ગૃહસ્થની આજ્ઞા લેઇને
**મેહાવી**-બુદ્ધિવંત
**પડિચ્છન્નંમિ**-તૃણાદિકે ઢાંકેલા
**સંવુડે**-ઉપયોગ સહિત
**સંપમજ્જિત્તા**-સારી રીતે પુંજીને
**ભુંજમાણસ્સ**-ખાતા એવા તેને
**અટ્ઠિઅં**-હાડકું-ઠળીઓ
**કંટઓ**-કાંટો
**કટ્ઠ**-કાષ્ટ
**સક્કરં**-કાંકરો
**ઉક્ખિવિત્તુ**-ઉપાડીને
**નિક્ખિવે**-છુટું નાંખે
**આસએણ**-મુખે કરી
**નછડ્ડુએ**-ત્યાગ કરે નહિ
**ગહેઊણ**-લેઈને
**અવક્કમે**-જાય

**ભાવાર્થ :** પણ તે પાણી લેઈને એકાંત સ્થળમાં જઈને અચિત્ત ભૂમિ ચક્ષુથી અને રજોહરણથી પ્રતિલેખીને યતના પૂર્વક પરઠવી દેવું (ઢોળી નાંખવું). પરઠવ્યા બાદ ઉપાશ્રયમાં આવીને ઇરિયાવહી કરવો. ૮૧ ગોચરી ગએલ સાધુ, અથવા બાળ સાધુ કદાચિત્ તૃષાથી પીડાઇને આહાર કરવા ઇચ્છે તો ત્યાં સૂનું ઘર, મઠાદિ, ભીંતનો એક ભાગ બીજાદિથી રહિત, પડિલેહીને તે ગૃહાદિકના સ્વામીની રજા લેઇ ઢાંકેલા પ્રદેશમાં ઉપયોગ પૂર્વક (ઇરિયાવહી પડિકમવા પૂર્વક) હાથને પ્રમાર્જીને રાગદ્વેષ રહિતપણે આહાર કરે. ૮૨-૮૩ ત્યાં આહાર પાણી કરતાં કદાચ ગૃહસ્થના પ્રમાદથી અસ્થિ (ઠળીયો) અગર કાંટો, તરખલું, લાકડાની કરચ, કાંકરો અને બીજું પણ તેવા પ્રકારનું કાંઈ આવે તો તેને હાથથી ફેંકવું નહિ. તેમ મોઢાથી પણ ફેંકવું નહિ. પણ તેને હાથમાં લેઈને એકાંતમાં જવું. ૮૪-૮૫

**એગંતમવક્કમિત્તા, અચિત્તં પડિલેહિઆ ।**
**જયં પરિટ્ઠવિજ્જા, પરિકુપ્પ પડિક્કમે ॥૮૬॥**

**સિઆ ય ભિક્ખૂ ઇચ્છિજ્જા, સિજ્જમાગમ્મ ભુત્તુઅં ।**
**સપિંડપાયમાગમ્મ, ઉંડુયં પડિલેહિઆ ॥૮૭॥**

**વિણએણં પવિસિત્તા, સગાસે ગુરુણો મુણી ।**
**ઇરિયાવહિયમાયાય, આગઓ ય પડિક્કમે ॥૮૮॥**

**આભોઇત્તાણ નીસેસં, અઇઆરં જહક્કમં ।**
**ગમણાગમણે ચેવ, ભત્તપાણે વ સંજએ ॥૮૯॥**

**ઉજ્જુપ્પન્નો અણુવ્વિગ્ગો, અવ્વક્ખિત્તેણ ચેઅસા ।**
**આલોએ ગુરુસગાસે, જં જહા ગહિઅં ભવે ॥૯૦॥**

**અધ્યયન ૫ની ગાથા ૮૬ થી ૯૦ સુધીના છુટા શબ્દના અર્થ**

| | |
|---|---|
| **સિજ્જંઆગમ્મ**-ઉપાશ્રયમાં આવીને | **પવિસિત્તા**-પેસીને |
| **ભુત્તુઅં**-ભોજન કરવા | **સગાસે**-પાસે |
| **સપિંડપાયં**-શુદ્ધ ભિક્ષા લઈને | **ગુરુણો**-ગુરુની |
| **ઉંડુઅં**-ભોજનની ભૂમિ પ્રત્યે | **આયાઅ**-ભણીને, પાઠ કરીને |
| **વિણએણં**-વિનય સહિત | **આગઓ**-આવેલો |

| | |
|---|---|
| **આભોઇત્તાણ**-જાણીને | **અણુવ્વિગ્ગો**-વ્યગ્રપણા રહિત |
| **નીસેસં**-સમસ્ત | **અવ્વખિત્તેણ**-ચંચળપણા રહિત |
| **અઇઆરં**-અતિચારને | **ચેઅસા**-મનવડે |
| **જહક્કમં**-ક્રમવાર | **આલોએ**-આલોચે |
| **ઉજ્જુપ્પન્નો**-સરળ બુદ્ધિવાળો | |

**ભાવાર્થ :** એકાંતમાં જઈને (અચિત્ત) જીવ વિનાની ભૂમિ પ્રતિલેખીને તપાસીને પરઠવી દેવું. પરઠવ્યા બાદ ઇરિયાવહી પ્રતિક્રમવી. ૮૬ કદાચ ઉપાશ્રય બાહાર આહાર કરવાના કારણના અભાવે સાધુ વસતી (ઉપાશ્રય)માં આવ્યા બાદ આહાર કરવા ઇચ્છે, તો તેમણે ઉપાશ્રયમાં આવ્યા બાદ આહાર કરવાની ભૂમિ (જગ્યા) પડિલેહવી. ૮૭ "નમઃ ક્ષમાશ્રમણેભ્યઃ" આમ બોલવારૂપ વિનયપૂર્વક ઉપાશ્રયમાં પ્રવેશ કરીને ગુરુ પાસે આવી, ઇરિયાવહી પડિક્કમી ગુરુની પાસે કાઉસગ્ગ કરે. ૮૮ કાઉસ્સગ્ગની અંદર ગોચરી જાવા આવવામાં તથા આહાર પાણી લેવામાં અનુક્રમે જે અતિચાર લાગ્યા હોય તે સર્વે યાદ કરે. ૮૯ યાદ કરીને સરળ, બુદ્ધિવાન્, ઉદ્વેગરહિત અને વ્યાક્ષિપ્ત ચિત્ત (ચપળતા) રહિત મનવડે કરી, જેમ જેવા અનુક્રમે આહાર પાણી લીધો હોય, તે પ્રમાણે ગુરુ પાસે આલોવે (કહી બતાવે.) ૯૦

**ન સમ્મમાલોઇયં હુજ્જા, પુવ્વિં પચ્છા વ જં કડં ।**
**પુણો પડિક્કમે તસ્સ, વોસઠો ચિંતએ ઇમં ॥૯૧॥**

**અહો જિણેહિં અસાવજ્જા, વિત્તી સાહૂણ દેસિઆ ।**
**મુક્ખ સાહણહેઉસ્સ, સાહૂદેહસ્સ ધારણા ॥૯૨॥**

**નમુક્કારેણ પારિત્તા, કરિત્તા જિણસંથવં ।**
**સજ્ઝાયં પટ્ઠવિત્તાણં, વીસમેજ્જ ખણં મુણી ॥૯૩॥**

**વીસમંતો ઇમં ચિંતે, હિયમટ્ઠં લાભમટ્ઠિઓ ।**
**જઇ મે અણુગ્ગહં કુજ્જા, સાહૂ હુજ્જામિ તારિઓ ॥૯૪॥**

**સાહવો તો ચિઅત્તેણં, નિમંતિજ્જ જહક્કમં ।**
**જઇ તત્થ કેઇ ઇચ્છિજ્જા, તેહિં સદ્ધિં તુ ભુંજએ ॥૯૫॥**

## અધ્યયન ૫ની ગાથા ૯૧ થી ૯૫ સુધીના છુટા શબ્દના અર્થ

**સમ્મં**-સારી રીતે
**આલોઇયં**-આલોવ્યું
**હુજ્જા**-હોય
**પુવ્વિં**-પૂર્વે, પહેલાં
**પચ્છા**-પાછળથી
**કડં**-કર્મ
**પુણો**-વળી
**વોસટ્ઠો**-કાઉસગ્ગમાં રહી
**અસાવજ્જા**-અસાવદ્ય, પાપરહિત, નિર્દોષ
**વિત્તિ**-વૃત્તિ, નિર્વાહ, આજીવિકા
**સાહુણ**-સાધુઓની
**દેસિઆ**-દેખાડી છે
**મુક્ખ**-મોક્ષ
**સાહણ**-સાધવાને
**હેઉસ્સ**-હેતુથી
**દેહસ્સ**-શરીરને, દેહને
**ધારણા**-ધારણ કરવા માટે
**નમુક્કારેણ**-નવકાર વડે
**પારિત્તા**-પારિને
**કરિત્તા**-કરીને
**જિણસંથવં**-જિનસ્તવન (લોગસ્સ)
**સજ્ઝાયં**-સ્વાધ્યાય
**પઠ્ઠવિત્તાણં**-પૂર્ણ કરીને
**વિસમેજ્જ**-વિસામો લે
**ખણં**-ક્ષણવાર
**વિસમંતો**-વિસામો લેતો
**હિયમઠ્ઠં**-હિતને અર્થે
**લાભમઠ્ઠિઓ**-લાભનો અર્થી
**અણુગ્ગહં**-પ્રસાદને
**કુજ્જા**-કરે
**હુજ્જામિ**-થાઉં
**તારિઓ**-તારેલો
**સાહવો**-સાધુઓ
**ચિયત્તેણં**-મનની પ્રીતિ વડે
**નિમંતિજ્જ**-આમંત્રણ કરે
**જહક્કમં**-ક્રમસર
**કેઇ**-કોઇ
**ઇચ્છિજ્જા**-ઇચ્છે
**તેહિં**-તેઓની
**સદ્ધિં**-સાથે

**ભાવાર્થ :** જે અનુપયોગથી પૂર્વકર્મ, પશ્ચાત્ કર્માદિ સમ્યક્ પ્રકારે આલોવ્યું ન હોય તે, ફરી (ગોચરચરિયાએ ઇત્યાદિ પાઠથી) આલોવે અને કાઉસ્સગ્ગ કરીને આ પ્રમાણે ચિંતવે. ૯૧ મોક્ષ સાધનના હેતુભૂત, સાધુના દેહના નિર્વાહાર્થે, અહો ! તિર્થંકર મહારાજે નિર્દોષ વૃત્તિ સાધુને દેખાડી છે. ૯૨. આમ ચિંતવ્યાબાદ નમસ્કારથી કાઉસ્સગ્ગ પારિને, ઉપર ચતુર્વિંશતી સ્તવન (લોગસ્સ) કહીને સજ્ઝાય પૂર્ણ કરીને થોડીવાર સાધુએ વિશ્રામ લેવો. ૯૩. કર્મની નિર્જરાનો અર્થી, વિશ્રામ લેતો સાધુ પોતાના હિતને અર્થે એમ ચિંતવે કે, જો આ પ્રાસુક આહાર લેવાવડે કરીને સાધુઓ મારા ઉપર અનુગ્રહ કરે તો હું ભવ સમુદ્રથી તારેલો થાઉં, અર્થાત્

ભવસમુદ્ર તરવામાં આ અનુગ્રહ મને મદદગાર થાય. ૯૪. પછી ગુરુની આજ્ઞા લીધા બાદ, પ્રીતિ પૂર્વક યથાક્રમ (દિક્ષા પર્યાયના નિયમ પ્રમાણે) સાધુઓને નિમંત્રણા કરવી. જો કોઈ તે આહારમાંથી લેવાને ઇચ્છે તો તેમને આપ્યા બાદ તેમની સાથે ભોજન કરે, ૯૫.

**અહ કોઈ ન ઇચ્છિજ્જા, તઓ ભુંજિજ્જ એગઓ ।**
**આલોએ ભાયણે સાહૂ, જયં અપરિસાડિયં ॥૯૬॥**

**તિત્તગં વ કડુઅં વ કસાયં, અંબિલં વ મહુરં લવલં વા ।**
**એઅલદ્ધમન્નત્થ પઉત્તં, મહુ ઘયં વ ભુંજિજ્જ સંજએ ॥૯૭॥**

**અરસં વિરસં વા વિ, સૂઇઅં વા અસૂઇઅં ।**
**ઉલ્લં વા જઇ વા સુક્કં, મંથુકુમ્માસભોઅણં ॥૯૮॥**

**ઉપ્પણ્ણં નાઇ હીલિજ્જા, અપ્પં વા બહુ ફાસુઅં ।**
**મુહાલદ્ધં મુહાજીવી, ભુંજિજ્જા દોસવજ્જિઅં ॥૯૯॥**

**દુલ્લહાઉ મુહાદાઈ, મુહાજીવી વિ દુલ્લહા ।**
**મુહાદાઈ મુહાજીવી, દો વિ ગચ્છંતિ સુગ્ગઇં ॥ ત્તિબેમિ ॥૧૦૦॥**

**॥ ઇતિ પિંડેસણાએ પઢમો ઉદ્દેસો સમ્મત્તો ॥**

**અધ્યયન ૫ની ગાથા ૯૬ થી ૧૦૦ સુધીના છુટા શબ્દના અર્થ**

| | |
|---|---|
| **આલોએ**-પ્રકાશવાળા | **અન્નત્થપઉત્તં**-બીજાને માટે એટલે દેહને માટે પ્રયોજેલ |
| **ભાયણે**-ભાજનમાં | **મહુ**-મીઠું, મધુર |
| **અપરિસાડિઅં**-હાથમાંથી અને મોંમાંથી ન પડે તેમ | **ઘયં**-ઘી |
| **તિત્તગં**-કડવો પદાર્થ | **અરસં**-રસ વિનાના |
| **કડુઅં**-તીખો | **વિરસં**-સ્વાદ વિનાના |
| **કસાયં**-કષાયેલો | **સૂઇયં**-શાકાદિ સહિત |
| **અંબિલં**-ખાટો | **અસૂઇયં**-શાકાદિ વિનાના |
| **મહુરં**-મધુર, મીઠો | **ઉલ્લં**-લીલું |
| **લવણં**-ખારો | **સુક્કં**-સૂકું |
| **લદ્ધં**-મળેલા | **મંથુ**-બોરનો ભૂકો |

| | |
|---|---|
| **કુમ્માસ**-અડદના બાકળા | **મુહાલદ્ધં**-ફોગટ મેળવેલું |
| **ઉપ્પન્નં**-પ્રાપ્ત થયેલ | **મુહાજીવી**-અનિદાનજીવી |
| **નાઇ**-ઘણું નહિ | **દુલ્લહાઓ**-દુર્લભ છે. |
| **હિલીજ્જા**-નિંદે | **મુહાદાઇ**-પ્રત્યુપકારની ઇચ્છા વિના આપનાર |
| **અપ્પં**-અલ્પ, થોડું | **સુગ્ગઇં**-સુગતિ પ્રત્યે |

**ભાવાર્થ :** હવે જો કોઈ સાધુ તેમાંથી આહાર ન લે તો પછી પ્રકાશવાળા પાત્રમાં (પોહોળા મોઢાવાળા પાત્રમાં) યતનાપૂર્વક હાથ તથા મુખથી નીચે ન વેરાય તેવી રીતે પોતે એકલો આહાર કરે ૯૬. તે આહાર તીખો, કડવો, કષાયેલો, ખાટો, મધુર અને ખારો હોય તો પણ, આ આહાર દેહના નિર્વાહના અર્થે મને મળેલો છે એમ જાણી, રાગદ્વેષ રહિતપણે જાણે સ્વાદિષ્ટ ઘી હોય નહિ ? તેમ માની તે ભોજન કરી લેવું. ૯૭. તે આહાર, હિંગ આદિના સંસ્કાર રહિત હોય, અગર વિરસ પૂરાણા ચોખાદિ હોય, શાકાદિ સહિત હોય અગર રહિત હોય, ઘણું વ્યંજન (શાક) હોય અગર થોડું વ્યંજન હોય, બોરનું ચૂરણ હોય કે, અડદનાં બાકળા હોય, પરિપૂર્ણ આહાર ન મલ્યો હોય, અગર મલ્યો હોય, તે અસાર હોય તો પણ સિદ્ધાંતની વિધિએ મળેલા નિર્દોષ આહારને નિંદવો નહિ, કારણ કે મંત્ર તંત્રાદિ વિના મળેલો છે. તથા સાધુ પોતે મુધાજીવી (એટલે જાત્યાદિ દેખાડ્યા વિના અગર નિદાન કર્યા વિના જીવન નિર્વાહ કરનાર છે,) માટે તેણે સંયોજનાદિ દોષ લગાડ્યા વિના તે ભોજન કરી લેવું. ૯૮-૯૯. કાંઈ પણ ઉપકાર કર્યા વિના ફોગટ આહારાદિ દેવાવાળા દુર્લભ છે, તેમ મંત્ર, તંત્રાદિ કરામત દેખાડ્યા વિના કેવળ ધર્મ પરાયણ રહી આહાર લેવાવાળા દુર્લભ છે. આ મુધાદાઇ શ્રાવક, તથા મુધાજીવી સાધુ એ બંન્ને સમુદાય સુગતિમાં જાય છે. ૧૦૦. ઇતિશ્રી પિંડેષણાધ્યયનનો પહેલો ઉદ્દેશો સમાપ્ત.

**।। અધ્યયન ૫મુ ઉદ્દેસો ૨ ગાથા ૧ થી ૫ ।।**

**પડિગ્ગહં સંલિહિત્તાણં, લેવમાયાએ સંજએ ।**
**દુગંધં વા સુગંધં વા, સવ્વં ભુંજે ન છડ્ડુએ ।।૧।।**

**સેજ્જા નિસીહિયાએ, સમાવન્નો ય ગોઅરે ।**
**અયાવયટ્ઠા ભુચ્ચાણં, જઈ તેણ ન સંથરે ।।૨।।**

તઓ કારણમુપ્પણ્ણે, ભત્તપાણં ગવેસએ ।
વિહિણા પુવ્વઉત્તેણ, ઇમેણં ઉત્તરેણ ય ॥૩॥

કાલેણ નિક્ખમે ભિક્ખૂ, કાલેણ ય પડિક્કમે ।
અકાલં ચ વિવજ્જિત્તા, કાલે કાલં સમાયરે ॥૪॥

અકાલે ચરસિ ભિક્ખૂ, કાલં ન પડિલેહસિ ।
અપ્પાણં ચ કિલામેસિ, સંનિવેસં ચ ગરિહસિ ॥૫॥

**અધ્યયન ૫મુ ઉદ્દેશા ૨ની ગાથા ૧ થી ૫ સુધીના છુટા શબ્દના અર્થ**

| | |
|---|---|
| પડિગ્ગહં-પાત્રાને | પુવ્વઉત્તેણ-પૂર્વોક્ત |
| સંલિહિતાણં-સારી પેઠે લોહીને | ઇમેણં-આ |
| દુગંધં-દુર્ગંધ | ઉત્તરેણ-આગળ કહેવાશે તે |
| ભુંજે-ખાય | કાલેણ-કાલે |
| સેજ્જા-ઉપાસરે | નિક્ખમે-ગોચરીએ જવું |
| નિસીહિયાએ-સ્વાધ્યાય ભૂમિમાં | પડિક્કમે-પાછો ફરે |
| સમાવન્નો-રહેલો | વિવજ્જિત્તા-વર્જિને |
| અયાવયટ્ઠા-સંયમના નિર્વાહને અર્થે સંપૂર્ણ નહિ | સમાયરે-સમાચરે |
| ભુચ્ચાણં-ભોજન કરીને | નપડિલેહસિ-જોતો નથી |
| સંથરે-નિર્વાહ થાય | કિલામેસિ-થકવે છે. |
| ઉપ્પણ્ણે-ઉત્પન્ન થયે છતે | સંનિવેસં-ગામ પ્રત્યે |
| વિહિણા-વિધિ વડે | ગરિહસિ-નિંદે છે. |

(ગયા પિંડેષણા ઉદ્દેશામાં આહાર સંબંધી કહેતાં જે કાંઈ બાકી રહ્યું છે તે આ ઉદ્દેશામાં કહે છે.)

**ભાવાર્થ :** સાધુઓએ આહાર કરતાં તે સુગંધી અગર દુર્ગંધવાળો હોય તો પણ તેનો ત્યાગ ન કરતાં તે પાત્રને લેપ પર્યંત સાફ થાય તેમ સર્વ ખાવું જોઈએ ૧ ઉપાશ્રય અગર સ્વાધ્યાય ભૂમિમાં રહેલો અગર ગોચરીએ ગયેલો જો તેણે સંપૂર્ણ આહાર ન કરેલો હોય અને જો તેનાથી નિર્વાહ ન થાય તો ૨ પૂર્વોક્ત વિધિએ અને આગળ કહેવામાં આવશે, તે વિધિએ કારણ ઉત્પન્ન થયે છતે બીજી વાર ભાત પાણીની ગવેષણા કરવી. ૩. (તે વિધિ બતાવે છે, કાલયતના) જે ગામમાં જે

અવસરે આહારની વેલા હોય તે સમયે સાધુએ ગોચરીએ જવું, અને સઘાય (સજ્ઝાય) કરવાના કાળે પાછું ફરવું. અકાલને મૂકીને જે કાર્ય કરવાનો અવસર હોય તે અવસરે તે કામ કરવું. ૪. (અકાલે ગોચરી ગએલા સાધુને ગોચરી ન મળવાથી ગામની નિંદા કરનાર સાધુને બીજા સાધુ કહે છે) હે સાધુ ! ગોચરીના વખતને જોતો નથી, અકાળ વેળાએ ગોચરી જાય છે, આત્માને ઝાઝું ફરવાથી કિલામણા પમાડે છે અને ગામની નિંદા કરે છે. ૫.

**સઈ કાલે ચરે ભિક્ખૂ, કુજ્જા પુરિસકારિઅં ।**
**અલાભુ ત્તિ ન સોએજ્જા, તવોત્તિ અહિઆસએ ॥૬॥**

**તહેવુચ્ચાવયા પાણા, ભત્તટ્ઠાએ સમાગયા ।**
**તં ઉજ્જુઅં ન ગચ્છિજ્જા, જયમેવ પરક્કમે ॥૭॥**

**ગોયરગ્ગપવિટ્ઠો અ, ન નિસીએજ્જ કત્થઇ ।**
**કહં ચ ન પબંધિજ્જા, ચિટ્ઠિત્તાણ વ સંજએ ॥૮॥**

**અગ્ગલં ફલિહં દારં, કવાડં વા વિ સંજએ ।**
**અવલંબિઆ ન ચિટ્ઠેજ્જા, ગોયરગ્ગગઓ મુણી ॥૯॥**

**અધ્યયન ૫મુ ઉદ્દેશા ૨ની ગાથા ૬ થી ૯ સુધીના છુટા શબ્દના અર્થ**

| | | |
|---|---|---|
| સઇ કાલે-વખત થએ છતે | પાણ-પ્રાણીઓ | કહં-કથા |
| ચરે-જાય | ભત્તટ્ઠાએ-ખાવાને માટે | પબંધિજ્જા-કરે |
| કુજ્જા-કરે, ફોરવે | સમાગયા-એકઠા થયેલા | ચિટ્ઠિત્તાણ-બેસીને |
| પુરિસકારિઅં-પુરુષાકાર | ઉજ્જુઅં-સન્મુખ | અગ્ગલં-ભૂગલ અથવા અરગલા |
| અલાભુત્તિ-અપ્રાપ્તિ થવાથી | જયં-જતનાએ | |
| સોએજ્જા-શોચ કરે | પરક્કમે-ચાલવું | ફલિહં-ફલક અથવા પરિઘ |
| તવોત્તિ-તપ થયો એમ | ગોયરગ્ગપવિટ્ઠો-ગોચરીએ ગએલો | દારં-બારણાની સાખ |
| અહિઆસે-ચિંતવે | | કવાડં-કમાડ |
| તહેવ-તેમજ | નિસીએજ્જ-બેસે | અવલંબિઆ-અવલંબીને અથવા અઠેલીને |
| ઉચ્ચાવયા-ઉંચી નીચી જાતનાં | કત્થઈ-કોઈ ઠેકાણે | |

**ભાવાર્થ :** જો આવી રીતના દોષો છે, તો અકાળે ગોચરી ન જતાં ગોચરીને કાળે સાધુએ ગોચરી જવું, અને પોતાના પુરુષાકારને ફોરવવો. ફરતાં પણ જો અલાભ

(ન મળવું) થવાથી શોક ન કરતાં આજ મને તપસ્યા થઈ એમ વિચારી ક્ષુધા સહન કરવી. ૬ (ક્ષેત્ર યતના કહે છે.) સાધુને ગોચરી જતાં રસ્તામાં બલિપ્રમુખ ખાવાને માટે હંસ, કાગડા પ્રમુખ પ્રાણીઓ એકઠાં થયાં હોય, તો તેના સન્મુખ ન ચાલતાં તેમને ત્રાસ ન થાય તેમ યતના પૂર્વક ચાલવું. ૭ ગોચરી ગએલ સાધુઓએ કોઈ ઠેકાણે બેસવું નહિ, તેમ બેસીને ધર્મ કથા પણ કરવી નહિ, કરવાથી અનેષણા તથા દ્વેષાદિ દોષનો પ્રસંગ થાય. ૮ (દ્રવ્ય યતના કહે છે.) ગોચરી ગએલ સાધુઓએ ભૂગલ, પરિઘ, બારણાની શાખ અને કમાડને અવલંબીને ઊભા રહેવું નહિ (તેમ કરવાથી લઘુતા તથા વિરાધના થવાનો સંભવ છે.) ૯.

**સમણં માહણં વા વિ, કિવિણં વા વણીમગં ।**
**ઉવસંકમંતં ભત્તટ્ઠા, પાણટ્ઠા એવ સંજએ ॥૧૦॥**

**તં અઇક્કમિત્તુ ન પવિસે, ન ચિટ્ઠે ચક્ખુગોયરં ।**
**એગંતમવક્કમિત્તા, તત્થ ચિટ્ઠિજ્જ સંજએ ॥૧૧॥**

**વણીમગસ્સ વા તસ્સ, દાયગસ્સુભયસ્સ વા ।**
**અપ્પત્તિઅં સિઆ હુજ્જા, લહુત્તં પવયણસ્સ વા ॥૧૨॥**

**પડિસેહિએ વ દિન્ને વા, તઓ તમ્મિ નિયત્તિએ ।**
**ઉવસંકમિજ્જ ભત્તટ્ઠા, પાણટ્ઠાએ વ સંજએ ॥૧૩॥**

**ઉપ્પલં પઉમં વા વિ, કુમુઅં વા મગદંતિઅં ।**
**અન્નં વા પુપ્ફસચ્ચિત્તં, તં ચ સંલુંચિઆ દએ ॥૧૪॥**

**તં ભવે ભત્તપાણં તુ, સંજયાણ અકપ્પિઅં ।**
**દિંતિઅં પડિઆઇક્ખે, ન મે કપ્પઇ તારિસં ॥૧૫॥**

**અધ્યયન ૫મુ ઉદ્દેશા ૨ની ગાથા ૧૦ થી ૧૫ સુધીના છુટા શબ્દના અર્થ**

| | | |
|---|---|---|
| માહણં-બ્રાહ્મણ | પાણટ્ઠા-પાણીને અર્થે | દાયગસ્સ-આપનારને |
| કિવિણં-કૃપણ | અઇક્કમિત્તું-ઓળંગીને | ઉભયસ્સ-બંનેનું |
| વણીમગં-દરિદ્ર | પવિસે-પેસે | અપ્પત્તિઅં-અપ્રીતિ |
| ઉવસંકમંતં-જતો | ચક્ખુગોયરે-નજરે પડતાં | લહુત્તં-લઘુતા |
| ભત્તટ્ઠા-ભાતને અર્થે | અવક્કમિત્તા-જઇને | પવયણસ્સ-પ્રવચનની |

| | | |
|---|---|---|
| પડિસેહિએ-નિષેધ કર્યે છતે | ઉપ્પલં-નીલું કમલ | મગદંતિઅં-મોગરાનું ફૂલ |
| દિન્ને-આપે છતે | પઉમં-રાતું કમળ (પદ્મ) | સંલુચિઆ-છેદીને |
| નિયતિએ-પાછો વળે | કુમુઅં-પોયણી, મેંદી | દએ-આપે |
| ઉવસંકમિજ્જ-જાય | | |

(ભાવ યતના કહે છે.)

**ભાવાર્થ :** શ્રમણ, બ્રાહ્મણ, કૃપણ અને દરિદ્ર એ ચારમાંથી કોઈ પણ ભાતપાણીને અર્થે નજીક જતો આવતો હોય તો સાધુએ તે શ્રમણાદિને ઓળંગીને ગૃહસ્થના ઘરમાં ન પેસતાં તેમ તેની દૃષ્ટિગોચર પણ ન ઊભો રહેતાં એકાંત સ્થળમાં જઈને ઊભા રહેવું. આમ કરવાનું કારણ એ છે કે તે દરિદ્રાદિકને તથા દેવાવાળાને અગર બેઉને કદાચિત્ અપ્રીતિ થાય તથા પ્રવચનનું લઘુપણું થાય. (૧૦-૧૧-૧૨) સાધુઓના પહેલાં જે શ્રમણાદિ ગૃહસ્થને ઘેર ઊભો રહે છે, તેને ગૃહસ્થે નિષેધ કર્યે છતે અગર આપ્યે છતે તે ઘરથી પાછો વળ્યા બાદ સાધુએ ભાતપાણી અર્થે તે ગૃહસ્થને ઘેર જવું. ૧૩. ઉત્પલ, પદ્મ, કુમુદ, મેંદી અગર માલતી અને બીજાં પણ સચિત્ત પુષ્પોને છેદીને દેવાવાળો જો આહાર પાણી આપે તો તે ભાતપાણી સાધુને અકલ્પનિક છે. દેવાવાળાને મના કરવી કે આવો આહાર પાણી અમને ન કલ્પે. ૧૪-૧૫.

**ઉપ્પલં પઉમં વા વિ, કુમુઅં વા મગદંતિઅં ।**
**અન્નં વા પુપ્ફસચ્ચિત્તં, તં ચ સંમદ્દિઆ દએ ॥૧૬॥**

**તં ભવે ભત્તપાણં તુ, સંજયાણ અકપ્પિઅં ।**
**દિંતિઅં પડિઆઇક્ખે, ન મે કપ્પઇ તારિસં ॥૧૭॥**

**સાલુયં વા વિરાલિયં, કુમુઅં ઉપ્પલનાલિઅં ।**
**મુણાલિઅં સાસવનાલિઅં, ઉચ્છુખંડં અનિવ્વુડં ॥૧૮॥**

**તરુણગં વા પવાલં, રુક્ખસ્સ તણગસ્સ વા ।**
**અન્નસ્સ વા વિ હરિઅસ્સ, આમગં પરિવજ્જએ ॥૧૯॥**

**તરુણિઅં વા છિવાડિં, આમિઅં ભજ્જિઅં સઇં ।**
**દિંતિઅં પડિઆઇક્ખે, ન મે કપ્પઇ તારિસં ॥૨૦॥**

### અધ્યયન ૫મુ ઉદ્દેશા ૨ ની ગાથા ૧૬ થી ૨૦ સુધીના છુટા શબ્દના અર્થ

| | |
|---|---|
| **સંમદ્દિઆ**-મર્દન કરીને | **રુખ્ખસ્સ**-વૃક્ષનો |
| **સાલુયં**-કમળનો કંદ | **તણગસ્સ**-તૃણના |
| **વિરાલિયં**-પલાશનો કંદ | **હરિઅસ્સ**-હરિતનાં |
| **કુમુઅં**-પોયણીનો | **આમગં**-કાચાં (સચિત) |
| **નાલિઅં**-નાલ | **તરુણિઅં**-જેમાં દાણો બંધાયો નથી એવી |
| **મુણાલિઅં**-કમળના તંતુ | **છિવાડિ**-મગફળી |
| **સાસવ**-સરસવ | **આમિઅં**-કાચી |
| **અનિવ્વુડં**-શસ્ત્ર પરિણત નહિ | **ભજ્જિઅં**-રાંધેલી |
| **તરુણગં**-તરુણ | **સઈ**-એકવાર |
| **પવાલં**-પ્રવાળ | |

**ભાવાર્થ :** ઉત્પલ, પદ્મ, કુમુદ, મેદી યા માલતી અગર બીજાં પણ સચિત્ત પુષ્પોનું મર્દન કરીને જો દાતા આહારાદિ આપે તો તે સાધુને અકલ્પનિક હોવાથી નહિ લેતાં મના કરવી. ૧૬-૧૭. શસ્ત્રથી નહિ પરિણમેલાં (સચિત્ત) ઉત્પલકંદ, પલાશકંદ, કુમુદનાલ ઉત્પલનાલ, પદ્મનો કંદ, સરસવની ડાંડલી સેલડીના કડકાઓ તથા વૃક્ષ, તૃણ અને હરિતાદિનાં સચિત્ત તરુણ પ્રવાલાંઓને સાધુઓએ લેવાં નહિ. ૧૮-૧૯. જેની અંદર દાણો નહિ બંધાએલ એવી મગ પ્રમુખની કાચી ફળીઓ તથા એકવાર ભુંજેલી મિશ્ર જો દેવાવાળી આપે તો મના કરવી કે મને તેવી કલ્પે નહિ ૨૦.

**તહા કોલમણુસ્સિન્નં, વેલુઅં કાસવનાલિઅં ।**
**તિલપપ્પડગં નીમં, આમગં પરિવજ્જએ ॥૨૧॥**

**તહેવ ચાઉલં પિટ્ઠં, વિઅડં વા તત્તનિવ્વુડં, ।**
**તિલપિટ્ઠ પૂઇપિન્નાગં, આમગં પરિવજ્જએ ॥૨૨॥**

**કવિટ્ઠં માઉલિંગં ચ, મૂલગં મૂલગત્તિઅં ।**
**આમં અસત્થપરિણયં, મણસા વિ ન પત્થએ ॥૨૩॥**

**તહેવ ફલમંથૂણિ, બીઅમંથૂણિ જાણિઅ ।**
**બિહેલગં પિયાલં અ, આમગં પરિવજ્જએ ॥૨૪॥**

**સમુઆણં ચરે ભિક્ખૂ, કુલમુચ્ચાવયં સયા ।**
**નીયં કુલમઇક્કમ્મં, ઊસઢં નાભિધારએ ॥૨૫॥**

**અધ્યયન ૫મુ ઉદ્દેશા ૨ની ગાથા ૨૧ થી ૨૫ સુધીના છુટા શબ્દના અર્થ**

| | |
|---|---|
| **કોલં**-બોર | **મૂલગત્તિઅં**-મૂળાનો કાંદો |
| **અણુસ્સિન્નં**-નહિ રાંધેલું | **અસત્થપરિણયં**-શસ્ત્રથી નહિ પરિણમેલું |
| **વેલુઅં**-વાંસકારેલું | **ન પત્થએ**-ન માગે |
| **કાસવનાલિઅં**-શ્રીપર્ણ વૃક્ષનું ફળ | **ફલમંથૂણિ**-બોરનું ચુરણ |
| **પપ્પડગં**-પાપડી | **બીઅમંથૂણિ**-જવ વગેરેનો લોટ |
| **નીમં**-લીંબોળી | **જાણિઅ**-જાણીને |
| **ચાઉલં**-ચોખાનો | **બિહેલગં**-બહેડાનું ફળ |
| **વિઅડં**-કાચું પાણી | **પિયાલં**-રાયણનું ફળ |
| **તત્તનિવ્વુડં**-ત્રણ ઉકાળા આવ્યા વિનાનું પાણી | **સમુઆણં**-શુદ્ધ ભિક્ષાને માટે |
| **તિલપિટ્ઠ**-તલનો લોટ | **નીયં**-નીચું |
| **પૂઇ પિન્નાગં**-સર્ષવનો ખોળ | **અઇક્કમ્મં**-ઓળંગીને |
| **કવિટ્ઠં**-કોઠ | **ઊસઢં**-ધનાઢય |
| **માઉલિંગં**-બીજોરાનું ફળ | **નાભિધારયે**-જાય નહિ |
| **મૂલગં**-મૂળો | |

**ભાવાર્થ** : તેમજ બોર, વાંસકારેલાં, શ્રીપર્ણીફળ, તલસાંકડળી અને લીંબડાના **ફળો રાંધ્યા** વિનાનાં તથા બીજાં પણ શસ્ત્રોથી નહિ પરિણમેલાં લેવાં નહિ. ૨૧ તેમજ ચોખાનો લોટ, કાચું પાણી, ત્રણ ઉકાળા આવ્યા વિનાનું પાણી, તલનો લોટ અને સર્ષવનો ખોળ આ પાંચ કાચાં સાધુએ લેવાં નહિ. ૨૨ શસ્ત્રથી પરિણમ્યા વિનાનાં કાચાં કોઠનાં ફળ, બીજોરાનાં ફળ, મૂળાનાં પાંદડાદિ અને મૂળાનો કાંદો એ સર્વે સાધુએ મનથી પણ ઇચ્છવાં નહિ; તેમજ બોરડીના ફળનું ચુરણ, જવાદિનું ચુરણ (લોટ) બહેડાનું ફળ અને રાયણનાં કાચાં પરિણમ્યા વિનાનાં ફલ લેવાં નહિ. ૨૪ શુદ્ધ ભિક્ષાને માટે સાધુઓએ ધનાઢ્યનાં તેમ ગરીબનાં જે નિંદનીક ન હોય તેવાં ઘેર નિરંતર જવું જોઈએ, પણ રસ્તામાં આવતાં ગરીબનાં ઘરો ઓળંગીને (મૂકીને) પૈસાદારને ઘેર જવું નહિ. ૨૫

અદીણો વિત્તિમેસિજ્જા, ન વિસીઇજ્જ પંડિએ ।
અમુચ્છિઓ ભોઅણંમિ, માયણ્ણે એસણારએ ॥૨૬॥

બહું પરઘરે અત્થિ, વિવિહં ખાઇમસાઇમં ।
ન તત્થ પંડિઓ કુપ્પે, ઇચ્છા દિજ્જ પરો ન વા ॥૨૭॥

સયણાસણવત્થં વા, ભત્તપાણં વ સંજએ ।
અદિંતસ્સ ન કુપ્પિજ્જા, પચ્ચક્ખે વિ અ દીસઓ ॥૨૮॥

ઇત્થિઅં પુરિસં વાવિ, ડહરં વા મહલ્લગં ।
વંદમાણં ન જાઇજ્જા, નો અણં ફરુસં વએ ॥૨૯॥

જે ન વંદે ન સે કુપ્પે, વંદિઓ ન સમુક્કસે ।
એવમન્નેસમાણસ્સ, સામણ્ણમણુચિટ્ઠઇ ॥૩૦॥

**અધ્યયન ૫મુ ઉદ્દેશા ૨ની ગાથા ૨૬ થી ૩૦ સુધીના છુટા શબ્દના અર્થ**

| | |
|---|---|
| અદીણો-અદીનપણે | અદિંતસ્સ-નહિ આપનાર ઉપર |
| વિત્તિમ્-વૃત્તિને | કુપ્પિજ્જા-કોપ કરે |
| એસિજ્જા-ગવેષણા કરે | પચ્ચક્ખે-પ્રત્યક્ષ |
| વિસીઇજ્જ-વિષાદ પામે | દીસઓ-દેખાતો |
| પંડિએ-પંડિત | ઇત્થિઅં-સ્ત્રી ડહરં-છોકરું |
| અમુચ્છિઓ-મુર્છા રહિત | મહલ્લગં-મોટાને, વૃદ્ધને |
| ભોઅણંમિ-ભોજનને વિષે | વંદમાણં-વાંદતાને |
| માયણ્ણે-માપને જાણનારો | જાઇજ્જા-જાચે (યાચે) |
| એસણારએ-દોષ રહિત આહાર લેવામાં રક્ત | અણં-આને |
| બહું-ઘણું પરઘરે-પારકે ઘેર | ફરુસં-કઠોર વચન |
| અત્થિ-છે | વએ-કહે વંદે-વાંદે |
| કુપ્પે-કોપાયમાન થાય | સે-તેના ઉપર |
| ઇચ્છા-ઇચ્છા હોય તો | સમુક્કસે-ગર્વ ન કરે |
| દિજ્જ-આપે | અન્નેસમાણસ્સ-(ભગવાનની) આજ્ઞા પાલનારને |
| પરો-ગૃહસ્થ | સામણ્ણં-ચારિત્ર |
| સયણાસણ-શયન અને બેઠક | અણુચિટ્ઠઇ-પળાય છે |

**ભાવાર્થ :** ભોજનમાં મૂર્ચ્છારહિત પોતના ભોજનના પરિમાણનો જાણ અને એષણામાં રક્ત એવા પંડિત સાધુએ આહાર પાણી ન મળતાં વિખવાદ ન પામવો, પણ દીનતા રહિતપણે વૃત્તિની ગવેષણા કરવી. ૨૬ ગૃહસ્થના ઘરમાં નાના પ્રકારનું ખાદિમ સ્વાદિમ ઘણું છે, પણ તે ન આપે તો પંડિત પુરુષે તેમના ઉપર કોપ કરવો નહિ; કારણ કે તેની ઇચ્છા હોય તો ગૃહસ્થ આપે અગર ન આપે. ૨૭ ગૃહસ્થના ઘરમાં પ્રત્યક્ષ દેખાતાં શયન, આસન, વસ્ત્ર, ભાત અને પાણીને ગૃહસ્થ ન આપે તો કોપ કરવો નહિ. ૨૮ સ્ત્રી અગર પુરુષ, બાળક અગર વૃદ્ધ વંદના કરનારની પાસે સાધુએ યાચના કરવી નહિ, તેમ કરવાથી તેનો ભાવ તુટી જાય છે; તેમ શુદ્ધ આહારના અભાવે ન આપે તો તેને કઠોર વચન કહેવાં નહિ. (જેમ કે આહાર પાણી તો આપતો નથી, માટે તારું વાંદવું વૃથા છે) ૨૯ જો ગૃહસ્થ વંદના ન કરે તો પણ તેના ઉપર કોપ કરવો નહિ અને જો રાજા પ્રમુખ વંદના કરે તો ગર્વ કરવો નહિ. આમ આ બે પ્રકારે ભગવંતની આજ્ઞા પાલનારનું ચારિત્ર અખંડિત પળાય છે. ૩૦

**સિઆ એગઇઓ લદ્‌ધું, લોભેણ વિણિગૂહઇ ।**
**મામેયં દાઇયં સંતં, દટ્ઠૂણં સયમાયએ ॥૩૧॥**

**અત્તટ્ઠા ગુરુઓ લુદ્ધો, બહું પાવં પકુવ્વઇ ।**
**દુત્તોસઓ અ સો હોઇ, નિવ્વાણં ચ ન ગચ્છઇ ॥૩૨॥**

**સિઆ એગઇઓ લદ્‌ધું, વિવિહં પાણભોઅણં ।**
**ભદ્દગં ભદ્દગં ભુચ્ચા, વિવન્નં વિરસમાહરે ॥૩૩॥**

**જાણંતુ તા ઇમે સમણા, આયયટ્ઠી અયં મુણી ।**
**સંતુટ્ઠો સેવએ પંતં, લૂહવિત્તી સુતોસઓ ॥૩૪॥**

**પૂઅણટ્ઠા જસોકામી, માણસમ્માણકામએ ।**
**બહું પસવ્વઈ પાવં, માયાસલ્લં ચ કુવ્વઇ ॥૩૫॥**

**અધ્યયન ૫મુ ઉદ્દેશા ૨ની ગાથા ૩૧ થી ૩૫ સુધીના છુટા શબ્દના અર્થ**

| | | | |
|---|---|---|---|
| સિઆ-કદાચિત્ | લદ્ધું-પામીને | વિણિગૂહઇ-સંતાડે | દાઇયં-દેખાડ્યો |
| એગઇઓ-એક સાધુ | લોભેણ-લોભ વડે | મામેયં-મારો આ | સંતં-છતો |

| | | |
|---|---|---|
| **દઠ્ઠુણં**-જોઈને | **ભદ્દગં**-સારું | **સેવએ**-સેવે છે. |
| **સયં**-પોતે | **ભુચ્ચા**-ખાઈને | **પંતં**-પ્રાન્ત, તુચ્છ. |
| **આયએ**-ગ્રહણ કરે | **વિવન્નં**-વર્ણ રહિત | **લૂહવિત્તી**-લુખી વૃત્તિવાળો |
| **અત્તટ્ઠા**-પોતાનો સ્વાર્થ | **વિરસં**-વિરસ, રસ રહિત | **સુતોસઓ**-અતિ સંતોષ પામેલો |
| **ગુરુઓ**-મોટો | **આહરે**-લાવે | |
| **લુદ્ધો**-લોભીઓ | **જાણન્તુ**-જાણે | **પૂઅણટ્ઠા**-પૂજાવાનો અર્થી |
| **પકુવ્વઇ**-કરે | **તા**-પ્રથમ | **જસોકામી**-જશ ઇચ્છનાર |
| **દુત્તોસઓ**-જેવા તેવા આહારે સંતોષ ન પામવાવાળો | **ઇમે**-આ | **કામએ**-ઇચ્છા રાખે |
| | **આયયટ્ઠી**-મોક્ષનો અર્થી | **પસવ્વઈ**-ઉત્પન્ન કરે |
| **નિવ્વાણં**-મોક્ષે | **અયં**-આ | **માયાસલ્લં**-માયાશલ્ય |
| **વિવિહં**-વિવિધ પ્રકારનું | **સંતુટ્ઠો**-સંતુષ્ટ | **કુવ્વઇ**-કરે |

(સાધુપક્ષની ચોરી ન કરવી તે દેખાડે છે.)

**ભાવાર્થ :** કદાચ કોઈ એકલો સાધુ સરસ ગોચરી લાવી લોભના વશથી નીરસ આહાર ઉપર નાંખીને છુપાવે, કારણ કે જો આ સારો આહાર આચાર્યાદિને બતાવીશ તો તે દેખીને પોતે ગ્રહણ કરશે. ૩૧ પોતાના સ્વાર્થને જ પ્રધાન માનવાવાળો આ લુબ્ધ સાધુ ઘણાં પાપ ઉપાર્જન કરે છે. આ ભવમાં જેવા તેવા આહારથી તે સંતોષ પામતો નથી. આજ કારણથી તે મોક્ષ પામતો નથી. ૩૨ કદાચ કોઈ એકલો સાધુ ગોચરીમાં નાના પ્રકારના સરસ આહાર મેળવીને ત્યાં જ સારો સારો આહાર ખાઈને રસ વિનાનો બીજો આહાર ઉપાશ્રયમાં લાવે, ૩૩ તો (આમ કરવાનું કારણ એ છે કે) આ બીજા સાધુઓ મનમાં એમ સમજશે કે આ સાધુ આત્માર્થી, સંતોષવાળો અંત પ્રાંત આહાર ખાવાવાળો, લુખી વૃતિવાળો અને સુખે સંતોષી શકાય તેમ છે. ૩૪ આ સાધુ પૂજાનો અર્થી, યશનો કામી, અને માન સન્માનને માટે માયાશલ્યને કરે છે, તેનાથી તે ઘણાં પાપ પેંદા કરે છે. ૩૫

**સુરં વા મેરગં વા વિ, અન્નં વા મજ્જગં રસં ।**
**સસક્ખં ન પિબે ભિક્ખૂ, જસં સારક્ખમપ્પણો ॥૩૬॥**

**પિયા એગઇઓ તેણો, ન મે કોઇ વિઆણઇ ।**
**તસ્સ પસ્સહ દોસાઇં, નિઅડિં ચ સુણેહ મે ॥૩૭॥**

વડ્ઢઇ સુંડિઆ તસ્સ, માયામોસં ચ ભિક્ખુણો ।
અયસો અ અનિવ્વાણં, સયયં ચ અસાહુઆ ॥૩૮॥

નિચ્ચુવ્વિગ્ગો જહા તેણો, અત્તકમ્મેહિં દુમ્મઇ ।
તારિસો મરણંતે વિ, ન આરાહેઇ સંવરં ॥૩૯॥

આયરિએ નારાહેઇ, સમણે આવિ તારિસે ।
ગિહત્થાવિ ણં ગરિહંતિ, જેણ જાણંતિ તારિસં ॥૪૦॥

**અધ્યયન ૫મુ ઉદ્દેશા ૨ની ગાથા ૩૬ થી ૪૦ સુધીના છુટા શબ્દના અર્થ**

| | | |
|---|---|---|
| સુરં-જવ પિષ્ટાદિક પ્રમુખનો દારુ | પસ્સહ-જુઓ | નિચ્ચુવ્વિગ્ગો-નિરંતર ઉદ્વેગવાળો, |
| મેરગં-મહુડાનો દારુ | દોસાઇ-દોષોને | અત્તકમ્મેહિં-પોતાના કર્મો વડે |
| મજ્જગં-માદક, મદ્ય સંબંધી | નિઅડિં-માયાને | દુમ્મઇ-દુર્મતિ |
| સસક્ખં-સાક્ષિ સહિત | વડ્ઢઇ-વધે છે. | ન આરાહેઇ-ન આરાધે |
| જસં-યશ. | સુંડિઆ-આસક્તિ | આયરિય-આચાર્યને |
| અપ્પણો-પોતાનો | માયામોસં-માયામૃષા | સમણે-સાધુઓને |
| સારક્ખં-સંરક્ષણ | અયસો-અપયંશ | આવિ-પણ |
| પિયા-પીએ | અનિવ્વાણં-અતૃપ્તિ | ગિહત્થા-ગૃહસ્થો |
| એગઇઓ-એકલો | સયયં-નિરંતર | વિ-પણ |
| તેણો-ચોર | અસાહુઆ-અસાધુતા | ગરિહંતિ-નિંદા કરે છે. |
| વિઆણઇ-જાણે | | |

**ભાવાર્થ :** પોતાના જશ (સંયમ)ના રક્ષણ કરવાવાળા સાધુઓએ (સસાક્ષી) કેવલી ભગવાને નિષેધ કરેલ જવ પિષ્ટાદિથી પેંદા થએલ મદિરા, મહુડા પ્રમુખનો દારુ તથા બીજો પણ માદક રસ પીવો નહિ. ૩૬ જો કોઈ સાધુ ભગવાનની આજ્ઞાનો ચોર થઈને "મને કોઈ જાણતું નથી" એમ ધારી એકાંત સ્થળમાં રહીને દારુ પીએ છે (હે શિષ્યો ! હું તમને) તેના દોષો તથા તેની કરેલી માયા બતાવું છું તે તમે સાંભળો. ૩૭ તે મદિરા પીવાવાળા સાધુને આસક્તિ વધે છે, તેમ કોઈના પૂછવાથી ના પાડે છે, કે મદિરા પીધી નથી; તેથી માયામૃષાવાદ પણ લાગે છે. સ્વપક્ષ, પરપક્ષમાં અપકીર્તિ વધે છે. તેમજ તે વસ્તુ ન મળવાથી અતૃપ્તિ રહ્યાં કરે છે; અને ચારિત્રને બાધ આવવાથી લોકમાં નિરંતર અસાધુતા વધે છે. ૩૮

જેમ ચોર પોતાના કર્મ વડે નિરંતર ઉદ્વેગવાળો રહે છે તેમ ચોરની માફક સંક્લિષ્ટ ચિત્તવાળો આ દુર્મતિ સાધુ મરણાંત આવે છતે પણ સંવરને આરાધી શકતો નથી. ૩૯ મદિરા પાન કરવાવાળો, આચાર્યની તેમજ સાધુઓની પણ આરાધના, સેવા કરી શકતો નથી, તેમ ગૃહસ્થો પણ તેની નિંદા કરે છે, કારણ કે તેના દુષ્ટ આચારને તેઓ જાણે છે. ૪૦

**એવં તુ અગુણપ્પેહી, ગુણાણં ચ વિવજ્જાઓ ।**
**તારિસો મરણં તેવિ, ણ આરાહેઈ સંવરં ॥૪૧॥**

**તવં કુવ્વઇ મેહાવી, પણીઅં વજ્જએ રસં ।**
**મજ્જપ્પમાયવિરઓ, તવસ્સી અઇઉક્કસો ॥૪૨॥**

**તસ્સ પસ્સહ કલ્લાણં, અણેગસાહુપૂઇઅં ।**
**વિઉલં અત્થસંજુત્તં, કિત્તઇસ્સં સુણેહ મે ॥૪૩॥**

**એવં તુ સ ગુણપ્પેહી, અગુણાણં ચ વિવજ્જઓ ।**
**તારિસો મરણંતે વિ, આરાહેઇ અ સંવરં ॥૪૪॥**

**આયરિએ આરાહેઇ, સમણે આવિ તારિસે ।**
**ગિહત્થા વિ ણં પૂયંતિ, જેણ જાણંતિ તારિસં ॥૪૫॥**

**અધ્યયન ૫મુ ઉદ્દેશા ૨ની ગાથા ૪૧ થી ૪૫ સુધીના છુટા શબ્દના અર્થ**

| | |
|---|---|
| **અગુણપ્પેહી**-અવગુણના સ્થાનને જોનાર | **તવસ્સી**-તપસ્વી |
| **ગુણાણં**-ગુણો | **અઇઉક્કસો**-અતિ ઉત્કર્ષ |
| **વિવજ્જઓ**-ત્યાગ કરનાર | **પસ્સહ**-જુઓ |
| **કુવ્વઇ**-કરે | **કલ્લાણં**-ગુણ સંપદાવાળા સંયમરૂપ કલ્યાણ |
| **મેહાવી**-બુદ્ધિમાન્ | **પૂઇઅં**-પૂજિત |
| **પણિઅં**-સ્નિગ્ધ (ઘી જેવા) | **વિઉલં**-વિસ્તીર્ણ |
| **મજ્જ**-મદ્ય | **અત્થસંજુત્તં**-મોક્ષાર્થ યુક્ત |
| **પ્પમાય**-પ્રમાદ | **કિત્તઇસ્સં**-કહીશ |
| **વિરઓ**-વિરક્ત | **પૂયન્તિ**-પૂજે છે. |

**ભાવાર્થ :** એમ અવગુણના સ્થાનને જોનાર અને ગુણોનો ત્યાગ કરનાર એવો તે મરણાંતે પણ સંવરને આરાધી શકતો નથી. ૪૧ માટે બુદ્ધિમાન્, તપસ્વી અને

ગર્વરહિત એવા સાધુઓએ સ્નિગ્ધ ઘૃતાદિ તથા મદિરાપાનના પ્રમાદનો ત્યાગ કરીને તપસ્યા કરવી. ૪૨ પૂર્વોક્ત ગુણવાળા સાધુના ગુણ સંપદાવાળા સંયમને તમે જુઓ. જે અનેક સાધુથી સેવાએલ વિસ્તીર્ણ અને મોક્ષાર્થ સહિત છે, તેનું વર્ણન હું કરીશ તે તમે સાંભળો. ૪૩ એમ અપ્રમાદાદિ ગુણને જોનારો તથા પ્રમાદાદિ અવગુણોનો ત્યાગ કરનારો, આવા શુદ્ધ આચારને પાળવાવાળો મરણાંતે પણ સંવરને આરાધે છે. ૪૪ આવા ગુણવાળો સાધુ આચાર્યની તેમજ સાધુઓની પણ આરાધના કરે છે અને ગૃહસ્થો પણ તેની પૂજા કરે છે, કારણ કે તેના શુદ્ધ ધર્મને તેઓ જાણે છે. ૪૫

**તવતેણે વયતેણે, રૂવતેણે અ જે નરે ।**
**આયારભાવતેણે અ, કુવ્વઇ દેવકિવ્વિસં ॥૪૬॥**

**લદ્ધૂણ વિ દેવત્તં, ઉવવન્નો દેવકિવ્વિસે ।**
**તત્થા વિ સે ન યાણાઇ, કિં મે કિચ્ચા ઇમં ફલં ॥૪૭॥**

**તત્તો વિ સે ચઇત્તાણં, લબ્ભિહી એલમૂઅગં ।**
**નરયં તિરિક્ખજોણિં વા, બોહી જત્થ સુદુલ્લહા ॥૪૮॥**

**એઅં ચ દોસં દટ્ઠૂણં, નાયપુત્તેણ ભાસિઅં ।**
**અણુમાયં પિ મેહાવી, માયામોસં વિવજ્જએ ॥૪૯॥**

**સિક્ખિઊણ ભિક્ખેસણસોહિં, સંજયાણ બુદ્ધાણ સગાસે ॥**
**તત્થ ભિક્ખૂ સુપ્પણિહિઇંદિએ, તિવ્વલજ્જ ગુણવં વિહરિજ્જાસિ**
**॥ ત્તિબેમિ ॥ ૫૦॥**

**સંમત્તંપિંડેસણાનામજ્ઝેયણં પંચમં ॥**

**અધ્યયન ૫મુ ઉદ્દેશા ૨ની ગાથા ૪૬ થી ૫૦ સુધીના છુટા શબ્દના અર્થ**

| | |
|---|---|
| **તવતેણે**-તપનો ચોર | **દેવકિવ્વિસં**-કિલ્બિષ દેવતા (નીચ જાતિના દેવતા) |
| **વયતેણે**-વચનનો ચોર | **લધ્ધૂણ**-પામીને |
| **રૂવતેણે**-રૂપનો ચોર | **દેવત્તં**-દેવપણું |
| **આયાર**-આચાર | **ઉવવન્નો**-ઉત્પન્ન થયો |
| **ભાવતેણે**-ભાવનો ચોર | **તત્થાવિ**-તે ભવમાં પણ |
| **કુવ્વઇ**-પેદા કરે છે. | **તત્તો**-ત્યાંથી |

| | |
|---|---|
| **ચઇત્તાણં**-ચવીને | **અણુમાયં**-લગાર માત્ર |
| **લબ્ભિહિ**-પામશે | **સિક્ખિઊણ**-શિખીને |
| **એલ**-બકરો | **ભિક્ખેસણસોહિં**-ભિક્ષાની ગવેષણાની શુદ્ધિ |
| **મૂઅગં**-મૂગાપણું | **બુદ્ધાણ**-તત્ત્વના જાણ |
| **નરયં**-નરક | **સગાસે**-પાસે |
| **તિરિક્ખ**-તિર્યંચયોની | **સુપ્પણિહિઈંદિએ**-નિશ્ચલ, સમતાભાવે રાખી છે પાંચે ઇંદ્રિયો જેણે એવો |
| **બોહી**-સમકિત | **તિવ્વલજ્જ**-અનાચાર કરવામાં તિવ્ર લાજવાળો |
| **જત્થ**-જ્યાં | **ગુણવં**-ગુણવાન્ |
| **સુદુલ્લહા**-અતિશે દુર્લભ | **વિહરિજ્જાસિ**-તુ વિચરજે |
| **એઅં**-આ | **ત્તિબેમિ**-એમ હું કહું છું |
| **દક્ષુણં**-જોઈને | |
| **નાયપુત્તેણ**-જ્ઞાતપુત્ર મહાવીર સ્વામીએ | |

**ભાવાર્થ :** તપનો ચોર, વચનનો ચોર, રૂપનો ચોર, આચારનો ચોર અને ભાવનો ચોર આ પાંચ જાતિના ચોરો ચારિત્ર પાળવા છતાં (કિલબિષ) નીચ જાતિના દેવોમાં પેદા થાય છે. ૧ તપનો ચોર-તે પોતે તપસ્વી ન છતાં હા પાડવી-મૌન રહેવું, અગર સામાન્ય વચન બોલવું; જેમ કે કોઈ દુર્બળ સાધુને કોઈએ પૂછ્યું કે તમે તપસ્વી છો, ત્યારે કાંઈ ઉત્તર ન આપવાથી સામો માણસ સમજે કે આજ તપસ્વી છે, અથવા પોતે તપસ્વી ન છતાં હા પાડવી કે હું તપસ્વી છું; અથવા એમ કહે કે સાધુ સર્વે તપસ્યાવાળા જ હોય છે, આથી સામો માણસ એમ સમજે છે, કે આજ તપસ્વી છે; કેમ કે મહાત્મા પુરુષો પોતાને મોઢે પોતાના ગુણો બોલે નહિ, માટે સામાન્ય વચન બોલે છે. ૨ વચનનો ચોર-તે શાસ્ત્રની વાત ન જાણતો પણ વચનકલાથી સભા રંજન કરે તેને કોઈ પૂછે કે તમે આચારાંગાદિ સૂત્રો ભણ્યા છો ? ત્યારે સામાન્ય ઉત્તર તરીકે કહે કે સાધુઓ તો ભણે જ તે વિગેરે. ૩ રૂપનો ચોર-તે રૂપવાન્ જોઈ કોઈ પૂછે કે તમે રાજાના પુત્ર હતા ? ત્યારે મૌન રહે વિગેરે. ૪ આચારનો ચોર-વૈરાગ્ય વિના બાહ્યક્રિયા કરતો દેખી કોઈ પૂછે કે હે સ્વામિન્ ! મહા આચારવાળા અમુક આચાર્યના શિષ્ય સાંભળ્યા છે તે તમે જ છો કે ? ત્યારે મૌન રહે વિગેરે. ૫ ભાવનો ચોર-તે સૂત્રાદિના સંદેહ વિષે કોઈ ગીતાર્થને પૂછે તે જ્યારે ઉત્તર આપે ત્યારે પોતે કહે કે હું પણ

એમ જ જાણું છું, પણ તમારી પરીક્ષા માટે મેં પૂછ્યું હતું; પણ સીધો ઉત્તર ન આપે કે મેં જાણવા માટે પૂછ્યું હતું. આમ કરવાવાળા કિલબિષ દેવપણે પેંદા થાય છે. ૪૬ પૂર્વોક્ત ક્રિયા કલાપે કરી દેવપણું પામી કિલબિષ દેવપણે પેંદા થયો ત્યાં પણ નિર્મલ અવધિજ્ઞાન વિના તેને ખબર પડતી નથી કે મેં પાછલા ભવમાં શું કાર્ય કર્યું કે તેથી કિલબિષ દેવપણે પેંદા થયો. ૪૭ તે સાધુ તે દેવપણાથી ચ્યવીને મનુષ્યપણાને વિષે બકરાની માફક બોલવાપણું પામશે અને પરંપરાએ નરક તથા તિર્યંચની યોનિને પામશે, કે જ્યાં જૈન ધર્મની પ્રાપ્તિ દુર્લભ છે. ૪૮ સાધુપણું પાળે છતે પણ કિલબિષ દેવપણે પેંદા થવારૂપ દોષોને દેખીને જ્ઞાતપુત્ર શ્રીમન્ વર્ધમાન્ સ્વામીએ કહ્યું છે, કે બુદ્ધિમાન્ પુરુષોએ જરા માત્ર પણ માયામૃષાવાદનો ત્યાગ કરવો. ૪૯ આ પિંડેષણાની શુદ્ધિને તત્ત્વના જાણ સંયમવાન્ ગુર્વાદિકની પાસે શીખીને તે એષણા સમિતિને વિષે (શ્રોત્રાદિ) પાંચ ઇંદ્રિયોથી ઉપયોગવાન્ થઈને તથા અનાચાર કરવામાં તીવ્ર લજ્જાવાન થઈને પૂર્વે કહેલા સાધુના ગુણોએ કરી સહિત વિચરવું ૫૦ ॥ ઇતિ પિંડેષણાધ્યયનં સમાપ્તમ્ ॥

## ॥ અથ મહાચારકથાખ્યં ષષ્ઠમધ્યયનમ્ ॥

**નાણદંસણસંપન્નં, સંજમે અ તવે રયં ।**
**ગણિમાગમસંપન્નં, ઉજ્જાણમ્મિ સમોસઢં ॥૧॥**

**રાયાણો રાયમચ્ચા ય, માહણા અદુવ ખત્તિઆ ।**
**પુચ્છંતિ નિહુઅપ્પાણો, કહં ભે આયારગોયરો ॥૨॥**

**તેસિં સો નિહુઓ દંતો, સવ્વભૂઅસુહાવહો ।**
**સિક્ખાએ સુસમાઉત્તો, આયક્ખઇ વિઅક્ખણો ॥૩॥**

**હંદિ ધમ્મત્થકામાણં, નિગ્ગંથાણં સુણેહ મે ।**
**આયારગોઅરં ભીમં, સયલં દુરહિટ્ઠિઅં ॥૪॥**

**નન્નત્થ એરિસં વુત્તં, જં લોએ પરમદુચ્ચરં ।**
**વિઉલટ્ઠાણભાઇસ્સ, ન ભૂઅં ન ભવિસ્સઇ ॥૫॥**

## અધ્યયન ૬ની ગાથા ૧ થી ૫ સુધીના છુટા શબ્દના અર્થ

| | |
|---|---|
| **નાણ દંસણ સંપન્નં**-જ્ઞાન દર્શનયુક્ત | **આઇક્ખઇ**-કહે |
| **રયં**-રક્ત, આસક્ત | **વિઅક્ખણો**-વિચક્ષણ |
| **ગણિમ**-આચાર્યને | **હંદિ**-હે (રાજાદિકો) ? |
| **આગમસંપન્નં**-આગમના જાણનાર | **ધમ્મત્થકામાણં**-ધર્મ તેજ પ્રયોજનની અભિલાષાવાળા |
| **ઉજ્જાણમ્મિ**-ઉદ્યાનને વિષે | **સુણેહ**-સાંભળો |
| **સમોસઢં**-સમોસરેલા | **મે**-મને |
| **રાયાણો**-રાજાઓ | **ભીમં**-ભયંકર |
| **રાયમચ્ચા**-રાજાના પ્રધાન | **સયલં**-સઘળો |
| **માહણા**-બ્રાહ્મણ | **દુરહિઢ્ઢિયં**-દુઃખે આશ્રય કરવા યોગ્ય |
| **અદુવ**-અથવા, અગર | **નન્નત્થ**-બીજે ઠેકાણે નહિ |
| **ખત્તિઆ**-ક્ષત્રિયો | **એરિસં**-એવું |
| **નિહુઅપ્પાણો**-નિશ્ચલ મનથી હાથ જોડીને | **વુત્તં**-કહેલું |
| **કહં**-કેવો **ભે**-ભગવંત | **દુચ્ચરં**-દુષ્કર |
| **આયારગોયરો**-આચાર વિષય | **વિઉલ ઠાણ ભાઇસ્સ**-સંયમ સ્થાનને સેવનારાને |
| **નિહુઓ**-અસંભ્રાંત | **ભૂઅં**-થયું |
| **દંતો**-ઇંદ્રિયને દમનાર | **ભવિસ્સઇ**-થશે |
| **સવ્વભૂઅસુહાવહો**-સર્વ પ્રાણીઓને હિતકારી એવા | |
| **સિક્ખાએ**-શિક્ષાવડે **સુસમાઉત્તો**-યુક્ત | |

ગયા અધ્યયનમાં ભિક્ષાની શુદ્ધિ બતાવી તે ગોચરી ગએલા સાધુને કોઈ, સાધુનો આચાર પૂછે, તો ત્યાં વિસ્તારથી ઉત્તર ન આપતાં કહેવું કે ઉદ્યાનમાં કે બીજે સ્થળે અમારા ગુરુ મહારાજ છે, તે કહેશે. આ સંબંધી પ્રાપ્ત થએલ સાધુના આચારનું વર્ણન આ અધ્યયનમાં કહેવાશે.

**ભાવાર્થ :** જ્ઞાન દર્શનયુક્ત, સંયમ અને તપમાં આસક્ત, આગમસંપન્ન, ઉદ્યાનમાં સમવસરેલા આચાર્ય પ્રત્યે રાજા પ્રધાન બ્રાહ્મણ અગર ક્ષત્રિયાદિ હાથ જોડીને પૂછે, કે હે મહારાજ ! તમારો આચાર વિચાર કેવી રીતે છે ? ૧-૨ અસંભ્રાંત, ઇંદ્રિયોને દમનાર, સર્વ પ્રાણીઓને હિતકારી અને ગ્રહણ આસેવણારૂપ શિક્ષાએ યુક્ત એવા વિચક્ષણ આચાર્યે તે રાજાદિક પ્રશ્ન પૂછનારને ઉત્તર આપવો. ૩ હે

રાજાદિકો ! ધર્મ તેજ પ્રયોજનની અભિલાષાવાળા નિર્ગ્રંથોનો આચાર હું કહું છું, તે તમો સાંભળો. આ નિર્ગ્રંથોનો આચાર કર્મશત્રુને મહા ભયંકર છે. તેમ અલ્પ સત્ત્વવાળા પ્રાણીઓને સંપૂર્ણ રીતે દુઃખે આશ્રય કરી શકાય તેમ છે. ૪ હે રાજાદિકો ! જે શુદ્ધ આચાર પ્રાણી લોકમાં અતિ દુષ્કર છે, તે પ્રમાણે બીજા દર્શનમાં દુષ્કર કહ્યો નથી. સંયમ સ્થાનના સેવનાર પુરુષોને જિનમતથી અન્યત્ર આવું સ્થળ થયું નથી, અને થશે પણ નહિ. ૫

**સખુડ્ડગવિઅત્તાણં, વાહિઆણં ચ જે ગુણા ।**
**અખંડફુડિઆ કાયવ્વા, તં સુણેહ જહા તહા ॥૬॥**

**દસ અઠ ય ઠાણાઇં, જાઇં બાલોડવરજ્ઝઇ ।**
**તત્થ અન્નયરે ઠાણે, નિગ્ગંથત્તાઉ ભસ્સઇ ॥૭॥**

**વયછક્કં કાયછક્કં, અકપ્પો ગિહિભાયણં ।**
**પલિયંકનિસેજ્જા ય, સિણાણં સોહવજ્જણં ॥૮॥**

**તત્થિમં પઢમં ઠાણં, મહાવીરેણ દેસિઅં ।**
**અહિંસા નિઉણા દિટ્ઠા, સવ્વભૂએસુ સંજમો ॥૯॥**

**જાવંતિ લોએ પાણા, તસા અદુવ થાવરા ।**
**તે જાણમજાણં વા, ન હણે ણો વિઘાયએ ॥૧૦॥**

## અધ્યયન ૬ની ગાથા ૬ થી ૧૦ સુધીના છુટા શબ્દના અર્થ

| | |
|---|---|
| **સખુડ્ડગ વિઅત્તાણં**-બાળક તથા વૃદ્ધ સાધુઓને | **અવરજ્જઇ**-વિરાધે છે. |
| **વાહિઆણં**-વ્યાધિવાળાઓને | **તત્થ અન્નયરે**-તેમાંથી એકપણ |
| **અખંડફુડિઆ**-દેશ વિરાધના અને સર્વ વિરાધના રહિત | **નિગ્ગંથત્તાઉ**-નિર્ગ્રંથપણાથી |
| **કાયવ્વા**-કરવા | **ભસ્સઇ**-ભ્રષ્ટ થાય છે. |
| **જહાતહા**-જેમ છે તેમ | **વયછક્કં**-છ વ્રત |
| **દસ અઠ્ઠય**-અઢાર | **કાયછક્કં**-છ કાય |
| **ઠાણાઇં**-સ્થાનકોને | **અકપ્પો**-અકલ્પ |
| **જાઇં**-જેને | **ગિહિભાયણં**-ગૃહસ્થનું ભાજન |
| **બાલો**-અજ્ઞાની જીવ | **પલિયંક**-પલંગ |
| | **નિસજ્જા**-આસનં, ગૃહ |
| | **સિણાણં**-સ્નાન |

| | |
|---|---|
| **સોહ**-શોભા | **દિટ્ઠા**-દીઠી |
| **વજ્જણં**-વર્જવું | **જાવંતિ**-જેટલા |
| **તત્થિમં**-તેમાં આ | **લોએ**-લોકને વિષે |
| **પઢમં**-પહેલું | **જાણમજાણં**-જાણતાં અજાણતાં |
| **દેસિઅં**-કહેલું છે. | **હણે**-હણે, મારે. |
| **નિઉણા**-ભલી, ઘણા સુખની આપનારી | **વિઘાયએ**-વિઘાત કરાવે |

**ભાવાર્થ :** આ આચાર ધર્મ બાલ સાધુઓને, તેમજ વૃદ્ધ સાધુઓને, વ્યાધિવાળાને તેમજ વ્યાધિ રહિતને, આગળ કહેવામાં આવશે તેવા ગુણો દેશવિરાધના તથા સર્વ વિરાધના રહિત કરવા; તે જેમ છે તેમ કહું છું, તમે સાંભળો. ૬ (અવગુણના ત્યાગે કરી ગુણો પ્રગટ થાય આ કારણથી પ્રથમ અવગુણો બતાવે છે.) સંયમનાં અઢાર સ્થાનકો છે, કે જેને અજ્ઞાની જીવ વિરાધે છે. તેમાં એક પણ સ્થાનને વિરાધવાથી નિર્ગ્રંથપણાથી ભ્રષ્ટ થવાય છે. ૭ (તે અઢાર સ્થાનકો બતાવે છે.) પ્રાણાતિપાત વિરતિ ૧ મૃષાવાદ વિરતિ ૨ અદત્તાદાન વિરતિ ૩ મૈથુન વિરતિ ૪ પરિગ્રહ વિરતિ ૫ રાત્રિભોજન વિરતિ ૬ એ છ વ્રત, ૬ છકાય ૬ અકલ્પ ૧ ગૃહસ્થિનું ભાજન ૧ પલંગ ૧ ગૃહ ૧ સ્નાન ૧ અને શોભાનો ત્યાગ ૧ આ અઢાર સ્થાનકો છે. ૮ આ અઢાર સ્થાનકોમાં પહેલું સ્થાન ભગવાન્ મહાવીરદેવે અહિંસા કહેલું છે. આ અહિંસા આધાકર્માદિ દોષોના ત્યાગે કરી સૂક્ષ્મ રીતે ધર્મના સાધનપણે પોતે દીઠી છે. આજ કારણથી સર્વ જીવો ઉપર સંયમ (દયા) કરવી ૯ આ લોકને વિષે જેટલા અગર સ્થાવર જીવો છે, તે જીવોને જાણતાં અગર અજાણતાં પોતે હણવા નહિ, તેમજ બીજા પાસે હણાવવા નહિ અને હણતાને અનુમોદવા નહિ. ૧૦

**સવ્વે જીવાવિ ઇચ્છંતિ, જીવિઉં ન મરિજ્જિઉં ।**
**તમ્હા પાણિવહં ઘોરં, નિગ્ગંથા વજ્જયંતિ ણં ॥૧૧॥**

**અપ્પણટ્ઠા પરટ્ઠા વા, કોહા વા જઇ વા ભયા ।**
**હિંસગં ન મુસં બૂઆ, નો વિ અન્નં વયાવએ ॥૧૨॥**

**મુસાવાઓ ઉ લોગમ્મિ, સવ્વસાહૂહિં ગરિહિઓ ।**
**અવિસ્સાઓ અ ભૂઆણં, તમ્હા મોસં વિવજ્જએ ॥૧૩॥**

**ચિત્તમંતમચિત્તં વા, અપ્પં વા જઇ વા બહું ।**
**દંતસોહણમિત્તં પિ, ઉગ્ગહંસિ અજાઇયા ॥૧૪॥**
**તં અપ્પણા ન ગિણ્હંતિ, નો વિ ગિણ્હાવએ પરં ।**
**અન્નં વા ગિણ્હમાણં પિ, નાણુજાણંતિ સંજયા ॥૧૫॥**

### અધ્યયન ૬ની ગાથા ૧૧ થી ૧૫ સુધીના છુટા શબ્દના અર્થ

| | | |
|---|---|---|
| **જીવિઉં**-જીવવાને | **મુસં**-જૂઠું | **દંતસોહણમિત્તં**-દાંત ખોતરવાની સળી પણ |
| **મરિજ્જિઉં**-મરવાને | **બૂઆ**-બોલે | **ઉગ્ગહંસિ**-ધણીની પાસે |
| **પાણિવહં**-પ્રાણીનો વધ | **વયાવએ**-બોલાવે | **અજાઇયા**-નહિ યાચેલી |
| **ઘોરં**-ભયંકર | **મુસાવાઓ**-મૃષાવાદ | **અપ્પણા**-પોતે |
| **વજ્જયંતિ**-વર્જે છે. | **લોગમ્મિ**-લોકને વિષે | **ગિણ્હંતિ**-લે |
| **અપ્પણટ્ઠા**-પોતાને અર્થે | **સવ્વ**-સર્વ | **ગિણ્હાવએ**-લેવરાવે |
| **પરટ્ઠા**-પારકાને અર્થે | **સાહૂહિં**-સાધુપુરુષોએ | **પરં**-બીજા પાસે |
| **કોહા**-ક્રોધથી | **ગરિહિઓ**-નિંદેલો | **ગિણ્હમાણં**-લેતાને |
| **જઇ વા**-અથવા વળી | **અવિસ્સાસો**-અવિશ્વાસ | **નાણુજાણંતિ**-સંમતિ ન આપે |
| **ભયા**-ભયથી | **ભૂઆણં**-પ્રાણીઓને | **સંજયા**-સંયમીઓ |
| **હિંસગં**-હિંસા થાય તેવું | **મોસં**-મૃષાવાદ | |

**ભાવાર્થ :** સર્વે જીવો જીવવાની ઇચ્છા કરે છે. પણ કોઈ જીવ મરવાની ઇચ્છા કરતો નથી. આ જ કારણથી ઘોર પ્રાણિવધને નિર્ગ્રંથો ત્યાગ કરે છે. ૧૧ (બીજું સ્થાન) બીજાને પીડા થાય એવું જૂઠું સાધુઓએ પોતાને માટે અગર બીજાને માટે ક્રોધથી અગર ભયથી પોતે બોલવું નહિ તેમ બીજા પાસે બોલાવવું નહિ. ૧૨ જૂઠું બોલવું તે લોકને વિષે સર્વે ઉત્તમ પુરુષોએ નિંદિત ગણેલું છે. જૂઠું બોલવાવાળો પ્રાણીઓને અવિશ્વાસ કરવા લાયક છે. આ કારણથી અસત્ય બોલવું નહિ. ૧૩ (ત્રીજું સ્થાન) જે ધણીના સ્વાધીનમાં વસ્તુ હોય તે ધણીની પાસે યાચના કર્યા સિવાય સચિત્ત અગર અચિત્ત, થોડી અગર ઘણી, તથા દાંત ખોતરવા માટે સળી પણ પોતે લેવી નહિ. તેમ બીજા પાસે લેવરાવવી નહિ અને લેવાવાળાની અનુમોદના પણ સાધુઓએ કરવી નહિ. ૧૪-૧૫

અબંભચરિઅં ઘોરં, પમાયં દુરહિટ્ઠિઅં ।
નાયરંતિ મુણી લોએ, ભેઆયયણવજ્જિણો ॥૧૬॥

મૂલમેયમહમ્મસ્સ, મહાદોસસમુસ્સયં ।
તમ્હા મેહુણસંસગ્ગં, નિગ્ગંથા વજ્જયંતિ ણં ॥૧૭॥

બિડમુબ્ભેઇમં લોણં, તિલ્લં સપ્પિં ચ ફાણિઅં ।
ન તે સંનિહિમિચ્છંતિ, નાયપુત્તવઓરયા ॥૧૮॥

લોહસ્સેસ અણુફાસે, મન્ને અન્નયરામવિ ।
જે સિઆ સન્નિહિં કામે, ગિહી પવ્વઇએ ન સે ॥૧૯॥

જં પિ વત્થં વ પાયં વા, કંબલં પાયપુચ્છણં ।
તં પિ સંજમલજ્જટ્ઠા, ધારંતિ પરિહિંતિઅ ॥૨૦॥

**અધ્યયન ૬ની ગાથા ૧૬ થી ૨૦ સુધીના છુટા શબ્દના અર્થ**

**અબંભચરિઅં**-અબ્રહ્મચર્ય
**ઘોરં**-રૌદ્રગતિનું હેતુરૂપ
**પમાયં**-પમાદ
**દુરહિટ્ઠિઅં**-દુરારાધ્ય
**નાયરંતિ**-ન આચરે
**ભેઆયયણવજ્જિજાણો**-ચારિત્ર ભેદના સ્થાનકે વર્જતા, ચારિત્રનો નાશ થાય તેવાં સ્થાનકોનો ત્યાગ કરનાર
**અહમ્મસ્સ**-અધર્મનું, પાપનું
**સમુસ્સયં**-મોટા દોષોના ઢગલા જેવું
**મેહુણસંસગ્ગં**-મૈથુનના સંસર્ગને
**બિડં**-બલવણ, પકવેલું (મીઠું)
**ઉબ્ભેઇયં**-સમુદ્રનું, સચિત્ત
**લોણં**-મીઠું
**તિલ્લં**-તેલ
**સપ્પિ**-ઘી
**ફાણિઅં**-ઢીલો ગોળ
**સંનિહિં**-રાતવાસી (રાખવું)
**વઓરયા**-વ્રતમાં રક્ત
**લોહસ્સ**-લોભનો
**એસ**-આ
**અણુફાસે**-મહિમા
**મન્ને**-હુ માનું છું
**અન્નયરામવિ**-થોડી પણ
**સંનિહિં**-સંનિધિને, રાતવાસી રાખવાને
**કામે**-સેવે, ઇચ્છે.
**ગિહી**-ગૃહસ્થી
**પવ્વઇએ**-પ્રવ્રજિત, સાધુ
**સે**-તેઓ
**જંપિ**-જે પણ
**પાયં**-પાત્ર
**પાયપુંછણં**-રજોહરણ
**તંપિ**-તે પણ
**લજ્જટ્ઠા**-લાજ પાળવાને
**ધારંતિ**-ધારણ કરે છે.

**ભાવાર્થ :** (ચોથું સ્થાન) લોકને વિષે ચારિત્રનો નાશ થાય તેવાં સ્થાનોનો ત્યાગ કરનાર મુનિઓ, રૌદ્ર અનુષ્ઠાનના હેતુભૂત, પ્રમાદના મૂલરૂપ અને અનંત સંસારના હેતુવાળું હોવાથી જિન વચનના જાણ પુરુષોએ નહિ આશ્રય કરેલ એવા અબ્રહ્મચર્યને આદરતા નથી. ૧૬ આ અબ્રહ્મચર્ય પાપનું મૂલ છે તથા ચોરી પ્રમુખ જે મોટા દોષો તેના ઢગલા જેવું છે; આ કારણથી નિર્ગ્રંથો મૈથુનના સંસર્ગને ત્યાગ કરે છે. ૧૭ (પાંચમું સ્થાન) ભગવાન્ જ્ઞાતપુત્ર-વર્ધમાન સ્વામીના વચનમાં આસક્ત થએલ સાધુઓ ગોમૂત્રાદિથી પકાવેલ (પ્રાસુક) લૂણ તથા સમુદ્રાદિકનું (અપ્રાસુક) મીઠું, તેલ, ઘી, તેમજ ઢીલો ગોળ પ્રમુખને રાતવાસી રાખવાને ઇચ્છતા નથી. ૧૮ આ જે સંનિધિ (રાત્રે રાખી મુકવું તે) રાખવી તે લોભનો મહિમા છે; હું એમ માનું છું. કદાચિત્ બીજી થોડી પણ સંનિધિ કોઈ સાધુ સેવે તો તેને ગૃહસ્થી માનવો, પણ સાધુ કહેવો નહિ. ૧૯ અહિં કોઈ શંકા કરે છે કે સાધુઓ વસ્ત્રાદિક રાખે છે તેને સંનિધિ કેમ ન કહેવાય ? તેનો ઉત્તર આપે છે કે, જે આ વસ્ત્ર, પાત્ર, કાંબલ અને રજોહરણ સાધુઓ રાખે છે, તે પણ સંયમને માટે રાખે છે, અને મૂર્છા રહિત પહેરે છે. ૨૦

**ન સો પરિગ્ગહો વુત્તો, નાયપુત્તેણ તાઇણા ।**
**મુચ્છા પરિગ્ગહો વુત્તો, ઇઇ વુત્તં મહેસિણા ॥૨૧॥**

**સવ્વત્થુવહિણા બુદ્ધા, સંરક્ખણ પરિગ્ગહે ।**
**અવિ અપ્પણો વિ દેહંમિ, નાયરંતિ મમાઇયં ॥૨૨॥**

**અહો નિચ્ચં તવો કમ્મં, સવ્વબુદ્ધેહિં વણ્ણિઅં ।**
**જા ય લજ્જાસમાવિત્તી, એગભત્તં ચ ભોઅણં ॥૨૩॥**

**સંતિમે સુહુમા પાણા, તસા અદુવ થાવરા ।**
**જાઇં રાઓ અપાસંતો, કહમેસણિઅં ચરે ॥૨૪॥**

**ઉદઉલ્લં બીઅસંસત્તં, પાણા નિવડિયા મહિં ।**
**દિઆ તાઇં વિવજ્જિજ્જા, રાઓ તત્થ કહં ચરે ॥૨૫॥**

**અધ્યયન ૬ની ગાથા ૨૧ થી ૨૫ સુધીના છુટા શબ્દના અર્થ**

| | | |
|---|---|---|
| પરિગ્ગહો-પરિગ્રહ<br>વુત્તો-કહ્યો | તાઇણા-સ્વપરને તારવાવાલા<br>મુચ્છા-મુર્છા | ઇઇ-આ હેતુથી<br>મહેસિણા-મહર્ષિએ |

| | |
|---|---|
| **સવ્વત્થ**-સર્વ ઠેકાણે | **ભોયણં**-ભોજન |
| **ઉવહિણા**-ઉપધિએ કરી | **સુહુમા**-સૂક્ષ્મ |
| **બુદ્ધા**-તત્ત્વને જાણનાર | **અદુવ**-અગર, અથવા |
| **સંરખ્ખણ**-(છ કાયના) સંરક્ષણ માટે | **રાઓ**-રાત્રિને વિષે |
| **પરિગ્ગહે**-પરિગ્રહને વિષે | **અપાસંતો**-નહિ દેખતો |
| **અપ્પણો**-પોતાના | **કહં**-શી રીતે |
| **દેહંમિ**-દેહને વિષે | **એસણીય**-નિર્દોષ ગોચરી માટે |
| **નાયરંતિ**-આચરતા નથી | **ચરે**-ચાલશે |
| **મમાઇયં**-મમત્વને | **ઉદઉલ્લં**-પાણીથી ભીંજાએલ |
| **નિચ્ચં**-નિત્ય | **બીઅસંસત્તં**-જેમાં બીજ પડ્યાં હોય તેવું |
| **તવોકમ્મં**-તપ કરવો | **પાણા**-પ્રાણીઓ |
| **સવ્વબુદ્ધેહિં**-સર્વ તીર્થંકરોએ | **નિવડીઆ**-પડ્યા હોય |
| **વન્નિઅં**-કહેલું છે | **મહિં**-પૃથ્વી પર |
| **લજ્જાસમા**-સંયમ સાથે વિરોધ ન આવે તેવી | **દિવા**-દિવસે |
| | **તાઇં**-તેમને |
| **વિત્તી**-વૃત્તિ (દેહ પોષણ) | **વિવજ્જિજ્જા**-વર્જે |
| **એગભત્તં**-એકવાર (ભોજન) | **રાઓ**-રાત્રે |

**ભાવાર્થ :** સ્વપરને તારવાવાળા જ્ઞાતપુત્ર શ્રીવર્ધમાન સ્વામીએ, મમતાભાવ વિના વસ્ત્રાદિ ધારણ કરનારને પરિગ્રહ કહ્યો નથી. પણ મૂર્ચ્છા (આસક્તિ)ને જ પરિગ્રહ કહેલ છે અને આ હેતુથી જ મહર્ષિ શ્રીમાન્ શય્યંભવસૂરિએ સૂત્રમાં તેમ કહેલું છે. ૨૧ જ્ઞાનીઓ સર્વ ઉચિત્ત દેશ, કાળમાં ઉપધી (વસ્ત્રાદિ) સહિત હોય છે, પણ તેઓ છ જીવની કાયના રક્ષણ અર્થે જ તે અંગિકાર કરે છે; કેમ કે તેઓ પોતાના શરીર ઉપર પણ મમત્વ રાખતા નથી, તો વસ્ત્રો ઉપર મમત્વ ન રાખે તે માટે કહેવું જ શું ? ૨૨ (છઠ્ઠું સ્થાન) સંયમની સાથે વિરોધ ન આવે તેવી રીતે દેહના પાલન કરવારૂપ તપ નિરંતર સર્વ તીર્થંકરોએ વર્ણવેલું છે, અને એકવાર ભોજન કરવાનું કહેલ છે. ૨૩ (રાત્રિ ભોજન કરવામાં પ્રાણીઓનો વિનાશ થવાથી કર્મબંધ થાય છે, તે દેખાડે છે.) આ પ્રત્યક્ષ દેખાતા એવા કેટલાક સૂક્ષ્મ (નાના) ત્રસ અથવા સ્થાવર પ્રાણીઓ છે, કે જેઓ રાત્રે નેત્રોથી દેખવામાં આવતાં નથી. તે નહિ દેખવાથી સાધુઓ રાત્રે નિર્દોષ ગોચરી માટે કેવી રીતે ફરશે ? અગર કેવી

રીતે ભક્ષણ કરશે ? કેમ કે રાત્રે ગોચરી ફરવાથી અગર ખાવાથી પ્રાણીઓનો ઘાત થાય છે. ૨૪ રાત્રે ગોચરી જતાં તે આહાર, પાણીથી ભીંજાએલો હોય અથવા અનાજાદિ બીજોથી મિશ્ર હોય તેમજ રસ્તામાં પૃથ્વી ઉપર સંપાતિમ (ઉડતાં) આદિ પ્રાણીઓ રહ્યાં હોય, તે દિવસે તો ત્યાગ કરી શકાય, પણ રાત્રે તેનો ત્યાગ કરીને કેમ ચાલી શકાય ? ૨૫.

**એઅં ચ દોસં દટ્ઠૂણં, નાયપુત્તેણ ભાસિઅં ।**
**સવ્વાહારં ન ભુંજંતિ, નિગ્ગંથા રાઇભોઅણં ॥૨૬॥**

**પુઢવિકાયં ન હિંસંતિ, મણસા વયસા કાયસા ।**
**તિવિહેણ કરણજોએણ, સંજયા સુસમાહિઆ ॥૨૭॥**

**પુઢવિકાયં વિહિંસંતો, હિંસઈ ઉ તયસ્સિએ ।**
**તસે અ વિવિહે પાણે, ચક્ખુસે અ અચક્ખુસે ॥૨૮॥**

**તમ્હા એઅં વિઆણિત્તા, દોસં દુગ્ગઇવડ્ઢણં ।**
**પુઢવિકાયસમારંભં, જાવજ્જીવાઇ વજ્જએ ॥૨૯॥**

**આઉકાયં ન હિંસંતિ, મણસા વયસા કાયસા ।**
**તિવિહેણ કરણજોએણ, સંજયા સુસમાહિઆ ॥૩૦॥**

**આઉકાયં વિહિંસંતો, હિંસઈ ઉ તયસ્સિએ ।**
**તસે અ વિવિહે પાણે, ચક્ખુસે અ અચક્ખુસે ॥૩૧॥**

**તમ્હા એઅં વિઆણિત્તા, દોસં દુગ્ગઇવડ્ઢણં ।**
**આઉકાયસમારંભં, જાવજ્જીવાઇ વજ્જએ ॥૩૨॥**

**જાયતેઅં ન ઇચ્છંતિ, પાવગં જલઇત્તએ ।**
**તિક્ખમન્નયરં સત્થં, સવ્વઓ વિ દુરાસયં ॥૩૩॥**

**પાઈણં પડિણં વા વિ, ઉડ્ઢં અણુદિસામવિ ।**
**અહે દાહિણઓ વા વિ, દહે ઉત્તરઓ વિ અ ॥૩૪॥**

**ભૂઆણમેસમાઘાઓ, હવ્વવાહો ન સંસઓ ।**
**તં પઈવપયાવઠા, સંજયા કિંચિ નારભે ॥૩૫॥**

| | |
|---|---|
| **દઠ્ઠુણં**-જોઈને | **તિક્ખં**-તિક્ષણ |
| **નાયપુત્તેણ**-મહાવીરસ્વામીએ | **અન્નયરં**-સર્વ બાજુથી ધારવાળું બીજું કોઈ |
| **પુઢવિકાયં**-પૃથ્વીકાયને | **સત્થં**-શસ્ત્ર |
| **તિવિહેણ**-ત્રણ પ્રકારના | **સવ્વઓ**-સર્વ સ્થળે |
| **કરણ**-કરવું, કરાવવું અને અનુમોદવું | **દુરાસયં**-દુઃખે આશ્રય કરી શકાય તેવું |
| **જોએણ**-જોગવડે | **પાઇણં**-પૂર્વ દિશામાં |
| **સંજયા**-સાધુઓ | **પડિણં**-પશ્ચિમ દિશામાં |
| **સુસમાહિઆ**-સુસમાધિત | **ઉઢ્ઢં**-ઉર્ધ્વ દિશામાં |
| **હિંસઇ**-હણે છે | **અણુદિસામવિ**-વિદિશાઓમાં પણ |
| **તયસ્સિએ**-તેને આશ્રીને રહેલા | **અહે**-અધો દિશામાં |
| **તસે**-ત્રસ જીવો | **દાહિણઓ**-દક્ષિણ દિશામાં |
| **વિવિહે**-અનેક પ્રકારના | **ઉત્તરઓ**-ઉત્તર દિશામાં |
| **પાણે**-પ્રાણીઓને | **દહે**-બાળે છે |
| **ચક્ખુસે**-ચક્ષુથી દેખાય એવા | **ભૂઆણં**-પ્રાણીઓને |
| **અચક્ખુસે**-ચક્ષુથી નહિ દેખાય એવા | **એઅં**-આ |
| **તમ્હા**-તે કારણ માટે | **આઘાઓ**-ઘાત કરનારો |
| **એઅં**-આ | **હવ્વવાહો**-અગ્નિ |
| **વિઆણિત્તા**-જાણીને | **સંસઓ**-સંશય |
| **દુગ્ગઇવઢ્ઢણં**-દુર્ગતિને વધારનાર | **પઈવ**-દીવો |
| **આઉકાયં**-ઉપકાયને | **પયાવઠ્ઠા**-તાપને માટે |
| **જાયતેઅં**-અગ્નિને | **કિંચિ**-કિંચિત્ માત્ર |
| **પાવગં**-પાપરૂપ | **નારભે**-આરંભ ન કરે |
| **જલઇત્તએ**-જ્વલન કરવાને | |

**ભાવાર્થ :** આ પૂર્વોક્ત દોષો રાત્રિભોજનમાં દેખીને જ્ઞાતપુત્ર શ્રીમાન્ વર્ધમાન સ્વામીએ કહ્યું છે કે, સાધુઓએ સર્વથા ચારે પ્રકારનો આહાર, રાત્રે ખાવો નહિ ૨૬ (છ કાય સંબંધી છ સ્થાનક કહે છે) (સાતમું સ્થાન) સુસમાધિત સાધુઓ પૃથ્વીકાયને મન, વચન, કાયાએ કરી હણતા, હણાવતા અને અનુમોદતા નથી. ૨૭ પૃથ્વીકાયની હિંસા કરતાં તેની નિશ્રાએ રહેલા ત્રસ જીવો તથા બીજા પણ વિવિધ

પ્રકારના ચક્ષુથી દેખાય એવા અને ચક્ષુથી નહિ દેખાય એવા પ્રાણીઓને હણે છે. ૨૮ પૃથ્વીકાયની હિંસા કરતાં તેની નિશ્રાએ રહેલા બીજા જીવો પણ હણાય છે. આવા દોષો દુર્ગતિના વધારનાર છે. એમ જાણીને પૃથ્વીકાયના સમારંભનો યાવત્ જીવપર્યંત ત્યાગ કરવો. ૨૯ (આઠમું સ્થાન) સુસમાધિવંત સાધુઓ પાણીના જીવોને મન, વચન, કાયાએ કરી હણતા હણાવતા કે અનુમોદતા નથી. પાણીની હિંસા કરતાં તેની નિશ્રાએ રહેલા ત્રસ તથા બીજા વિવિધ ચક્ષુથી દેખાય એવા અને ન દેખાય તેવા જીવો હણે છે. આવા દોષો દુર્ગતિના વધારનાર છે એમ જાણીને અપ્કાયના આરંભનો જાવજીવ ત્યાગ કરવો. ૩૦-૩૧-૩૨. (નવમું સ્થાન) પાપરૂપ, તિક્ષણ, સર્વ બાજુથી ધારવાળું, દુઃખે આશ્રય કરી શકાય તેવું, અને અનેક જીવોનો સંહાર કરનાર શસ્ત્રી સરખા પાપકારી અગ્નિને સળગાવવા મુનિઓ ઇચ્છતા નથી. ૩૩ પૂર્વ, પશ્ચિમ, ઉર્ધ્વ, વિદિશાઓ. અધો, દક્ષિણ, અને ઉત્તર દિશામાં પણ અગ્નિ વસ્તુને બાળે છે. ૩૪ આ અગ્નિ સર્વ પ્રાણીઓનો ઘાત કરવાવાળો છે, એમાં કાંઈ સંશય નથી. આ કારણથી સાધુઓ દીવાને માટે તેમજ તાપને માટે જરા માત્ર પણ તેનો આરંભ કરતા નથી. ૩૫

**તમ્હા એઅં વિઆણિત્તા, દોસં દુગ્ગઇવડ્ઢણં ।**
**તેઉકાયસમારંભં, જાવજીવાઈ વજ્જએ ॥૩૬॥**

**અણિલસ્સ સમારંભં, બુદ્ધા મન્નંતિ તારિસં ।**
**સાવજ્જબહુલં ચેઅં, નેઅં તાઇહિં સેવિઅં ॥૩૭॥**

**તાલિઅંટેણ પત્તેણ, સાહાવિહુઅણેણ વા ।**
**ન તે વીઇઉમિચ્છંતિ, વેઆવેઉણ વા પરં ॥૩૮॥**

**જં પિ વત્થં વ પાયં વા. કંબલં પાયપુંછણં ।**
**ન તે વાયમુઈરંતિ, જયં પરિહરંતિ અ ॥૩૯॥**

**તમ્હા એઅં વિઆણિત્તા, દોસં દુગ્ગઇવડ્ઢણં ।**
**વાઉકાયસમારંભં, જાવજીવાઇ વજ્જએ ॥૪૦॥**

**અધ્યયન ૬ની ગાથા ૩૬ થી ૪૦ સુધીના છુટા શબ્દના અર્થ**

| | |
|---|---|
| **તેઉકાય**-અગ્નિ | **વિહુઅણેણ**-હલાવવાથી |
| **અણિલસ્સ**-વાઉકાયના | **વીઇઉ**-પવન નાંખવાને |
| **બુદ્ધા**-તીર્થંકરો | **વેઆવેઉણ**-વિંજાવવાને |
| **તારિસં**-તેવો | **વા**-વળી |
| **સાવજ્જબહુલં**-ઘણા પાપવાળો | **પરં**-બીજા પાસે |
| **એઅં**-આ પ્રકારે, આ | **જં પિ**-જે પણ |
| **તાઈહિં**-છ કાયના રક્ષકોએ | **પાયં**-પાત્ર |
| **સેવિઅં**-સેવેલો | **વાયં**-વાયુને |
| **તાલિઅંટેણ**-તાડના વીંજણાએ કરી | **ઉઈરન્તિ**-ઉદીરણા કરે |
| **પત્તેણ**-પત્ર વડે | **જયં**-જયણાએ |
| **સાહા**-શાખા | **પરિહરંતિ**-પહેરે છે. |

**ભાવાર્થ :** દુર્ગતિને વધારનારા અગ્નિથી પેંદા થતા દોષોને જાણીને સાધુઓએ યાવત્ જીવપર્યંત અગ્નિકાયના આરંભનો ત્યાગ કરવો. ૩૬ (દશમું સ્થાન) તીર્થંકરો વાયરાના આરંભને અગ્નિના આરંભના જેવો માને છે, માટે ઘણા પાપવાલા વાયુના આરંભને મુનિઓ સેવતા નથી. ૩૭ તાલના વિંજણાએ કરી, પત્રોએ કરી, તેમજ શાખાના હલાવવાવડે કરીને સાધુઓ પોતે પવન હલાવતા નથી; તેમ બીજા પાસે પણ વિંજાવતા નથી. ૩૮ જે વસ્ત્ર, પાત્ર, કાંબલ, રજોહરણાદિ ધર્મોપકરણ, તેણે કરી વાયુને ઉદીરણા કરતા નથી; પણ યતના પૂર્વક વાયુકાયની વિરાધનાનો ત્યાગ કરે છે. ૩૯ દુર્ગતિને વધારનાર દોષો પેંદા થતા જાણીને સાધુઓએ યાવત્ જીવપર્યંત વાયુકાયના આરંભનો ત્યાગ કરવો. ૪૦

**વણસ્સઇં ન હિંસંતિ, મણસા વયસા કાયસા ।**
**તિવિહેણ કરણજોએણ, સંજયા સુસમાહિઆ ॥૪૧॥**

**વણસ્સઇં વિહિંસંતો, હિંસઈ ઉ તયસ્સિએ ।**
**તસે અ વિવિહે પાણે, ચક્ખુસે અ અચક્ખુસે ॥૪૨॥**

**તમ્હા એઅં વિઆણિત્તા; દોસં દુગ્ગઇવઢ્ઢણં ।**
**વણસ્સઇ સમારંભં, જાવજીવાઇ વજ્જએ ॥૪૩॥**

**તસકાયં ન હિંસંતિ, મણસા વયસા કાયસા ।**
**તિવિહેણ કરણજોએણ, સંજયા સુસમાહિઆ ॥૪૪॥**

**તસકાયં વિહિંસંતો, હિંસઈ ઉ તયસ્સિએ ।**
**તસે અ વિવિહે પાણે, ચક્ખુસે અ અચક્ખુસે ॥૪૫॥**

**તમ્હા એઅં વિઆણિત્તા, દોસં દુગ્ગઇવડ્ઢણં ।**
**તસકાયસમારંભં, જાવજીવાઇ વજ્જએ ॥૪૬॥**

### અધ્યયન ૬ની ગાથા ૪૧ થી ૪૬ સુધીના છુટા શબ્દના અર્થ

| | | |
|---|---|---|
| વિહિંસન્તો-હિંસા કરતો | પાણે-પ્રાણોને, જીવોને | હિંસઈ-હિંસા કરે છે |

**ભાવાર્થ :** (અગીઆરમું સ્થાન) સુસમાધિત સાધુઓ, મન, વચન, કાયાએ કરી, કરવા, કરાવવા, અનુમોદવારૂપ વનસ્પતિકાયની હિંસા કરતા નથી. વનસ્પતિની હિંસા કરતાં તેની નિશ્રાએ રહેલા ત્રસ અને ચક્ષુથી દેખાય તેવા અગર ન દેખાય તેવા વિવિધ પ્રકારના પ્રાણોને હણે છે; અને આ જીવોને હણવાથી દુર્ગતિને વધારનાર દોષો પેંદા થતા જાણીને યાવત્ જીવપર્યંત સાધુઓએ વનસ્પતિના આરંભનો ત્યાગ કરવો. ૪૧-૪૨-૪૩ (બારમું સ્થાન) સુસમાધિત સાધુઓ મન, વચન, કાયારૂપ ત્રણ યોગે કરી, કરવા કરાવવા અને અનુમોદવારૂપ ત્રણ કરણોએ કરીને, ત્રસકાયની હિંસા કરતા નથી. ત્રસકાયની હિંસા કરતાં તેની નિશ્રાએ રહેલા બીજા ત્રસ તથા ચક્ષુથી દેખાય એવા અગર ન દેખાય તેવા વિવિધ પ્રકારના જીવોની વિરાધના થાય છે. આ જીવોની હિંસાથી દુર્ગતિને વધારનાર દોષ પેંદા થાય છે. એમ જાણીને યાવત્ જીવપર્યંત સાધુઓએ ત્રસકાયના આરંભનો ત્યાગ કરવો. ૪૪-૪૫- ૪૬,

**જાઇં ચત્તારિ ભુજ્જાઇં, ઇસિણાહારમાઈણિ ।**
**તાઇં તુ વિવજ્જંતો, સંજમં અણુપાલએ ॥૪૭॥**

**પિંડં સિજ્જં ચ વત્થં ચ, ચઉત્થં પાયમેવ ચ ।**
**અકપ્પિઅં ન ઇચ્છિજ્જા, પડિગાહિજ્જ કપ્પિઅં ॥૪૮॥**

**જે નિઆગં મમાયંતિ, કીઅ મુદ્દેસિ આહડં ।**
**વહં તે સમણુજાણંતિ, ઇઇ વુત્તં મહેસિણા ॥૪૯॥**

**તમ્હા અસણપાણાઇં, કીઅ મુદ્દેસિઆહડં ।**
**વજ્જયંતિ ઠિઅપ્પાણો, નિગ્ગંથા ધમ્મજીવિણો ॥૫૦॥**

**અધ્યયન ૬ની ગાથા ૪૭ થી ૫૦ સુધીના છુટા શબ્દના અર્થ**

| | |
|---|---|
| **ભુજ્જાઇં**-નહિ ભોગવવા યોગ્ય | **નિયાગં**-નિમંત્રિત |
| **ઇસિણા**-સાધુઓને | **મમાયન્તિ**-મારો |
| **અહારમાઇણિ**-આહારાદિક | **કીયં**-વેચાતો લાવેલો |
| **અણુપાલએ**-પાલન કરે | **ઉદ્દેસિય**-ઉદ્દેશીને કરેલો |
| **પિંડં**-આહાર | **આહડં**-સામો આણેલો |
| **સિજ્જં**-શય્યા, ઉપાશ્રય | **વહં**-વધ |
| **ચઉત્થં**-ચોથું | **સમણુજાણન્તિ**-અનુમોદન કરે છે. |
| **પાયં**-પાત્ર | **વુત્તં**-કહ્યું છે. |
| **અકપ્પિયં**-અકલ્પનિક | **મહેસિણા**-મહર્ષિએ |
| **પડિગાહિજ્જ**-લે | **ઠિયપ્પાણો**-સ્થિત આત્માવાળા, નિશ્ચલ ચિત્તવાળા |
| **કપ્પિયં**-કલ્પનિક | **ધમ્મજીવિણો**-સંયમરૂપ જીવિતના ધણી |

**ભાવાર્થ :** (તેરમું અકલ્પ સ્થાન) જે આહારાદિ સાધુઓને અકલ્પનીય છે, તેનો ત્યાગ કરતાં સંયમનું પાલન કરવું. ૪૭ (તે ચાર પ્રકારનું અકલ્પનિક બતાવે છે.) આહાર, ઉપાશ્રય, વસ્ત્ર અને ચોથું પાત્ર. આ ચારે અકલ્પનિક દોષવાળા પોતાના ઉપભોગ માટે ઇચ્છવાં નહિ, પણ તે નિર્દોષ હોય તો ગ્રહણ કરવાં. ૪૮ જે કોઈ સાધુ નિમંત્રણા કરેલા પિંડને (આહારને) આ મારો આહાર છે, એમ જાણી ગ્રહણ કરે, તથા વેચાતો લાવેલો, સાધુને ઉદ્દેશીને કરેલો અને ઘરથી અગર ગામથી સામો લાવેલો આહાર ગ્રહણ કરે તો તે આહાર લાવવા, બનાવવામાં જે છકાયની વિરાધના થઈ છે, તેની અનુમોદના કરે છે, આમ ભગવાન્ વર્ધમાન સ્વામીએ કહેલું છે. ૪૯ આજ કારણથી સત્ત્વવાળા તેમજ સંયમરૂપ જીવિતવ્યવાળા મહાત્માઓ આહાર, પાણી આદિ વેચાતું લાવેલા, ઉદ્દેશિક અને સન્મુખ લાવેલાનો ત્યાગ કરે છે. ૫૦

**કંસેસુ કંસપાએસુ, કુંડમોએસુ વા પુણો ।**
**ભુંજંતો અસણપાણાઇં, આયારા પરિભસ્સઈ ॥૫૧॥**

સીઓદગસમારંભે, મત્તધોઅણછડ્ડણે ।
જાઇં છિંનંતિ (છિપ્પંતિ) ભૂઆઇં, દિટ્ઠો તત્થ અસંજમો ॥૫૨॥

પચ્છાકમ્મં પુરેકમ્મં, સિઆ તત્થ ન કપ્પઇ ।
એઅમટ્ઠં ન ભુંજંતિ, નિગ્ગંથા ગિહિભાયણે ॥૫૩॥

આસંદીપલિઅંકેસુ, મંચમાસાલએસુ વા ।
અણાયરિઅમજ્જાણં, આસઇત્તુ સઇત્તુ વા ॥૫૪॥

નાસંદીપલિઅંકેસુ, ન નિસિજ્જા ન પીઢએ ।
નિગ્ગંથા પડિલેહાએ, બુદ્ધવુત્તમહિટ્ઠગા ॥૫૫॥

**અધ્યયન ૬ની ગાથા ૫૧ થી ૫૫ સુધીના છુટા શબ્દના અર્થ**

| | |
|---|---|
| **કંસેસુ**-કાંસા (ના વાડકા)માં | **એઅમટ્ઠં**-એ કારણ માટે |
| **કંસપાએસુ**-કાંસાના પાત્રમાં | **ગિહિભાયણે**-ગૃહસ્થીના વાસણમાં |
| **કુંડમોએસુ**-માટીના કુંડામાં | **આસંદી**-ભદ્રાસન રૂપ |
| **પુણો**-વળી | **પલિઅંકેસુ**-પલંગને વિષે |
| **આયારા**-આચારથી | **મંચ**-માંચો, ખાટલો |
| **પરિભસ્સઇ**-ભ્રષ્ટ થાય છે. | **આસાલએસુ**-ઓઠિંગણવાળાં આસનોમાં |
| **સીઓદગ**-શિતોદક, ટાઢુ પાણી | **અણાયરિઅં**-ન આચરવાયોગ્ય |
| **સમારંભે**-વિશેષ આરંભને વિષે | **અજ્જાણં**-સાધુઓને |
| **મત્તધોઅણ**-પાત્ર ધોવું | **આસઇત્તુ**-બેસવાને |
| **છડ્ડણે**-ત્યાગ કરવાને વિષે | **સઇત્તુ**-સુવાનેં |
| **છિન્નંતિ**-છેદાય છે. | **નિસિજ્જા**-ગાદી |
| **તથ્થ**-તત્ર, ત્યાં | **પીઢએ**-નેતરના ભરેલા આસન ઉપર |
| **પચ્છાકમ્મં**-પશ્ચાત્ કર્મ | **અપ્પડિલેહાએ**-પડિલેહણકર્યા વિના |
| **પુરે કમ્મં**-પુરસ્કર્મ | **બુદ્ધવુત્તં**-તીર્થંકર ભગવાને કહેલા |
| **સિઆ**-કદાચિત્ | **અહિટ્ઠગા**-માર્ગમાં ચાલનારા |

**ભાવાર્થ :** (ચૌદમું ગૃહસ્થી ભાજન નામનું સ્થાન) કાંસાના વાટકા વિષે, તથા કાંસાની થાળીમાં, તથા માટીના કુંડા પ્રમુખ ગૃહસ્થના વાસણમાં, અશન, પાન આદિ ખાતાં સાધુ પોતાના આચારથી ભ્રષ્ટ થાય છે ૫૧ (ગૃહસ્થના વાસણમાં ખાવાથી દોષ લાગે છે) સાધુને જમવા માટે, ગૃહસ્થો તે વાસણો કાચા પાણીથી ધોવાનો આરંભ કરે છે. જમ્યા બાદ પાત્ર ધોવા માટે અને પછી તે પાણી જ્યારે ફેંકી દે છે, ત્યારે પાણી આદિના જીવોનો નાશ થાય છે. આમ ગૃહસ્થના ભાજનમાં ભોજન કરવાથી કેવલી ભગવાને તે સાધુને અસંજમ થાય એમ દીઠું છે. ૫૨

ગૃહસ્થના ભાજનમાં જમવાથી કદાચ પુરસ્કર્મ (જમ્યા પહેલાં દોષ લાગે) કે કદાચ પશ્ચાત્ કર્મ (જમ્યા બાદ વાસણ ધોવાથી દોષ લાગે તે) દોષ લાગવાથી તેમાં ખાવું કલ્પે નહિ. આજ કારણથી સાધુઓ ગૃહસ્થના વાસણમાં આહાર કરતા નથી. ૫૩ (પંદરમું સ્થાન) સાધુઓને ભદ્રાસન, પલંગ, માંચો (ખાટલો) તેમજ ઓઠીંગણ વાળાં, ખુરસી પ્રમુખવાળાં આસન પર બેસવાને તેમજ સુવાને અનાચરિત છે, કેમ-કે પોલાણ હોવાથી તેમાં રહેલા જીવો મરવાનો સંભવ છે. ૫૪ (તે સૂત્રનો અપવાદ બતાવે છે) કદાચ રાજકુલ પ્રમુખમાં ધર્મકથાદિ માટે બેસવું પડે તેનો અપવાદ બતાવે છે. જિનેશ્વરનાં કહેલાં અનુષ્ઠાન કરવાવાળા સાધુઓએ ભદ્રાસન, પલંગ, ખુરસી તેમજ બાજોઠ વગેરેને પડિલેહણ કર્યા વિના તેના પર બેસવું નહિ. ૫૫.

**સૂત્રઃ- ગંભીરવિજયા એએ, પાણા દુપ્પડિલેહગા ॥**
**આસંદી પલિઅંકો અ, એઅમટ્ઠં વિવજ્જિઆ ॥૫૬॥**

**ગોઅરગ્ગ પવિટ્ઠસ્સ, નિસિજ્જા જસ્સ કપ્પઇ ॥**
**ઇમેરિસમણાયારં, આવજ્જઇ અબોહિઅં ॥૫૭॥**

**વિવત્તી બંભચેરસ્સ, પાણાણં ચ વહે વહો ॥**
**વણીમગપડિગ્ઘાઓ, પડિકોહો અગારિણં ॥૫૮॥**

**અગુત્તી બંભચેરસ્સ, ઇત્થીઓ વા વિ સંકણં ॥**
**કુસીલવડ્ઢણં ઠાણં, દૂરઓ પરિવજ્જએ ॥૫૯॥**

**તિન્હમન્નયરાગસ્સ, નિસિજ્જા જસ્સ કપ્પઇ ॥**
**જરાએ અભિભૂઅસ્સ, વાહિઅસ્સ તવસ્સિણો ॥૬૦॥**

**અધ્યયન ૬ની ગાથા ૫૬ થી ૬૦ સુધીના છુટા શબ્દના અર્થ**

| | |
|---|---|
| **ગંભીરવિજયા**-અપ્રકાશ આશ્રય વાળા | **અબોહિઅં**-મિથ્યાત્વરૂપ ફળ |
| **એએ**-એ માંચાદિક | **વિવત્તી**-નાશ |
| **દુપ્પડિલેહગા**-દુઃખે પડિલેહણ કરી શકાય એવા | **વહે**-વધને વિષે |
| **એઅમટ્ઠં**-એ કારણ માટે | **વહો**-વધ |
| **વિવજ્જિઆ**-વિશેષ પ્રકારે વર્જે | **વણીમગ**-ભીખારી |
| **ઇમેરિસં**-આગળ કહેવાશે તેવા | **પડિગ્ઘાઓ**-પ્રત્યાઘાત (પાછું વળવું) |
| **અણાયારં**-અનાચાર | **પડિકોહો**-સામો ક્રોધ |
| **આવજ્જઇ**-પામે છે. | **અગારિણં**-ગૃહસ્થોને |

**અગુત્તી**-અગુપ્તિ, નાશ
**ઇથ્થીઓ**-સ્ત્રીથી
**સંકણં**-શંકા
**કુસીલવઢ્ઢણં**-કુશીલને વધારનારા
**તિન્હં**-ત્રણમાંથી
**અન્નયરાગસ્સ**-કોઇપણને
**નિસિજ્જા**-બેસવું
**જરાએ**-વૃદ્ધાવસ્થાથી
**અભિભૂઅસ્સ**-પરાભવ પામેલો, પીડાએલો.
**વાહિઅસ્સ**-વ્યાધિગ્રસ્ત, રોગી
**તવસ્સિણો**-તપસ્વીને

**ભાવાર્થ :** આ ભદ્રાસન, પલંગ, આદિ અપ્રકાશ આશ્રયવાળાં છે. તેના છિદ્રવાળા ભાગોમાં જીવો ભરાઈ રહે છે, તેથી તેઓ પ્રગટ દેખવામાં આવતા નથી અને બેસવાથી તેમને પીડા થાય છે. તેમાં ભરાઈ રહેલા પ્રાણીઓની દૃષ્ટિથી તપાસ થઈ શકતી ન હોવાથી તેનો ત્યાગ કરવો. ૫૬ (સોળમું સ્થાન) ગોચરી ગએલ સાધુ, જો ગૃહસ્થના ઘેર બેસે, તો આગળ કહેવામાં આવશે તેવા અનાચારને પામે કે જેનું ફળ મિથ્યાત્વની પ્રાપ્તિ થાય. ૫૭ (તેજ અનાચાર બતાવે છે) ગૃહસ્થના ઘેર બેસવાથી બ્રહ્મચર્યનો નાશ થાય. પરિચયને લીધે આધાકર્માદિ આહાર કરી આપે તો પ્રાણીનો વધ થાય. પ્રાણી વધથી સંયમનો વધ થાય. ભિક્ષાચરોને પાછું ફરવું પડે અને ગૃહસ્થોને સાધુ ઉપર અગર પોતાની સ્ત્રી પર ક્રોધ થાય. બ્રહ્મચર્યની અગુપ્તિ થાય (નાશ થાય) તથા પોતાની સ્ત્રી તરફ તેના માલીકને શંકા થાય. આ હેતુથી કુશીલને વધારનારાં સ્થાનોને સાધુઓએ દૂરથી ત્યાગ કરવાં. ૫૮-૫૯ (ગયા સૂત્રનો અપવાદ કહે છે). જરાથી પીડાએલ, વ્યાધિવાળો અને તપસ્વી આ ત્રણમાંથી કોઈ, કારણે ગોચરી ગયા હોય તો તેમને થાક લાગવાથી ગૃહસ્થના ઘેર બેસવું કલ્પે ૬૦.

**વાહિઓ વા અરોગી વા, સિણણં જો ઉ પત્થએ ।**
**વુંક્કંતો હોઈ આયારો, જઢો હવઇ સંજમો ॥૬૧॥**

**સંતિમે સુહુમા પાણા, ઘસાસુ ભિલુગાસુ અ ।**
**જે અ ભિક્ખુ સિણાયંતો, વિઅડેણુપ્પિલાવએ ॥૬૨॥**

**તમ્હા તે ન સિણાયંતિ, સીએણઉસિણેણ વા ।**
**જાવજ્જીવં વયં ઘોરં, અસિણાણમહિટ્ઠગા ॥૬૩॥**

**સિણાણં અદુવા કક્કં, લુદ્ધં પઉમગાણિ અ ।**
**ગાયસ્સુવ્વટ્ટણટ્ઠાએ, નાયરંતિ કયાઇ વિ ॥૬૪॥**

**નગિણસ્સ વા વિ મુંડસ્સ, દીહરોમનહંસિણો ।**
**મેહુણા ઉવસંતસ્સ, કિં વિભૂસાઇ કારિઅં ? ॥૬૫॥**

**અધ્યયન ૬ની ગાથા ૬૧ થી ૬૫ સુધીના છુટા શબ્દના અર્થ**

| | |
|---|---|
| **વાહિઓ**-વ્યાધિવાળો, રોગી | **ઘોરં**-ભયંકર |
| **અરોગી**-નીરોગી | **અસિણાણમહિટ્ઠગા**-અસ્નાનનો આશ્રય કરનારા |
| **સિણાણં**-સ્નાનને | **કક્કં**-કલ્ક (ચંદનાદિ સુગંધી દ્રવ્ય) |
| **પથ્થએ**-પ્રાર્થના કરે | **લુદ્ધં**-લોધ્ર, લોદર |
| **વોક્કંતો**-ભ્રષ્ટ | **પઉમગાણિ**-કેસર |
| **હોઇ**-થાય છે | **ગાયસ્સ**-શરીરના |
| **આયારો**-આચારથી | **ઉવટ્ટણટ્ઠાએ**-ઉદ્વર્તન અર્થે |
| **જઢો**-નાશ પામવું | **નાયરંતિ**-આચરતા નથી |
| **ઘસાસુ**-ખારવાળી જમીનને વિષે | **નગિણસ્સ**-નગ્ન, પ્રમાણોપેત વસ્ત્ર ધારણ કરનાર |
| **ભિલગાસુ**-ફાટોને વિષે | **મુંડસ્સ**-સાધુને |
| **સિણાયંતો**-સ્નાન કરતો એવો | **દીહ**-દીર્ઘ |
| **વિઅડેણ**-પ્રાસુક પાણીએ કરી | **રોમ**-રુવાંટાં |
| **ઉપ્પિલાવએ**-પલાળે | **નહંસિણો**-(દીર્ઘ) નખવાળા |
| **સિએણ**-ટાઢા (પાણી) વડે | **ઉવસંતસ્સ**-ઉપશાંત થએલાને |
| **ઉસિણેણ**-ઉષ્ણ (જલ) વડે | **વિભૂસાઇ**-શોભા વડે |
| **વયં**-વ્રત | **કારિઅં**-કરવું |

**ભાવાર્થ :** (સતરમું સ્થાન) જે સાધુ રોગવાળો હોય, અગર નીરોગી હોય તે જો સ્નાન કરવાની ઇચ્છા કરે તો તેનો આચાર ચાલ્યો જાય છે અને સંયમથી ભ્રષ્ટ થાય છે. ૬૧ તેમજ પોલી જમીનમાં, તથા ફાટોવાળી જમીનમાં સૂક્ષ્મ જીવો રહે છે. તેઓ અચિત્ત પાણી વડે કરીને સાધુને સ્નાન કરવાથી પલળે છે, તેથી તે જીવોની વિરાધના થાય છે. ૬૨ આજ કારણથી ટાઢા અગર ઉષ્ણ જળ વડે કરીને સાધુઓ સ્નાન કરતા નથી; પણ યાવત્ જીવપર્યંત સ્નાન ન કરવારૂપ ઘોર વ્રતનો આશ્રય કરનારા થાય છે. ૬૩ તેમજ સ્નાન અથવા ચંદન આદિ કલ્ક, લોધ્ર, કેસરાદિ વિવિધ પ્રકારના સુગંધી દ્રવ્યો શરીરને ચોળાવવા નિમિત્તે વાપરતા નથી. ૬૪ (અઢારમું સ્થાન) નગ્ન અથવા થોડા પ્રમાણોપેત વસ્ત્ર રાખવાવાળા, દ્રવ્યભાવથી

મુંડથએલ, દીર્ઘ રોમ અને નખવાળા તથા મૈથુનથી શાન્તિ પામેલા સ્થવિરકલ્પી, અગર જિનકલ્પીઓને ભૂષા કરવાનું શું પ્રયોજન છે ? કાંઈ નહિ. ૬૫.

**વિભૂસાવત્તિઅં ભિક્ખૂ, કમ્મં બંધઇ ચિક્કણં ।**
**સંસારસાયરે ઘોરે, જેણં પડઇ દુરુત્તરે ॥૬૬॥**

**વિભૂસાવત્તિઅં ચેઅં, બુદ્ધા મન્નંતિ તારિસં ।**
**સાવજ્જબહુલં ચેઅં, નેયં તાઇહિં સેવિઅં ॥૬૭॥**

**ખવંતિ અપ્પાણમમોહદંસિણો, તવે રયા સંજમઅજ્જવે ગુણે ।**
**ધુણંતિ પાવાઇં પુરેકડાઇં, નવાઇં પાવાઇં ન તે કરંતિ ॥૬૮॥**

**સઓવસંતાઅમમાઅકિંચણા, સવિજ્જવિજ્જાણુગયાજસંસિણો ।**
**ઉઉપ્પસન્નેવિમલેવચંદિમા, સિદ્ધિં વિમાણાઇં ઉવેંતિ તાઇણો ॥ ત્તિબેમિ ॥૬૯॥**

**ઇતિ મહાચારકથાખ્યં છઠમધ્યયણં સમ્મત્તં ॥૬॥**

**॥ અધ્યયન ૬ની ગાથા ૬૬ થી ૬૯ સુધીના છુટા શબ્દના અર્થ ॥**

| | |
|---|---|
| **વિભૂસાવત્તિઅં**-આભૂષણ નિમિત્તે | **અજ્જવે**-આર્જવ ગુણ છે જેમાં એવા |
| **ચિક્કણં**-ચીકણું | **ધુણંતિ**-ખપાવે |
| **સંસારસાયરે**-સંસાર સમુદ્રમાં | **પુરેકડાઇં**-પૂર્વે કરેલાં |
| **પડઇ**-પડે છે | **નવાઇં**-નવાં |
| **દુરુત્તરે**-દુઃખે ઉતરી શકાય એવા | **સઓવસંતા**-નિરંતર ઉપશાન્ત |
| **વિભૂસાવત્તિઅં**-આભૂષણના સંકલ્પ સહિત | **અમમા**-મમતા રહિત |
| **ચેઅં**-ચિત્તને | **અકિંચણા**-પરિગ્રહ રહિત |
| **બુદ્ધા**-તીર્થંકરો | **સવિજ્જવિજ્જાણુગયા**-પોતાની પરલોકોપકારિણી વિધાયુક્ત |
| **સાવજ્જબહુલં**-ઘણા પાપનું કારણ | **જસંસિણો**-યશવાલા |
| **તાઇહિં**-છ કાયના રક્ષણ કરનાર સાધુઓએ | **ઉઉપ્પસન્ને**-શરદ ઋતુમાં |
| **ન સેવિઅં**-નહિ સેવેલું | **વિમલ**-નિર્મલ |
| **ખવન્તિ**-શોધે, ખપાવે | **ચંદિમા**-ચંદ્રમા |
| **અપ્પાણં**-આત્માને | **સિદ્ધિ**-મોક્ષ પ્રત્યે |
| **અમોહદંસિણો**-મોહ રહિત વસ્તુને જોનારા | **વિમાણાઇં**-વિમાનયાં |
| **તવે**-તપને વિષે **રયા**-રક્ત | **ઉવંતિ**-ઉત્પન્ન થાય છે. |
| **સંજમ**-સંયમ | |

**ભાવાર્થ :** સાધુઓ વિભૂષા નિમિત્તે ઘણાં ચીકણાં કર્મ બાંધે છે, જેથી દુઃખે ઉતરી શકાય તેવા ઘોર સંસાર સમુદ્રમાં તે પડે છે ૬૬ વિભૂષા સંબંધી સંકલ્પવાળા ચિત્તને પણ તિર્થંકરો વિભૂષાના જેવું માને છે, માટે આર્ત્તધ્યાને કરીને ઘણા પાપવાળા એવા ચિત્તને મુનિઓ સેવતા નથી. ૬૭. વસ્તુ ધર્મને યથાવસ્થિત દેખવાવાળા સાધુઓ, પોતાના આત્માને શોધે છે; તેમ સંયમ અને આર્જવતા ગુણવાળા, તપસ્યામાં આસક્ત થઈને પૂર્વનાં કરેલાં પાપોને ખપાવે છે અને નવાં પાપોને તે કરતા નથી. ૬૮. નિરંતર ઉપશાંત, મમતા રહિત, પરિગ્રહ રહિત, પરલોક ઉપકારિણી આત્મ વિદ્યા સહિત, યશસ્વી, શરદ ઋતુના ચંદ્રની માફક નિર્મળ- ભાવમલ રહિત, સાધુઓ મોક્ષમાં જાય છે. તથા જો કર્મ શેષ રહ્યાં હોય તો તેઓ દેવલોકમાં જાય છે.

**ઈતિ ધર્માર્થકામાખ્યાનં ષષ્ઠમધ્યયનમ્**

## ॥ અથસુવાક્યશુદ્ધયાખ્યં સપ્તમમધ્યયનમ્ ॥૭॥

**ચઉણ્હં ખલુ ભાસાણં, પરિસંખાય પન્નવં ।**
**દુણ્હં તુ વિણયં સિક્ખે, દો ન ભાસિજ્જ સવ્વસો ॥૧॥**

**જા અ સચ્ચા અવત્તવ્વા, સચ્ચામોસા અ જા મુસા ।**
**જા અ બુદ્ધેહિં ણાઇણ્ણા, ન તં ભાસિજ્જ પન્નવં ॥૨॥**

**અસચ્ચમોસં સચ્ચં ચ, અણવજ્જમકક્કસં ।**
**સમુપ્પેહમસંદિદ્ધં, ગિરં ભાસિજ્જ પન્નવં ॥૩॥**

**એઅં ચ અટ્ઠમન્નં વા, જં તુ નામેઇ સાસયં ।**
**સ ભાસં સચ્ચમોસં પિ, તં પિ ધીરો વિવજ્જએ ॥૪॥**

**વિતહં પિ તહામુત્તિં, જં ગિરં ભાસએ નરો ।**
**તમ્હા સો પુટ્ઠો પાવેણં, કિં પુણં જો મુસં વએ ? ॥૫॥**

**અધ્યયન ૭ની ગાથા ૧ થી ૫ સુધીના છુટા શબ્દના અર્થ**

| | | |
|---|---|---|
| ચઉન્હં-ચાર | પન્નવં-બુદ્ધિમાન્ | સિખ્ખે-શીકે, જાણે |
| ભાસાણં-ભાષાઓને | દુન્હં-બેનો | ભાસિજ્જ-બોલે |
| પરિસંખાય-જાણીને | વિણયં-(શુદ્ધ) પ્રયોગ કરવાને | સવ્વસો-સર્વ પ્રકારે |

| | |
|---|---|
| **જા**-જે | **અટ્ઠં**-અર્થ, વિષય |
| **અસચ્ચા**-અસત્ય | **અન્નં**-બીજો (તેવો) |
| **અવત્તવ્વા**-નહિ બોલવા યોગ્ય | **જં**-જે |
| **સચ્ચામોસા**-સત્યામૃષા | **સાસયં**-શાશ્વત, મોક્ષ |
| **મુસા**-અસત્ય | **નામેઇ**-હરકત કરે |
| **નાઇન્ના**-અનાચીર્ણ | **સચ્ચમોસં**-સત્યામૃષા |
| **અસચ્ચમોસં**-અસત્યામૃષા, (વ્યવહાર ભાષા) | **ધીરો**-ડાહ્યો માણસ |
| **સચ્ચં**-સત્ય ભાષા | **વિવજ્જએ**-વિશેષે ત્યાગે |
| **અણવજ્જં**-નિર્દોષ | **વિતહં**-અસત્ય |
| **અકક્કસં**-કઠોરતા રહિત | **તહામુત્તિ**-તથા મૂર્ત્તિ, સાચા જેવો |
| **સમુપ્પેહં**-સારી રીતે વિચારી | **નરો**-માણસ |
| **અસંદિદ્ધં**-સંદેહ વિનાની | **પુટ્ઠો**-સ્પર્શાયેલો, લેપાએલો |
| **ગિરં**-ભાષા, વાણી | **પાવેણં**-પાપવડે |
| **ભાસિજ્જ**-બોલે | **કિંપુણં**-તો શું કહેવું |
| **એઅં**-આ (ઉપર કહેલા) | **વએ**-બોલે |

## (વાક્ય શુદ્ધિ નામનું સાતમું અધ્યયન)

**ભાવાર્થ :** (ગયા અધ્યયનમાં એમ જણાવ્યું કે, ગોચરી ગએલા સાધુને કોઈ સાધુનો આચાર કે ધર્મસંબંધી પૂછે તો પોતે જાણતાં છતાં તે સ્થલે તેને વિસ્તારથી ન કહેતાં, કહેવું કે ઉપાશ્રયે અમારા ગુરુ મહારાજ છે તેઓ કહેશે. હવે તે પુછવાવાળાઓ ઉપાશ્રયે ગુરુ પાસે આવે ત્યારે ભાષા સંબંધી ગુણ દોષના જાણ ગુરુએ, નિરવદ્ય ભાષાએ આચાર અથવા ઉપદેશ કહેવો.) આ સંબંધથી પ્રાપ્ત થયેલ સાતમા અધ્યયનમાં વચનની શુદ્ધિ કહેવાશે તેજ બતાવે છે.

બુદ્ધિમાન પુરુષોએ સત્યાદિ ચાર ભાષાને જાણીને તેમાંથી બે ભાષાઓનો નિર્દોષપણે બોલવામાં પ્રયોગ કરવો (વાપરવી) અને બીજી બે ભાષાઓ સર્વથા બોલવી નહિ. ૧ (સાધુઓને જે બોલવા લાયક ભાષા નથી તે બતાવે છે) ભાષા ચાર પ્રકારની છે. સત્ય ભાષા (૧) અસત્ય ભાષા (૨) સત્યામૃષા એટલે મિશ્ર કાંઈક સાચી અને કાંઈક જુઠી (૩) અસત્યા મૃષા (વ્યવહાર ભાષા સાચી પણ નહિ તેમ જુઠી પણ નહિ) (૪) આ ચાર પ્રકારની ભાષામાં પ્રથમ ભાષા સત્ય બોલવું તે

છે; પણ જો સત્ય વચન હોવા છતાં સાવદ્ય (પાપકારી) હોય, બીજાને નુકશાન થાય તેવું હોય તો, સાધુને તે બોલવા લાયક નથી, (૧) તથા મિશ્ર ભાષા અને અસત્ય ભાષા આ બે ભાષાઓ તો સર્વથા બોલવા લાયક નથી. કેમકે તીર્થંકર મહારાજે તે ભાષા આદરી નથી; તેમ ચોથી જે વ્યવહાર ભાષા, તે પણ અયોગ્ય રીતે બુદ્ધિમાન્ સાધુએ બોલવી નહિ. ૨ (સાધુઓને બોલવા લાયક ભાષા) નિર્દોષ, પાપ વિનાની, કઠોરતા રહિત, સ્વપર ઉપગારી અને સંદેહ વિનાની, એવી વ્યવહાર ભાષા તથા સત્ય ભાષા આ બે પ્રકારની ભાષા બુદ્ધિમાન્ સાધુએ બોલવી. ૩ પૂર્વનિષેધ કરેલી સાવદ્ય તથા કઠોર ભાષા અને તેના જેવી બીજી પણ ભાષા કે જે ભાષા મોક્ષને પ્રતિકૂળ છે તેવી વ્યવહાર ભાષા તથા સત્ય ભાષા બુદ્ધિમાન્ સાધુએ (ત્યાગ કરવી) બોલવી નહિ. ૪ અસત્ય છતાં સત્ય વસ્તુના જેવા સ્વરૂપને પામેલ તેનો આશ્રય લઈને તેવું વચન બોલતાં, તે બોલનાર પુરુષ પાપથી સ્પર્શાય છે. (પાપ બાંધે છે) તો જે માણસ અસત્ય બોલે છે તે પાપથી લેપાય તેમાં તો શું કહેવું ? ૫

**તમ્હા ગચ્છામો વક્ખામો, અમુગં વા ણે ભવિસ્સઇ ।**
**અહં વા ણં કરિસ્સામિ, એસો વા ણં કરિસ્સઇ ॥૬॥**

**એવમાઇ ઉ જા ભાસા, એસકાલંમિ સંકિયા ।**
**સંપયાઇઅમટ્ઠે વા, તં પિ ધીરો વિવજ્જએ ॥૭॥**

**અઇઅંમિ અ કાલંમિ, પચ્ચુપણ્ણમણાગએ ।**
**જમટ્ઠં તુ ન જાણિજ્જા, એવમેઅં તિ નો વએ ॥૮॥**

**અઇઅંમિ અ કાલંમિ, પચ્ચુપ્પણ્ણમણાગએ ।**
**જત્થ સંકા ભવે તં તુ, એવમેઅં તિ નો વએ ॥૯॥**

**અઇઅમિ અ કાલંમિ, પચ્ચુપ્પણ્ણમણાગએ ।**
**નિસ્સંકિઅં ભવે જં તુ, એવમેઅં તિ નિદ્દિસે ॥૧૦॥**

**અધ્યયન ૭ની ગાથા ૬ થી ૧૦ સુધીના છુટા શબ્દના અર્થ**

| | | | |
|---|---|---|---|
| ગચ્છામો-જઈશું | ણે-અમારું | **એસો**-એ સાધુ | **એસકાલંમિ**-ભવિષ્ય કાળમાં |
| વક્ખામો-કહીશું | ભવિસ્સઇ-થશે | કરિસ્સઇ-કરશે | **સંકિયા**-શંકિત |
| અમુગં-અમુક | ણં-આ, અમારું | **એવમાઇઉ**-ઇત્યાદિક | **સંપયાઇઅમટ્ઠે**-વર્તમાન |

| | | |
|---|---|---|
| અને અતીતકાળની વાતો | **જમટ્ઠં**-જે વસ્તુને માટે | **સંકા**-વહેમ, શંકા |
| **અઇયંમિ**-અતીત (માં) | **જાણિજ્જા**-જાણે | **ભવે**-થાય, હોય |
| **કાલંમિ**-કાળમાં | **એવમેઅં**-આ એજ | **નિસ્સંકિઅં**-વહેમ વગરનું |
| **પચ્ચુપણ્ણ**-વર્તમાન | **નો વએ**-બોલે નહિ | **નિદ્દિસે**-કહે |
| **ણાગએ**-ભવિષ્યમાં | **જત્થ**-જ્યાં | |

**ભાવાર્થ :** અસત્ય છતાં સત્ય વસ્તુના જેવું સ્વરૂપ પામેલી વસ્તુ આશ્રયી વચનથી કર્મ બંધાય છે તો "અમે જઈશું જ, અમે આમ કહીશું, અમારું અમુક કામ થશે નહિ, અથવા અમે આ કામ કરશું, અથવા આ અમારું કામ કરશે," ઇત્યાદિ આવતા કાળ સંબંધી શંકાવાળી ભાષા, તેમજ વર્ત્તમાનકાળ સંબંધી, તથા અતીતકાળ સંબંધી ભાષા, બુદ્ધિમાન સાધુઓએ બોલવી નહિ; કેમકે બોલ્યા પ્રમાણે કોઈ કારણથી ન બન્યું તો, અસત્યનો દોષ તથા લોકમાં લઘુતા પ્રમુખ થાય છે. ૬-૭ અતીતકાલ સંબંધી તેમજ વર્ત્તમાન તથા અનાગતકાલ સંબંધી જે વસ્તુને પોતે ન જાણી હોય તેના સંબંધમાં તે આમ જ છે કે આ પ્રમાણે હતી એમ સાધુઓએ બોલવું નહિ. ૮ અતીત અનાગત અને વર્ત્તમાનકાળ સંબંધી જે વસ્તુમાં શંકા હોય તે વસ્તુના સંબંધમાં તે વસ્તુ આમ જ છે, એમ બોલવું નહિ. ૯ અતીત અનાગત અને વર્ત્તમાનકાળને વિષે જે વસ્તુના સંબંધમાં નિઃશંક પણું હોય તથા તે નિષ્પાપ હોય તો તે વસ્તુ આ પ્રમાણે છે એમ કહેવું. ૧૦

**તહેવ ફરુસા ભાસા, ગુરુભૂઓવઘાઇણી ।**
**સચ્ચા. વિ સા ન વત્તવ્વા, જઓ પાવસ્સ આગમો ॥૧૧॥**

**તહેવ કાણં કાણે ત્તિ, પંડગં પંડગે ત્તિ વા ।**
**વાહિઅં વા વિ રોગિત્તિ, તેણં ચોરેત્તિ નો વએ ॥૧૨॥**

**એએણન્નેણ અટ્ઠેણં, પરો જેણુવહમ્મઇ ।**
**આયારભાવદોસન્નૂ, ન તં ભાસિજ્જ પન્નવં ॥૧૩॥**

**તહેવ હોલે ગોલિત્તિ, સાણે વા વસુલિત્તિ અ ।**
**દુમએ દૂહએ વા વિ, નેવં ભાસિજ્જ પન્નવં ॥૧૪॥**

**અજ્જિએ પજ્જિએ વા વિ, અમ્મો માઉસિઉત્તિ અ ।**
**પિઉસિએ ભાયણિજ્જત્તિ, ધૂએ ણત્તુણિઅ ત્તિઅ ॥૧૫॥**

**હલે હલિત્તિ અન્નિત્તિ, ભટ્ટે સામિણિ ગોમિણિ ।**
**હોલે ગોલે વસુલિત્તિ, ઇત્થિઅં નેવમાલવે ॥૧૬॥**

**અધ્યયન ૭ની ગાથા ૧૧ થી ૧૬ સુધીના છુટા શબ્દના અર્થ**

| | |
|---|---|
| **તહેવ**-તેમજ, વળી | **સાણે**-કુતરા |
| **ફરુસા**-કઠોર | **વસુલ**-છીનાળવા |
| **ગુરુભૂઓવઘાઇણી**-ઘણા પ્રાણીઓનો નાશ કરનારી | **ઇત્તિ**-એમ |
| **ન વત્તવ્વા**-ન બોલવી | **દુમ્મએ**-ભીખારી |
| **જઓ**-જેથી | **દુહએ**-દુર્ભાગ્ય |
| **કાણં**-કાણા (ને) | **અજ્જિએ**-આર્યિકે |
| **પંડગં**-નપુંસક (ને) | **પજ્જિએ**-પાર્યિકે |
| **વાહિઅં**-રોગીને | **અમ્મો**-માતા |
| **તેણં**-ચોરને | **માઉસિઉ**-માસી |
| **એએણ**-આ (વડે) | **પિઉસિએ**-ફોઈ |
| **અણ્ણેણ**-બીજા (વડે) | **ભાયણિજ્જ**-ભાણેજી |
| **અટ્ઠેણં**-શબ્દ વડે, અર્થ વડે | **ધૂએ**-પુત્રી |
| **પરો**-બીજો | **ણત્તુણિઅ**-છોકરાની છોડી, પૌત્રી |
| **જેણ**-જે વડે | **હલેહલિત્તિ**-અલી, અલી, એમ |
| **ઉવહમ્મઇ**-દુઃખાય | **અન્નિત્તિ**-હે અન્ને, એમ |
| **આયારભાવદોસન્નૂ**-સાધુના આચારના ભાવ દોષનો જાણ | **ભટ્ટે**-હે ભટ્ટે |
| **હોલે**-મૂર્ખ | **સામિણિ**-હે સ્વામિનિ |
| **ગોલ**-જારથી પેંદા થએલ | **ગોમિણિ**-ગોમિનિ |

**ભાવાર્થ :** વળી કઠોર તથા જેનાથી પાપની પ્રાપ્તિ થાય તેવી ઘણા જીવોનો નાશ કરનારી સત્ય ભાષા પણ બોલવી નહિ. ૧૧ તેમજ કાણાને કાણો, નપુંસકને નપુંસક, રોગવાળાને રોગી અને ચોરને ચોર કહેવો નહિ. તેમ કહેવાથી અપ્રીતિ, લજ્જાનો નાશ, રોગની વૃદ્ધિ અને વિરાધના પ્રમુખ દોષો પેંદા થાય છે. ૧૨ બુદ્ધિમાન્ સાધુઓએ, આ પૂર્વે કહેલ, તથા બીજા પણ શબ્દોએ કરી બીજાને દુઃખ થાય તેવા શબ્દો બોલવા નહિ. ૧૩ તેમજ બુદ્ધિમાન્ સાધુએ મૂર્ખ, જારથી પેંદા થયેલ, કુતરા, છીનાળવા, ભીખારી અને દુર્ભાગ્ય આવા શબ્દો પણ કોઈને કહેવા

નહિ. ૧૪ (સાધુઓએ સ્ત્રીને આવાં નામોથી બોલાવવી નહિ.) હે આર્યિકે, હે પાર્યિકે, માતા, માસી, ફોઈ, ભાણેજી, પુત્રી, પૌત્રી, અલી અલી, અન્ને, ભટ્ટે, સ્વામિનિ, ગોમિનિ, હોલે, ગોલે, છીનાળ આ આદિ શબ્દોથી સ્ત્રીને બોલાવવી નહિ. આમાંથી હોલા પ્રમુખ કેટલા શબ્દો બીજા દેશની અપેક્ષાએ નિંદાવાચક છે, તેમ કેટલાક શબ્દો પ્રીતિ ઉત્પન્ન કરનારા છે. આમ બોલવાથી નિંદા દ્વેષ અને પ્રવચનની લઘુતા થાય છે. ૧૫-૧૬.

**નામધિજ્જેણ ણં બૂઆ, ઇત્થીગુત્તેણ વા પુણો ।**
**જહારિહમભિગિજ્ઝે, આલવિજ્જ લવિજ્જ વા ॥૧૭॥**

**અજ્જએ પજ્જએ વા વિ, બપ્પો ચુલ્લપિઉ ત્તિ અ ।**
**માઉલા ભાઇણિજ્જ ત્તિ, પુત્તે ણત્તુણિઅ ત્તિ અ ॥૧૮॥**

**હેહો હલિત્તિ અન્નિત્તિ, ભટ્ટે સામિય ગોમિઅ ।**
**હોલ ગોલ વસુલ ત્તિ, પુરિસં નેવ માલવે ॥૧૯॥**

**નામધિજ્જેણ ણં બૂઆ, પુરિસગુત્તેણ વા પુણો ।**
**જહારિહમભિગિજ્ઝે, આલવિજ્જ લવિજ્જ વા ॥૨૦॥**

**અધ્યયન ૭ની ગાથા ૧૭ થી ૨૦ સુધીના છુટા શબ્દના અર્થ**

| | | |
|---|---|---|
| **નામધિજ્જેણ**-નામ દઈને | **આલવિજ્જ**-થોડું બોલાવે | **ણત્તુણિઅ**-પૌત્ર |
| **ણં**-આને | **લવિજ્જ**-ઘણું બોલાવે | **હે**-હે |
| **બૂઆ**-બોલાવે | **બપ્પો**-બાપા, પિતા | **હો**-ભો, અરે |
| **ઇત્થીગુત્તેણ**-સ્ત્રીના ગોત્રવડે | **ચુલ્લપિઉ**-કાકો | **આલવે**-બોલાવે |
| **પુણો**-વળી | **માઉલા**-મામા | **પુરિસગુત્તેણ**-પુરુષના ગોત્રવડે |
| **જહારિહં**-યથાયોગ્ય | **ભાઇણિજ્જ**-ભાણેજ | |
| **અભિગિજ્જ**-દેશકાળને અનુસરી | **પુત્તે**-પુત્ર | |

**ભાવાર્થ :** (સ્ત્રીઓને કેવી રીતે સાધુઓએ બોલાવવી ?) કોઈ પણ કારણ પડવાથી સાધુઓએ તે સ્ત્રીનું નામ લેઈને બોલાવવી, અથવા સ્ત્રીના ગોત્રવડે કરીને યથાયોગ્ય દેશકાલને અનુસરી, ગુણ, દોષ વિચારીને થોડું અગર ઝાઝું બોલાવે. જેમ કે હે દેવદત્તા, કાશ્યપગોત્રી, બાલા, વૃદ્ધા, ધર્મશીલા, ધર્મપ્રીયા વિગેરે શબ્દોથી બોલાવવી. ૧૭ (પુરુષોને કેવી રીતે બોલાવવા ?) હે આર્યક, પાર્યક, પિતા, કાકા,

મામા, ભાણેજ, પુત્ર, પૌત્ર, હે, ભો, હલ, અન્ન, ભટ્ટ, સ્વામિ, ગોમિ, હોલ, ગોલ, વસુલ, એ, આદિ નામોથી પુરુષોને બોલાવવા નહિ. આમ બોલાવવાથી રાગ તથા અપ્રીતિ દ્વેષાદિ દોષોનો સંભવ થાય છે. ૧૮-૧૯ (પુરુષોને કેવી રીતે બોલાવવા ?) જે પુરુષને બોલાવવો હોય તેનું નામ લેઈ બોલાવવો અથવા ગોત્ર વડે કરી અથવા યથાયોગ્ય ગુણ, દોષ, વિચારીને થોડું અગર ઝાઝું બોલાવે. ૨૦

**પંચિંદિઆણ પાણાણં, એસ ઇત્થી અયં પુમં ।**
**જાવ ણં ન વિજાણિજ્જા, તાવ જાઇ ત્તિ આલવે ॥૨૧॥**

**તહેવ માણુસં પસું, પક્ખિં વા વિ સરીસવં ।**
**થૂલે પમેઇલે વજ્ઝે, પાયમે ત્તિ અ નો વએ વએ ॥૨૨॥**

**પરિવૂઢ ત્તિ ણં બૂઆ, બૂઆ ઉવચિઅ ત્તિ અ ।**
**સંજાએ પીણિએ વા વિ, મહાકાય ત્તિ આલવે ॥૨૩॥**

**તહેવ ગાઓ દુજ્ઝઓ, દમ્મા ગોરહગ ત્તિ અ ।**
**વાહિમા રહજોગિત્તિ, નેવં ભાસિજ્જ પન્નવં ॥૨૪॥**

**જુવં ગવિત્તિ ણં બૂઆ, ધેણું રસદયત્તિ અ ।**
**રહસ્સે મહલ્લએ વા વિ, વએ સંવહણિત્તિ અ ॥૨૫॥**

**અધ્યયન ૭ની ગાથા ૨૧ થી ૨૫ સુધીના છુટા શબ્દના અર્થ**

| | | |
|---|---|---|
| **પંચિંદિઆણ**-પંચેંદ્રિઓને | **વજ્ઝે**-વધ કરવા યોગ્ય | **ગોરહગ**-બળદ |
| **પાણાણં**-જીવોને | **પાઇમે**-પકાવવા યોગ્ય | **વાહિમા**-વહેવાયોગ્ય |
| **એસ**-આ | **પરિવૂઢ**-પરિવૃદ્ધ, બળવાન | **રહજોગ**-રથયોગ્ય છે |
| **અયં**-આ | **બૂઆ**-બોલવું | **પન્નવં**-બુદ્ધિમાન્ |
| **પુમં**-પુરુષ | **ઉવચિઅ**-ઉપચિત શરીરવાળો | **જુવંગવિત્તિ**-જુવાન બળદ છે |
| **જાઇત્તિ**-જાતિને આશ્રીને | **સંજાએ**-સંજાત, સારો ઉછરેલો | **ધેણું**-થોડા દિવસ ઉપર પ્રસવ પામેલી ગાય |
| **પસું**-પશુને | **પીણિએ**-પુષ્ટ | |
| **પક્ખિં**-પક્ષિને | **મહાકાય**-મોટા શરીરવાળો | **રસદયત્તિ**-દુધ આપનારી |
| **સરીસવં**-સર્પને, અજગરને | **ગાઓ**-ગાયો | **રહસ્સે**-નાનો |
| **થૂલે**-જાડો | **દુજ્ઝાઓ**-દોહવા યોગ્ય | **મહલ્લએ**-મોટો |
| **પમેઇલે**-ઘણી મેદવાળો | **દમ્મા**-દમવાયોગ્ય | **સંવહણ**-ધોરી |

**ભાવાર્થ :** (તિર્યંચ સંબંધી બોલવામાં વિવેક) પંચેંદ્રિય પ્રાણીઓમાં "આ સ્ત્રી ગાય છે," અગર "આ પુરુષ બલદ છે," એમ દૂર રહેલા તિર્યંચોમાં સ્ત્રી, પુરુષનો જ્યાં સુધી નિર્ણય ન થયો હોય ત્યાં સુધી કોઈ કાર્ય પ્રસંગે તે સંબંધમાં બોલવાની જરૂર પડે તો તેની જાતિ થકી બોલાવવાં. જેમ કે આ પશુનાં ટોળાંથી ગામનો માર્ગ કેટલેક દૂર છે ? આમ ન બોલવાથી મૃષાવાદનો દોષ લાગે છે. ૨૧ (વચન વિવેક) તેમજ મનુષ્ય, પશુ, પક્ષી અને સર્પાદિ પ્રત્યે આ જાડો છે. ઘણી મેદવાળો છે, અગર વધ કરવા લાયક છે, તથા પકાવવા લાયક છે યા કાલને પ્રાપ્ત છે એ પ્રમાણે બોલવું નહિ; કારણ કે તેને અપ્રીતિ તથા વધાદિની શંકા થાય છે. ૨૨ કારણ પડ્યે છતે પૂર્વોક્ત જાડા માણસાદિને આ બળવાન છે અગર ઉપચિત શરીરવાળો છે, તથા સારી રીતે ઉછરેલો, પુષ્ટ અને મહાકાયવાળો છે એ પ્રમાણે બોલવું. ૨૩ તેમજ આ ગાયો દોવો અગર દોવા લાયક છે, આ બળદો દમવા લાયક છે, ભાર પ્રમુખ વહેવા લાયક છે અથવા રથમાં જોડવા લાયક છે. આ પ્રમાણે બુદ્ધિમાન્ સાધુઓએ બોલવું નહિ. આમ બોલવાથી તેના પાપનો કારણીક તથા ત્યાગ માર્ગની લઘુતા પ્રમુખ દોષો પેદા થાય છે. ૨૪ કોઈ કાર્ય આવ્યે છતે દમવા લાયક બળદોને દેખીને એમ કહેવું કે આ બળદ યુવાન્ છે, ગાય દૂધ આપવાવાળી છે. ભાર પ્રમુખ વેહેવા લાયક બળદોને દેખી આ બળદ નાના છે અગર મોટા છે અને રથને યોગ્ય દેખીને આ ધોરી બળદ છે. આ વિગેરે નિષ્પાપ શબ્દો વાપરવા. ૨૫

**તહેવ ગંતુમુજ્જાણં, પવ્વયાણિ વણાણિ અ ।**
**રુક્ખા મહલ્લ પેહાએ, નેવં ભાસિજ્જ પન્નવં ॥૨૬॥**

**અલં પાસાયખંભાણં, તોરણાણં ગિહાણ અ ।**
**ફલિહગ્ગલનાવાણં, અલં ઉદગદોણિણં ॥૨૭॥**

**પીઢએ ચંગબેરે અ, નંગલે મઇયં સિઆ ।**
**જંતલટ્ઠી વ નાભી વા, ગંડિઆ વ અલં સિઆ ॥૨૮॥**

**આસણં સયણં જાણં, હુજ્જા વા કિંચુવસ્સએ ।**
**ભૂઓવઘાઇણિં ભાસં, નેવં ભાસિજ્જ પન્નવં ॥૨૯॥**

**તહેવ ગંતુમુજ્જાણં, પવ્વયાણિ વણાણિ અ ।**
**રુક્ખા મહલ્લ પેહાએ, એવં ભાસિજ્જ પન્નવં ॥૩૦॥**

**જાઇમંતા ઇમે રુક્ખા, દીહવટ્ટા મહાલયા ।**
**પયાયસાલા વિડિમા, વએ દરિસણિત્તિ અ ॥૩૧॥**

## અધ્યયન ૭ની ગાથા ૨૬ થી ૩૧ સુધીના છુટા શબ્દના અર્થ

| | |
|---|---|
| **ગંતું**-જઈને | **નંગલે**-હળ |
| **ઉજ્જાણં**-ઉદ્યાન, વાડીમાં | **મઇઅં**-મયિક નામની વાવેલાં બીજને ઢાંકવામાં આવતી વસ્તુ |
| **પવ્વયાણિ**-પર્વતો ઉપર | |
| **વણાણિ**-વનમાં | **જંતલઠ્ઠી**-યંત્રની લાકડી |
| **રુક્ખા**-વૃક્ષો, ઝાડ | **નાભી**-નાયડી |
| **મહલ્લ**-મોટા | **ગંડીઆ**-એરણ |
| **પેહાએ**-જોઈને | **સીઆ**-થશે |
| **અલં**-યોગ્ય, લાયક | **જાણં**-રથ |
| **પાસાએ**-મહેલોના | **ઉવસ્સએ**-ઉપાસરાને વિષે |
| **ખંભાણં**-થાંભલાને | **ભૂઓવઘાઈણિ**-પ્રાણીઓને પીડા કરનારી |
| **તોરણાણં**-નગરના દરવાજાઓને | **જાઈમંતા**-ઉંચી જાતના |
| **ગિહાણ**-ઘરોને માટે | **દીહ**-દીર્ઘ |
| **ફલિહ**-ભોગળ | **વટ્ટા**-ગોળાકાર |
| **અગ્ગલ**-અર્ગલા | **મહાલયા**-મોટા વિસ્તારવાળા |
| **નાવાણં**-હોડીઓને | **પયાયસાલા**-ઉત્પન્ન થઈ છે ઘણી શાખાઓ જેમને એવાં |
| **દોણિણં**-રેહેંટની કુંડીઓને | **વિડિમા**-પ્રશાખાવાલાં |
| **પીઢએ**-બાજોઠ | **વએ**-બોલે |
| **ચંગબેરે**-કાષ્ટપાત્ર | **દરિસણિત્તિ**-દેખવા લાયક એમ |

**ભાવાર્થ :** તેમજ ઉદ્યાનમાં પર્વત ઉપર અથવા વનમાં જઈને મોટાં મોટાં વૃક્ષોને જોઈને બુદ્ધિમાન્ સાધુએ આમ કહેવું ન જોઈએ, કે આ વૃક્ષો મહેલ બાંધવામાં, થાંભામાં, નગરનાં તોરણમાં, ઘર બાંધવામાં, પરિઘામાં, અર્ગલામાં, નાવમાં, તેમજ ઉદકદ્રોણી બનાવવામાં લાયક છે. ૨૬-૨૭. વળી આ વૃક્ષો પીઠકને માટે, કાષ્ટ પાત્ર માટે, હળ માટે, વાવેલા બીજને ઢાંકવાના મયિક માટે, યંત્ર લાકડી માટે, પઇડાની નાયડી માટે અને એરણ માટે કામે લગાડવા લાયક છે તેમ પણ ન કહેવું. ૨૮. તેમજ ખુરશી, આસંદિકા, ખાટ, પલંગ, રથ પ્રમુખ યાન અથવા કાંઈક

ઉપાશ્રયને ઉપયોગી વસ્તુ થશે આવી રીતની પ્રાણીઓના ઘાત કરવાવાળી ભાષા બુદ્ધિમાન્ સાધુઓએ ન બોલવી. ૨૯. (વૃક્ષોના સંબંધમાં કેવી ભાષા બોલવી તે કહે છે.) ઉદ્યાન, પર્વત તથા વનમાં કે વન તરફ જતાં મોટાં વૃક્ષો દેખીને બુદ્ધિમાન્ સાધુએ કારણ પડે છતે આ પ્રમાણે બોલવું કે, આ વૃક્ષો જાતિવંત છે. દીર્ઘ, ગોળ, મોટા વિસ્તારવાળાં, શાખાવાળાં, પ્રતિશાખાવાળાં અને દેખવા લાયક છે. ૩૦-૩૧.

**તહા ફલાઇં પક્કાઇં, પાયખજ્જાઇં નો વએ ।**
**વેલોઇયાઇં ટાલાઇં, વેહિમાઇં ત્તિ નો વએ ॥૩૨॥**

**અસંથડા ઇમે અંબા, બહુનિવ્વડિમા ફલા ।**
**વઇજ્જ બહુ સંભૂઆ, ભૂઅરૂવ ત્તિ વા પુણો ॥૩૩॥**

**તહોસહિઓ પક્કાઓ, નીલિઆઓ છવીઇ અ ।**
**લાઇમા ભજ્જિમાઉ ત્તિ, પિહુખજ્જ ત્તિ નો વએ ॥૩૪॥**

**રૂઢા બહુસંભૂઆ, થિરા ઓસઢા વિ અ ।**
**ગબ્ભિઆઓ પસૂઆઓ, સસારાઉ ત્તિ આલવે. ॥૩૫॥**

**અધ્યયન ૭ની ગાથા ૩૨ થી ૩૫ સુધીના છુટા શબ્દના અર્થ**

**ફલાઇં**-ફલો **પક્કાઇં**-પાકાં
**પાયખજ્જાઇં**-ઘાસમાં રાખી પકાવીને
**વેલોઇયાઇં**-અતિ પાકેલ હોવાથી
**ટાલાઇં**-કોમલ
**વેહિમાઇં**-બે ભાગ કરવાલાયક
**અસંથડા**-ફલનો ભાર ધારણ કરવા અસમર્થ
**અંબા**-આંબા
**બહુનિવ્વડિમાફલા**-ઘણી ગોટલીવાળાં ફલો
**બહુસંભૂઆ**-પાકાં ફલો, ઘણાં થએલાં.
**ભૂઅરુવ**-ગોટલી બંધાયા વિનાનાં ફલો
**ઓસહિઓ**-ડાંગર વિગેરે અનાજ, ઘઉં
**પક્કાઓ**-પાકેલી
**નીલિઆઓછવીઇ**-વાલ, ચોલા

**લાઇમા**-લણવા લાયક
**ભજ્જિમાઓ**-સેકવા લાયક
**પિહુખજ્જ**-પોંખ કરીને ખાવા લાયક
**રૂઢા**-ઉગેલી
**બહુસંભૂઆ**-નિપજવા આવેલી
**થિરા**-સંપૂર્ણ નિપજેલી
**ઓસઢા**-ઉપઘાતથી નીકળેલી
**ગબ્ભિઆઓ**-જેના ડોડા બહાર નીકળ્યા નથી એવી
**પસૂઆઓ**-ડોડા બહાર નીકળ્યા છે એવી
**સસારાઓ**-ડાંગર આદિ સાર વસ્તુ જેને માથે તૈયાર થએલો

**ભાવાર્થ :** (ફ્લોના સંબંધમાં કેવી રીતે ન બોલવું ?) તેમજ આ આંબા પ્રમુખનાં ફલો પાક્યાં છે, અથવા પકાવીને ખાવા લાયક છે, તેમ ન કહેવું. તથા આ ફલો અતિશે પાક્યાં હોવાથી તેને લઈ લેવાનો અવસર થયો છે, અગર કોમલ છે અથવા તે બે ભાગ કરવા લાયક છે. આ પ્રમાણે પણ ન બોલવું. ૩૨. (ફ્લોના સંબંધમાં કેવી રીતે બોલવું) આ આંબાનાં વૃક્ષો અતિ ભારે કરીને ફલને ધારણ કરવા અસમર્થ છે. આ વૃક્ષ ઉપર ગોટલીવાળાં ઘણાં ફળો બનેલાં છે. તથા પાકના અતિશય થકી ઘણાં ફલો પેંદા થયાં છે અને ગોટલી બંધાયા વિનાનાં ફલો પણ છે. આવી રીતે નિર્દોષ વચન બોલવાં. ૩૩. (અનાજના સંબંધમાં યતના) તેમજ ડાંગર પ્રમુખ ઔષધિઓ તથા વાલ ચોળા પ્રમુખ કઠોળ પાક્યાં છે તે લણવા લાયક ભુંજવા લાયક અને પોંક કરીને ખાવા લાયક છે, એમ બોલવું નહિ. ૩૪. માર્ગ દેખાડવારૂપ કારણ પડ્યે છતે આ ડાંગર પ્રમુખ ઉગી છે, નીપજવા આવી છે, સંપૂર્ણ નીપજી છે, ઉપઘાતથી નીકળી છે, ડોડાઓ બહાર આવ્યા નથી અગર આવ્યા છે તથા ડાંગર આદિ સારી રીતે પેંદા થઈ છે. આ પ્રમાણે નિર્દોષ ભાષા બોલવી. ૩૫.

**તહેવ સંખડિં નચ્ચા, કિચ્ચં કજ્જં તિ નો વએ ।**
**તેણગં વાવિ વજ્ઝિત્તિ, સુતિત્થિત્તિ અ આવગા ॥૩૬॥**

**સંખડિં સંખડિં બૂઆ, પણિઅટ્ઠં ત્તિ તેણગં ।**
**બહુસમાણિ તિત્થાણિ, આવગાણં વિઆગરે ॥૩૭॥**

**તહા નઈઓ પુણ્ણાઓ, કાયતિજ્જ ત્તિ નો વએ ।**
**નાવાહિં તારિમાઓ ત્તિ, પાણિપિજ્જ ત્તિ નો વએ ॥૩૮॥**

**બહુબાહડા અગાહા, બહુસલિલુપ્પિલોદગા ।**
**બહુવિત્થડોદગાઆવિ, એવં ભાસિજ્જ પન્નવં ॥૩૯॥**

**તહેવ સાવજ્જં જોગં, પરસ્સટ્ઠાએ નિટ્ઠિઅં ।**
**કીરમાણં તિ વા નચ્ચા, સાવજ્જં નાલવે મુણી ॥૪૦॥**

## અધ્યયન ૭ની ગાથા ૩૬ થી ૪૦ સુધીના છુટા શબ્દના અર્થ

| | |
|---|---|
| **સંખડિં**-જેને વિષે પ્રાણીઓનાં આયુષ્યો ખંડિત થાય છે એવી ક્રિયાને | **પુણ્ણાઓ**-પૂર્ણ, ભરેલી |
| | **કાયતિજ્જ**-શરીરથી તરવા યોગ્ય |
| **નચ્ચા**-જાણીને | **નાવાહિં**-હોડીઓથી |
| **કિચ્ચં**-કામ, કૃત્ય | **તારિમાઓ**-તરવા યોગ્ય |
| **કજ્જં**-કરવા યોગ્ય | **પાણિપિજ્જ**-પ્રાણીઓથી પીવા યોગ્ય |
| **તેણગં**-ચોરને | **બહુબાહડા**-પ્રાયે ભરેલી |
| **વજ્ઝિત્તિ**-વધ કરવા યોગ્ય એમ | **અગાહા**-પ્રાયે ઉંડી |
| **સુતિત્થિત્તિ**-સુખે તરવા યોગ્ય એમ | **બહુસલિલુપ્પિલોદગા**-બીજી નદીઓના પ્રવાહોને પાછળ હઠાવનારી |
| **આવગા**-નદીઓ | |
| **પણિઅટ્ઠં**-પોતાના જીવને જોખમમાં નાંખીને સ્વાર્થ સાધનાર | **બહુવિત્થડોદગા**-જેમાં પાણી ઘણું વિસ્તાર પામેલું છે (તેવી) |
| **સમાણિ**-સરખા | **સાવજ્જંજોગં**-પાપવાળા યોગ |
| **તિત્થાણિ**-ઉતરી જવાનામાર્ગો | **પરસ્સટ્ઠાએ**-પારકાના અર્થે |
| **આવગાણં**-નદીઓનાં | **નિટ્ઠિઅં**-પૂર્વે થઈ રહેલું |
| **વિઆગરે**-કહે | **કીરમાણં**-કરાતું |

**ભાવાર્થ :** (જૂદી જૂદી વચન યતના) પિતૃઆદિની તૃપ્તિને અર્થે કોઈ જમણ કરતું હોય તો આ કરવા લાયક છે તેમ કહેવું નહિ તથા આ ચોર વધ કરવા લાયક છે તેમ પણ કહેવું નહિ. તેમજ કોઈએ પૂછ્યે છતે આ નદી સુખે ઉતરવા લાયક છે, તેમ પણ કહેવું નહિ. (આ પ્રમાણે ન કહેવાનું કારણ અનુક્રમે એ છે કે, મિથ્યાત્વમાં સ્થીર કરવાપણું, લડાઈ, ક્લેશ અને જંતુ વિઘાતાદિ અનેક દોષો આમ બોલવાથી પેંદા થાય છે.) ૩૬ કાર્ય પ્રસંગે બોલવાની જરૂર પડે તો સંખડિને સંખડિ કહેવી. ચોરને પોતાના જીવને જોખમમાં નાંખીને સ્વાર્થ સાધનાર કહેવો અને નદીને નદી ઉતરવાનો રસ્તો ઘણો ખરો સરખો છે. આવી ભાષા બોલવી. ૩૭ તેમજ આ નદીઓ ભરેલી છે, તે શરીરથી તરી શકાય તેમ છે અથવા નાવાથી ઉતરી શકાય તેમ છે અને કાંઠે રહીને પ્રાણિઓથી પાણી પી શકાય તેમ છે. આવી રીતે સાધુઓએ બોલવું નહિ. અધિકરણ પ્રવૃત્તિ આદિ દોષોનો સંભવ છે. ૩૮. પ્રસંગને લઈ બોલવાની જરૂર પડ્યે છતે પ્રાયે કરી નદી ભરેલી છે. પ્રાયે કરીને ઉંડી છે. બીજી નદીઓના પ્રવાહને પાછી હઠાવનારી છે તેમજ નદીના કિનારા પણ ભીંજાઈ

જાય તેવા વિસ્તારવાળી છે આવી રીતે બુદ્ધિમાન સાધુએ બોલવું જોઈએ. પોતે નદીથી આવેલ હોય અને બીજો કોઈ પૂછે કે નદીમાં પાણી કેટલું છે તો હું નથી જાણતો એમ સાધુઓએ કહેવું નહિ, કારણ કે પ્રત્યક્ષ મૃષાવાદનો દોષ તથા અપ્રીતિ આદિ દોષો પેંદા થાય છે. ત્યારે તેને ઉપર કહ્યા પ્રમાણે યતના પૂર્વક ઉત્તર આપવો. ૩૯ તેમજ બીજાને નિમિત્તે પાપવાળા વ્યાપાર પૂર્વે થયા હોય, અગર કરાતા હોય, તેને જાણીને સાધુઓએ તેના સંબંધમાં સાવદ્ય કરાવવા, કે અનુમોદવા રૂપે કાંઈ પણ બોલવું નહિ. ૪૦.

**સુકડિત્તિ સુપક્કિત્તિ, સુચ્છિન્ને સુહડે મડે ।**
**સુનિટ્ઠિએ સુલટ્ઠિત્તિ સાવજ્જં વજ્જએ મુણી ॥૪૧॥**

**પયત્તપક્કે ત્તિ વ પક્કમાલવે, પયત્તછિન્ન ત્તિ વ છિન્નમાલવે ।**
**પયત્તલટ્ઠિત્તિ વ કમ્મહેઉઅં, પહારગાઢ ત્તિ વ ગાઢમાલવે ॥૪૨॥**

**સવ્વુક્કસં પરગ્ઘં વા, અઉલં નત્થિ એરિસં ।**
**અવિક્કિઅમવત્તવ્વં, અવિઅત્તં ચેવ નો વએ ॥૪૩॥**

**સવ્વમેઅં વઇસ્સામિ, સવ્વમેઅં ત્તિ નો વએ ।**
**અણુવીઇ સવ્વં સવ્વત્થ, એવં ભાસિજ્જ પન્નવં ॥૪૪॥**

**સુક્કીઅં વા સુવિક્કીઅં, અકિજ્જં કિજ્જમેવ વા ।**
**ઇમંગિણ્હ ઇમં મુંચ, પણીયં નો વિઆગરે ॥૪૫॥**

**અધ્યયન ૭ની ગાથા ૪૧ થી ૪૫ સુધીના છુટા શબ્દના અર્થ**

**સુકડ**-સારી કરાએલી
**સુપક્ક**-સારું પકાવેલું
**સુચ્છિન્ને**-સારું છેદાયેલું
**સુહડે**-સારું હરણ કરાયું
**મડે**-મરી ગએલું
**સુનિટ્ઠિએ**-સારી રીતે નાશ પામેલું
**સુલટ્ઠિત્ત**-સારી સુંદર
**પયત્ત**-પ્રયત્નથી
**પયત્તલટ્ઠ**-(આ સુંદર કન્યાનું દીક્ષા લેતો) પ્રયત્નથી રક્ષણ કરવું
**કમ્મહેઉઅં**-કર્મ છે હેતુ જેનો એવું
**પહારગાઢ**-ગાઢ પ્રહાર લાગેલો
**સવ્વુક્કસં**-સર્વોત્કૃષ્ટ
**પરગ્ઘં**-ઘણા મૂલવાલી
**અઉલં**-અતુલ, ઘણું
**નત્થિ**-નથી
**એરિસં**-એવું
**અવિક્કિઅં**-ચોખી કરેલી નહિ

| | |
|---|---|
| **અવત્તવ્વં**-અવક્તવ્ય, નહિં કહેવા યોગ્ય, અથવા નહિં કહી શકાય તેવી | **અકિજ્જં**-નહિ ખરીદવાલાયક |
| **અવિઅત્તં**-અપ્રીતિ ઉત્પન્ન કરનારી | **કિજ્જમેવ**-ખરીદવા લાયક જ |
| **વઇસ્સામિ**-કહીશ | **ગિણ્હ**-લે |
| **અણુવીઇ**-વિચારીને | **મુંજ**-મૂક |
| **સુક્કીઅં**-સારું ખરીદ કર્યું | **પણીયં**-કરિયાણું |
| **સુવિક્કીઅં**-સારું વેચ્યું | **વિઆગરે**-કહે |

**ભાવાર્થ :** જેમ કે આ સભા પ્રમુખ બહુ સારી બનાવી છે. સહસ્ર પાક આદિ તેલ સારું પકાવ્યું છે. વન આદિ સારી રીતે છેદ્યું છે. સારું થયું કે આ નીચ કે લોભીનું ધન હરાયું. ઠીક થયું કે આ શત્રુ મરણ પામ્યો. સારું થયું કે આ અભિમાનીનું ધન નાશ પામ્યું અથવા આ કન્યા ઘણી સુંદર છે એમ આ પ્રકારનાં સાવદ્ય વચન સાધુઓએ બોલવાં નહિ. ૪૧. (પૂર્વોક્ત વચનની યતના) સાધુને ગ્લાનાદિ પ્રયોજન આવે છતે આ સહસ્ર પાકાદિ તેલ ઘણા પ્રયત્નથી પકાવેલું છે તથા સાધુને આપસમાં કોઈ પ્રયોજનને લઈ કહેવાની જરૂર જણાય તો કહે કે, આ વન ઘણા પ્રયત્નથી છેદાયેલું છે તથા આ સુંદર કન્યાને દિક્ષા દેવામાં આવે તો પ્રયત્ન પૂર્વક તેનું પાલન કરવું પડે તથા અમુક ક્રિયા કર્મના હેતુવાળી છે તથા કોઈ પ્રયોજન આવ્યે છતે ગાઢ પ્રહારવાળાને દેખી આને ગાઢ પ્રહાર લાગ્યો છે. આમ યતના પૂર્વક કોઈને અપ્રીતિ આદિ પેંદા ન થાય તેમ બોલવું. ૪૨. કોઈ ચાલતા વ્યવહારિક કાર્યમાં પૂછે છતે અગર વગર પૂછે પણ આ વસ્તુ સર્વથી ઉત્કૃષ્ટ છે, મહા મૂલ્યવાળી છે, આના જેવી બીજી કોઈ નથી, આ વસ્તુ તો સુલભ છે, અથવા અનંત ગુણવાળી છે અગર અપ્રીતિ કરવાવાળી છે, આવી રીતે સાધુઓએ બોલવું નહિ; કારણ કે તેમ બોલવાથી અધિકરણ અને અંતરાયાદિ દોષ પેંદા થાય છે. ૪૩ કોઈએ બીજાને કહેવા માટે કાંઈ સંદેશો આપ્યો હોય તો તેને એમ ન કહેવું કે હું આ સર્વ બીજાને કહીશ અથવા આ સર્વ તમે બીજાને કહેજો તેમ પણ ન કહેવું; કારણ કે સર્વ વ્યંજન, સ્વર, આદિ કોઈ બીજાને કહી શકે નહિ અને જો સંપૂર્ણ ન કહેવાય તો મૃષાવાદનો દોષ લાગે, માટે બુદ્ધિમાન્ સાધુઓએ સર્વ ઠેકાણે, સર્વ વિચાર કરીને બોલવું. ૪૪. કોઈએ કાંઈ વેચાતું લઈને સાધુને દેખાડ્યે છતે સાધુઓએ તેમ કહેવું ન જોઈએ કે, ઠીક વેચાતું લીધું અથવા સારું થયું કે

વેચી નાંખ્યું; અગર ખરીદવા લાયક નથી, કે ખરીદવા લાયક છે તથા આ કરિયાણું લઈ રાખો, આગળ મોંઘું થશે; અથવા વેચી નાંખો, આગળ સોંઘું થશે; આવી રીતે બોલવાથી અપ્રીતિ તથા અધિકરણાદિ દોષો લાગે છે. ૪૫.

**અપ્પગ્ઘે વા મહગ્ઘે વા, કએ વા વિક્કએ વિ વા ।**
**પણિઅટ્ઠે સમુપ્પન્ને, અણવજ્જં વિઆગરે ॥૪૬॥**

**તહેવાસંજયં ધીરો, આસ એહિ કરેહિ વા ।**
**સય ચિટ્ઠ વયાહિ ત્તિ, નેવં ભાસિજ્જ પન્નવં ॥૪૭॥**

**બહવે ઇમે અસાહૂ, લોએ વુચ્ચંતિ સાહુણો ।**
**ન લવે અસાહું સાહુ ત્તિ, સાહું સાહુ ત્તિ આલવે ॥૪૮॥**

**નાણદંસણસંપન્નં, સંજમે અ તવે રયં ।**
**એવં ગુણસમાઉત્તં, સંજયં સાહુમાલવે ॥૪૯॥**

**દેવાણં મણુઆણં ચ, તિરિઆણં ચ વુગ્ગહે ।**
**અમુગાણં જઓ હોઉ, મા વા હોઉ ત્તિ નો વએ ॥૫૦॥**

**અધ્યયન ૭ની ગાથા ૪૬ થી ૫૦ સુધીના છુટા શબ્દના અર્થ**

| | | |
|---|---|---|
| **અપ્પગ્ઘે**-થોડી કીંમતવાળું | **સયં**-સુઇ રહે | **ગુણસમાઉત્તં**-ગુણયુક્ત |
| **મહગ્ઘે**-ઘણી કીમતવાળું | **ચિટ્ઠ**-ઉભો રહે | **સંજયં**-સંયમીને |
| **કએ**-ખરીદીમાં | **વયાહિ**-(ફલાળે ઠેકાણે)જા | **દેવાણં**-દેવોના |
| **વિક્કએ**-વેચાણમાં | **બહવે**-ઘણા | **મણુઆણં**-મનુષ્યોના |
| **પણિઅટ્ઠે**-કરિયાણાનો પદાર્થ | **અસાહૂ**-અસાધુઓ | **તિરિઆણં**-તિર્યંચોના |
| **સમુપ્પન્ને**-આવી પડ્યે છતે | **વુચ્ચંતિ**-કહેવાય છે | **વુગ્ગહે**-સંગ્રામમાં |
| **અસંજયં**-અવિરતિ (ગૃહસ્થને) | **સાહુણો**-સાધુઓ | **અમુગાણં**-અમુકોનો, ફલાણાનો |
| **ધીરો**-ધૈર્યવાન્ | **લવે**-કહે | |
| **આસ**-બેસ | **સંપન્નં**-સંયુક્ત | **જઓ**-જય |
| **એહિ**-આવ | **તવે**-તપને વિષે | **હોઉ**-હોજો, થાઓ |
| **કરેહિ**-કર | **રયં**-રક્તને | |

**ભાવાર્થ :** (આજ અર્થમાં વિધિ બતાવે છે) થોડી કીંમતવાળા અગર ઝાઝી કીંમતવાળા કરિયાણા લેવામાં, અગર વેચવાના સંબંધમાં કોઈ ગૃહસ્થ પ્રશ્ન કરે તો

તેને સાધુઓએ નિર્દોષ નિષ્પાપ ઉત્તર આપવો કે, આ વસ્તુનો વેપાર સાધુઓને ન હોવાથી તે સંબંધમાં અમને બોલવાનો અધિકાર નથી. ૪૬. તેમજ ધીર અને બુદ્ધિમાન્ સાધુઓએ ગૃહસ્થને આંહી રહો, આવો, આ કામ કરો, સુવો, બેસો અગર જાઓ એ આદિ કાંઈ કહેવું નહિ. ૪૭. આ લોકને વિષે ઘણા મનુષ્યો, મોક્ષમાર્ગને નહિ સાધનાર અસાધુને સાધુ કહે છે, તેવી રીતે સાધુઓએ અસાધુને સાધુ કહેવો નહિ; પણ જે સાધુ હોય તેને જ સાધુ કહેવો. ૪૮. (સાધુ કોને કહેવો ?) જ્ઞાન, દર્શન સહિત હોય તથા સત્તર પ્રકારના સંયમ અને બાર પ્રકારના તપમાં જે આસક્ત હોય, આવા ગુણ યુક્ત સંયતિને સાધુ કહેવો, પણ દ્રવ્યલિંગધારીને, (સાધુના ગુણ વિના એકલા સાધુના વેશને ધારણ કરનારને) સાધુ ન કહેવો. ૪૯. દેવતા, મનુષ્ય અને તિર્યંચોને આપસમાં લડાઈ (યુદ્ધ) ચાલતે છતે અમુકનો જય થાઓ અને અમુકનો પરાજય થાઓ, આમ સાધુઓએ બોલવું નહિ. (એમ બોલવાથી અધિકરણ દોષ લાગે છે અને તેના સ્વામિને દ્વેષ પેંદા થાય છે. ૫૦.

**વાઓ વુટ્ઠં ચ સીઉણ્હં, ખેમં ધાયં સિવં તિ વા ।**
**કયા ણુ હુજ્જ એઆણિ, મા વા હોઉ ત્તિ નો વએ ॥૫૧॥**

**તહેવ મેહં વ નહં વ માણવં, ન દેવદેવ ત્તિ ગિરં વઇજ્જા ।**
**સમુચ્છિએ ઉન્નએ વા પઓએ, વઇજ્જા વા વુટ્ઠ બલાહયે ત્તિ ॥૫૨॥**

**અંતલિક્ખ ત્તિ ણં બૂઆ, ગુજ્ઝાણુચરિઅત્તિઅ ।**
**રિદ્ધિમંતં નરં દિસ્સ, રિદ્ધિમંતં તિ આલવે ॥૫૩॥**

**તહેવ સાવજ્જણુમોઅણી ગિરા, ઓહારિણી જા ય પરોવઘાઇણી ।**
**સે કોહ લોહ ભયહાસ માણવો, ન હાસમાણો વિ ગિરં વઇજ્જા ॥૫૪॥**

**સુવક્કસુદ્ધિં સમુપેહિઆ મુણી, ગિરં ચ દુટ્ઠં પરિવજ્જએ સયા ।**
**મિઅં અદુટ્ઠં અણુવીઇ ભાસએ, સયાણમજ્ઝે લહઈ પસંસણં ॥૫૫॥**

**ભાસાઇ દોસે અ ગુણે અ જાણિઆ, તીસે અ દુટ્ઠે પરિવજ્જએ સયા ।**
**છસુ સંજએ સામણિએ સયા જએ, વઇજ્જ બુદ્ધે હિઅમાણુલોમિઅં ॥૫૬॥**

**પરિક્ખભાસી સુસમાહિઇંદિએ, ચઉક્કસાયાવગએ અણિસ્સિએ ।**
**સ નિદ્ધુણે ધુન્નમલં પુરેકડં, આરાહએ લોગમિણં તહા પરં ॥ ત્તિબેમિ ॥૫૭॥**

**ઇતિ સુવક્કસુદ્ધીઅજ્ઝયણં સમ્મત્તં ॥૫૭॥**

## અધ્યયન ૭ની ગાથા ૫૧ થી ૫૭ સુધીના છુટા શબ્દના અર્થ

**વાઓ**-પવન
**વુટ્ઠં**-વરસાદ
**સી**-ટાઢ
**ઉન્હં**-તાપ
**ખેમં**-ક્ષેમ
**ધાયં**-સુકાળ, સુભિક્ષ
**સિવં**-ઉપસર્ગ રહિત
**કયા**-ક્યારે
**હુજ્જ**-થશે
**એઆણિ**-આ
**મા**-નહિ
**વા**-અથવા
**હોઉ**-થાઓ
**મેહં**-મેઘને
**નહં**-આકાશને
**માણવં**-માણસને
**ગિરં**-વાણી પ્રત્યે
**સમુચ્છિએ**-ચઢયે છતે
**ઉન્નએ**-ઉંચો થએલ છે.
**પઓએ**-મેઘ
**વુટ્ઠે**-વરસ્યો
**બલાહયે**-મેઘ
**અંતલિખ્ખ**-અંતરિક્ષ (આકાશ)
**બૂઆ**-કહે
**ગુજ્ઝાણુચરિઅ**-દેવતાએ સેવિત
**રિદ્ધિમંતં**-રુદ્ધિવાળા(ને)
**દિસ્સ**-જોઈને
**સાવજ્જણુમોઅણી**-સાવદ્યક્રિયાને અનુમોદનારી
**ગિરા**-વાણી
**ઓહારિણી**-નિશ્ચયવાળી
**પરોવઘાઇણી**-પરને પીડા કરનારી
**કોહલોહભયસા**-ક્રોધ લોભ અને ભયથી
**માણવો**-સાધુ
**હાસમાણો**-હાંસી કરતાં
**સુવક્કસુદ્ધિ**-સારા વાક્યની શુદ્ધિને
**સમુપેહિઆ**-જોઈને
**દુટ્ઠં**-દુષ્ટ, ખરાબ
**પરિવજ્જએ**-સમ્યક્ પ્રકારે વર્જે
**સયા**-હમેશાં
**મિઅં**-પરિમિત
**અદુટ્ઠં**-દોષ વિનાનું
**અણુવીઇ**-વિચારીને
**ભાસએ**-બોલે
**સયાણવજ્જે**-સત્પુરુષોમાં
**લહઇ**-પામે
**પસંસાણં**-પ્રશંસાને
**ભાસાઇ**-ભાષાના
**દોસે**-દોષોને
**જાણિઆ**-જાણીને
**તીસે**-તે (ની)
**દુટ્ઠે**-દુષ્ટ ભાષાને
**છસુ**-છ (જીવનિકાય)માં
**સંજએ**-સારીપેઠે યતના રાખનાર
**સામણિએ**-શ્રમણ ભાવમાં
**સયા**-નિરંતર
**જએ**-ઉધમવાન્ **બુદ્ધે**-જ્ઞાની સાધુ
**હિઅમાણુલોમિઅં**-હિતકારી અને મધુર (અનુકુળ)

| | |
|---|---|
| **પરિક્ખભાસી**-પરિક્ષા કરીને બોલનાર | **ધુતમલં**-પાપ રૂપ મલ રહિત |
| **સુસમાહિઇંદિએ**-સર્વે ઇંદ્રિયોને વશમાં રાખનાર | **પુરેકડં**-પૂર્વ ભવે કરેલાં |
| **ચઉક્કસાયાવગએ**-ચાર કષાય જેમના ગયા છે એવા | **આરાહએ**-આરાધે છે |
| **અણિસ્સિએ**-અનિશ્રિત; દ્રવ્ય ભાવ નિશ્રા રહિત | **લોગમિણં**-આ લોકને |
| **નિદ્ધુણે**-કાઢી નાંખે | **તહાપરં**-તેમજ, પરલોકને |

**ભાવાર્થ :** ઉનાળાના વખતમાં ઘામ આદિથી પીડાએલા સાધુઓએ આમ ન કહેવું કે, આ વાયરો, વરસાદ, ટાઢ, તાપ, ક્ષેમ, (સારી રીતે રક્ષણ) સુકાળ, ઉપસર્ગ રહિતપણું ઇત્યાદિ ક્યારે થશે ? અથવા તો વાયરા પ્રમુખ ન થાઓ. આમ કહેવાથી અધિકરણાદિ દોષ, તથા વાયરા પ્રમુખના જીવોને પીડાની પ્રાપ્તિની અનુમોદના, અને તેમ ન થવાથી આર્તધ્યાન થાય છે. ૫૧. તેમજ મેઘ, આકાશ, અને રાજાદિને દેખીને આ દેવ છે[૧] આવી વાણી સાધુઓએ બોલવી નહિ. પણ ઉંચા મેઘને દેખીને આ મેઘ ચડ્યો છે અથવા આ મેઘ ઉંચો છે તથા આ વરસાદ વરસ્યો એમ કહેવું, પણ વરસાદ આકાશ અને રાજાને દેવ કહેવાથી મિથ્યાપણું અને લઘુત્વાદિ દોષો પૈદા થાય છે. ૫૨ (આકાશને આશ્રયીને કેવી રીતે બોલવું ?) આકાશને અંતરિક્ષ તથા ગુહ્યાનુચરિત (દેવતાઓથી સેવાયેલ) એમ કહેવું. તેમજ આ બે શબ્દો વરસાદને માટે પણ બોલવા. વળી ઋદ્ધિવાળા માણસને જોઈને આ ઋદ્ધિવાન છે એમ કહીને બોલાવવા. ૫૩ તેમજ સાધુઓએ સાવદ્ય કાર્યને અનુમોદના કરવાવાળી, અવધારણાવાળી (આ કાર્ય આમજ છે તેવી) તથા પરનો ઉપઘાત કરવાવાળી વાણી ક્રોધથી, લોભથી, ભયથી કે હાસ્યથી (હસતાં) પણ એવી વાણી બોલવી નહિ, કેમ કે તેવી વાણી બોલવાથી ઘણાં કર્મ બંધાય છે. ૫૪ આવી રીતે મુનિઓએ ઉત્તમ. વાક્ય શુદ્ધિને જાણીને દુષ્ટ (સદોષ) વાણી બોલવી નહિ પણ મિત (થોડી) અને તે પણ નિર્દોષ વાણી વિચાર કરીને બોલવી; તેમ બોલવાથી તેઓ સત્પુરુષોને વિષે પ્રશંસાને પ્રાપ્ત થાય છે. ૫૫. ભાષાના દોષો અને ગુણોને જાણીને, છ જીવનિકાયને વિષે સંયમવાન્ અને ચારિત્રને વિષે નિરંતર ઉદ્યમવાન્ સાધુઓએ સદોષ ભાષાનો નિરંતર ત્યાગ કરવો અને પરિણામે સુંદર તથા મનોહર

૧ આ ઠેકાણે દેવ શબ્દનો પ્રયોગ કરવાનું કારણ એ છે કે મેઘ, આકાશ, અને રાજાને દેવ શબ્દથી સંબોધી શકાય છે તથાપિ દેવનો અર્થ જુદો થતો હોવાથી બીજાને ભ્રાંતિમાં ન નાંખવા માટે તેમ બોલવાની મના કરવામાં આવી છે.

ભાષા બોલવી. ૫૬ વિચાર કરીને બોલનાર, ઇંદ્રિયોને વશ રાખનાર, ક્રોધાદિક ચાર કષાયને રોકનાર, તથા દ્રવ્યભાવ નિશ્રારહિત, આવા મહાત્માઓ જન્માંતરમાં કરેલ પાપમલને દૂર કરીને આ લોક તથા પરલોકને આરાધે છે. એમ સુધર્મા સ્વામિ પોતાના જંબુ નામના શિષ્યને કહે છે.

**॥ ઇતિ વાક્ય શુધ્યધ્યયનં સપ્તમં સમાપ્તમ્ ॥**

## ॥ અથ આચાર પ્રણિધિનામકમષ્ટમમધ્યયનં પ્રારભ્યતે ॥

**આયારપ્પણિહિં લદ્ધું, જહા કાયવ્વ ભિક્ખુણા ।**
**તં ભે ઉદાહરિસ્સામિ, આણુપુવ્વિં સુણેહ મે ॥૧॥**

**પુઢવીદગઅગણિમારુઅ, તણરુક્ખસબીયગા ।**
**તસા અ પાણા જીવત્તિ, ઇઇ વુત્તં મહેસિણા ॥૨॥**

**તેસિં અચ્છણજોએણ, નિચ્ચં હોઅવ્વયં સિઆ ।**
**મણસા કાયવક્કેણં, એવં હવઇ સંજએ ॥૩॥**

**પુઢવિં ભિત્તિં સિલં લેલું, નેવ ભિંદે ન સંલિહે ।**
**તિવિહેણ કરણજોએણ, સંજએસુસમાહિએ ॥૪॥**

**સુદ્ધપુઢવીએ ન નિસીએ, સસરક્ખંમિ અ આસણે ।**
**પમજ્જિત્તુ નિસીઇજ્જા, જાઇત્તા જસ્સ ઉગ્ગહં ॥૫॥**

**આઠમા અધ્યયની ગાથા ૧ થી ૫ સુધીના અર્થ**

| | |
|---|---|
| **આયારપ્પણિહિં**-આચારના ઉત્કૃષ્ટ નિધિને | **તણરુખ્ખ**-તૃણ, વૃક્ષ |
| **લદ્ધું**-પામીને | **સબીયગા**-બીજ સહિત |
| **કાયવ્વ**-(ક્રિયા) કરવી | **તસાપાણા**-ત્રસ પ્રાણીઓ |
| **ભે**-તમોને | **જીવત્તિ**-જીવો છે |
| **ઉદાહરિસ્સામિ**-કહીશ | **ઇઇ**-એ પ્રકારે |
| **આણુપુવ્વિં**-અનુક્રમે | **અચ્છણ જોએણ**-નિર્મળ સ્વભાવવાળા |
| **સુણેહ**-સાંભળો | **હોઅવ્વયંસિઆ**-થવું જોઈએ |
| **મે**-મારા તરફથી | **વક્કેણં**-વાક્ય વડે |

| | |
|---|---|
| **ભિત્તિં**-ભીંતને | **સસરક્ખંમિ**-સચિત્તરજવાળી |
| **સિલં**-શિલાને | **પમજ્જિત્તુ**-પુંજીને |
| **લેલું**-પથ્થરના કકડાને | **નિસીઇજ્જા**-બેસે |
| **ભિંદે**-કકડા કરે **સંલિહે**-ઘસે | **જાઇત્તા**-યાચીને, માગીને. |
| **સુદ્ધપુઢવીએ**-સચિત્ત પૃથ્વી ઉપર | **જસ્સ**-જેનું |
| **નનિસીએ**-ન બેસે | **ઉગ્ગહં**-અવગ્રહને |

## આચાર પ્રણિધિ નામનું આઠમું અધ્યયન

**ભાવાર્થ :** ગયા અધ્યયનમાં એમ જણાવવામાં આવ્યું કે બોલવા સંબંધી વચનના ગુણ દોષોને જાણીને સાધુઓએ પાપ વિનાનું વચન બોલવું, આ નિઃપાપ વચન આચારમાં રહેલા સાધુઓને હોય છે એટલે સાધુઓએ શુદ્ધ આચાર પાળવા માટે અવશ્ય પ્રયત્ન કરવો જોઈએ. એમ આ અધ્યયનમાં કહેવામાં આવશે. શ્રીમાન્ મહાવીરદેવ પોતાના શિષ્યોને એમ કહે છે કે, હું તમને અનુક્રમે આચાર પ્રણિધિ કહીશ, તે તમે સાંભળો. જે આચાર પ્રણિધિને પામીને અથવા જાણીને સાધુઓએ તે પ્રમાણે બરોબર ક્રિયા કરવી જોઈએ. ૧ (તેજ બતાવે છે.) પૃથ્વી, પાણી, અગ્નિ, વાયરો તૃણ, વૃક્ષો, બીજ અને ત્રસ જે બેઇંદ્રિ આદિ પ્રાણીઓ તે સર્વની અંદર જીવ છે એમ મહર્ષિઓએ કહેલું છે અર્થાત્ એમ અનેક તીર્થંકરોએ કહેલું છે અને હું પણ કહું છું. ૨ આજ કારણથી મુનિઓએ મન, વચન, કાયાએ કરી તે પૃથ્વી આદિ જીવોના રક્ષણ કરવાવાળા થવું જોઈએ, અને તેમ થવાથી જ તેમનામાં સંયતપણું સંભવે છે. ૩ (તેજ વિશેષથી બતાવે છે) નિર્મળ સ્વભાવવાળા મુનિઓએ શુદ્ધ પૃથ્વી, નદીના કિનારાની ભિતિ, શિલા અને પથ્થરના કટકાઓ કે જે સચિત્ત (સજીવ) હોય તેમને મન, વચન, કાયાથી કરવા, કરાવવા અને અનુમોદવારૂપ, ત્રણ કરણ અને ત્રણ યોગે કરી, ભેદવા તથા ઘસવા નહિ. ૪. મુનિઓએ સચિત્ત પૃથ્વી ઉપર તથા સચિત્ત રજથી ખરડાયેલ આસન ઉપર બેસવું નહિ; પણ અચિત્ત (નિર્જીવ) પૃથ્વી જાણીને, તેને પ્રમાર્જીને તથા તે ભૂમિ જેની માલિકીની હોય તેની રજા મેળવ્યા બાદ જરૂર જણાય તો ત્યાં બેસવું જોઈએ. ૫

**સીઓદગં ન સેવિજ્જા, સિલાવુઠં હિમાણિ અ ।**
**ઉસિણોદગં તત્તફાસુઅં, પડિગાહિજ્જા સંજએ ॥૬॥**

ઉદઉલ્લં અપ્પણો કાયં, નેવ પુંછે ન સંલિહે ।
સમુપ્પેહ તહાભૂઅં, નોણં સંઘટ્ટએ મુણી ॥૭॥

ઇંગાલં અગણિં અચ્ચિં, અલાયં વા સજોઇઅં ।
ન ઉંજિજ્જા ન ઘટ્ટિજ્જા, નો ણં નિવ્વાવએ મુણી ॥૮॥

તાલિઅંટેણ પત્તેણ, સાહા વિહુયણેણ વા ।
ન વીઇજ્જ અપ્પણો કાયં, બાહિરં વા વિ પુગ્ગલં ॥૯॥

તણરુક્ખં ન છિંદિજ્જા, ફલં મૂલં ચ કસ્સઈ ।
આમગં વિવિહં બીઅં, મણસા વિ ન પત્થએ ॥૧૦॥

॥ અધ્યયન આઠમાની ગાથા ૬ થી ૧૦ સુધીના અર્થ ॥

| | |
|---|---|
| **સીઓદગં**-સચિત્ત પાણીને | **નોણં સંઘટ્ટએ**-થોડો સ્પર્શ ન કરે |
| **સેવિજ્જા**-સેવે | **અચ્ચિં**-અગ્નિથી છુટો પડેલી જ્વાળા |
| **સિલાવુટ્ઠં**-વરસેલા કરાને | **અલાયં**-ઉંબાડાને |
| **હિમાણી**-બરફને | **સજોઇઅં**-અગ્નિ સહિત |
| **ઉસિણોદગં**-ઉષ્ણ પાણીને | **તાલિઅંટેણ**-વીંજણા વડે |
| **તત્તફાસુઅં**-તપાવી અચિત્ત કરેલું | **વિહુયણેણ**-મોર પીંછી વડે |
| **પડિગાહિજ્જ**-લે | **વીઇજ્જ**-વીંઝે, પવન નાંખે |
| **ઉદઉલ્લં**-પાણીથી ભીનું થએલું | **બાહિરં**-બહાર રહેલા |
| **અપ્પણો**-પોતાના | **પુગ્ગલં**-પુદ્‌ગલને |
| **કાયં**-શરીરને | **છિંદિજ્જા**-કાપે |
| **નેવ**-નહિ | **કસ્સઇ**-કોઈપણ |
| **પુંછે**-લુવે | **આમગં**-કાચા, સચિત્ત |
| **સંલિહે**-સ્પર્શ કરે | **વિવિહં**-વિવિધ પ્રકારના |
| **સમુપ્પેહ**-બરાબર જોઈને | **બીઅં**-બીજ પ્રત્યે |
| **તહાભૂઅં**-તેવું થએલું | **પત્થએ**-ઇચ્છે |

**ભાવાર્થ :** (પાણી લેવાની વિધિ) મુનિઓએ પૃથ્વીમાંથી નીકળેલું કાચું પાણી, કરાનું પાણી, વરસાદનું પાણી, અને બરફનું પાણી પીવું નહિ પણ ઉનું પાણી તથા તપ્યા બાદ અચિત્ત થએલું પાણી લેવું જોઈએ. ૬ નદી ઉતર્યા પછી, અથવા તો

ગોચરી આદિ પ્રસંગે બહાર જતાં રસ્તામાં વરસાદ થવાથી ભિંજાએલા પોતાના શરીરને લુગડાં પ્રમુખથી લુછવું નહિ તેમજ હાથ પ્રમુખથી ચોળવું પણ નહિ. અર્થાત્ પાણીથી ભિંજાએલા શરીરને જોઈને જરા પણ તેનો સંઘટ્ટ (સ્પર્શ) કરવો નહિ. ૭ (અગ્નિ સંબંધી વિધિ) જ્વાલા વિનાની અગ્નિ, લોઢાના તપાવેલ ગોળામાં રહેલી, ભેદાએલી જ્વાલા અને અગ્નિવાળું ઉંબાડીઉ, એ આદિ અગ્નિને સાધુઓએ ઉજાળવી નહિ, તેમજ સંઘટ્ટવી નહિ અને બુઝાવવી પણ નહિ. ૮ (વાયરાના સંબંધમાં વિધિ) ઉનાળા પ્રમુખ ઋતુમાં પોતાને ઘામ થતાં સાધુઓએ તાડ વૃક્ષના વીંજણા વડે કરીને, કમળ પ્રમુખનાં પત્રોએ કરીને, વૃક્ષની ડાળી વડે કરીને, તેમજ બીજા પણ વિંજણા પ્રમુખે કરીને પોતાના શરીર ઉપર વાયરો નાંખવો નહિ; તેમજ બીજાં પણ ભોજન, પાણી પ્રમુખ ગરમ પુદ્ગલોને ઠંડાં કરવા માટે વિંજણા પ્રમુખનો ઉપયોગ કરવો નહિ. ૯ (વનસ્પતિના સંબંધમાં વિધિ) સાધુઓએ તૃણ, વૃક્ષ, તથા કોઈ પણ જાતનાં ફલ તથા મૂળને છેદવાં નહિ, તેમજ અનેક પ્રકારનાં કાચાં બીજને મનથી પણ લેવાની ઇચ્છા કરવી નહિ. ૧૦

**ગહણેસુ ન ચિટ્ઠિજ્જા, બીએસુ હરિએસુ વા ।**
**ઉદગંમિ તહા નિચ્ચં, ઉત્તિંગપણગેસુ વા ॥૧૧॥**

**તસે પાણે ન હિંસિજ્જા, વાયા અદુવ કમ્મુણા ।**
**ઉવરઓ સવ્વભૂએસુ, પાસેજ્જ વિવિહં જગં ॥૧૨॥**

**અઠ સુહુમાઇ પેહાએ, જાઇં જાણિત્તુ સંજએ ।**
**દયાહિગારી ભૂએસુ, આસ ચિટ્ઠ સએહિ વા ॥૧૩॥**

**કયરાઇં અટ્ઠ સુહુમાઇં, જાઇં પુચ્છિજ્જ સંજએ ।**
**ઇમાઇં તાઇં મેહાવી, આઇક્ખિજ્જ વિઅક્ખણે ॥૧૪॥**

**સિણેહં પુપ્ફસુહુમં ચ, પાણુત્તિગં તહેવ ચ ।**
**પણગં બીઅહરિઅં ચ, અંડસુહુમં ચ અટ્ઠમં ॥૧૫॥**

**ગાથા ૧૧ થી ૧૫ સુધીના અર્થ**

| | | |
|---|---|---|
| ગહણેસુ-વૃક્ષોની ઘટામાં | ઉદગંમિ-ઉદક નામની વનસ્પતિમાં | પણગેસુ-લીલફૂલમાં |
| હરિએસુ-લીલોતરીમાં | ઉત્તિંગ-બિલાડીના ટોપ | તસેપાણે-ત્રસ જીવોને |

| | |
|---|---|
| **વાયા**-વચન વડે | **કયરાઇં**-ક્યાં-ક્યાં |
| **અદુવ**-અથવા | **પુચ્છિજ્જ**-પુછે |
| **કમ્મુણા**-કામ વડે, કાયા વડે | **મેહાવી**-બુદ્ધિશાળી |
| **ઉવરઓ**-પાછો હઠેલો (દંડનો ત્યાગ કરનાર) | **આઇક્ખિજ્જ**-કહે |
| **સવ્વભૂએસુ**-સર્વ જીવોને વિષે | **વિયક્ખણે**-વિચક્ષણ, ડાહ્યા |
| **પાસેજ્જ**-જુએ, દેખે | **સિણેહં**-સ્નેહ (સૂક્ષ્મ) |
| **જગં**-જગતને | **પુપ્ફસુહુમં**-પુષ્પ સૂક્ષ્મ |
| **અટ્ઠ**-આઠ | **પાણુત્તિગં**-પ્રાણી સૂક્ષ્મ (કિડિઆરુ) |
| **સુહુમાઇં**-સૂક્ષ્મ આદિ | **પણગં**-પંચવર્ણી લીલફુલ |
| **પેહાએ**-જાણીને | **બીયં**-બીજ |
| **દયાહિગારી**-દયાનો અધિકારી | **હરિય**-હરિત (સૂક્ષ્મ) |
| **સએહિ**-સુએ | **અણ્ડસુહુમં**-અણ્ડ સૂક્ષ્મ |
| | **અટ્ઠમં**-આઠમું |

**ભાવાર્થ :** જ્યાં ઊભા રહેવાથી વનસ્પતિનો સંઘટ્ટ થાય તેવાં વનનાં નિકુંજોમાં (ગાઢ ઝાડીમાં) ઊભા રહેવું નહિ. તેમજ બીજ, હરિત, ઉદગ[1], ઉત્તિંગ[2] અને પનકના[3] ઉપર પણ ઊભા રહેવું નહિ.

૧૧ (ત્રસકાયની વિધિ) સાધુઓએ મન વચન અને કાયાએ કરીને ત્રસ પ્રાણીઓને હણવા નહિ; પણ સર્વ પ્રાણીઓની હિંસાથી નિવૃત્ત થઈને નિર્વેદને માટે (બંધનથી મુક્ત થવા માટે) વિવિધ પ્રકારનાં કર્મને પરાધીન થએલા જગતના (જીવોના) સંબંધમાં વિચાર કરવો. ૧૨ (સૂક્ષ્મ જીવોની વિધિ) સાધુઓએ આઠ જાતના સૂક્ષ્મ (જીવોને) જાણવાં જોઈએ, જે આઠ જાતના સૂક્ષ્મ જીવોને જાણવાથી સાધુ જીવ દયાનો અધિકારી થાય છે. તેમ થવાથી સૂક્ષ્મજીવોને દેખીને ઉપયોગપૂર્વક બેસવું, ઊભા રહેવું; અને સુવા પ્રમુખ કાર્ય નિર્દોષ તરીકે કરાય છે ૧૩ (શિષ્ય પ્રશ્ન) હે ભગવન્ ! તે આઠ સૂક્ષ્મ (જીવો) કયાં છે ? કે જે દયાના અધિકારી થવા માટે સાધુઓ ગુરુને પ્રશ્ન કરે. (ગુરુ ઉત્તર આપે છે.) કે હે શિષ્ય ! આગળ કહેવામાં આવશે તે આઠ સૂક્ષ્મોને બુદ્ધિમાન્ વિચક્ષણ ગુરુએ શિષ્યને કહેવાં જોઈએ. ૧૪ (આઠ પ્રકારનાં સૂક્ષ્મ કહે છે) ૧ સ્નેહ સૂક્ષ્મ. ૨ પુષ્પ સૂક્ષ્મ. ૩ પ્રાણી સૂક્ષ્મ. ૪

૧. ઉદગ નામની વનસ્પતિ, ૨. બિલાડીના ટોપના નામે ઓળખાય છે તે, ૩. સેવાળ.

ઉત્તિંગ. ૫ સેવાળ. ૬ બીજ. ૭ હરિત. ૮ ઇંડાસૂક્ષ્મ. આ આઠ પ્રકારનાં સૂક્ષ્મો છે. ઓસ, (ઝાકળ) હિમ, ધુંવાર, કરા, હરિતનુ વિગેરે સ્નેહ સૂક્ષ્મ કહેવાય છે. (૧) વડ, અને ઉમરા પ્રમુખનાં પુષ્પોને પુષ્પ સૂક્ષ્મ કહેવાય છે. (૨) કુંથુઆ પ્રમુખ જેઓ ચાલતા હોય ત્યારે દેખાય છે પણ સ્થિર રહ્યા હોય ત્યારે દેખી શકાતા નથી તે પ્રાણીસૂક્ષ્મ (૩) કીડીનાં નગરાં તેમાં રહેલી કીડીઓ, તથા બીજા પણ સૂક્ષ્મ જીવો હોય છે તે ઉત્તિંગ સૂક્ષ્મ. (૪) વર્ષા ઋતુમાં જે પાંચ પ્રકારની લીલફૂલ, લાકડાં તથા જમીન પ્રમુખ ઉપર થાય છે તે પનક સૂક્ષ્મ. (૫) સાળ (ડાંગર) પ્રમુખ બીજનાં મુખનાં મૂળમાં જે કણીકા થાય છે જેને તુશનુ મુખ કહે છે તે બીજ સૂક્ષ્મ. (૬) નવું પેદા થએલ અને પૃથ્વીના સમાન વર્ણવાળું તેને હરિત સૂક્ષ્મ કહે છે. (૭) તથા માખી, કીડી, ગૃહકોકિલા, બ્રાહ્મણી, કૃકલાશ આદિનાં ઇંડાઓને ઇંડા સૂક્ષ્મ કહે છે. (૮). ૧૫

**એવમેઆણિ જાણિત્તા, સવ્વભાવેણ સંજએ ।**
**અપ્પમત્તો જએ નિચ્ચં, સવ્વિંદિઅસમાહિએ ॥૧૬॥**

**ધુવં ચ પડિલેહિજ્જા, જોગસાપાયકંબલં ।**
**સિજ્જમુચ્ચારભૂમિં ચ, સંથારં અદુવાસણં ॥૧૭॥**

**ઉચ્ચારં પાસવણં, ખેલં સિંઘાણજલ્લિઅં ।**
**ફાસુઅં પડિલેહિત્તા, પરિટ્ઠાવિજ્જ સંજએ ॥૧૮॥**

**પવિસિત્તુ પરાગારં, પાણઠા ભોઅણસ્સ વા ।**
**જયં ચિટ્ઠે મિઅં ભાસે, ન ય રૂવેસુ મણં કરે ॥૧૯॥**

**બહું સુણેહિ કણ્ણેહિં, બહું અચ્છીહિં પિચ્છઇ ।**
**નય દિટ્ઠં સુઅં સવ્વં, ભિક્ખૂ અક્ખાઉમરિહઈ ॥૨૦॥**

**॥ ગાથા ૧૬ થી ૨૦ સુધીના અર્થ ॥**

| | |
|---|---|
| **એવમેયાણિ**-એમ ઇત્યાદિ | **સવ્વિન્દિય**-સર્વ ઇંદ્રિય |
| **જાણિત્તા**-જાણીને | **ધુવં**-નિત્ય |
| **સવ્વભાવેણ**-યથાશક્તિ સર્વ પ્રકારે | **જોગસા**-શક્તિ હોય તો ન્યૂનાધિક ન થાય તેવી રીતે |
| **અપ્પમત્તો**-પ્રમાદ રહિત | |
| **જએ**-યતના કરે | **પાયકંબલં**-પાત્ર, કાંબલ |

**સિજ્જં**-શય્યા, ઉપાશ્રય
**ઉચ્ચારભૂમિં**-સ્થંડિલ (નિર્જીવ જમીન)
**સંથારં**-સંથારો
**ઉચ્ચારં**-વડી નીતિ, ઝાડો
**પાસવણં**-માત્રુ, પેશાબ
**ખેલં**-ગળફો
**સિંઘાણજલ્લિઅં**-નાક અને કાનનો મેલ
**ફાસુઅં**-અચિત્ત, નિર્જીવ
**પવિસિત્તુ**-પ્રવેશ કરીને
**પરાગારં**-ગૃહસ્થના ઘર પ્રત્યે
**પાણટ્ઠા**-જલાદિને માટે
**ભોઅણસ્સ**-ભોજનને માટે
**જયં**-યત્નાએ
**મિઅં**-પરિમિત
**રૂવેસુ**-રૂપને વિષે
**કન્નેહિં**-કાનવડે
**અચ્છીહિં**-આંખો વડે
**પિચ્છઇ**-જુએ
**દિટ્ઠં**-દીઠેલું
**અક્ખાઉં**-કહેવાને
**અરિહઇ**-યોગ્ય છે

**ભાવાર્થ :** પાંચે ઇંદ્રિયોના વિષયમાં રાગ, દ્વેષ રહિત પ્રવૃત્તિ કરનાર મુનિઓએ આ પૂર્વોક્ત આઠ પ્રકારનાં સૂક્ષ્મ જીવોને જાણીને અપ્રમાદી પણે, શક્તિ અનુસારે તેનું રક્ષણ કરવાને માટે પ્રયત્ન કરવો. ૧૬ પોતાની છતી શક્તિએ, જે વખતે પડિલેહણાદિ કરવાનાં હોય તે વખતે પાત્ર, કાંબળ, ઉપાશ્રય, સ્થંડિલની ભૂમિ, સંથારો અને આસન તેનું પડિલેહણ કરવું. ૧૭ સાધુઓએ જીવ વિનાની ભૂમિને પડિલેહીને ઉચ્ચાર[૧], પ્રશ્રવણ[૨], શ્લેશ્મ[૩] અને નાસિકાનો મેલ પરઠવવો. ૧૮ ગૃહસ્થને ઘેર પાણી અથવા ગોચરીને અર્થે પ્રવેશ કરનાર સાધુઓએ ત્યાં યત્નાપૂર્વક ઊભા રહેવું. તથા યત્નાપૂર્વક બોલવું. તથા રૂપને વિષે જરામાત્ર આસક્તિવાળું મન ન કરવું. ૧૯ ગોચરી પ્રમુખ કાર્યાર્થે ગએલા સાધુઓએ કાનેથી ઘણું સાંભળ્યું હોય તથા આંખોથી ઘણું દેખ્યું હોય તો પણ સ્વ પર અહિતકારી દેખેલું અગર સાંભળેલું બીજાને કહેવું ન જોઈએ. ૨૦

**સુઅં વા જઇ વા દિટ્ઠં, ન લવિજ્જોવઘાઇઅં ।**
**ન ય કેણ ઉવાએણં, ગિહિજોગં સમાયરે ॥૨૧॥**
**નિટ્ઠાણં રસનિજ્જૂઢં, ભદ્દગં પાવગં તિ વા ।**
**પુટ્ઠો વા વિ અપુટ્ઠો વા, લાભાલાભં ન નિદ્દિસે ॥૨૨॥**

૧. વિષ્ટા, ૨. પિશાવ, ૩. કફ.

**ન ય ભોઅણંમિ ગિદ્ધો, ચરે ઉંછં અયંપિરો ।**
**અફાસુઅં ન ભુંજિજ્જા, કીઅમુદ્દેસિઆહડં ॥૨૩॥**
**સંનિહિં ચ ન કુવ્વિજ્જા, અણુમાયં પિ સંજએ ।**
**મુહાજીવી અસંબુદ્ધે, હવિજ્જ જગનિસ્સિએ ॥૨૪॥**
**લૂહવિત્તી સુસંતુટ્ઠે, અપ્પિચ્છે સુહરે સિઆ ।**
**આસુરત્તં ન ગચ્છિજ્જા, સુચ્ચા ણં જિણસાસણં ॥૨૫॥**

**ગાથા ૨૧ થી ૨૫ સુધીના અર્થ**

| | |
|---|---|
| **નલવિજ્જ**-ન બોલે | **ન કુવ્વિજ્જા**-કોપ ન કરે |
| **ઉવઘાઇઅં**-ઉપઘાત થાય એવું | **અણુમાયં**-કિંચિત્ માત્ર |
| **કેણઉવાએણં**-કોઈ પણ પ્રકારે કરીને | **હવિજ્જ**-થાય |
| **ગિહિજોગં**-ગૃહસ્થની સાથે | **જગનિસ્સિએ**-જગતની નિશ્રાએ રહેનાર |
| **નિટ્ઠાણં**-સર્વ ગુણવડે યુક્ત આહાર | **લૂહવિત્તી**-લુખો આહાર |
| **રસનિજ્જુઢં**-નિરસ આહાર | **સુસંતુટ્ઠે**-ઘણા સંતોષી |
| **ભદ્દગં**-સારો | **અપ્પિચ્છે**-અલ્પ ઇચ્છાવાળા |
| **પાવગં**-ખરાબ | **સુહરે**-સુખથી **સિઆ**-હોય |
| **પુટ્ઠો**-પૂછાએલો | **આસુરત્તં**-ક્રોધ પ્રત્યે |
| **અપુટ્ઠો**-નહિ પૂછાએલો | **નગચ્છિજ્જા**-ન જાય |
| **નનિદ્દિસે**-ન કહે | **સુચ્ચાણં**-સાંભળીને |
| **ગિદ્ધો**-લાલચુ **નચરે**-નજાય | **જિણસાસણં**-જિન શાસ્ત્ર પ્રત્યે |
| **ઉંચં**-ધનાઢ્યને ઘેર | |

**ભાવાર્થ :** સાધુઓએ સાંભળેલું, અગર દીઠેલું, પરને ઉપઘાત કરવાવાળું વચન બોલવું નહિ. તેમ કોઈપણ ઉપાયે કરીને ગૃહસ્થને લાયક કાર્ય આદરવું નહીં. ૨૧ કોઈએ પૂછે છતે અગર વગર પૂછે આ રસવાળો આહાર ઘણો સુંદર છે અને આ રસ વિનાનો આહાર ખરાબ છે, તેમ સાધુઓએ બોલવું નહિ. તથા ગોચરી આદિનો લાભ થએ છતે પણ આ નગર સારું છે, અગર ખરાબ છે વિગેરે કાંઈ કહેવું નહિ. ૨૨ મુનિઓએ ભોજનમાં આસક્ત થઈને ધનાઢ્ય ગૃહસ્થોને જ ઘેર ન જવું જોઈએ, પણ મૌનપણું ધારણ કરીને ધર્મ લાભ માત્ર બોલતાં જાણીતાં અને અજાણીતાં

ધનાઢ્યનાં તેમજ ગરીબોને ઘેર ગોચરી જવું જોઈએ. ત્યાંથી કદાચ અજાણતાં સચિત્ત વસ્તુ આવી ગઈ હોય તો તે ખાવી ન જોઈએ. તેમજ વેચાતું લાવેલું, સાધુને અર્થે બનાવેલું, અને સન્મુખ લાવેલું પણ ભોજન કરવું નહીં. ॥૨૩॥ સાધુઓએ જરા માત્ર પણ આહારાદિ રાત્રે વાસી રાખવો ન જોઈએ. પણ સાવદ્ય વ્યાપારના ત્યાગવાળા ગૃહસ્થોની સાથે નહીં લેપાએલા, તથા જગતના જીવોના રક્ષણ કરવાવાળા થવું જોઈએ. ॥૨૪॥ લુક્ષવૃત્તિવાળા, સંતોષી, અલ્પ ઇચ્છાવાળા અને અલ્પ આહારવાળા સાધુઓએ થવું જોઈએ; તથા ક્રોધના વિપાકને કહેવાવાળાં વિતરાગનાં વચનને સાંભળીને ક્રોધ ન કરવો જોઈએ. ॥૨૫॥

**કન્નસુક્ખેહિં સદ્દેહિં, પેમં નાભિનિવેસએ ।**
**દારુણં કક્કસં ફાસં, કાએણ અહિઆસએ ॥૨૬॥**

**ખુહં પિવાસં દુસ્સિજ્જં, સીઉન્હં અરઇં ભયં ।**
**અહિઆસે અવ્વહિઓ, દેહદુક્ખં મહાફલં ॥૨૭॥**

**અત્થં ગયંમિ આઇચ્ચે, પુરત્થા અ અણુગ્ગએ ।**
**આહારમાઇયં સવ્વં, મણસાવિ ણ પત્થએ ॥૨૮॥**

**અતિંતિણે અચવલે, અપ્પભાસી મિઆસણે ।**
**હવિજ્જ ઉઅરે દંતે, થોવં લદ્ધું ન ખિંસએ ॥૨૯॥**

**ન બાહિરં પરિભવે, અત્તાણં ન સમુક્કસે ।**
**સુઅલાભે ન મજ્જિજ્જા, જચ્ચા તવસ્સિ બુદ્ધિએ ॥૩૦॥**

**ગાથા ૨૬ થી ૩૦ સુધીના અર્થ**

| | |
|---|---|
| **કન્નસુખ્ખેહિં**-કાનને સુખ ઉપજાવનારા | **ખુહં**-ક્ષુધા, ભૂખ |
| **સદ્દેહિં**-શબ્દો વડે કરી | **પિવાસં**-તરસ |
| **પેમં**-રાગ | **દુસ્સિજ્જં**-વિષમ ભૂમિ |
| **નાભિનિવેસએ**-સ્થાપન ન કરે | **સીઉન્હં**-ટાઢ, તાપ |
| **દારુણં**-ભયંકર | **અરઇં**-અરતિને, દુખને |
| **કક્કસં**-કર્કશ, કઠણ | **ભયં**-ભયને |
| **ફાસં**-સ્પર્શને | **અવહિઓ**-સાવધાનપણે, દીનતા વિના |
| **અહિઆસએ**-સહન કરે | **દેહ દુઃખ્ખં**-દેહથી ઉત્પન્ન થએલું દુઃખ |

| | |
|---|---|
| **અત્થંગયંમિ**-આથમે છતે | **ન ખિંસએ**-નિંદા ન કરે |
| **આઇચ્ચે**-સૂર્ય | **બાહિરં**-બહારનાને, બીજાને |
| **પુરત્થા**-પ્રાતઃકાળ, સવારમાં | **પરિભવે**-તિરસ્કાર કરે |
| **આણુગ્ગએ**-ન ઉગે | **અત્તાણં**-પોતાને |
| **આહારમાઇયં**-આહારાદિકને | **સમુક્કસે**-વખાણે, ઉત્કર્ષ કરે |
| **અતિંતિણે**-કંઇ પણ ન બોલનારા | **સુઅ**-શ્રુત, વિદ્યા |
| **અચવલે**-અચપળ, સ્થિર | **લાભે**-વસ્તુનો લાભ |
| **અપ્પભાસી**-થોડું બોલનારા | **મજ્જિજ્જા**-મદ કરે |
| **મિઆસણે**-મિતાહારી | **જચ્ચા**-જાતિ (નો) |
| **હવિજ્જ**-થાય; હોય | **તવસ્સિ**-તપ (નો) |
| **ઉઅરેદંતે**-પોતાનું પેટવશ રાખનાર | **બુદ્ધિએ**-બુદ્ધિનો |

**ભાવાર્થ :** શ્રવણ ઇંદ્રિયને સુખકારીવેણુ, વીણાદિકના શબ્દોને સાંભળીને તેમાં રાગ ન કરવો જોઈએ તેમજ દારૂણ અને કર્કશ સ્પર્શોને કાયાએ કરી સહન કરવા જોઈએ. ॥૨૬॥ મુનિઓએ ક્ષુધા, તૃષા, વિષમ ભૂમિ, ટાઢ, તાપ, અરતિ અને ભયને દીનતા વિના સહન કરવાં, કેમકે દેહને વિષે ઉત્પન્ન થતાં દુઃખોને સમ્યક્ પ્રકારે સહન કરવાથી મહા ફળ થાય છે. ॥૨૭॥ સૂર્ય અસ્ત થયા બાદ પ્રાતઃકાળમાં સૂર્યનો ઉદય ન થાય ત્યાં સુધીમાં આહારાદિ સર્વે મન થકી પણ ખાવાને ઇચ્છવાં નહિ. ॥૨૮॥ સાધુઓએ દિવસે આહાર ન મળે તો પણ જે તે ન બોલવાવાળા સ્થિર અલ્પ ભાષી, મિત આહાર, અને જે તે આહારથી નિર્વાહ કરવાવાળા થવું જોઈએ. તથા થોડો આહાર મળ્યે છતે દાતારની નિંદા ન કરવી. ॥૨૯॥ મુનિઓએ કોઈનો પરાભવ ન કરવો તેમ પોતાનો ઉત્કર્ષ પણ ન કરવો તથા શ્રુત, લાભ, જાતિ, તપ અને બુદ્ધિનો મદ પણ ન કરવો જોઈએ. ॥૩૦॥

**સે જાણમજાણં વા, કટ્ટુ આહમ્મિઅં પયં ।**
**સંવરે ખિપ્પમપ્પાણં, બીઅં તં ન સમાયરે ॥૩૧॥**

**અણાયારં પરક્કમ્મં, નેવ ગૂહે ન નિન્હવે ।**
**સુઈ સયા વિયડભાવે, અસંસત્તે જિઇંદિએ ॥૩૨॥**

**અમોહં વયણં કુજ્જા, આયરિઅસ્સ મહપ્પણો ।**
**તં પરિગિજ્ઝ વાયાએ, કમ્મુણા ઉવવાયએ ॥૩૩॥**

અધુવં જીવિઅં નચ્ચા, સિદ્ધિમગ્ગં વિઆણિઆ ।
વિણિઅટ્ટિજ્જ ભોગેસુ, આઉં પરિમિઅમપ્પણો ॥૩૪॥

બલં થામં ચ પેહાએ, સદ્ધામારુગ્ગમપ્પણો ।
ખિત્તં કાલં ચ વિન્નાય, તહપ્પાણં નિજુંજએ ॥૩૫॥

જરા જાવ ન પીડેઈ, વાહી જાવ ન વડ્ઢઈ ।
જાવિંદિઆ ન હાયંતિ, તાવ ધમ્મં સમાયરે ॥૩૬॥

## ગાથા ૩૧ થી ૩૬ સુધીના અર્થ

કટ્ટુ-કરીને
આહમ્મિઅં-અધાર્મિક
પયં-પદ, સ્થાનકને
સંવરે-આલોયણા કરે
ખિપ્પં-જલદીથી
અપ્પાણં-પોતાના આત્માને
બીઅં-બીજું
અણાયારં-અનાચાર
પરક્કમ્મં-સેવીને
ગૂહે-છુપાવે
નનિન્હવે-સર્વથા ન છુપાવે
સુઇ-પવિત્ર
વિયડભાવે-પ્રગટ ભાવને ધારણ કરનારા
અસંસત્તે-અપ્રતિબદ્ધ
જિઇંદિએ-જિતેંદ્રિય
અમોહં-અમોઘ, સફળ
વયણં-વચન
કુજ્જા-કરવું જોઈએ
આયરિઅસ્સ-આચાર્યનું
મહપ્પણો-મહાત્માનું
પરિગિજ્ઝ-અંગીકાર કરીને

ઉવવાયએ-સંપાદન કરે (મેળવે)
અધુવં-ક્ષણિક, અનિત્ય
જીવિઅં-જીવિત, આયુષ્ય
નચ્ચા-જાણીને
સિદ્ધિમગ્ગં-મોક્ષ માર્ગને
વિઆણિઆ-જાણીને
વિણિઅટ્ટિજ્જ-પાછો હઠે
ભોગેસુ-ભોગોથી
આઉં-આયુષ્ય
પરિમિઅં-પ્રમાણવાળું
અપ્પણો-પોતાનું
બલં-ઇંદ્રિયોની શક્તિ
થામં-શરીરની શક્તિ
પેહાએ-જોઈને
સદ્ધાં-શ્રદ્ધાને
આરુગ્ગં-રોગ રહિતપણું
વિન્નાય-જાણીને
નિજુંજએ-જોડે
પીડેઇ-પીડે
વાહી-રોગ
વડ્ઢઇ-વધે
હાયંતિ-ઘટે, ક્ષીણ થાય

**ભાવાર્થ :** મુનિઓએ રાગદ્વેષે કરીને જાણતાં અગર અજાણતાં જો મૂળ ઉત્તર ગુણની વિરાધના કરી હોય તો તેવા ભાવથી તત્કાલ નિવર્તીને આલોયણા પ્રમુખ ગ્રહણ કરવી અને બીજી વાર તેવું કામ કરવું નહિ. ॥૩૧॥ નિરંતર પવિત્ર બુદ્ધિવાળા, પ્રગટ ભાવવાળા, અપ્રતિબદ્ધ, અને જિતેંદ્રિય મુનિઓએ કર્મના ઉદયથી અનાચારને સેવીને ગુરુની પાસે આલોચના કરતાં તેને છુપાવવો નહિ. તેમજ સર્વથા અપલાપ પણ ન કરવો. નથી કર્યો એમ પણ ન કહેવું. ॥૩૨॥ મુનિઓએ મહાત્મા આચાર્યનું વચન અમોઘ (સત્ય) કરવું જોઈએ. આચાર્યના વચનને વચનથી અંગીકાર કરીને ક્રિયાએ કરીને તે કાર્ય કરી આપવું. ॥૩૩॥ આ જીવિતવ્યને અનિત્ય જાણીને, પોતાના આયુષ્યને પરિમિત સમજીને અને જ્ઞાન, દર્શન ચારિત્રરૂપ મોક્ષ માર્ગને નિરંતર સુખરૂપ વિચારીને મુનિઓએ કર્મબંધના હેતુભૂત વિષયોથી પાછા હઠવું. ॥૩૪॥ મુનિઓએ મન સંબંધી પોતાનું બળ, શરીર સંબંધી શક્તિ, શ્રદ્ધા અને નિરોગીપણું જોઈને તથા ક્ષેત્ર અને કાળને જાણીને તે પ્રમાણે પોતાના આત્માને ધર્મકાર્યમાં જોડવો. જ્યાં સુધી જરા અવસ્થા પીડા કરતી નથી, જ્યાં સુધી વ્યાધિ વૃદ્ધિ પામી નથી અને જ્યાં સુધી ઇંદ્રિયોનું બળ ઘટ્યું નથી તે પહેલાં ધર્મમાં પ્રયત્ન કરી લેવો. ॥૩૫-૩૬॥

**કોહં માણં ચ માયં ચ, લોભં ચ પાવવડ્ઢણં ।**
**વમે ચત્તારિ દોસે ઉ, ઇચ્છંતો હિઅમપ્પણો ॥૩૭॥**

**કોહો પીઇં પણાસેઈ, માણો વિણયનાસણો ।**
**માયા મિત્તાણિ નાસેઈ, લોભો સવ્વવિણાસણો ॥૩૮॥**

**ઉવસમેણ હણે કોહં, માણં મદ્દવયા જિણે ।**
**માયંચજ્જવભાવેન, લોભં સંતોસઓ જિણે ॥૩૯॥**

**કોહો અ માણો અ અણિગ્ગહીઆ, માયા અલોભોઅ પવડ્ઢમાણા ।**
**ચત્તારિ એએ કસિણા કસાયા, સિંચંતિ મૂલાઇં પુણબ્ભવસ્સ ॥૪૦॥**

**ગાથા ૩૭ થી ૪૦ સુધીના અર્થ**

| | |
|---|---|
| પાવવઢ્ઢણં-પાપ વધારનાર | હિઅમપ્પણો-પોતાના હિતને |
| વમે-ત્યાગ કરે | પીઇં-પ્રીતિને |

| | |
|---|---|
| **પણાસેઇ**-નાશ કરે | **જિણે**-જીતે |
| **વિણયનાસણો**-વિનયનો નાશ કરનાર | **અજ્જવભાવેન**-સરળ ભાવ વડે |
| **નાસેઇ**-નાશ કરે | **સંતોસઓ**-સંતોષથી |
| **સવ્વવિણાસણો**-સર્વનો નાશ કરનાર | **અણિગ્ગહીઆ**-અનિગ્રહીત, વશ નહિ કરેલા |
| **ઉવસમેણ**-ઉપશમ વડે, ક્ષમાવડે | **પવડ્ઢમાણા**-વધતા |
| **હણે**-નાશ કરે | **કસિણા**-સંપૂર્ણ |
| **મદ્દવયા**-માર્દવતા વડે | **પુણબ્ભવસ્સ**-પુનર્જન્મનાં |

**ભાવાર્થ :** આત્માના હિતની ઇચ્છા કરનાર પુરુષોએ ક્રોધ, માન, માયા અને લોભ આ ચાર, પાપને વધારનાર દોષો છે એમ જાણીને તેનો ત્યાગ કરવો. ॥૩૭॥ ક્રોધ પ્રીતિનો વિનાશ કરે છે, માન વિનયનો નાશ કરે છે, માયા મિત્રતાનો નાશ કરે છે અને લોભ સર્વ વસ્તુનો નાશ કરનાર છે. ॥૩૮॥ ક્ષમારૂપ ઉપશમે કરી ક્રોધને હણે. મૃદુતા (કોમલતા) એ કરી માનને જીતે. અશઠપણે (સરલતાએ) માયાને જીતે, અને સંતોષે કરી લોભને મુનિઓએ જીતવો. ॥૩૯॥ નહીં નિગ્રહ કરાયેલ ક્રોધ અને માન, તેમજ વૃદ્ધિ પામેલ માયા અને લોભ, આ ચારે સંપૂર્ણ કષાયો, વારંવાર પુનર્જન્મ કરવા રૂપ વૃક્ષના મૂળને સિંચે છે ॥૪૦॥

**રાયણિએસુ વિણયં પઉંજે, ધુવસીલયં સયયં ન હાવઇજ્જા ।**
**કુમ્મુવ્વ અલ્લીણપલીણગુત્તો, પરક્કમિજ્જા તવસંજમંમિ ॥૪૧॥**

**નિદ્દં ચ ન બહુ મનિજ્જા, સપ્પહાસં વિવજ્જએ ।**
**મિહો કહાહિં ન રમે, સજ્ઝાયંમિરઓ સયા ॥૪૨॥**

**જોગં ચ સમણધમ્મંમિ જુંજે અણલસો ધુવં ।**
**જુત્તો અ સમણધમ્મંમિ, અટ્ઠં લહઇ અણુત્તરં ॥૪૩॥**

**ઇહલોગપારત્તહિઅં, જેણં ગચ્છઈ સુગ્ગઈં ।**
**બહુસ્સુઅં પજ્જુવાસિજ્જા, પુચ્છિજ્જત્થવિણિચ્છયં ॥૪૪॥**

**હત્થં પાયં ચ કાયં ચ, પણિહાય જિઇંદિએ ।**
**અલ્લીણગુત્તો નિસિએ, સગાસે ગુરુણો મુણી ॥૪૫॥**

**રાયણિએસુ**-રત્નાધિકોનો-વિશેષ દિક્ષા પર્યાયવાળાનો
**પઉંજે**-કરે
**ધુવસીલયં**-નિશ્ચળ શિયળને
**સયયં**-નિરંતર
**હાવઈજ્જા**-ત્યાગ કરે, છોડે
**કુમ્મુવ્વ**-કાચબાની પેઠે
**અલ્લીણપલ્લીણગુત્તો**-પોતાના અંગોપાંગ સમ્યક્ પ્રકારે ગુપ્ત રાખનાર
**પરક્કમિજ્જા**-પ્રવૃત્ત થાય
**તવસંજમંમિ**-તપ સંજમને વિષે
**નિદ્દં**-નિદ્રાને
**બહુમન્નિજ્જા**-બહુ માન આપે, બહુ કરે
**સપ્પહાસં**-હાંસી મશ્કરીવાળાં (વચનને)
**મિહો**-અરસપરસ, એક બીજા સાથે
**કહાહિં**-વાતોમાં
**સજ્ઝાયંમિ**-સ્વાધ્યાયમાં
**રઓ**-રક્ત
**જોગં**-જોગને (મન, વચન, કાયાના)
**સમણધમ્મંમિ**-શ્રમણ ધર્મમાં
**જુંજે**-જોડે
**અનલસો**-આળસ રહિત
**અણુંતરં**-ઉત્તમ, સર્વોત્કૃષ્ટ
**ઈહલોગપારત્તહિઅં**-આ લોકને પરલોકમાં હિત કરનાર
**બહુસ્સુઅં**-બહુશ્રુત, આગમના જાણ
**પજ્જુવાસિજ્જા**-સેવા કરે
**પુચ્છિજ્જ**-પૂછે
**અત્થવિણિચ્છયં**-અર્થના નિર્ણયને
**પણિહાય**-એકાગ્ર ચિત્તે
**અલ્લીણગુત્તો**-સંકોચીને, ગોપવીને
**નિસિએ**-બેસે
**સગાસે**-પાસે
**ગુરુણો**-ગુરુની

**કષાયનો નિગ્રહ કરવા માટે ઉપાય બતાવે છે.**

**ભાવાર્થ :** પોતાનાથી દિક્ષાએ મોટા હોય તેમનો અભ્યુત્થાનાદિક (આવતા દેખી ઊભા થઈ જવું વિગેરે) વિનય કરવો. અઢાર હજાર શીલાંગ રૂપ ધ્રુવ શીલતાને શક્તિને અનુસારે નિરંતર સાચવવી; તથા કાચબાની માફક પોતાના અંગોપાંગને ગોપવી રાખીને તપ અને સંયમને વિષે પ્રવૃત્તિ કરવી. ॥૪૧॥ મુનિઓએ નિદ્રાને બહુમાન ન આપવું. તેમજ કોઈની હાંસી કરવી નહિ. અગર ઘણું હસવું નહિ; તથા આપસમાં વિકથાદિ કરવી નહિ, પણ નિરંતર સ્વાધ્યાય ધ્યાનમાં આસક્ત રહેવું. ॥૪૨॥ મુનિઓએ આળસ રાખ્યા વિના પોતાના મન, વચન, કાયાના યોગોને શ્રમણ ધર્મને વિષે જોડવા, કારણ કે દશ પ્રકારના શ્રમણ ધર્મમાં જોડાયેલ સાધુ અનુત્તર અર્થ જે કેવલજ્ઞાન તેને પ્રાપ્ત થાય છે. ॥૪૩॥ જેનાથી આ લોક તથા પરલોકનું હિત થાય છે તથા જેનાથી સારી ગતિમાં જવાય છે, એવા જ્ઞાનાદિકને

માટે મુનિઓએ બહુશ્રુત, આગમના જાણ આચાર્ય મહારાજની સેવા કરવી અને સેવા કર્યા બાદ પોતાનું કલ્યાણ થાય તેવા અર્થના નિર્ણયો પૂછવા. ॥૪૪॥ ગુરુ પાસે કેવી રીતે બેસવું ? જિતેંદ્રિય થઈ હાથ, પગ અને શરીર સંયમીને ઉપયોગ પૂર્વક સાધુઓએ ગુરુની પાસે બેસવું. ॥૪૫॥

**ન પક્ખઓ ન પુરઓ, નેવ કિચ્ચાણ પિઠઓ ।**
**ન ય ઉરું સમાસિજ્જ, ચિટ્ઠિજ્જા ગુરુણંતિએ ॥૪૬॥**

**અપુચ્છિઓ ન ભાસિજ્જા, ભાસમાણસ્સ અંતરા ।**
**પિટ્ઠિમંસં ન ખાઈજ્જા, માયામોસં વિવજ્જએ ॥૪૭॥**

**અપ્પત્તિઅં જેણ સિઆ, આસુ કુપિજ્જ વા પરો ।**
**સવ્વસો તં ન ભાસિજ્જા, ભાસં અહિઅગામિણિં ॥૪૮॥**

**દિટ્ઠં મિઅં અસંદિદ્ધં, પડિપુન્નં વિઅં જિઅં ।**
**અયંપિરમણુવ્વિગ્ગં, ભાસં નિસિર અત્તવં ॥૪૯॥**

**આયારપન્નત્તિધરં, દિટ્ઠિવાયમહિજ્જગં ।**
**વાયવિક્ખલિઅં નચ્ચા, ન તં ઉવહસે મુણી ॥૫૦॥**

**અધ્યયન આઠમાની ગાથા ૪૬ થી ૫૦ સુધીના છુટા શબ્દના અર્થ**

| | |
|---|---|
| **પક્ખઓ**-પડખે | **માયામોસં**-કપટવાળું અસત્ય વચન |
| **પુરઓ**-આગળ | **અપ્પત્તિઅં**-અપ્રીતિ કરવાવાળું |
| **કિચ્ચાણ**-આચાર્ય જે તેમના | **જેણ**-જે ભાષા વડે કરીને |
| **પિઠઓ**-પાછળ | **કુપિજ્જ**-ક્રોધ પેંદા થાય |
| **ઉરંસમાસિજ્જ**-સાથળ ઉપર સાથળ ચડાવીને | **પરો**-બીજાને |
| **ચિટ્ઠિજ્જા**-બેસે | **અહિઅગામિણિં**-અહિતને કરનારી |
| **ગુરુણંતિએ**-ગુરુની સમીપે | **અસંદિદ્ધં**-સંશય રહિત |
| **અપુચ્છિઓ**-પૂછ્યા વગર | **પડિપુન્નં**-સ્પષ્ટ ઉચ્ચાર હોવાથી પ્રગટ એવી |
| **ભાસમાણસ્સ**-ગુરુ બોલતા હોય ત્યારે | **અયંપરિં**-ન ઉંચે અથવા ન નીચે |
| **અંતરા**-વચ્ચે | **અણુવ્વિગ્ગં**-ઉદ્વેગને નહિ કરાવવાવાળી |
| **પિટ્ઠિમંસં**-પીઠના માંસને (પરપુંઠે નિંદા) | **નિસિર**-બોલે |
| **ખાઇજ્જા**-ખાય | **અત્તવં**-સાધુ જે તે |

**આયારપન્નત્તિધરં**-આચાર અને પ્રજ્ઞપ્તિને ધારણ કરનાર
**દિટ્ઠિવાયમહિજ્જગં**-દૃષ્ટિવાદનું અધ્યયન કરનાર
**વઇવિક્ખલિઅં**-વચન બોલતાં સ્ખલના (ભૂલ પામેલા)

---

**ભાવાર્થ :** આચાર્યની પડખે, મોઢા આગળ, તથા પાછળ બેસવું નહિ, તેમજ ગુરુની પાસે સાથળ ઉપર સાથળ ચડાવીને પણ બેસવું નહિ. ૪૬ (વાણીનો સંયમ કહે છે.) ગુરુએ પૂછ્યા વિના બોલવું નહિ, તથા ગુરુ બોલતા હોય તેમની વચમાં પણ ન બોલવું, તેમજ ગુરુની પછાડી તેમના દોષ પણ ન બોલવા અને માયા મૃષાવાદનો ત્યાગ કરવો. ૪૭ જે ભાષા બોલવાથી બીજાને અપ્રીતિ પેંદા થાય, તથા જલદી બીજાને ક્રોધ પેંદા થાય, તેમજ ઉભય લોકમાં વિરુદ્ધ એવી ભાષા મુનિઓએ કોઈ વખત ન બોલવી. ૪૮ આત્મવાન્ મુનિઓએ દૃષ્ટાર્થ વિષય (પોતે દેખેલા પદાર્થ સંબંધી) મિત, શંકા રહિત, પ્રતિપૂર્ણ, પ્રગટ, પરિચયવાળી, અતિ ઉંચે નહિ તેમ અતિ નીચે નહિ, અને ઉદ્વેગને નહિ કરાવવાવાળી, આવા પ્રકારની ભાષા બોલવી. ૪૯ આચાર અને પ્રજ્ઞપ્તિને ધારણ કરનાર અને દૃષ્ટિવાદને ભણતા એવા પણ મુનિ કદાચ પ્રકૃતિ, પ્રત્યય, લોપ, આગમ અને વચનાદિ બોલવામાં સ્ખલના પામે તો પણ તેની હાંસી કરવી નહિ. ૫૦

**નક્ખત્તં સુમિણં જોગં, નિમિત્તં મંતભેસજં ।**
**ગિહિણો તં ન આઇક્ખે, ભૂઆહિગરણં પયં ॥૫૧॥**

**અન્નટ્ઠં પગડં લયણં, ભઈજ્જ સયણાસણં ।**
**ઉચ્ચાર ભૂમિસંપન્નં, ઈત્થીપસુવિવજ્જિઅં ॥૫૨॥**

**વિવિત્તા અભવે સિજ્જા, નારીણં ન લવે કહં ।**
**ગિહિસંથવં ન કુજ્જા, કુજ્જા સાહૂહિં સંથવં ॥૫૩॥**

**જહા કુક્કુડપોઅસ્સ, નિચ્ચં કુલલઓ ભયં ।**
**એવં ખુ બંભયારિસ્સ, ઇત્થીવિગ્ગહઓ ભયં ॥૫૪॥**

**ચિત્તભિત્તિં ન નિજ્ઝાએ, નારિં વાસુઅલંકિઅં ।**
**ભક્ખરં પિવ દટ્ઠૂણં, દિટ્ઠિં પડિસમાહરે ॥૫૫॥**

## અધ્યયન આઠમાની ગાથા ૫૧ થી ૫૫ સુધીના છુટા શબ્દના અર્થ

નખ્ખત્તં-નક્ષત્ર
સુમિણં-સ્વપ્ન
મંતભેસજં-મંત્ર અને ઔષધ
આઇખ્ખે-કહે
ભૂઆહિગરણંપયં-પ્રાણીઓની પીડાનું સ્થાનક
અન્નટ્ઠં-બીજાને માટે
પગડં-કરેલું
ઉચ્ચારભૂમિસંપન્નં-સ્થંડિલ માત્રાની જગ્યા (યુક્ત
લયણં-વસતિ
ભઇજ્જ-સેવે
સયણાસણં-સંથારો ને આસન
ઇથ્થીપસુવિવજ્જિઅં-સ્ત્રી પશુથી વર્જિત
વિવિત્તા-બીજાથી રહિત
ભવે-હોય
સિજ્જા-શય્યા, વસતિ
નારીણં-સ્ત્રીઓને
ગિહિસંથવં-ગૃહસ્થીઓનો પરિચય
સાહૂહિં-સાધુઓની સાથે
જહા-જેમ
કુક્કુડપોઅસ્સ-કુકડીનાં બચ્ચાંને
કુલલઓ-બિલાડીથી
બંભયારિસ્સ-બ્રહ્મચારીને
ઇથ્થીવિગ્ગહઓ-સ્ત્રીના શરીરથી
ચિત્તભિત્તિ-ચિત્રામણમાં
નિજ્ઝાએ-જુએ
સુઅલંકિઅં-સારા અલંકારવાળી
ભખ્ખરંપિવ-સૂર્યની જેમ
દટ્ઠૂણં-જોઈને
પડિસમાહરે-પાછી વાળે

ભાવાર્થ : મુનિઓએ નક્ષત્ર, સ્વપ્ન, વશીકરણાદિ યોગ, નિમિત્ત, મંત્ર અને ઔષધ એ આદિ ગૃહસ્થીઓને ન કહેવાં; કારણ કે તેમ કહેવાથી એકેંદ્રિયાદિક જીવોની વિરાધનાનું કારણ થાય છે; પણ ગૃહસ્થીઓની અપ્રીતિ દૂર કરવા માટે એમ કહેવું કે આ કાર્યોમાં બોલવા માટે મુનિઓને અધિકાર નથી. ॥૫૧॥ (સાધુઓને કેવા ઉપાશ્રયમાં રહેવું તે વિષે.) બીજાને માટે બનાવેલ, સ્થંડિલ માત્રાની જગ્યાયુક્ત, અને સ્ત્રી, પશુ આદિ રહિત, એવા મુકામમાં મુનિઓએ રહેવું. તથા સંથારો તેમજ પાટલા પ્રમુખ પણ બીજાને અર્થે કરેલ હોય તેવાં વાપરવાં જોઈએ. ૫૨ બીજા મુનિઓ આદિથી રહિત જો ઉપાશ્રય હોય તો સાધુએ સ્ત્રીઓને ધર્મકથા ન કહેવી. શંકાદિ દોષોનો સંભવ છે. તેમજ ગૃહસ્થીઓનો પરિચય મુનિઓએ ન કરવો. પણ મુનિઓની સંઘાતે પરિચય કરવો. ૫૩ જેમ કુકડીનાં બચ્ચાંને નિરંતર બિલાડીથી ભય હોય છે, તેવી જ રીતે બ્રહ્મચારીઓને સ્ત્રીના શરીર થકી ભય છે માટે સ્ત્રીઓનો પરિચય મુનિઓએ ન કરવો. ૫૪. ચિત્રામણમાં ચિત્રેલી સ્ત્રીને મુનિઓએ

જોવી નહિ, તેમજ અલંકારવાળી અને અલંકાર વિનાની સચેતન સ્ત્રીને પણ જોવી નહિ. કદાચ જોવામાં આવે તો જેમ સૂર્યને જોઈને તેમ, સ્ત્રીને જોઈને પોતાની દૃષ્ટિ પાછી ખેંચી લેવી. ૫૫

**હત્થપાયપડિચ્છિન્નં, કણ્ણનાસવિગપ્પિઅં ।**
**અવિ વાસસયં નારિં, બંભયારી વિવજ્જએ ॥૫૬॥**

**વિભૂસા ઇત્થિસંસગ્ગો, પણીઅં રસભોઅણં ।**
**નરસ્સત્ત ગવેસિસ્સ, વિસં તાલઉડં જહા ॥૫૭॥**

**અંગપચ્ચંગસંઠાણં, ચારુલ્લવિઅપેહિઅં ।**
**ઇત્થીણં તં ન નિજ્ઝાએ, કામરાગવિવડ્ઢણં ॥૫૮॥**

**વિસએસુ મણુન્નેસુ, પેમં નાભિનિવેસએ ।**
**અણિચ્ચં તેસિં વિન્નાય, પરિણામં પુગ્ગલાણ ય ॥૫૯॥**

**પોગ્ગલાણં પરિણામં, તેસિં નચ્ચા જહા તહા ।**
**વિણીઅતણ્હો વિહરે, સીઇભૂએણ અપ્પણા ॥૬૦॥**

**અધ્યયન આઠમાની ગાથા ૫૬ થી ૬૦ સુધીના છુટા શબ્દના અર્થ**

**હત્થપાય પડિચ્છિન્નં**-હાથ પગ કપાએલી
**કણ્ણનાસવિગપ્પિઅં**-કાન અને નાક કપાએલી
**અવિવાસસયં**-સો વર્ષની પણ
**વિભૂસા**-વસ્ત્ર અલંકારવડે કરીને
**ઇત્થિસંસગ્ગો**-સ્ત્રીનો સંબંધ
**પણીઅંરસભોઅણં**-ઘી તેલ પ્રમુખ સ્નિગ્ધ આહારનું ભોજન
**નરસ્સ**-મનુષ્યને
**અત્તગવેસિસ્સ**-આત્માના કલ્યાણના અર્થે
**વિસં**-વિષ
**તાલઉડં**-તાલપુટ
**અંગપચ્ચંગસંઠાણં**-દરેક અંગ ને ઉપાંગની રચના
**ચારુલ્લવિઅપેહિઅં**-મનોહર આલાપ તથા દૃષ્ટિને
**કામરાગવિવડ્ઢણં**-કામ રાગને વૃદ્ધિ કરનાર
**મણુન્નેસુ**-મનોહરને વિષે
**નાભિનિવેસએ**-ન સ્થાપન કરે
**અણિચ્ચં**-અનિત્ય
**તેસિં**-તેઓને
**પુગ્ગલાણ**-પુદ્ગલોના
**વિણીઅતિણ્હો**-તૃષ્ણાને દૂર કરતો
**વિહરે**-વિચરે
**સીઇભૂએણ**-શીતળ થઈને.

**ભાવાર્થ :** બ્રહ્મચારીઓએ હાથ, પગ છેદેલી, તથા કાન, નાક કાપેલી, તે પણ સો વરસની, આવી પણ સ્ત્રીનો પરિચય ન કરવો, તો યુવાન સ્ત્રીના પરિચયની તો વાત જ શી કરવી. ૫૬. આત્મ કલ્યાણના અર્થી પુરુષને વિભૂષા, (વસ્ત્રાદિકથી શરીરની શોભા) સ્ત્રીઓનો સંસર્ગ, અને ઘૃત દુગ્ધાદિક સ્નેહથી ઝરતું ભોજન, એ તાલપૂટના વિષના સરખું છે. જેમ તાલપૂટ વિષથી તત્કાલ મનુષ્ય મરી જાય છે, તેમ આ પૂર્વોક્ત સંસર્ગથી મનુષ્યોના બ્રહ્મચર્યનો નાશ થાય છે. ૫૭. સ્ત્રીઓના અંગ અને પ્રત્યંગની (ઉપાંગની) આકૃતિને, તથા સુંદર બોલવાપણાને, અને તેના મનોહર જોવાપણાને દેખવાં નહિ. તેમ કરવાથી વિષયાભિલાષની વૃદ્ધિ થાય છે. ૫૮. શબ્દાદિક પરિણામ રૂપે પરિણમેલા પુદ્ગલોના પરિણામને અનિત્ય જાણીને મનોજ્ઞ વિષયોને વિષે રાગ ન કરવો, તેમજ અમનોહર પુદ્ગલોને વિષે દ્વેષ ન કરવો; કારણ કે જે મનોજ્ઞ પુદ્ગલો છે તે કારણ પામીને થોડા વખતમાં અમનોજ્ઞ થાય છે. અને અમનોજ્ઞ છે તેજ કારણાંતરથી થોડીજ વારમાં મનોહર થાય છે. ૫૯. મનોજ્ઞ પુદ્ગલો તે અમનોજ્ઞ થાય છે અને અમનોજ્ઞ પુદ્ગલો તે મનોજ્ઞ થાય છે, આવી રીતના પુદ્ગલના પરિણમનને જાણીને તેં પુદ્ગલના ઉપભોગમાં તૃષ્ણા રહિત થઈ તથા ક્રોધાદિકના અભાવથી શીતલ થઈ વિચરવું. ૬૦.

**જાઇ સદ્ધાઇ નિક્ખંતો, પરિઆયટ્ઠાણમુત્તમં ।**
**તમેવ અણુપાલિજ્જા, ગુણે આયરિઅ સંમએ ॥૬૧॥**

**તવં ચિમં સંજમજોગયં ચ, સજ્ઝાયજોગં ચ સયા અહિટ્ઠિએ ।**
**સુરે વ સેણાઇ સમત્તમાઉહે, અલમપ્પણો હોઇ અલં પરેસિં ॥૬૨॥**

**સજ્ઝાયસજ્ઝાણરયસ્સ તાઇણો, અપાવભાવસ્સ તવે રયસ્સ ।**
**વિસુજ્ઝઇ જં સિ મલં પુરેકડં, સમીરિઅં રૂપ્પમલં વ જોઇણા ॥૬૩॥**

**સે તારિસે દુક્ખસહે જિઇંદિએ, સુએણ જુત્તે અમમે અકિંચણે ।**
**વિરાયઇ કમ્મઘણંમિ અવગએ, કસિણબ્ભપુડાવગમે વ ચંદિમે ॥ ત્તિબેમિ ॥૬૪॥**

**ઇતિ આયારપણિહિ ણામ અજ્ઝભયણં સંમત્તં ॥૮॥**

**અધ્યયન આઠમાની ગાથા ૬૧ થી ૬૪ સુધીના છુટા શબ્દના અર્થ**

| | | |
|---|---|---|
| **જાઇ**-જે | **નિક્ખંતો**-નિકળ્યો છતો | **અણુપાલિજ્જા**-રક્ષણ કરે |
| **સદ્ધાઇ**-શ્રદ્ધાવડે કરીને | **પરિઆયટ્ઠાણં**-ઉત્તમ સ્થાનકને | **ગુણે**-મૂળ ગુણરૂપ શ્રદ્ધાને |

| | |
|---|---|
| **આયરિઅસંમએ**-આચાર્યને બહુ સંમત્ત | **સમીરિઅં**-અગ્નિથી તપાવેલ (પ્રેરાયેલ) |
| **સંજમ જોગયં**-સંયમ વ્યાપાર | **રૂપ્પમલં**-રૂપાનો મેલ |
| **સજ્ઝાય જોગં**-વાચના પ્રમુખ વ્યાપાર | **જોઇણા**-અગ્નિવડે |
| **અહિટ્ઠિએ**-કરનાર એવા સાધુ | **તારિસે**-તેવો સાધુ |
| **સુરેવ**-શુરવીર પુરુષ જેમ | **દુખ્ખસહે**-દુઃખને સહન કરનાર |
| **સેણાઇ**-સેનાવડે કરીને | **જિઇંદિએ**-જિતેંદ્રિય |
| **સમત્તમાઉહે**-તપસ્યા પ્રમુખ આયુધવાળો | **સુએણ**-શ્રુત જ્ઞાનવડે |
| **અલં**-સમર્થ | **અમમે**-મમતા રહિત |
| **પરેસિં**-બીજા (શત્રુઓને) | **અકિંચણે**-પરિગ્રહ રહિત |
| **સજ્ઝાયસજ્ઝાણરયસ્સ**-સ્વાધ્યાય રૂપ શુભ ધ્યાનમાં આસક્ત | **વિરાયઇ**-શોભે છે. |
| | **કમ્મઘણંમિ**-કર્મરૂપી વાદળાં |
| **તાઇણો**-સ્વપરને તારનાર | **અવગએ**-દૂર થયે છતે |
| **અપાવભાવસ્સ**-શુદ્ધ ચિત્તવાળા | **કસિણબ્ભપુડાવગમે**-સમગ્ર વાદળાંનો |
| **વિસુજ્ઝઇ**-શુદ્ધ થાય છે. | સમૂહ દૂર થયે છતે **ચંદિમ**-ચંદ્રમા |

**ભાવાર્થ :** જે શ્રદ્ધાએ કરી ગૃહસ્થાશ્રમથી નીકળીને, પ્રવ્રજ્યારૂપ ઉત્તમ સ્થાનને પ્રાપ્ત થયો છે તેજ આચાર્યને બહુ સંમત, મૂળ ગુણરૂપ શ્રદ્ધાને પ્રવર્ધમાન (ચડતા) પરિણામે પાલન કરવી. ૬૧ બાર પ્રકારની તપસ્યા, ષટ્કાયની રક્ષારૂપ સંયમયોગ, અને વાચના પ્રમુખ સઝાયયોગમાં નિરંતર રહેલા સાધુઓ, જેમ ચતુરંગી સેનાએ કરી ઘેરાયેલો શૂરવીર પુરુષ, હથીયારની મદદવડે તેનાથી મુક્ત થાય છે, તેમજ કષાયરૂપી સેનાયે કરી રોકાયેલ સાધુઓ, પૂર્વોક્ત તપસ્યાદિ હથીયારોએ કરી, ઇંદ્રિય વિષય કષાયાદિ શત્રુ સેનાથી પોતાને મુકાવાને સમર્થ થાય છે; તેમજ તેને દૂર કરવાને પણ સમર્થ થાય છે. ૬૨. સ્વાધ્યાયરૂપ શુભ ધ્યાનમાં આસક્ત, સ્વપરને તારવાવાળા, શુદ્ધ પરિણામવાળા, અને તપસ્યામાં આસક્ત, એવા મુનિઓનાં પૂર્વે કરેલાં પાપો, જેમ અગ્નિથી તપાવેલ રૂપાનો મેલ શુદ્ધ થાય છે તેમ, શુદ્ધ થાય છે અર્થાત્ નિર્જરી જાય છે. ૬૩. પૂર્વે કહેલ ગુણ સહિત, તેમજ પરિષહને જીતવાવાળો, જિતેંદ્રિય, શ્રુતજ્ઞાન યુક્ત, મમતા વિનાનો અને સુવર્ણાદિ પરિગ્રહ રહિત સાધુ, "જેમ સમગ્ર વાદળનાં પડલો નિકળી જવાથી ચંદ્રમા શોભે છે, તેમ" કર્મરૂપી વાદળાના (મેઘના) જવાથી કેવળજ્ઞાનરૂપી ચંદ્રમાથી શોભે છે. અર્થાત્ કર્મનો ક્ષય કરી કેવળજ્ઞાન પામે છે. ॥ ઇત્યાચાર પ્રણિધિનામકમષ્ટમમધ્યયનમ્ ॥

## ॥ અથ વિનયસમાધિનામકનવમાધ્યયને પ્રથમોદ્દેશકઃ ॥

થંભા વ કોહા વ મયપ્પમાયા, ગુરુસ્સગાસે વિણયં ન સિક્ખે ।
સો ચેવ ઉ તસ્સ અભૂઇભાવો, ફલં વ કીઅસ્સ વહાય હોઇ ॥૧॥

જે આવિ મંદિત્તિ ગુરું વિઇત્તા, ડહરે ઇમે અપ્પસુઅત્તિ નચ્ચા ।
હીલંતિ મિચ્છં પડિવજ્જમાણા, કરંતિ આસાયણ તે ગુરૂણં ॥૨॥

પગઇઇ મંદા વિ ભવંતિ એગે, ડહરા વિ અ જે સુઅબુદ્ધોવવેઆ ।
આયારમંતા ગુણસુટ્ઠિઅપ્પા, જે હીલિઆ સિહિરિવ ભાસ કુજ્જા ॥૩॥

જે આવિ નાગં ડહરં તિ નચ્ચા, આસાયએ સે અહિઆય હોઇ ।
એવાયરિઅંપિ હુ હીલયંતો, નિઅચ્છઇ જાઇપહં ખુ મંદો ॥૪॥

આસીવિસો યા વિ પરં સુરુટ્ઠો, કિં જીવનાસાઉ પરં નુ કુજ્જા ।
આયરિઅપાયા પુણ અપ્પસન્ના, અબોહિઆસાયણ નત્થિ મુક્ખો ॥૫॥

### અધ્યયન નવમાના ઉદ્દેશ પહેલાની ગાથા ૧ થી ૫ સુધીના છુટા શબ્દના અર્થ

થંભા-માન
મયપ્પમાયા-માયાના પ્રમાદથી
ગુરુસ્સગાસે-ગુરુની પાસે
અભૂઇભાવો-અજ્ઞાનભાવ
કીઅસ્સ-વાંસના　　વહાય-નાશને માટે
મંદિત્તિ-મંદ (થોડી) બુદ્ધિવાળો
વઇત્તા-જાણીને
ડહરે-નાની ઉંમરના
અપ્પસુઅત્તિ-અલ્પ (થોડા) શ્રુતવાળા એ પ્રકારે
હીલંતિ-હીલના કરે છે.
પડિવજ્જમાણા-અંગીકારકરતા
પગઇઇ-સ્વભાવથી
સુઅબુદ્ધોવવેઆ-શ્રુત અને બુદ્ધિએ સહિત
આયારમંતો-આચારવાળા

ગુણસુટ્ઠિઅપ્પા-ગુણને વિષે સ્થિર છે આત્મા જેનો
સિહિરિવ-અગ્નિની માફક
ભાસ-ભસ્મ　　કુજ્જા-કરે છે.
નાગં-સર્પ　　અહિઆય-અહિતને માટે
નિઅચ્છઇ-આવે છે
જાઇપહં-જાતિમાર્ગ
આસિવિસો-દાઢમાં વિષવાળો સર્પ
સુરુટ્ઠો-ઘણો કોપેલો (ક્રોધવાળા)
જીવનાસાઓ-જીવના નાશથી (જીવના નાશ સિવાય)
અપ્પસન્ના-અપ્રસન્ન થયેલા (કોપાયમાન થયેલા)
અપ્પોહિ-મિથ્યાત્વ　　મુક્ખો-મોક્ષ
નત્થિ-નથી

## અથ વિનય સમાધિ નામનું નવમું અધ્યયન કહે છે

**ભાવાર્થ :** ગયા અધ્યયનમાં એમ કહેવામાં આવ્યું કે, આચારમાં (ક્રિયામાં) રહેલા મુનિઓનું વચન પાપ રહિત (નિર્દોષ) હોય છે; માટે આચારમાં યત્નવાન્ થવું. આ આચારમાં રહેલ મુનિઓ વિનયવાન્ હોય છે. આમ પૂર્વાપર સંબંધથી પ્રાપ્ત થએલ આ નવમા અધ્યયનમાં વિનયનું સ્વરૂપ કહેવામાં આવશે. જે શિષ્ય માનથી ક્રોધથી કે માયાના પ્રમાદથી ગુરુની પાસે વિનય શિખતો નથી, તે શિષ્યને આ માનાદિક પ્રમાદ (જેમ વાંસને ફળ આવવાથી વાંસનો નાશ થાય છે, તેમ) જ્ઞાનાદિક ભાવ પ્રાણનો નાશ કરવાવાળા થાય છે. ૧. જે કોઈ સાધુઓ પોતાના ગુરુને મંદ બુદ્ધિવાળા જાણીને, તેમજ નાની ઉમરવાળા અને અલ્પશ્રુતવાળા જાણીને, મિથ્યાત્વને અંગીકાર કરી તે ગુરુની હીલના કરે છે, તે ખરેખર ગુરુઓની મહાન આશાતના કરે છે. (ગુરુની આશાતના કરવી તે મોટું પાપ છે.) આ કારણથી ગુરુની હીલના ન કરવી. ૨. મુનિઓએ પોતાના ગુરુની હીલના ન કરતાં તેના સંબંધમાં આ પ્રમાણે વિચાર કરવો જોઈએ તે બતાવે છે. અહો ! કેટલાએક મુનિઓ ઉમ્રરમાં વૃદ્ધ હોય છે પણ કર્મની વિચિત્રતાથી બુદ્ધિમાં સ્વભાવથી મંદ હોય છે અને કેટલાક શિષ્યો ઉમરમાં નાના હોય છે તો પણ શુદ્ધ બુદ્ધિવાળા, જ્ઞાનાદિ આચારવાળા અને ગુણાધિષ્ઠિત આત્મવાળા હોય છે. ખરેખર કર્મની વિચિત્ર ગતિ છે. એમ વિચાર કરી શુદ્ધ બુદ્ધિવાળા, જ્ઞાનાદિ આચારવાળા, તથા ગુણાધિષ્ઠિત આત્મવાળા શિષ્યોએ, ગુરુને મંદબુદ્ધિવાળા જાણીને તેમની હીલના કોઈ પણ વખત ન કરવી. અગ્નિ જેમ વસ્તુને બાળીને નાશ કરે છે તેમ ગુરુની હીલના, નિંદા કે અવજ્ઞા તે જ્ઞાનાદિ ગુણોનો નાશ કરે છે. ૩. (નાની ઉમરના આચાર્યોની હીલના કરવાથી થતા દોષ) જેમ કોઈ અજ્ઞાન (મૂર્ખ) માણસ સર્પને નાનો જાણીને સળી પ્રમુખથી કદર્થના કરે છે, તે કદર્થના પામેલો નાગ, કદર્થના કરનારને ડસવાથી અહિતને (મરણને) માટે થાય છે; તેમજ કોઈ કારણથી નાની ઉમરમાં આચાર્ય પદે સ્થાપેલ નાના આચાર્ય, તેની હીલના કરતો મંદ બુદ્ધિવાળો શિષ્ય બેઇંદ્રિયાદિ જન્મ મરણના માર્ગને પ્રાપ્ત થાય છે. અર્થાત્ ઘણો કાળ સંસારમાં રઝળવારૂપ અહિતને (દુઃખને) પામે છે. ૪. (સર્પ કરતાં પણ આચાર્યની હીલના કરવામાં વધારે દોષો છે તે બતાવે છે) જેમ આશીવિષ સર્પ ઘણો રોષાયમાન થયે છતે પણ જીવિતવ્યનો નાશ કરવા

કરતાં બીજો કાંઈ પણ દોષ કરતો નથી, પણ હીલના કરવા વડે કરી અપ્રસન્ન થએલા આચાર્ય તો મિથ્યાત્વના કારણ રૂપ થાય છે; કેમ કે આચાર્યની હીલના, આશાતના કરવાથી મિથ્યાત્વની પ્રાપ્તિ થાય છે. જો આમ છે તો ગુરુની આશાતના કરવાવાળાને મોક્ષ નથી. ૫.

**જો પાવગં જલિઅમવક્કમિજ્જા, આસીવિસં વા વિ હુ કોવઇજ્જા ।**
**જો વા વિસં ખાયઇ જીવિઅટ્ઠી, એસોવમાસાયણયા ગુરૂણં ॥૬॥**

**સિયા હુ સે પાવય નો ડહેજ્જા, આસીવિસો વા કુવિઓ ન ભક્ખે, ।**
**સિયા વિસં હાલહલં ન મારે, ન યાવિ મોક્ખો ગુરુ–હીલણાએ ॥૭॥**

**જો પવ્વયં સિરસા ભેત્તુમિચ્છે, સુત્તં વ સીહં પડિબોહએજ્જા ।**
**જો વા દએ સત્તિ અગ્ગે પહારં, એસોવમાસાયણયા ગુરૂણં ॥૮॥**

**સિયા હુ સીસેણ ગિરિં પિ ભિન્દે, સિયા હુ સીહો કુવિહો ન ભક્ખે ।**
**સિયા ન ભિન્દિજ્જ વ સત્તિ–અગ્ગં, ન યાવિ મોક્ખો ગુરુ–હીલણાએ ॥૯॥**

**આયરિય– પાયા પુણ અપ્પસન્ના, અબોહિ–આસાયણ નત્થિ મોક્ખો ।**
**તમ્હા અણાબાહ સુહાભિકંખી, ગુરુ–પ્પસાયાભિમુહો રમેજ્જા ॥૧૦॥**

**અધ્યયન નવમાના ઉદ્દેશા ૧ લાની ગાથા ૬ થી ૧૦ સુધીના છુટા શબ્દના અર્થ**

| | | |
|---|---|---|
| **જલિઅં**-બળતી | **ન ભક્ખે**-કરડે નહિ | **દએ**-કરે |
| **અવક્કમિજ્જા**-વળગી રહે | **હાલહલં**-હાલાહલ નામનું વિષ | **સત્તિઅગ્ગે**-શક્તિની ધારા ઉપર |
| **કોવઇજ્જા**-ક્રોધ પમાડે | **ન મારે**-મારે નહિ (મરણ ન પમાડે) | **પહારં**-પ્રહારને |
| **વિસં**-વિષને | **પવ્વયં**-પર્વતને | **ગિરિં**-પહાડને |
| **ખાયઇ**-ખાય છે. | **સિરસા**-મસ્તકે કરીને | **વિ**-પણ. **ભિન્દે**-ભાગે. |
| **જીવિઅટ્ઠી**-જીવવાને માટે | **ભેત્તું**-ભાગવાને (ભેદવાને) | **અણાવાહ સુહાભિકંખો**-અનાબાધ સુખના અભિલાષી |
| **એસોવમા**-આ ઉપમા | **ઇચ્છે**-ઇચ્છા કરે | **પ્પસાયાભિમુહી**-પ્રસન્નતા રાખવાને તત્પર |
| **સિયા**-કદાચ | **સુતં**-સુતેલા | **રમેજ્જા**-રહેવું, વર્તવું. |
| **પાવય**-અગ્નિ | **સીહં**-સિંહને | |
| **નો ડહેજ્જા**-બાળે નહિ | **પડિબોહએજ્જા**-જગાડે | |
| **કુવિઓ**-ક્રોધ પામેલો | | |

**ભાવાર્થ :** જેમ કોઈ માણસ જીવવાને માટે બળતી અગ્નિમાં ઊભો રહે અથવા આશીવિષ સર્પને ક્રોધ પમાડે, અથવા જીવવાને માટે ઝેર ખાય; આ ઉપમાઓ ગુરુની આશાતના કરવાવાળાઓને સંભવે છે. એટલે જેમ જીવવાને માટે ઉપર કહેલી વાતો કરવામાં આવે તો ઉલટું તેનાથી મરણ થાય છે, તેવી જ રીતે ગુરુની આશાતના કરવાથી સંસારની વૃદ્ધિ થાય છે. ૬ કદાચ મંત્રાદિકથી બંધાયેલ અગ્નિ માણસને બાળે નહિ, કોપાયમાન થએલ આશીવિષ સર્પ કરડે નહિ, અને કદાચ હાલાહલ વિષ ખાવાથી મરણ પણ ન થાય, તો પણ ગુરુની હીલના કરવાવાળાને તો મોક્ષ જ ન થાય. ૭ જેમ કોઈ માણસ પર્વતને પોતાના માથા વડે ભાંગવા ઇચ્છે, અથવા સુતા સિંહને જગાડે, અથવા શક્તિની ધારા ઉપર હાથે કરી કોઈ પ્રહાર કરે, અને આ પ્રમાણે કરવાથી તેમ કરવાવાળાને જે ગેરફાયદો થાય છે તે પ્રમાણે ગુરુની આશાતના કરવાવાળાને ગેરફાયદો થાય છે. એમ બન્ને બાજુ સરખી ઉપમા જાણવી. ૮ કદાચિત કોઈ પ્રભાવિક અતિશયના બળે મસ્તકે કરી પર્વત પણ ભેદાય, મંત્રાદિકના પ્રભાવથી (સામર્થ્યથી) ક્રોધાયમાન થએલ સિંહ પણ ભક્ષણ ન કરે, કદાચ શક્તિ વડે શરીર ન પણ ભેદાય, તો પણ ગુરુની હીલના કરવાથી મોક્ષ થાય નહીં. ૯ (અગ્નિ આદિની આશતના નાની છે અને ગુરુની આશાતના મોટી છે તે દેખાડે છે) અપ્રસન્ન થયેલ આચાર્યથી સદ્બોધના અભાવે મિથ્યાત્વની પ્રાપ્તિ થાય છે, માટે ગુરુની આશાતના કરવા વડે મોક્ષ થતું નથી. જો આમ છે તો અનાબાધ (પૂર્ણ શાશ્વત) સુખના અભિલાષીઓએ, જેવી રીતે ગુરુ પોતના ઉપર પ્રસન્ન રહે તેવી રીતે વર્તવું. ૧૦

**જહાહિઅગ્ગી જલણં નમંસે, નાણાહુઇ-મન્તપયાભિસિત્તં ।**
**એવાયરિયં. ઉવચિઠએજ્જા અણન્ત-નાણોવગઓ વિ સન્તો ॥૧૧॥**

**જસ્સન્તિએ ધમ્મ-પયાઇ સિક્ખે, તસ્સન્તિએ વેણઇયં પઉંજે, ।**
**સક્કારએ સિરસા પંજલીઓ, કાય-ગ્ગિરા "ભો" મણસા ય નિચ્ચં ॥૧૨॥**

**લજ્જા દયા સંજમ બમ્ભચેરં, કલ્લાણ-ભાગિસ્સ વિસોહિ-ઠાણં ।**
**જે મે ગુરૂ સયયમણુસાસયન્તિ, તેડહં ગુરૂં સયયં પૂયયામિ ॥૧૩॥**

**જહા નિસન્તે તવણચ્ચિમાલી, પભાસઇ કેવલ-ભારહં તુ ।**
**એવાયરિઓ સુયસીલ બુદ્ધિએ, વિરાયઇ સુર-મજઝે વ ઇન્દો ॥૧૪॥**

જહા સસી કોમુઈ-જોગ-જુત્તો, નક્ખત્ત-તારાગણ-પરિવુડપ્પા ।
ખે સોહઈ વિમલે અબ્ભ-મુક્કે, એવં ગણી સોહઈ ભિક્ખુ-મજ્ઝે ॥૧૫॥

### અધ્યયન નવમાના ઉદ્દેશા ૧લાની ગાથા ૧૧-૧૫ સુધીના છુટા શબ્દના અર્થ

જહાહિયગ્ગી-જેમ હોમ કરનારો બ્રાહ્મણ
જલણં-અગ્નિને
નમંસે-નમસ્કાર કરે
નાણાહુઈ-નાના પ્રકારની આહુતિથી
મન્તપય-મંત્રપદોથી
અભિસિત્તં-સંસ્કારવાળો કરેલો
ઉવચિઠ્ઠએજ્જા-સેવે
અણન્તનાણોવગઓવિ-અનંત જ્ઞાનવાળો હોય તો પણ
જસ્સન્તિએ-જેની પાસે
ધમ્મપયાઇ-ધર્મપદોને
તસ્સન્તિએ-તેની આગળ
વિણઇયં-વિનયને
પઉંજે-કરે
સક્કારએ-સત્કાર કરે
પંજલીઓ-હાથ જોડીને
કાયગ્ગિરા-કાયા અને વચન વડે કરીને
લજ્જા-શરમ
દયા-કૃપા
કલ્લાણભાગિસ્સ-મોક્ષના અભિલાષીને
વિસોહિ-વિશુદ્ધિ
પૂયયામિ-પૂજું છું
નિસન્તે-રાતને છેડે
તવણચ્ચિમાલી-પ્રકાશતો સૂર્ય
પભાસઇ-પ્રકાશ કરે
ભારહં-ભરત ક્ષેત્રને
વિરાયઇ-શોભે છે
કોમુઈ-કાર્તિક પૂર્ણિમાની રાત્રીનો ચંદ્રપ્રકાશ
નક્ખત્ત-નક્ષત્રો
તારાગણ-તારાઓનો સમુહ
પરિવુડપ્પા-પરિવરાએલો
ખે-આકાશમાં
અબ્ભમુક્કે-વાદળાં વગરનો

**ભાવાર્થ :** જેમ આહિતાગ્નિ (અગ્નિમાં ઘી આદિ હોમવાવાળો બ્રાહ્મણ) તે નાના પ્રકારની આહુતી અને મંત્રપદોથી સંસ્કાર યુક્ત કરાયેલ અગ્નિને નમસ્કાર કરે છે, તેમ પોતે (સ્વપર પર્યાયને વિષય કરનાર હોવાથી) અનંત જ્ઞાનવાન હોવા છતાં પણ આચાર્યની વિનયથી સેવા કરે. આવો જ્ઞાની શિષ્ય પણ આચાર્યશ્રીની સેવા કરે તો પછી બીજા સાધુઓએ આચાર્યની સેવા કરવી તેમાં તો કહેવું જ શું ? ૧૧ જેની પાસે ધર્મનાં પદો શિખવાં હોય તેની પાસે વિનય કરવો જોઈએ. તે વિનય એવી રીતે કરવો કે, ગુરુ આવે ત્યારે ઊભા થવા વડે સત્કાર કરવો, તથા હાથ જોડી મસ્તક નમાવવા રૂપ કાયાએ કરી વિનય કરવો. "મત્થએણ

વંદામિ" એમ વચન બોલવા વડે કરીને તથા ભાવ યુક્ત મન વડે કરી નિરંતર વિનય કરવો. આમ કહેવાથી ભણવા વિનાના બાકીના વખતમાં પણ વિનય કરવો, એમ પણ સાથે સમજી લેવું. ૧૨ લજ્જા, દયા, સંયમ, અને બ્રહ્મચર્ય આ ચાર સ્થાનકો મોક્ષના અભિલાષી સાધુઓને પરમ વિશુદ્ધિનાં સ્થાનકો છે. આને માટે મારા ગુરુશ્રી મને નિરંતર આ બાબતની શિખામણ આપે છે, માટે મારા પરમ ઉપકારી ગુરુજીની નિરંતર હું પૂજા કરીશ. આવી રીતે શિષ્યોએ મનમાં વિચારવું જોઈએ. ૧૩ જેમ રાત્રીને અંતે (રાત્રી જવા પછી) સૂર્ય સંપૂર્ણ ભરતક્ષેત્રને પ્રકાશિત કરે છે, તેવી જ રીતે આચાર્ય શુદ્ધ શ્રુત, શીલ, અને બુદ્ધિએ કરી જીવાદિક પદાર્થોને પ્રકાશિત કરે છે. વળી જેમ દેવતાઓના સમૂહમાં ઇંદ્ર શોભે છે. તેમ તેવા આચાર્ય સાધુઓના સમુદાયમાં ઇંદ્રની માફક શોભે છે. ૧૪ જેમ વાદળાં રહિત નિર્મળ આકાશમાં, કાર્તિક પૂર્ણિમાના યોગવાળો, અને નક્ષત્ર તથા તારાના સમૂહથી વિંટાયેલો ચંદ્રમા શોભે છે, એવી રીતે સાધુઓના સમુદાયમાં રહેલા આચાર્ય મહારાજ શોભે છે. ૧૫.

**મહાગરા આયરિયા મહેસી, સમાહિજોગે સુય-સીલ-બુદ્ધિએ ।**
**સમ્પાવિઉ-કામે અણુત્તરાઇં, આરાહએ તોસઇ ધમ્મ-કામી ॥૧૬॥**

**સોચ્ચાણ મેહાવિ-સુભાસિયાઇં, સુસ્સૂસએ આયરિયપ્પમત્તો ।**
**આરાહઇત્તાણ ગુણે અણેગે, સે પાવઇ સિદ્ધિમણુત્તરં ॥૧૭॥**

**ત્તિબેમિ ઇતિ વિણયસમાહીએ પઢમો ઉદ્દેસો સમ્મત્તો ॥**

**અધ્યયન નવમાના ઉદ્દેશા ૧લાની ગાથા ૧૬-૧૭ સુધીના છુટા શબ્દના અર્થ**

| | |
|---|---|
| મહાગરા-(જ્ઞાનાદિ રત્નોની) મહાન ખાણ જેવા | ધમ્મકામી-ધર્મની ઇચ્છા કરનાર |
| મહેસી-(મોક્ષની) મોટી ઇચ્છા રાખનારા | સુભાસિયાઇં-સુંદર વચનોને |
| સમ્પાવિઉકામે-(મોક્ષની) પ્રાપ્તની ઇચ્છા રાખનારા | સુસ્સૂસએ-સેવે |
| અણુત્તરાઇં-સર્વોત્કૃષ્ટ | અપ્પમત્તો-પ્રમાદ રહિત |
| તોસએ-સંતોષ કરે | આરાહઇત્તાણ-આરાધીને |

**ભાવાર્થ :** જ્ઞાનાદિ ભાવ રત્નોની ખાણ સમાન અને સમાધિયોગ, શ્રુત, શીલ, તથા બુદ્ધિએ કરીને મોક્ષ પામવાના અભિલાષી, તથા આચાર્યશ્રીની પાસેથી સર્વોત્કૃષ્ટ જ્ઞાનાદિની પ્રાપ્તિને માટે શિષ્યોએ વિનય કરવા વડે કરીને આરાધના કરવી.

એકવાર વિનય કરવો એમ નહીં પણ કર્મની નિર્જરાને અર્થે વારંવાર વિનય કરવા વડે કરીને આચાર્યને પ્રસન્ન કરવા. ૧૬ ગુરુની આરાધનાના ફળને કહેવાવાળા સુંદર વચનોને સાંભળીને બુદ્ધિમાન સાધુઓએ નિરંતર આચાર્યશ્રીની અપ્રમાદિપણે સેવા કરવી એમ પૂર્વોક્ત રીતે ગુરુની શુશ્રૂષા કરવાવાળો સાધુ અનેક જ્ઞાનાદિ ગુણોને આરાધી અનુક્રમે મોક્ષને પ્રાપ્ત થાય છે. એમ હું તમને કહું છું. ૧૭. ઇતિ વિનય સમાધિ નામક નવમાધ્યયનસ્ય પ્રથમોદ્દેશકઃ

### ।। અથ વિનયસમાધ્યધ્યયને દ્વિતીય ઉદ્દેશઃ ।।

**મૂલાઉ ખન્ધ-પ્પભવો દુમસ્સ, ખન્ધાઉ પચ્છા સમુવેન્તિ સાહા ।**
**સાહપ્પસાહા વિરુહન્તિ પત્તા, તઓ સે પુપ્ફં ચ ફલં રસો ય ।।૧।।**

**એવં ધમ્મસ્સ વિણઓ, મૂલં પરમો સે મુક્ખો ।**
**જેણ કિત્તિં સુયં સિગ્ઘં, નિસેસં ચાભિગચ્છઈ ।।૨।।**

**જે ય ચણ્ડે મિએ થદ્ધે, દુવ્વાઈ નિયડી સઢે ।**
**વુજ્ઝઈ સે અવિણીયપ્પા, કટ્ઠં સોય-ગયં જહા ।।૩।।**

**વિણયં પિ જો ઉવાએણં, ચોઇઓ કુપ્પઈ નરો ।**
**દિવ્વં સો સિરિમિજ્જન્તિં, દણ્ડેણ પડિસેહએ ।।૪।।**

**તહેવ અવિણીયપ્પા, ઉવવજ્ઝા હયા ગયા ।**
**દીસન્તિ દુહમેહન્તા, આભઓગમુવટ્ઠિયા ।।૫।।**

**અધ્યયન નવમાના ઉદ્દેશા ૨ ની ગાથા ૧ થી ૫ સુધીના છુટા શબ્દના અર્થ**

| | |
|---|---|
| મૂલાઓ-મૂળથી | મિએ-અજાણ |
| ખન્ધ-થડ (ની) | થદ્ધે-સ્તબ્ધ, અહંકારી |
| પ્પભવો-ઉત્પત્તિ | દુવ્વાઇ-ખરાબ બોલનાર |
| સમુવેન્તિ-સમ્યક્ ઉત્પન્ન થાય છે. | નિયડી-કપટ (માયા) |
| વિરુહન્તિ-વિશેષે ઉત્પન્ન થાય છે. | સઢે-શઠ, મૂરખ |
| સિગ્ઘં-વખાણવા લાયક | વુજ્ઝઇ-તણાઇ જાય |
| નિસ્સેસં-સમસ્ત | અવિણીયપ્પા-વિનય રહિત આત્માવાળો |
| અહિગચ્છઇ-પામે છે. | કટ્ઠં-લાકડું |
| ચણ્ડે-ક્રોધે | સોયગયં-પાણીના પ્રવાહમાં પડેલું |

| | |
|---|---|
| વિણયંમિ-વિનયને વિષે | દિવ્વં-દિવ્ય |
| ઉવાએણ-ઉપાય વડે | ઇજ્જન્તિ-આવતી એવી |
| ચોઇઓ-પ્રેરેલો | દણ્ડેણ-લાકડી વડે |
| કુપ્પઇ-ક્રોધ કરે | પડિસેહએ-પાછી વાળે |

**અથ દ્વિતીય ઉદ્દેશઃ (વિનયના અધિકારમાંજ બીજો ઉદ્દેશ કહે છે)**

**ભાવાર્થ :** મૂળ થકી વૃક્ષનો સ્કંધ પેંદા થાય છે. અને સ્કંધથી પછી શાખા પેંદા થાય છે. શાખાથી નાની ડાળીઓ પેંદા થાય છે. ડાળીઓથી પાંદડાઓ પેંદા થાય છે. પાન પછી પુષ્પ, ફળ અને ફળમાં અનુક્રમે રસ પેંદા થાય છે. ૧ એમજ ધર્મરૂપી કલ્પવૃક્ષનું મૂળ વિનય છે, અને મોક્ષ પ્રાપ્તિ થવી તે રૂપ ફળનો ઉત્તમ રસ જાણવો. અને સ્કંધ શાખાદિક દેવલોકમાં ગમન, સુકુલમાં ઉત્પત્તિ, આદિ જાણવું. ઇત્યાદિ ફળને માટે વિનય કરવાની સર્વને પૂર્ણ જરૂર છે. જે વિનયથી સાધુઓ કીર્તિ, શ્રુત, જ્ઞાન અને પ્રસંશાલાયક સર્વ વસ્તુને પામે છે. ૨ (અવિનયથી થતા દોષો બતલાવે છે) તીવ્ર રોષવાળો, હિત કહેવાથી પણ રોષ કરવાવાળો, જાત્યાદિક મદવાળો, અપ્રીય બોલવાવાળો, કપટ કરવાવાળો, શઠ, સંયમ યોગમાં અનાદર કરવાવાળો ઇત્યાદિ દોષોથી જે સાધુ ગુર્વાદિકનો વિનય કરતો નથી, તે અવિનીતાત્મા વિનય રહિત, જેમ નદી આદિના પ્રવાહમાં પડેલું કાષ્ટ (લાકડું) તણાય છે, તેમ સંસારરૂપી પ્રવાહમાં તે તણાય છે; અર્થાત્ અવિનયવાનં ચાર ગતિમાં રોળાય છે. ૩ વિનયને માટે એકાન્ત મીઠે વચને કરી ગુરુએ પ્રેર્યે છતે, જે શિષ્ય ક્રોધાયમાન થાય છે તે શિષ્ય પોતાની પાસે આવતી દીવ્ય લક્ષ્મીને, લાકડી વડે નિષેધ કરે છે, પાછી વાળે છે. તાત્પર્ય એ છે કે, વિનય સંપદાનું મૂળ છે, માટે અવશ્ય નિરંતર તેનું સેવન કરવું. ૪ (તિર્યંચોમાં પણ વિનય અવિનયનાં ફળ બતાવે છે.) વિનય રહિત એવા સેનાપતિ પ્રધાન આદિના ઘોડા તથા હાથી આદિ તે ક્લેશરૂપ દુઃખને અનુભવતા ચાકરપણાને પામે છે. અર્થાત ભાર ઉપાડવાવાળા થાય છે. ૫

**તહેવ સુવિણીયપ્પા, ઉવવજ્ઝા હયા ગયા ।**
**દીસન્તિ સુહમેહન્તા, ઇડ્ઢિં પત્તા મહાયસા ॥૬॥**

**તહેવ અવિણીયપ્પા લોગંસિ નર-નારિઓ ।**
**દીસન્તિ દુહમેહન્તા, છાયા વિગલિતેન્દિયા ॥૭॥**

દણ્ડ-સત્થ-પરિજુણ્ણા, અસબ્ભ-વયણેહિ ય ।
કલુણા વિવન્ન-છન્દા, ખુપ્પિવાસાપરિગયા ॥૮॥

તહેવ સુવિણીયપ્પા, લોગંસિ નરનારીઓ ।
દીસન્તિ સુહમેહન્તા, ઇડ્ઢિંપત્તા મહાયસા ॥૯॥

તહેવ અવિણીયપ્પા, દેવા જક્ખા ય ગુજ્ઝગા ।
દીસન્તિ દુહમેહન્તા, આભિઓગ-મુવટ્ઠિયા ॥૧૦॥

**અધ્યયન નવમાની ગાથા ૬ થી ૧૦ સુધીના છુટા શબ્દના અર્થ**

| | |
|---|---|
| ઉવવજ્ઝા-સેનાપતિ, આદિ લોકના | છાયા-મારથી ઘવાએલા શરીરવાળા |
| હયા-ઘોડા | પરિજુણ્ણા-દુર્બળ થયેલા |
| ગયા-હાથીઓ | અસબ્ભવયણેહિ-અયોગ્ય વચનો વડે કરીને |
| દીસન્તિ-દેખાય છે. | કલુણા-દયા ઉપજાવે એવા |
| સુહમ્-સુખને | વિવન્નછન્દા-પરાધીન રહેલા |
| એહન્તા-ભોગવતા એવા | ખુપ્પિવાસ પરિગ્ગયા-ભૂખ અને તરસથી પીડાએલા |
| ઇડ્ઢિં-ઋદ્ધિને | ગુજ્ઝગ્ગા-ભુવનપતિઓ |
| પત્તા-પામેલા | આભિઓગમ્-દાસપણાને |
| મહાયસા-મોટી કીર્તિ પામેલા | ઉવટ્ઠિઆ-પામેલા |

**ભાવાર્થ :** તેમજ વિનયવાન્ રાજાંના ઘોડા તથા હાથી આદિં સુખને અનુભવતા નિરંતર રહે છે તથા સારાં આભુષણ, રહેવાનું મકાન અને ઉત્તમ ખોરાકને પામીને પોતાના સદ્ગુણોએ કરીને પ્રખ્યાતિ પામે છે. તિર્યંચો પણ વિનય ગુણથી તિર્યંચપણામાં સુખ અનુભવે છે, તો મનુષ્યો વિનયથી સુખ પામે તેમાં શું કહેવું ? માટે વિનય કરવો. ૬ (એજ વિનય અવિનયનું ફળ મનુષ્ય આશ્રીને બતાવે છે) તિર્યંચોની માફક અવિનયવાન્ મનુષ્ય અને સ્ત્રીઓ આ લોકમાં નાના પ્રકારના દુઃખને ભોગવતાં તથા ચાબુક પ્રમુખના પ્રહારથી વ્રણ પડેલ શરીરવાળા, તેમજ પારદારિકાદિક દોષોથી નાસિકાદિ ઇંદ્રિય કપાયેલા દેખવામાં આવે છે. ૭ અવિનયવાન્ પુરુષ અને સ્ત્રીઓ દંડ (વેત્ર પ્રમુખ) શસ્ત્ર (ખડ્ગ પ્રમુખ) અને મહા કઠોર વચનો તેણે કરી દુર્બળ થએલાં તથા કરુણાજનક તેવાં અને પરાધીન તથા ક્ષુધા તૃષાથી વ્યાપ્ત થયેલાં, નાના પ્રકારનાં દુઃખો અનુભવે છે. એમ અવિનયથી આ ભવમાં દુઃખ

ભોગવે છે તેમજ પરભવમાં પણ મહા દુઃખ પામે છે. ૮ તિર્યંચની માફક વિનયવાન્ પુરુષ અને સ્ત્રીઓ આ લોકમાં નાના પ્રકારનાં સુખ ભોગવતાં, ઋદ્ધિ પામેલાઓ, તથા મોટા યશવાળા દેખાય છે. વિનય કરવાવાળાને આ લોકમાં ગુરુ આદિની આરાધના થાય છે અને તેથી પરલોક પણ સફળ થાય છે. ૯ (દેવતાઓને વિષે વિનય અવિનયનું ફળ બતાવે છે) જેમ અવિનયવાન્ પુરુષ અને સ્ત્રીઓ તેમ જન્માન્તરમાં વિનય નહીં કરનાર એવા કેટલાક વિમાનિક, જ્યોતિષિ, વ્યંતર અને ભુવનાધિપતિના દેવો બીજા દેવોની આજ્ઞામાં વર્ત્તવાવાળા ચાકર દેવપણે દુઃખ ભોગવતા આગમથી દેખવામાં આવે છે. ૧૦.

**તહેવ સુવિણીયપ્પા, દેવા જક્ખા ય ગુજ્ઝગા ।**
**દીસન્તિ સુહમેહન્તા, ઇડ્ઢિં પત્તા મહાયસા ॥૧૧॥**

**જે આયરિય-ઉવજ્ઝાયાણં, સુસ્સૂસા-વયણં-કરા ।**
**તેસિં સિક્ખા પવડ્ઢન્તિ, જલસિત્તા ઇવ પાયવા ॥૧૨॥**

**અપ્પણટ્ઠા પરટ્ઠા વા, સિપ્પા નેઉણિયાણિ ય ।**
**ગિહિણો ઉવભોગટ્ઠા, ઇહલોગસ્સ કારણા ॥૧૩॥**

**જેણ બન્ધં વહં ઘોરં, પરિયાવં ચ દારુણં ।**
**સિક્ખમાણા નિયચ્છન્તિ, જુત્તા તે લલિઇન્દિયા ॥૧૪॥**

**તે વિ તં ગુરું પૂયન્તિ, તસ્સ સિપ્પસ્સ કારણા ।**
**સક્કારેન્તિ નમંસન્તિ, તુટ્ઠા નિદ્દેસવત્તિણો ॥૧૫॥**

**કિં પુણ જે સુય-ગ્ગાહી, અણન્ત-હિય-કામએ ।**
**આયરિયા જં વએ ભિક્ખૂ, તમ્હા તં નાઇવત્તએ ॥૧૬॥**

**અધ્યયન નવમાની ગાથા ૧૧ થી ૧૬ સુધીના છુટા શબ્દના અર્થ**

| | |
|---|---|
| પવડ્ઢન્તિ-(વિશેષ) વધે છે. | સિપ્પા-શિલ્પ કળા |
| જલસિત્તા-જળથી સિંચાએલા | નેઉણિયાણિ-ડહાપણ |
| પાયવા-ઝાડ, વૃક્ષો | ગિહિણો-ગૃહસ્થ |
| અપ્પણટ્ઠા-પોતાના માટે | ઉવભોગટ્ઠા-ઉપભોગને માટે |
| પરટ્ઠા-પરને માટે | લલિઇન્દિયા-ગર્ભશ્રીમંત |

| | |
|---|---|
| **નિદ્દેસવત્તિણો**-આજ્ઞામાં રહેનાર | **અણન્તહિયકામએ**-મોક્ષની ઇચ્છાવાળો |
| **સુયગ્ગાહિ**-શ્રુત જ્ઞાન ગ્રહણ કરવાવાળો | **નાઇવત્તએ**-ઓલંઘન ન કરે |

**ભાવાર્થ :** તેમજ જન્માંતરમાં વિનય કરવાવાળા, નિરતિચાર ધર્મ પાળવાવાળા, ચારે પ્રકારના દેવતાઓ નાના પ્રકારની દેવ ઋદ્ધિને પામેલા, તેમજ પોતાના ગુણોથી પ્રખ્યાતી પામેલા સુખ ભોગવતા દેખાય છે. ૧૧ (વિશેષ પ્રકારે લોકોત્તર વિનયનું ફળ બતાવે છે.) જે શિષ્યો આચાર્યની તથા ઉપાધ્યાયની સેવા કરનારા અને આજ્ઞામાં ચાલનારા હોય છે, તેમને જેમ પાણી સીંચવાથી વૃક્ષ વૃદ્ધિને પામે છે, તેમ ગ્રહણ શિક્ષા તથા આસેવના શિક્ષા વૃદ્ધિ પામે છે. ૧૨ જે ગૃહસ્થીઓ આ લોકના અર્થે અન્ન પાનાદિકના ઉપભોગને માટે પોતાને અર્થે, અગર પર જે પુત્રાદિ તેને અર્થે શિલ્પ, લોહાર, કુંભાર પ્રમુખનાં કાર્યો, તથા ચિત્રામણ પ્રમુખ કળાઓ પોતાના કળાચાર્ય ગુરુ પાસેથી શીખતાં રાજકુંવર જેવાઓ પણ ઘોર વધ બંધનને તથા દારૂણ પરિતાપને કલાચાર્ય તરફથી પામે છે; છતાં પણ તે શિલ્પ કળા પ્રમુખ શીખવાને માટે તે કલાચાર્ય ગુરુને પૂજે છે, સત્કાર કરે છે, નમસ્કાર કરે છે અને તુષ્ટમાન થઈને તેની આજ્ઞામાં પણ વર્ત્તે છે; તો જે સાધુઓ પરમ પુરુષ પ્રણીત શ્રુતજ્ઞાન ભણવાની અભિલાષાવાળા તથા મોક્ષની કામનાવાળા, તેમણે તો આચાર્ય મહારાજની સેવા અવશ્ય કરવી જ જોઈએ. આજ કારણથી જે વચન આચાર્ય મહારાજ કહે તે વચન સાધુઓએ બિલકુલ ઓલંઘવું ન જ જોઈએ. (૧૩-૧૪-૧૫-૧૬.)

**નીયં સેજ્જં ગઇં ઠાણં, નીયં ચ આસણાણિ ય, ।**
**નીયં ચ પાએ વન્દિજ્જા, નીયં કુજ્જા ય અંજલિં ॥૧૭॥**

**સંઘટ્ટઇત્તા કાએણં, તહા ઉવહિણામવિ ।**
**"ખમેહ અવરાહં મે" વઇજ્જ "ન પુણો" ત્તિ ય ॥૧૮॥**

**દુગ્ગઓ વા પઓએણં, ચોઇઓ વહઈ રહં ।**
**એવં દુબુદ્ધિ કિચ્ચાણં, વુત્તોવુત્તો પકુવ્વઇ ॥૧૯॥**

**(આલવન્તે લવન્તે વા, ન નિસિજ્જાઇ પડિસ્સુણે ।**
**મુત્તૂણં આસણં ધીરો, સુસ્સૂસાએ પડિસ્સુણે) ॥**
**કાલં છન્દોવયારં ચ, પડિલેહિત્તાણ હેઉહિં ।**
**તેણ-તેણ ઉવાએણં, તં-તં સમ્પડિવાયએ ॥૨૦॥**

## અધ્યયન નવમાની ગાથા ૧૭ થી ૨૦ સુધીના છુટા શબ્દના અર્થ

| | | |
|---|---|---|
| **અંજલિ**-હાથ જોડીને | **દુગ્ગઓ**-ગળીઓ બળદ | લવન્તે-વારંવાર કહે છતે |
| **સંઘટ્ટઇત્તા**-સ્પર્શ કરીને | **પણોએણં**-પરોણાથી | નિસેજ્જાએ-આસન ઉપર |
| **ઉવહિણામવિ**-ઉપધિને પણ | વહઇ-વહન કરે છે. | પડિસ્સુણે-ઉત્તર આપવો |
| **ખમે** - ખમો | **વુત્તોવુત્તો**-વારંવાર | મોત્તૂણં-મૂકીને |
| **અવરાહં**-અપરાધને | **પકુવ્વઇ**-અતિશય કરે છે. | છન્દોવયારં-ગુરુની ઇચ્છાને |
| **વએજ્જ**-કહે | **આલવન્તે**-એકવાર કહે છતે | સમ્પડિવાયએ-સંપાદન કરે |

**(વિનયનો ઉપાય બતાવે છે.)**

**ભાવાર્થ :** સાધુઓએ ગુરુના સંથારાથી પોતાનો સંથારો નીચો કરવો તથા આચાર્યની પાછળ ચાલવું. આચાર્યના સ્થાનથી પોતાનું સ્થાન નીચું રાખવું. પાટ પ્રમુખ આસનો આચાર્યના આસનથી નીચા રાખવાં. પોતાનું મસ્તક નીચું નમાવીને આચાર્ય મહારાજના પગમા નમસ્કાર કરવો અને કોઈ પણ કાર્ય પ્રસંગે કાયાને નીચી નમાવીને હાથ જોડવા. ૧૭ (વચનથી વિનય કેવી રીતે કરવો તે કહે છે) કોઈ અજાણથી આચાર્ય મહારાજનો અવિનય થયો હોય તો, શિષ્યે આચાર્ય મહારાજની આગળ જઈ પોતાના હાથે અગર મસ્તકે ગુરુના પગને સ્પર્શીને અગર કોઈ કારણે તથા પ્રકારના પ્રદેશમાં બેઠા હોય કે સ્પર્શ ન થઈ શકે તો તેમની ઉપધિ ઉપર હાથ સ્થાપન કરીને એમ કહેવું કે હે ગુરુ ! આ માંરા કરેલા અપરાધને આપ ક્ષમા કરો. આ અપરાધ "મંદભાગી એવો" હું હવેથી કોઈ વખત નહીં કરું. ૧૯. (આ પૂર્વે કહેલ વિનય, વિદ્વાન તો જાણીને કરી શકે, પણ જે અવિદ્વાન હોય તો તે કેવી રીતે કરી શકે ? તે બતાવે છે.) જેમ ગળીઓ બળદ પરુણાથી પ્રેર્યો છતો રથને વહન કરે છે તેમ દુર્બુદ્ધિ શિષ્ય વારંવાર પ્રેરણા કર્યે છતે આચાર્યનું કાર્ય કરે છે. ૧૯. આચાર્ય શિષ્યને એક વાર અગર વારંવાર બોલાવે છતે શિષ્યે પોતાના આસન ઉપર બેઠાં ઉત્તર ન આપવો. પણ પોતાનું આસન મુકી દઈ નજીક આવી હાથ જોડીને ઉત્તર આપવો. ૨૦.

**વિવત્તી અવિણીયસ્સ, સમ્પત્તી વિણિયસ્સ ય, ।**
**જસ્સેયં દુહઓ નાયં, સિક્ખં સે અભિગચ્છઇ ॥૨૧॥**

**જે યાવિ ચણ્ડે મઇઇડ્ઢિ-ગારવે, પિસુણે નરે સાહસ હીણ-પેસણે ।**
**અદિટ્ઠ-ધમ્મે વિણએ અકોવિએ, અસંવિભાગી ન હુ તસ્સ મુક્ખો ॥૨૨॥**

**ણિદ્દેસવત્તીપુણ જે ગુરૂણં, સુયત્થધમ્મા વિણયમ્મિ કોવિયા, ।**
**તરિત્તુ તે ઓહમિણં દુરુત્તરં, ખવિત્તુ કમ્મં ગઇમુત્તમં ગયં ॥૨૩॥ ત્તિ બેમિ ॥**
**ઇતિ વિણયસમાહિઅજ્ઝયણે બીઓ ઉદ્દેસો સમ્મત્તો ॥૨॥**

**ગાથા ૨૧ થી ૨૩ સુધીના અર્થ**

| | |
|---|---|
| **વિવત્તી**-વિપત્તિ (નાશ) | **અકોવિએ**-નહિ જાણનાર |
| **અભિગચ્છઇ**-પામે છે. | **અસંવિભાગી**-બીજાને ભાગ નહિ આપનાર |
| **ઇડ્ઢિગારવે**-ઋદ્ધિ ગારવવાળો | **નિદ્દેસવત્તી**-આજ્ઞામાં રહેનાર |
| **પિસુણે**-ચાડી કરનારો | **સૂયત્થધમ્મા**-ગીતાર્થ થએલા એવા |
| **સાહસ**-અકૃત્ય કરવામાં તત્પર | **કોવિયા**-નિપુણ |
| **હીણપેસણે**-ગુરુની આજ્ઞા નહિ માનનારો | **ઓહં**-સંસાર સમુદ્રને |
| **અદિટ્ઠધમ્મે**-શ્રુત ધર્માદિને નહિ પ્રાપ્ત થયેલો | |

**ભાવાર્થ :** શિષ્યોએ ગુરુ ભક્તિને માટે અવસર, ગુરુની ઇચ્છા, સેવા કરવાના ભેદ, તથા દેશ પ્રમુખને હેતુ પૂર્વક જાણી તે ઉપાયોએ કરીને તે તે વસ્તુને સંપાદન કરી આપવી. ૨૧. અવિનયવાન્ શિષ્યને જ્ઞાનાદિ ગુણની વિપત્તિ (નાશ) થાય છે; અને વિનયવાન્ શિષ્યને જ્ઞાનાદિ ગુણોની પ્રાપ્તિ થાય છે. જેણે આ બન્ને ભેદ જાણ્યા છે તે પુરુષ, ગ્રહણ આસેવના રૂપ શિક્ષાને પામે છે; કારણ કે ભાવથી ઉપાદેય વસ્તુનું જ્ઞાન તેને થયું છે. ૨૨. (અંવિનયનું ફળ બતાવે છે) જે મનુષ્ય ચારિત્ર લીધા પછી પણ ક્રોધી હોય, ઋદ્ધિ ગારવવાળો, બીજાની પછાડી અવર્ણવાદ બોલનારો, અકૃત્ય કરવામાં તત્પર, ગુરુની આજ્ઞા નહિ માનનાર, શ્રુત ધર્માદિકને નહિ પ્રાપ્ત થએલો, વિનયને નહિ જાણનાર, અને સંવિભાગી એટલે પોતાની મેળવેલી વસ્તુમાંથી બીજા સાધુઓને નિમંત્રણા નહીં કરનાર, આટલા પ્રકારના ક્લિષ્ટ અધ્યવસાયવાળાને મોક્ષ કોઈ વખત મળતું નથી. ૨૩ (વિનયનું ફળ બતાવે છે) જે શિષ્યો નિરંતર ગુરુની આજ્ઞામાં વર્ત્તે છે, જેઓ ગીતાર્થ થએલા છે, વિનય કરવામાં નિપુણ છે, તે શિષ્યો આ દુઃખે તરી શકાય એવા સંસાર સમુદ્રને તરીને સમગ્ર કર્મને ખપાવીને ઉત્તમ ગતિ જે સિદ્ધિ ગતિ તેને પ્રાપ્ત થાય છે. ઇતિ વિનય સમાધિ નામક નવમાધ્યયનસ્ય દ્વિતીયોદ્દેશકઃ

## ।। અથ વિનયસમાધ્યધ્યયને તૃતીય ઉદ્દેશઃ પ્રારભ્યતે ।।

**આયરિયં(અ)ગ્ગિમિવાહિયગ્ગી, સુસ્સૂસમાણો પડિજાગરિજ્જા ।**
**આલોઇયં ઇઙ્ગિયમેવ નચ્ચા, જો છન્દમારાહયઈ સ પુજ્જો ।।૧।।**

**આયારમટ્ઠા વિણયં પઉંજે, સુસ્સૂસમાણો પરિગિજ્ઝ વક્કં ।**
**જહોવઇટ્ઠં અભિકઙ્ખમાણો, ગુરું તુ નાસાયયઈ સ પુજ્જો ।।૨।।**

**રાઇણિએસું વિણયં પઉંઝે, ડહરા વિ ય જે પરિયાય-જેટ્ઠા ।**
**નિયત્તણે વટ્ટઇ સચ્ચવાઈ, ઓવાવયં વક્ક- કરે સ પુજ્જો ।।૩।।**

**અન્નાય ઉંછં ચરઈ વિસુદ્ધં, જવણટ્ઠયા સમુયાણં ચ નિચ્ચં, ।**
**અલદ્ધુયં નો પરિદેવએજ્જા, લધ્ધું ન વિકત્થયઈ સ પૂજ્જો ।।૪।।**

**સંથાર-સેજ્જાસણ ભત્તપાણે, અપ્પિચ્છયા અઇલાભે વિ સન્તે ।**
**જો એવમપ્પાણભિતોસએજ્જા, સંતોસ-પાહન્ન રએ સ પુજ્જો ।।૫।।**

### અધ્યયન નવમાના ઉદ્દેશા ૩ની ગાથા ૧ થી ૫ સુધીના છુટા શબ્દના અર્થ

| | |
|---|---|
| **સુસ્સૂસમાણો**-સેવા કરતો | **ઓવાયવં**-વંદના કરનારો |
| **પડિજાગરિજ્જા**-જાગૃત રહે | **વક્કકરે**-આજ્ઞા માનનારો |
| **આલોઇયં**-નજર, દૃષ્ટિ | **અન્નાયઉંછં**-પરિચય વગરના ઘરોથી |
| **ઇંગિયં**-ઇંગિત, બહારના આકારમાં થએલ ફેરફાર | **જવણટ્ઠયા**-નિર્વાહને માટે |
| **છન્દ**-આચાર્યની ઇચ્છાની માફક | **સમુયાણં**-યોગ્ય આહાર |
| **આયારમટ્ઠા**-આચારને અર્થે | **અલધ્ધુયં**-ન મળે |
| **પરિગિજ્ઝ**-ગ્રહણ કરે | **પરિદેવએજ્જા**-નિંદા કરે |
| **જહોવઇટ્ઠં**-જેમ કહ્યું હોય તેમ | **વિકત્થયઇ**-કહે |
| **અભિકંખમાણો**-ઇચ્છતો એવો | **અપ્પિચ્છયા**-થોડી ઇચ્છા |
| **નાસાયયઇ**-આશાતના ન કરે | **અઇલાભે**-અતિ લાભ |
| **પરિયાયજેટ્ઠા**-પર્યાયથી મોટા | **અભિતોસએજ્જા**-સંતોષ રાખે એવો |
| **નિયત્તણે**-અધિક ગુણીને નમતો એવો | **સંતોસપાહન્નરએ**-સંતોષ રાખવામાં |
| **વટ્ટઇ**-વર્તે છે **સચ્ચવાઇ**-સત્ય બોલનારો | મુખ્ય એવા |

**અથ તૃતીય ઉદ્દેશઃ (આ ત્રીજા ઉદ્દેશમાં વિનયવાન શીષ્ય પૂજનીક થાય છે. એમ કહેવામાં આવે છે.)**

**ભાવાર્થ :** જેમ અગ્નિહોત્રીઓ બ્રાહ્મણ અગ્નિની શુશ્રુષા કરતો સાવધાન રહે છે. તેમ શીષ્યોએ આચાર્ય અગર જેની નિશ્રામાં રહી વિહાર કરતા હોય તે પર્યાય જેષ્ઠ, તેમનાં તે તે કાર્ય કરવા વડે કરીને સેવા કરવી. (સેવા કરવાનો ઉપાય બતાવે છે.) આચાર્ય પ્રમુખનું આલોકિત એટલે જોવું, જેમ કે, ટાઢ પડતે છતે વસ્ત્ર સામી નજર કરે ત્યારે સમજવું કે કામળી પ્રમુખનો ઉપયોગ જણાય છે, તો તે તરત આપવી. એવી જ રીતે ઇંગિત આકારને જાણીને જે આચાર્યના અભિપ્રાયને અનુસારે વર્ત્તન કરે તે શિષ્ય પૂજનીક થાય છે અને કલ્યાણને પામે છે. ૧ શિષ્ય જ્ઞાનાદિક આચારને માટે વિનય કરે છે તેમ તેણે આચાર્ય મહારાજની શી આજ્ઞા છે, તેમ સાંભળવાની ઇચ્છા રાખતાં ગુરુએ કોઈ કાર્ય કરવા માટે આજ્ઞા આપ્યે છતે, તે ગુરુના વચનને અંગીકાર કરીને જેમ ગુરુએ કહ્યું હોય તેમ શ્રદ્ધાપૂર્વક કરવાની ઇચ્છા રાખતાં વિનય કરવો; પણ ગુરુએ કહ્યું હોય તેનાથી અન્યથા કરીને ગુરુની આશાતના ન કરે તે શિષ્ય પૂજનીક થાય છે. ૨ જે સાધુ રત્નાધિકોનો (દીક્ષાથી મોટા હોય તેમનો) યથાયોગ્ય વિનય કરે છે તથા ઉમરમાં નાના હોય પણ શ્રુતજ્ઞાનથી અગર દીક્ષા પર્યાયથી જ્યેષ્ઠ હોય તેમનો પણ વિનય સાચવે, પોતાથી અધિક ગુણવાન્ પ્રત્યે નમ્રભાવથી વર્ત્તન કરે, તે સત્ય બોલવાવાળો, આચાર્યને વંદન કરવાવાળો, અથવા આચાર્યની નજીક રહેવાવાળો અને તેમના વચન પ્રમાણે કરવાવાળો શિષ્ય પૂજનીક છે. ૩ નિરંતર પરિચય વિનાના ઘરોથી, ઉચિત (સાધુને લાયક) ભિક્ષામાં મળેલ નિર્દોષ આહાર, સંયમ ભારને વહન કરનાર સાધુ શરીરના નિર્વાહને માટે ભક્ષણ કરે. પૂર્વ કહેલ આહાર ન મળે તો ખેદ ન કરે અને લાયક આહાર મળે છતે દેવાવાળાની અગર દેશની પ્રશંસા ન કરે તે સાધુ પૂજનીક છે. ૪ જે સાધુ સંથારો, શય્યા, આસન, ભક્ત અને પાનાદિ ઘણું મળતું હોય તો પણ મૂર્ચ્છા ન રાખે અને સંતોષને જ પ્રાધાન્ય રાખીને જેવા તેવા સંથારાદિકથી પણ પોતાનો નિર્વાહ કરે તે સાધુ પૂજનીક છે. ૫

**સક્કા સહેઉં આસાઈ કણ્ટયા, અઓમયા ઉચ્છહયા નરેણં ।**
**અણાસએ જો ઉ સહેજ્જ કણ્ટએ, વઈમએ કણ્ણ-સરે સ પુજ્જો ॥૬॥**

**મુહુત્ત-દુઃક્ખા ઉ હવન્તિ કણ્ટયા, અઓમયા તે વિ તઓ સુ-ઉદ્ધરા ।**
**વાયા-દુરુત્તાણિ દુરુદ્ધરાણિ, વેરાણુબન્ધીણિ મહબ્ભયાણિ ॥૭॥**

**સમાવયન્તા વયણાભિઘાયા, કણ્ણં-ગયા દુમ્મણિયં જણન્તિ ।**
**ધમ્મો ત્તિ કિચ્ચા પરમગ્ગ-સૂરે, જિઇન્દિએ જો સહઈ સ પુજ્જો ॥૮॥**

**અવણ્ણ-વાયં ચ પરમ્મુહસ્સ, પચ્ચક્ખઓ પડિણીયં ચ ભાસં ।**
**ઓહારિણિં અપ્પિયકારિણિં ચ, ભાસં ન ભાસેજ્જ સયા સ પુજ્જો ॥૯॥**

**અલોલુએ અક્કુહએ અમાઈ, અપિસુણે યાવિ અદીણ-વિત્તી ।**
**નો ભાવએ નો વિય ભાવિયપ્પા, અકોઉહલ્લે ય સયા સ પુજ્જો ॥૧૦॥**

### અધ્યયન ૯ની ઉદ્દેશા ૩ની ગાથા ૬ થી ૧૦ સુધીના છુટા શબ્દના અર્થ

| | |
|---|---|
| **સક્કા**-યોગ્ય, લાયક, શક્ય | **દુમ્મણિયં**-મનના દુષ્ટ વિકારને |
| **સહેઉં**-સહન કરવાને | **જણન્તિ**-પેંદા કરે છે. |
| **આસાએ**-આશાવડે | **ધમ્મોત્તિ**-ધર્મ એ હેતુથી |
| **કણ્ટયા**-કાંટા **અઓમયા**-લોઢાના | **કિચ્ચા**-જાણીને |
| **ઉચ્છહયા**-ઉત્સાહવડે | **પરમગ્ગસૂરે**-મહા શૂરવીર |
| **અણાસએ**-ઇચ્છા રહિતપણે | **અવણ્ણવાયં**-અવર્ણવાદ (નિંદા વચન) |
| **સહેજ્જ**-સહન કરે | **પરમ્મુહસ્સ**-(મનુષ્યની) પાછળ |
| **વઈમએ**-કઠોર વચન | **પચ્ચક્ખઓ**-પ્રત્યક્ષ |
| **કણ્ણસરે**-કાનમાં પેસતાં એવાં | **પડિણીયં**-દુઃખ ઉત્પન્ન કરનારી |
| **મુહુત્તદુક્ખા**-મુહૂર્ત દુઃખ કરનારા | **ઓહારિણિં**-નિશ્ચય વાળી |
| **સુઉદ્ધરા**-સુખે કાઢી શકાય એવા | **અપ્પિયકારિણિં**-અપ્રીતિને કરવાવાળી |
| **વાયાદુરુત્તાણિ**-કઠોર વચનો | **અલોલુએ**-લાલચુ નહિ એવા |
| **દુરુદ્ધરાણિ**-દુઃખથી કાઢી શકાય એવા | **અક્કુહએ**-જાદુ નહિ કરનારા |
| **વેરાણુબન્ધીણિ**-વૈરને ઉપજાવનારા | **અમાઇ**-નિષ્કપટી |
| **મહબ્ભયાણિ**-મોટા ભયને પેંદા કરનારા | **અપિસુણે**-ચાડી નહિ કરનારા |
| **સમાવયન્તા**-સામા આવતા | **અદિણવિત્તી**-દીનપણું નહિ કરનારા |
| **વયણાભિઘાયા**-વચન રૂપી પ્રહાર | **ભાવિયપ્પા**-પોતાને વખાણનારા |
| **કણ્ણંગયા**-કાને આવ્યા એવા | **અકોઉહલ્લે**-કુતૂહલ વિનાના |

**ભાવાર્થ :** ધન મેળવવાને ઉત્સાહવાળા મનુષ્યો, ધનની આશાએ લોઢાના કાંટાઓને સહન કરે છે પણ તેઓ વચનરૂપી કાંટાઓને સહન કરી શકતા નથી. (આત્મસુખના અભિલાષી) જે સાધુઓ કોઈ પણ જાતની ઇચ્છા રાખ્યા વિના કાનમાં પેસતાં કઠિણ

વચનરૂપી કાંટાઓને સહન કરે છે તે પૂજનીક છે. ૬ આ લોઢાના કાંટાઓ એક મુહૂર્ત માત્ર દુઃખ આપનારા છે. તેમજ તેનો ઉદ્ધાર પણ શરીરમાંથી સુખે કરી શકાય છે પણ આ કઠોર વચનરૂપ દુર્વાક્યોનો મનમાંથી દુઃખે કરી ઉદ્ધાર કરી શકાય છે; તથા તેવાં દુર્વચનોથી વૈરાનુબંધી વેર તથા કુગતિમાં પડવારૂપ મહા ભય ઉત્પન્ન થાય છે. ૭ સન્મુખ આવતા કઠોર વચનરૂપી પ્રહાર, કાનમાં પ્રાપ્ત થવાથી મનમાં દુષ્ટ ભાવને પેદા કરે છે. જે મહા શૂરવીર અને જિતેંદ્રિય સાધુ, આ કઠોર વચનરૂપ પ્રહારને ધર્મ (તે સમભાવે સહન કરવાથી કર્મ નિર્જરા થશે એમ) જાણીને સમભાવે સહન કરે છે તે પૂજનીક છે. ૯ તેમજ જે સાધુ, આહારાદિકમાં લોલુપી ન હોય, ઇંદ્રજાલાદિ ન કરનાર, કુટિલતા રહિત, ચાડી નહિ કરનાર, દીનપણા રહિત, અકુશલ ભાવનાએ પરને વાસિત નહિ કરનાર, (જેમ કે બીજાની પાસે તમારે મારા ગુણ બોલવા વિગેરે) તેમ પોતે બીજાની પાસે પોતાના ગુણનું વર્ણન નહિ કરનાર અને નિરંતર નાટકાદિ કૌતુક જોવાની ઇચ્છા રહિત હોય તે પૂજનીક છે. ૧૦

**ગુણેહિ સાહૂ અગુણેહિ ડસાહૂ, ગેણ્હાહિ સાહુગુણ મુંચડસાહૂ ।**
**વિયાણિયા અપ્પગમપ્પએણં, જો રાગ-દોસેહિ સમો સ પુજ્જો ॥૧૧॥**

**તહેવ ડહરં વ મહલ્લગં વા, ઇત્થિં પુમં પવ્વઇયં ગિહિં વા ।**
**નો હીલએ નો વિ ય ખિંસએજ્જા, થમ્ભં ચ કોહં ચ ચએ સ પુજ્જો ॥૧૨॥**

**જે માણિયા સયયં માણયન્તિ, જત્તેણ કન્નં વ નિવેસયન્તિ ।**
**જે માણએ માણરિહે તવસ્સી, જિઇન્દિએ સચ્ચરએ સ પુજ્જો ॥૧૩॥**

**તેસિં ગુરૂણં ગુણસાયરાણં, સોચ્ચાણ મેહાવી સુભાસિયાઇં ।**
**ચરે મુણી પંચરએ તિગુત્તો, ચઉક્કસાયા વગએ સ પુજ્જો ॥૧૪॥**

**ગુરુમિહ સયયં પડિયરિય મુણી, જિણ-મય-નિઉણે અભિગમ-કુસલે ।**
**ધુણિય રય મલં પુરે-કડં, ભાસુરમઉલં ગઇં ગય ॥૧૫॥ ત્તિ બેમિ ॥**

**ઇતિ વિણયસમાહીએ તઇઓ ઉદ્દેસો સમ્મત્તો ॥ ૩॥**

**અધ્યયન ૯ ઉદ્દેશા ૩ની ગાથા ૧૧ થી ૧૫ સુધીના છુટા શબ્દના અર્થ**

| | | |
|---|---|---|
| ગુણેહિ-ગુણોવડે | (અ)સાહૂ-અસાધુ | મુંચ-છોડી દે |
| અગુણેહિ-દોષોવડે | ગેણ્હાહિ-ગ્રહણકર | વિયાણિયા-વિવિધ પ્રકારે જણાવે |

**અપ્પગં**-આત્માને
**અપ્પએણ**-આત્માવડે
**રાગદોસેહિ**-રાગદ્વેષને વિષે
**સમો**-સમપરિણામવાળો
**પુજ્જો**-પૂજવા યોગ્ય
**તહેવ**-તેમજ **ડહરં**-નાનાને
**મહલ્લગં**-મોટાને
**પવ્વઇયં**-પ્રવ્રજિત, સાધુ
**ગિહિં**-ગૃહસ્થીને
**હીલએ**-એક વાર નિંદે
**ખિંસએજ્જા**-ઘણી વાર નિંદે
**થંભં**-માનને
**કોહં**-ક્રોધને
**ચએ**-ત્યાગ કરે
**માણિયા**-માનીતા
**સયયં**-નિરંતર
**માણયન્તિ**-માન આપે છે.
**જત્તેણ**-યત્નવડે
**કન્નંવ**-કન્યાની પેઠે
**નિવેસયન્તિ**-સ્થાપન કરે છે.
**માણએ**-માન આપે છે.
**માણરિહે**-માન આપવાને યોગ્ય
**તવસ્સી**-તપસ્વી
**જિઇન્દિએ**-જિતેંદ્રિય
**સચ્ચરએ**-સત્યમાં રક્ત
**ગુણસાગરાણં**-ગુણોના સમુદ્ર એવા
**સોચ્ચાણ**-સાંભળીને
**મેહાવી**-બુદ્ધિમાન્
**સુભાસિયાઇં**-સુભાષિતોને
**ચરે**-આદરે, ચાલે
**પંચરએ**-પંચ મહાવ્રતમાં રક્ત
**ચઉક્કસાયાવગએ**-ચાર કષાયથી રહિત
**ગુરું**-ગુરુને
**ઇહ**-અહિંયાં
**પડિયરિય**-સેવીને
**જિણમયનિઉણે**-જિન આગમમાં નિપુણ એવા
**અભિગમકુસલે**-પરોણા (ગ્રામાદિકથી નવા આવેલા સાધુ)ની વૈયાવચ્ચ કરવામાં કુશળ
**ધુણિય**-ખપાવીને
**રયમલં**-કર્મરૂપી રજો, મલ
**પુરેકડં**-પહેલાં કરેલું
**ભાસુરં**-દેદિપ્યમાન
**અઉલં**-ઉત્તમ, અતુલ્ય
**ગઇં**-ગતિને
**ગય**-જાય છે.

**ભાવાર્થ :** પૂર્વે કહી આવ્યા તેવા વિનયાદિ ગુણવાળા સાધુઓ કહેવાય છે અને તે ગુણો વિનાના સાધુઓ કહેવાય નહિ. જો આમ છે તો (હે શિષ્ય !) સાધુના ગુણોને ગ્રહણ કર અને અસાધુના દોષોનો ત્યાગ કર. જે સાધુ આવી રીતે પોતે પોતાના આત્માને જણાવે છે તથા રાગ-દ્વેષના વખતમાં સમપરિણામવાળો રહે છે અર્થાત્ રાગદ્વેષ કરતો નથી તે સાધુ પૂજનીક છે. ૧૧ તેમજ જે સાધુ, નાના સાધુની અગર મોટા સાધુની, સ્ત્રીની અગર પુરુષની, પ્રવ્રજિત હોય અગર ગૃહસ્થ હોય

તેની, હીલના કરે વારંવાર ખીંસના કરે, તથા હીલના અને ખીંસનાના નિમિત્ત ભૂત માન અને ક્રોધનો ત્યાગ કરે તે પૂજનીક છે. ૧૨ જે શિષ્યો, ગુરુને આવતા દેખી ઊભા થઈ જવાદિકે કરી નિરંતર ગુરુનો સત્કાર કરે છે, ગુરુઓ પોતાના શિષ્યોને શ્રુતના ઉપદેશમાં પ્રેરણા પ્રમુખ કરવે કરી માન આપે છે, (આગળ વધારે છે) જેમ માતા પિતાઓ કન્યાને યત્નપૂર્વક મોટી કરી લાયક ભર્તારની સાથે સ્થાપન કરે છે, (મેળવી આપે છે) તેમ જે આચાર્યશ્રી પણ શિષ્યોને વિનયવાન્, ગુણવાન્ અને યોગ્ય બનાવીને આચાર્યપદે સ્થાપન કરે છે, તેવા માનને લાયક પૂજવા લાયક ગુરુને, તપસ્વી જીતેંદ્રિય અને સત્યમાં રક્ત શિષ્યે માન આપવું જોઈએ. તે માન આપનાર શિષ્ય પૂજનીક છે. ૧૩ પાંચ મહાવ્રત અને ત્રણ ગુપ્તિ સહિત, તથા ચાર કષાયરહિત બુદ્ધિવાન્ શિષ્યે, ગુણના સમુદ્રસમાન ગુરુ પાસેથી પૂર્વોક્ત શુભ ઉપદેશ સાંભળીને, તે પ્રમાણે આદરવું જોઈએ. તે શિષ્ય પૂજનીક છે. ૧૪ જિનેશ્વર ભગવાનના કહેલ ધર્મમાં નિપુણ અને ગ્રામાંતરથી આવેલ નવીન સાધુ આદિકની વૈયાવચ્ચ કરવામાં કુશળ સાધુ, ઇહાં નિરંતર આચાર્યાદિકની સેવા કરીને પૂર્વે ઉપાર્જેલ આઠ પ્રકારના કર્મને ખપાવીને જ્ઞાન વડે કરીને તેજોમય ઉપમારહિત એવી ઉત્તમ સિદ્ધિ ગતિમાં પ્રાપ્ત થાય છે. ૧૫ ઇતિ નવમાધ્યયને તૃતીય ઉદ્દેશઃ સંપૂર્ણઃ

## ।। અથ વિણયસમાહિઅજ્ઝયણે ચતુર્થ ઉદ્દેશ પ્રારભ્યતે ।।

**સુયં મે આઉસં તેણં, ભગવયા એવમક્ખાયં । ઇહ ખલુ થેરેહિં ભગવન્તેહિં ચત્તારિ વિણયસમાહિટ્ઠાણા પન્નત્તા ।। કયરે ખલુ તે થેરેહિં ભગવન્તેહિં ચત્તારિ વિયસમાહિટ્ઠાણા પન્નત્તા ? ઇમે ખલુ તે થેરેહિં ભગવન્તેહિં ચત્તારિ વિણયસમાહિ-ઠાણા પન્નત્તા, તં જહા ।। વિણયસમાહી સુયસમાહી તવસમાહી આયારસમાહી ।।૧।। વિણએ સુએ અતવે આયારે નિચ્ચં પણ્ડિયા । અભિરામયન્તિ અપ્પાણં, જે ભવન્તિ જિઇન્દિયા ।।૨।। ચઉવ્વિહા ખલુ વિણયસમાહી ભવઇ, તં જહા । અણુસાસિજ્જન્તો સુસ્સૂસઇ, સમ્મં-સમ્પડિવજ્જઇ વેયમારાહઇ, ન ય ભવઇ અત્તસમ્પગ્ગહિએ, ચઉત્થં પયં ભવઇ, ભવઇ ય એત્થ સિલોગો ।।૩।। પેહે હિયાણુસાસણં, સુસ્સૂસઈ તં ચ પુણો અહિટ્ઠિએ । નય માણ-મએણ મજ્જઇ, વિણયસમાહી આયયટ્ઠિએ ।।૪।। ચઉવ્વિહા ખલુ સુયસમાહી ભવઇ, તં જહા । સુયં મે ભવિસ્સઇ ત્તિ અજ્ઝાઇયવ્વં ભવઇ, એગગ્ગ ચિત્તો ભવિસ્સામિ ત્તિ**

અજ્ઝાઇયવ્વં ભવઇ, અપ્પાણં ઠાવઇસ્સામિ ત્તિ અજ્ઝાઇયવ્વં ભવઇ, ઠિઓ પરં ઠાવઇસ્સામિતિ અજ્ઝાઇયવ્વં ભવઇ, ચઉત્થં પયં ભવઇ, ભવઇ ય એત્થ સિલોગો ॥૫॥ નાણમેગગ્ગચિત્તો ય, ઠિઓ ઠાવઈ પરં, સુયાણિ ય અહિજ્જિત્તા, રઓ સુયસમાહિએ ॥૬॥ ચઉવ્વિહા ખલુ તવસમાહી ભવઇ, તં જહા નો ઇહલોગટ્ઠયાએ તવમહિટ્ઠિજ્જા, નો પરલોગટ્ઠિયાએ તવમહિટ્ઠિજ્જા, નો કિત્તિવણ્ણ-સદ્દ સિલોગટ્ઠયાએ તવમહિટ્ઠિજ્જા, નન્નત્થ નિજ્જરટ્ઠયાએ તવમહિટ્ઠિજ્જા ચઉત્થં પયં ભવઇ, ભવઇ ય એત્થ સિલોગો ॥૭॥ વિવિહગુણ-તવો-રએ ય નિચ્ચં, ભવઇ નિરાસએ નિજ્જરટ્ઠિએ । તવસા ધુણઇ પુરાણ-પાવગં, જુત્તો સયા તવ-સમાહિએ ॥૮॥ ચઉવ્વિહા ખલુ આયારસમાહી ભવઇ, તં જહા । નો ઇહલોગટ્ઠિયાએ આયારમહિટ્ઠેજ્જા, નો પરલોગટ્ઠયાએ આયારમહિટ્ઠિજ્જા, નો કિત્તિ-વણ્ણ સદ્દ-સિલોગટ્ઠયાએ આયારમહિટ્ઠિજ્જા, નન્નત્થ આરહન્તેહિં હેઊહિં આયારમહિટ્ઠિજ્જા, ચઉત્થં પયં ભવઇ, ભવઇ ય એત્થ સિલોગો ॥૯॥ જિણ-વયણ રએ અતિન્તણે, પડિપુણ્ણાયયમાયયટ્ઠિએ । આયારસમાહિ-સંવુડે, ભવઇ ય દન્તે ભાવ-સન્ધએ ॥૧૦॥

## અધ્યયન ૯ ના ઉદ્દેશા ૪ ના આંક ૧ થી ૧૦ સુધીના છુટા શબ્દના અર્થ

| | |
|---|---|
| સુયં-સાંભળ્યું | અભિરામયન્તિ-જોડે છે, રમાડે છે. |
| આઉસં-હે આયુષ્મન્ | ચઉવ્વિહા-ચાર પ્રકારની |
| તેણં ભગવયા-તે ભગવંતે | અણુસાસિજ્જન્તો-અનુશાસન કરાતો, કાર્યમાં પ્રેરાતો. |
| એવમક્ખાયં-એમ કહ્યું છે. | સમ્મં-સમ્યક્ પ્રકારે |
| થેરેહિં-સ્થવિરોએ | સમ્પડિવજ્જઇ-બરાબર સમજે |
| વિણયસમાહિટ્ઠાણા-વિનય સમાધિનાં સ્થાનકો | વેયમારાઇયઇ-શ્રુત જ્ઞાનને આરાધે |
| પન્નત્તા-પ્રરૂપ્યાં | અત્તસમ્પગ્ગહિએ-આત્મ પ્રશંસા કરનાર |
| કયરે-કયાં | એત્થ-અહિંયાં |
| ઇમે-આ | સિલોગો-શ્લોક |
| વિણયસમાહી-વિનય સમાધિ | પેહે-પ્રાર્થના કરે |
| સુયસમાહી-શ્રુત સમાધિ | હિયાણુસાસણં-હિતકારી શિક્ષા |
| તવસમાહી-તપ સમાધિ | સુસ્સૂસઇ-સાંભળીને જાણે |
| આયારસમાહી-આચાર સમાધિ | |

| | |
|---|---|
| **અહિટ્ઠિએ**-આચારણ કરે | **નિરાસએ**-આશા રહિત |
| **મજ્જઇ**-મદ કરે | **નિજ્જરટ્ઠિએ**-નિર્જરાને માટે |
| **આયયટ્ઠિએ**-મોક્ષના અર્થી સાધુ | **ધુણઇ**-દૂર કરે છે |
| **અજ્ઝાઇયવ્વં**-ભણવા યોગ્ય | **પુરાણપાવગં**-પૂર્વના કરેલાં પાપ |
| **એગગ્ગચિત્તો**-એકાગ્ર ચિત્તવાળો | **નન્નત્થ આરહંતેહિંહેઊહિં**-અરિહંત પ્રણીત સિદ્ધાંતમાં કહેલ હેતુ વિના |
| **ઠાવઇસ્સામિ**-સ્થાપીશ | **જિણવયણરએ**-જિન વચનમાં રક્ત |
| **ઠિઓ**-સ્થિત | **અતિંતણે**-કટુ વચન કહ્યાં છતાં તેજ વચનને ન કહેનાર |
| **પરં**-બીજાને | **પડિપુન્ન**-સૂત્રાદિથી પરિપૂર્ણ |
| **અહિજ્જિત્તા**-ભણીને | **આયયં**-અતિશય |
| **ઇહલોગટ્ઠયાએ**-આ લોકને માટે | **દંતે**-ઇંદ્રિયોને દમન કરનાર |
| **પરલોગટ્ઠયાએ**-પરલોકને માટે | **આયારસમાહિ સંવુડે**-આચારમાં સમાધિ રાખવા વડે આશ્રવને રોકનાર |
| **અહિટ્ઠેજ્ઝા**-કરે | **ભાવસંધએ**-આત્માને મોક્ષની પાસે લઈ જનાર |
| **કિત્તિવન્નસદ્દસિલોગટ્ઠયાએ**-કીર્તિ, વર્ણ, શબ્દ, શ્લોક (પ્રશંસા)ને માટે | |
| **વિવિહગુણતવોરએ**-અનેક પ્રકારના ગુણવાળી તપસ્યામાં આસક્ત | |

## (અથ ચતુર્થ ઉદ્દેશઃ)

**ભાવાર્થ :** આ ઉદ્દેશામાં વિશેષે કરી વિનય બતાવે છે. શ્રી સુધર્માસ્વામી પોતાના જંબુ નામના શિષ્યને કહે છે કે, હે આયુષ્મન્ ! મેં તે ભગવાન પાસેથી સાંભળ્યું છે. તે ભગવાને આ પ્રમાણે કહ્યું છે. સ્થવિર ભગવાને વિનય સમાધિનાં ચાર સ્થાનક કહ્યાં છે. (શિષ્ય પ્રશ્ન) હે ભગવન્ ! સ્થવિર ભગવાને કયાં વિનયનાં ચાર સ્થાનક કહ્યાં છે ? (ગુરુ ઉત્તર) આ હું બતાવું છું તે ચાર સ્થાનક સ્થવિર ભગવાને કહ્યાં છે. (તેજ બતાવે છે) વિનય સમાધિ, શ્રુતસમાધિ, તપસમાધિ, આચારસમાધિ, આત્માના હિતવાળા સુખમાં રહેવાપણું તે સમાધિ. વિનય વડે કરીને સમાધિ તે વિનય સમાધિ. એમ ચારેમાં યથાયોગ્ય જોડવું. ૧. જે સાધુઓ વિનયમાં, શ્રુતમાં, તપસ્યામાં અને આચારમાં પોતાના આત્માને નિરંતર જોડે છે તથા જે જિતેંદ્રિય છે તે જ ખરેખર પંડિત છે. ૨. વિનય સમાધિ બતાવે છે. વિનય સમાધિ ચાર પ્રકારે છે, તે બતાવે છે. ગુરુએ તે તે કાર્યમાં પ્રેરણા કર્યે છતે, તેના અર્થી થઈને, તે સાંભળવા ઇચ્છે (૧) તે કાર્ય સમ્યક્ પ્રકારે અંગીકાર કરે. (૨) યથોક્ત પ્રકારે શ્રુતજ્ઞાનનું

આરાધન કરે (૩) અને હું વિનયવાન્ છું એમ પોતાની પ્રશંસા ન કરે. (૪) આજ અર્થને જણાવનાર શ્લોક કહે છે. ૩. આત્મહિતાર્થી સાધુ હિત શિક્ષાને ઇચ્છે, આચાર્યાદિક પાસેથી હિતશિક્ષાના ઉપદેશને બરોબર જાણે, જાણીને તે પ્રમાણે બરોબર કરે, પણ વિનય સમાધિમાં માન મદે કરી ગર્વિત ન થાય. ૪. (શ્રુત સમાધિ કહે છે.) શ્રુત સમાધિ ચાર પ્રકારે છે તે બતાવે છે. મને શ્રુતજ્ઞાન (દ્વાદશાંગી)ની પ્રાપ્તિ થશે તેને માટે ભણવું જોઈએ પણ માનને માટે ભણવું નહિ. (૧) ભણવાથી હું એકાગ્ર ચિત્તવાળો થઈશ, આ હેતુ માટે ભણવું. (૨) ભણવાથી ધર્મ તત્ત્વને જાણીને મારા આત્માને હું શુદ્ધ ધર્મમાં સ્થાપન કરીશ. (૩) હું શુદ્ધ ધર્મમાં રહીને બીજાઓને શુદ્ધ ધર્મમાં સ્થાપન કરીશ. (૪) આ હેતુ માટે ભણવું જોઈએ. આજ અર્થને જણાવનાર શ્લોક કહે છે. ૫. ભણવામાં નિરંતર તત્પર રહેવાથી જ્ઞાન થાય છે, ચિત્તની એકાગ્રતા થાય છે, પોતે ધર્મમાં સ્થિર થાય છે અને બીજાને સ્થિર કરે છે; તથા નાના પ્રકારનાં સિદ્ધાંતો ભણીને શ્રુત સમાધિમાં રક્ત થાય છે. ૬. તપ સમાધિ બતાવે છે. નિશ્ચયે કરી આ તપ સમાધિ ચાર પ્રકારની છે. આ લોકમાં લબ્ધિ આદિની ઇચ્છાથી તપસ્યા ન કરવી. (૧) પરલોકમાં ભોગાદિની પ્રાપ્તિને માટે તપસ્યા ન કરવી. (૨) કીર્તિ, વર્ણ, શબ્દ અને સાધુતાને (પ્રશંસા કરાવવાને) માટે તપસ્યા ન કરવી. (૩) પણ એક નિર્જરાને માટે તપસ્યા કરવી. (૪) આજ અર્થને જણાવનાર એક શ્લોક છે તે બતાવે છે. ૭ જે સાધુ વિવિધ પ્રકારના ગુણવાળી તપસ્યામાં નિરંતર આસક્ત રહે છે, ઇહ લોકાદિકની આશારહિત હોય છે અને નિર્જરાને અર્થે તપ કરે છે, તે તપસ્યાએ કરી પૂર્વનાં કરેલાં કર્મોનો નાશ કરે છે અને તપ સમાધિમાં જોડાએલ સાધુ નવાં પાપ બાંધતો નથી. ૮. આચાર સમાધિ કહે છે. મૂળ ઉત્તર ગુણરૂપ આચાર સમાધિ ચાર પ્રકારની છે તે બતાવે છે. આ લોકના સુખને અર્થે આચાર (ક્રિયા) ન પાળવો. (૧) પરલોકના વિષયિક સુખને અર્થે આચાર ન પાળવો. (૨) તેમજ કીર્તિ, વર્ણ, શબ્દ, તથા શ્લાઘાને અર્થે આચાર ન પાળવો. (૩) પણ અરિહંત ભગવાને સિદ્ધાંતમાં કહેલ હેતુને માટે (મોક્ષને માટે) આચાર પાળવો. (૪) આજ અર્થને કહેવાવાળો શ્લોક કહે છે. ૯. આચાર (ક્રિયા)માં સમાધિ રાખવા વડે કરીને, આશ્રવદ્વારને રોકનાર સાધુ, જિન વચનમાં રક્ત, અતિંતન, (અક્લેશી) સૂત્રાદિથી પરિપૂર્ણ, મોક્ષાર્થી અને ઇંદ્રિયને દમવાવાળો થઈ, મોક્ષને નજીક મેળવવાવાળો થાય છે. ૧૦.

**અભિગમ ચઉરો સમાહિઓ, સુવિસુદ્ધો સુસમાહિયપ્પઓ ।**
**વિઉલહિય-સુહાવહં પુણો, કુવ્વઇ સો પય-ખેમમપ્પણો ॥૧૧॥**
**જાઇ-મરણાઓ મુચ્ચઈ, ઇત્થત્થં ચ ચયઇ સવ્વસો ।**
**સિદ્ધે વા ભવઇ સાસએ, દેવે વા અપ્પ-રએ મહિડ્ઢિએ ॥૧૨॥ ત્તિ બેમિ ॥**
**ચઉત્થો ઉદ્દેસો સમ્મત્તો ॥૪॥**

**અધ્યયન ૯ના ઉદ્દેશા ૪ના આંક ૧૧ થી ૧૨ સુધીના છુટા શબ્દના અર્થ**

| | |
|---|---|
| **અભિગમ**-જાણીને | **ઇત્થથં**-નારકી તિર્યંચની સંજ્ઞા આવે એવાં સંસ્થાન |
| **સમાહિઓ**-સમાધિવાળો | **ચએઇ**-ત્યાગ કરે છે. |
| **સુવિસુદ્ધો**-સારી વિશુદ્ધિવાળો | **સવ્વસો**-સર્વ પ્રકારે |
| **સુસમાહિઅપ્પઓ**-સારી રીતે સમાધિવાન્ આત્મા, સત્તર પ્રકારના સંયમમાં સ્થિર એવા | **સિદ્ધે**-સિદ્ધ |
| **વિઉલહિઅં**-મહાન્ હિતકારી | **સાસએ**-શાશ્વત |
| **સુહાવહં**-સુખદાયી | **દેવો**-દેવતા |
| **કુવ્વઇ**-કરે છે **ખેમં**-કલ્યાણને | **અપ્પરએ**-અલ્પકામ વિકારવાળા, અલ્પ કર્મવાળા |
| **જાઇ મરણાઓ**-જન્મ મરણથી | **મહિડ્ઢિએ**-મોટી ઋદ્ધિવાળા |
| **મુચ્ચઇ**-મુકાય છે. | |

**ભાવાર્થ :** મન, વચન, કાયાએ વિશુદ્ધ અને સત્તર પ્રકારના સંયમમાં સુસમાહિત સાધુ, ઉપર બતાવેલ ચાર પ્રકારની સમાધિને જાણીને વિસ્તારવાળું તેમજ આગળ હિતકારી અને સુખકારી પોતાના પદને નિરૂપદ્રવિત (ઉપદ્રવ વિનાનું-સરળ-સુગમ) કરે છે. ૧૧. આ ઉપરની ગાથાને જ સ્પષ્ટ કરે છે. આ સમાધિવાળો સાધુ જન્મ મરણથી મુક્ત થાય છે અને આ નરક, તિર્યંચ આદિના વર્ણ, દેહ, આકૃતિનો ફરી નહિ ગ્રહણ કરવા રૂપે સર્વથા ત્યાગ કરે છે અને સંસારમાં ફરી નહિ આવવા રૂપ શાશ્વત સિદ્ધ થાય છે; કદાચ શેષ કર્મ બાકી હોય, તો જ્યાં અલ્પ-થોડા કામ વિકાર છે તેવા મહર્દ્ધિક દેવોમાં ઉત્પન્ન થાય છે. ૧૨. ઇતિ ચતુર્થ ઉદ્દેશઃ । વિનય સમાધ્યધ્યયનં સંપૂર્ણમ્.

## ॥ અથ દશમં સભિક્ષ્વધ્યયનં પ્રારભ્યતે ॥

**નિક્ખમ્મ-માણાઇ યબુદ્ધ-વયણે, નિચ્ચં ચિત્ત-સમાહિઓ હવિજ્જા।**
**ઇત્થીણ વસં ન યાવિ ગચ્છે, વન્તં નો પડિયાયઈ જે સ ભિક્ખૂ ॥૧॥**

**પુઢવિં ન ખણે ન ખણાવએ, સીઓદગં ન પિએ ન પિયાવએ ।**
**અગિણ સત્થં જહા સુ-નિસિયં, તં ન જલે ન જલાવએ જે સ ભિક્ખૂ ॥૨॥**

**અનિલેણ ન વીએ ન વીયાવએ, હરિયાણિ ન છિન્દે ન છિન્દાવએ, ।**
**બીયાણિ સયા વિવજ્જયન્તો, સચ્ચિત્તં નાહારએ જે સ ભિક્ખૂ ॥૩॥**

**વહણં તસથાવરાણ હોઇ, પુઢવિ-તણ- કટ્ઠ-નિસ્સિયાણં ।**
**તમ્હા ઉદ્દેસિયં ન ભુંજે, નો વિ પએ ન પયાવએ જે સ ભિક્ખૂ ॥૪॥**

**રોઇય-નાયપુત્ત-વયણે, અત્ત-સમે મન્નેજ્જ છપ્પિ કાએ ।**
**પઞ્ચ ય ફાસે મહવ્વયાઇં, પઞ્ચાસવ-સંવરએ જે સ ભિક્ખૂ ॥૫॥**

### અધ્યયન ૧૦ની ગાથા ૧ થી ૫ સુધીના છુટા શબ્દના અર્થ

**નિક્ખમં**-(ગૃહવાસથી) નીકળીને
**આણાઇ**-(તીર્થંકર આદિના) ઉપદેશ વડે કરીને
**બુધ્ધવયણે**-તીર્થંકરના વચનને વિષે
**ચિત્તસમાહિઓ**-ચિત્તની સમાધિવાળા
**હવિજ્જા**-થાય
**ઇથ્થીણ**-સ્ત્રીઓની
**વસં**-પરતંત્રતાને
**ગચ્છે**-આવે
**વંતં**-ત્યાગ કરેલા
**પડિઆયઇ**-પાન કરે, સેવે
**પુઢવિં**-ભૂમિને, જમીનને
**ખણે**-ખોદે
**ખણાવએ**-ખોદાવે
**સીઓદગં**-કાચા પાણીને
**અગણિ**-અગ્નિને
**સથ્થંજહા**-ખડ્ગની માફક
**સુનિસિઅં**-ઘણી તિક્ષણ ધારવાળું
**અનિલેણ**-પવન ઉત્પન્ન થાય એવા
**વીએ**-વીંજે
**વીયાવએ**-વીંજાવે
**હરિયાણિ**-વનસ્પતિકાયને
**બીયાણિ**-શાલિ પ્રમુખ બીજો
**વિવજ્જયંતો**-વર્જતો છતો
**સચ્ચિત્તં**-સચિત્ત વસ્તુને
**નાહારએ**-આહાર ન કરે
**વહણં**-હિંસા, વધ
**તસથાવરાણં**-ત્રસ સ્થાવર જીવોને
**તણકટ્ઠ**-ઘાસ અને લાકડાંના
**નિસ્સિઆણં**-આશ્રય કરી રહેલા
**ઉદ્દેસિઅં**-સાધુને અર્થે (બતાવેલા ઉદ્દેશિકાદિ આહારને

| | |
|---|---|
| **પએ**-રાંધે **પયાવએ**-રંધાવે | **છપ્પિકાએ**-છકાયને પણ |
| **રોઇઅ**-રુચિ ધારણ કરીને | **મહવ્વયાઈં**-મહાવ્રતોને |
| **નાયપુત્તવયણે**-શ્રી મહાવીર સ્વામીના વચનને વિષે | **ફાસે**-સેવે |
| **અત્તસમે**-પોતાના સરખા | **પંચાસવસંવરએ**-પાંચ આશ્રવને રોકનારા |
| **મન્નિજ્જ**-માને | |

## અથ દશમં સભિક્ષ્વધ્યયનમ્

**ભાવાર્થ :** (નવમા અધ્યયનમાં એમ જણાવવામાં આવ્યું કે આચારમાં રહેલ સાધુ વિનયવાન્ હોય છે.) પૂર્વે કહેવામાં આવેલ નવ અધ્યયનના આચારમાં (ક્રિયામાં) રહેવાવાળાને સાધુપણું હોય છે એમ આ દશમા અધ્યયનમાં કહેવામાં આવશે. તીર્થંકર ગણધરના ઉપદેશ વડે કરી જે ગૃહસ્થાશ્રમથી નીકળીને તીર્થંકર ગણધરના વચનને વિષે નિરંતર સમાહિત ચિત્તવાળા થાય છે અને સ્ત્રીઓના વશમાં જેઓ આવતા નથી, તેમજ વમેલા વિષયોને ફરી પીતા નથી, તેઓ સાધુ કહેવાય છે. ૧. સચિત્ત પૃથ્વીને પોતે ખોદે નહિ, બીજા પાસે ખોદાવે નહિ; કાચુ પાણી પોતે પીએ નહિ બીજાને પીવરાવે નહિ; તિક્ષણ ખડ્ગની માફક નુકસાન કરવાવાળી અગ્નિ પોતે સળગાવે નહિ બીજાની પાસે સળગાવરાવે નહિ, તેને મુનિ કહીએ. ૨. વસ્ત્ર કે પંખાદિકે કરી વાયરાને વીંજે નહિ બીજા પાસે વિંજાવે નહિ. વનસ્પતિને પોતે છેદે નહિ, બીજા પાસે છેદાવે નહિ. શાલિ (ડાંગર) પ્રમુખનાં બીજોનો સંઘટ્ટ સદા ત્યાગ કરે અને સચિત્ત આહારનું ભક્ષણ ન કરે, તેને સાધુ કહીએ. ૩. (ઉદ્દેશિક આહાર ન લેવાથી ત્રસ સ્થાવર જીવની રક્ષા થાય છે) પૃથ્વી, તૃણ અને કાષ્ઠાદિકની નિશ્રાએ રહેલા ત્રસ અને સ્થાવર જીવોનો વધ થાય છે, આજ કારણથી સાધુને અર્થે બનાવેલા ઉદ્દેશિકાદિ આહારને જે સાધુઓ ખાતા નથી, તેમજ પોતે આહાર પકાવતા નથી અને બીજા પાસે પકાવરાવતા પણ નથી, તે સાધુ કહેવાય છે. ૪. જ્ઞાતપુત્ર શ્રીમાન્ વર્ધમાન સ્વામીના વચનો ઉપર રુચિ ધારણ કરીને (શ્રદ્ધા રાખીને) જેઓ છ જીવનિકાયને પોતાના આત્મા તુલ્ય માને છે, તથા પાંચ મહાવ્રતોને જેઓ સેવે છે (પાળે છે) અને પાંચ આશ્રવોને જેઓ સંવરે છે (રોકે છે) તે સાધુ કહેવાય છે (૫)

ચત્તારિ વમે સયા કસાએ, ધુવ-જોગી હવિજ્જ બુદ્ધ-વયણે ।
અહણે નિજ્જાય- રૂવરયણે, ગિહિ-જોગં પરિવજ્જએ જે સ ભિક્ખૂ ॥૬॥
સમ્મદિટ્ઠી સયા અમૂઢે, અત્થિ હુ નાણે તવે સંજમે ય ।
તવસા ધૂણઇ પુરાણ-પાવગં, મણ-વય-કાય-સુસંવુડે જે સ ભિક્ખૂ ॥૭॥
તહેવ અસણં પાણગં વા । વિવિહં ખાઇમસાઇમં લભિત્તા ।
હોહી અટ્ઠો સુએ પરે વા, તં ન નિહે ન નિહાવએ જે સ ભિક્ખૂ ॥૮॥
તહેવ અસણં પાણગં વા, વિવિહં ખાઇમ સાઇમં લભિત્તા ।
છન્દિય સાહમ્મિઆણ ભુંજે, ભોચ્ચા સજ્ઝાય-રએ ય જે સ ભિક્ખૂ ॥૯॥
ન ય વુગ્ગહિયં કહં કહેજ્જા, ન ય કુપ્પે નિહુઇન્દિએ પસન્તે ।
સંજમે-ધુવં-જોગેણ-જુત્તે, ઉવસન્તે અવિહેડએ જે સ ભિક્ખૂ ॥૧૦॥

## અધ્યયન ૧૦ની ગાથા ૬ થી ૧૦ સુધીના છુટા શબ્દના અર્થ

કસાએ-કષાય
ધુવજોગી-સ્થિર યોગવાલા
અહણે-પશુથી રહિત
નિજ્ઝાયરુવરયણે-સોનુ રૂપુ વગેરેનો ત્યાગ કરનાર
ગિહિજોગં-ગૃહસ્થ સાથે સંબંધ
પરિવજ્જએ-સર્વ પ્રકારે છોડે
સમ્મિદિટ્ઠી-સમ્યક્ દૃષ્ટિવાલા
અમૂઢે-ચિત્તમાં વિક્ષેપ ન રાખનાર (જ્ઞાની, સમજુ)
ધુણઇ-નાશ કરે
સુસંવુડે-સારી રીતે આશ્રવને રોકનાર
હોહી-થશે
અઠ્ઠો-અર્થે, કામને માટે
સુએ-કાલે
પરે-પરમ દિવસ
નિહે-રાખે
નિહાવએ-રખાવે
છન્દિય-બોલાવીને
સાહમ્મિઆણ-સાધર્મિકોને
ભુંજે-ભોજન કરે
ભોચ્ચા-ભોજન કરીને
સજ્ઝાયરએ-સ્વાધ્યાયમાં રક્ત
વુગ્ગહિયં-કલેશવાળી
કહં-કથાને
કહેજ્જા-કહે
કુપ્પે-કોપ કરે
નિહુઇન્દિએ-ઇંદ્રિયોને શાંત રાખવાવાળા
પસન્તે-પ્રશાંત, રાગદ્વેષરહિત
સંજમેધુવ જોગેણ જુત્તે-સંયમમાં સ્થિર યોગે કરી યુક્ત
ઉવસન્તે-ઉપશાંત
અવિહેડએ-ઉચિત કાર્યનો અનાદર ન કરનાર

**ભાવાર્થ :** જે ચાર કષાયનો સદા ત્યાગ કરે છે, આગમના વચનોએ કરી મન, વચન, કાયાના યોગોને સ્થિર રાખે છે, પશુઓ તેમજ સોના રૂપાનો ત્યાગ કરે છે અને જેઓ ગૃહસ્થીઓ સાથે પરિચય સંબંધ કરતા (રાખતા) નથી, તે સાધુ કહેવાય છે. ૬. જે સમ્યક્ દૃષ્ટિ અને સદા ચિત્તમાં વિક્ષેપ વિનાનો સાધુ પોતે એમ માને છે કે, હેય ઉપાદેય, વસ્તુ વિષયિક તે જ્ઞાન છે, તથા કર્મ મલને ધોવાને માટે જળ સમાન તપસ્યા છે, તેમજ આવતાં કર્મને રોકવા માટે સંયમ છે, આવા દૃઢ ભાવરૂપ તપસ્યાએ કરી પૂર્વના પાપનો નાશ કરે છે, અને મન, વચન, કાયાએ કરી આવતા પાપને રોકે છે. ૭. તેમજ નાના પ્રકારનાં અશન પાન ખાદિમ સ્વાદિમને પામીને આ મને કાલે અગર પરમ દિવસે કામ આવશે આવું ધારીને, જે મુનિઓ તે આહારાદિક રાત્રે વાસી રાખે નહિ, બીજા પાસે રખાવે નહિ, આ પ્રમાણે જેઓ સર્વથા સંનિધિનો (રાત્રીએ વાસી રાખવાનો) ત્યાગ કરે છે, તે સાધુ કહેવાય છે. ૮. તેમજ નાના પ્રકારનાં અશન, પાન, ખાદિમ સ્વાદિમને પામીને જેઓ પોતાના સ્વધર્મી સાધુઓને બોલાવી નિમંત્રણા કરે છે, કરીને આહાર કરે છે અને આહાર કર્યા બાદ સજ્ઝાય ધ્યાનાદિમાં તત્પર રહે છે, તે મુનિ કહેવાય છે. ૯. જે ક્લેશ વાળી કથાને કહેતા નથી, વળી સારી કથામાં પણ કોપ કરતા નથી, પણ ઇંદ્રિયોને શાંત રાખે છે તથા રાગાદિ રહિતપણે વિશેષ પ્રકારે શાંત રહે છે, તેમજ સંયમને વિષે નિરંતર મન, વચન, કાયાના યોગોને ધારી રાખે છે, તથા કાયાની ચપળતા રહિત અને ઉચિત કાર્યમાં અનાદર નહિ કરનાર હોય, તેઓ મુનિ કહેવાય છે. ૧૦.

**જો સહઇ હુ ગામ-કણ્ટએ, અક્કોસ-પહાર-તજ્જણાઓ ય ।**
**ભય-ભેરવ-સદ્દ સપ્પ હાસે, સમ-સુહ-દુક્ખ-સહે ય જે સ ભિક્ખૂ ॥૧૧॥**

**પડિમં પડિવજ્જિયા મસાણે, નો ભીયએ ભય-ભેરવાઇં દિસ્સ ।**
**વિવિહ-ગુણ-તવો-રએ ય નિચ્ચં, ન સરીરં ચાભિકઙ્ખઈ જે સ ભિક્ખૂ ॥૧૨॥**

**અસઇં વોસટ્ઠ-ચત્ત-દેહે, અક્કુટ્ઠે વ હએ વ લૂસિએ વા ।**
**પુઢવિ-સમે મુણી હવિજ્જા, અનિયાણે અકોઉહલ્લે જે સ ભિક્ખૂ ॥૧૩॥**

**અભિભૂય કાએણ પરીસહાઇં, સમુદ્ધરે જાઇ-પહાઓ અપ્પયં ।**
**વિઇત્તુ જાઈ-મરણં મહબ્ભયં, તવે રએ સામણિએ જે સ ભિક્ખૂ ॥૧૪॥**

**હત્થ-સંજએ પાય-સંજએ, વાય-સંજએ સંજઇન્દિએ ।**
**અજ્ઝપ્પ-રએ સુસમાહિયપ્પા, સુત્તત્થં ચ વિયાણઈ જે સ ભિક્ખૂ ॥૧૫॥**

**અધ્યયન ૧૦ની ગાથા ૧૧ થી ૧૫ સુધીના છુટા શબ્દના અર્થ**

**ગામકણ્ટએ**-ઇંદ્રિયોને દુઃખનાં કારણ
**તજ્જણાઓ**-તર્જના, મત્સરનાં વચન
**ભેરવસદ્દ**-વૈતાલાદિકના શબ્દ
**સપ્પહાસે**-અટ્ટહાસ્યવાળું
**સમસુહદુક્ખસહે**-સમતાથી સુખ દુઃખને સહન કરે
**પડિમં**-પ્રતિમાને
**પડિવજ્જિયા**-અંગીકાર કરીને
**મસાણે**-સ્મશાને **ભાયએ**-ભય પામે
**ભયભેરવાઈ**-અત્યંત ભય કરવાવાળા વૈતાલાદિકનાં રૂપ
**દિઅસ્સ**-જોઈને
**અભિકંખએ**-ઇચ્છા રાખે
**અસઈ**-સર્વ કાળને વિષે
**વોસટ્ઠચત્તદેહે**-રાગદ્વેષ રહિત અને આભૂષણ રહિત દેહવાળા
**અક્કુટ્ઠે**-તુચ્છકારના વચનથી હણાએલા
**હએ**-દંડાદિકથી હણેલા
**લૂસિએ**-ખડ્ગાદિકથી કપાએલા
**પુઢવિસમે**-પૃથ્વી સરખા સમતાવાલા
**અનિયાણે**-નિયાણુંનહિકરનારા
**અકોઉહલ્લે**-કુતૂહલ રહિત
**અભિભૂય**-જીતીને
**સમુધ્ધરે**-ઉદ્ધાર કરે
**જાઇપહાઓ**-સંસાર મારગથી
**વિઇત્તુ**-જાણીને
**સામણિએ**-સાધુને યોગ્ય
**હત્થસંજએ**-હાથ વશ રાખનાર
**પાયસંજએ**-પગને વશ રાખનાર
**વાયસંજએ**-વાણીને વશ રાખનાર
**સંજઇન્દિએ**-ઇંદ્રિયોને વશ રાખનાર
**અજ્ઝપ્પરએ**-શુભ ધ્યાનને ચિંતવનાર
**સુસમાહિયપ્પા**-ગુણને વિષે દૃઢ છે આત્મા જેનો એવા
**સુત્તત્થં**-સૂત્ર અને અર્થને

**ભાવાર્થ :** જે મુનિઓ, ઇંદ્રિયોને દુઃખનું કારણ હોવાથી કાંટા સમાન આક્રોશ, પ્રહાર અને તર્જનાદિ સહન કરે છે, તથા અત્યંત રૌદ્ર, ભયાનક, અટ્ટ હાસ્યાદિકના શબ્દોને, દેવાદિકના ઉપસર્ગ પ્રસંગે સમતાથી સહન કરે છે, તે સાધુ કહેવાય છે. ૧૧. જે સાધુ સ્મશાનને વિષે પ્રતિમા અંગીકાર કરીને રૌદ્ર ભયના હેતુ ભૂત વૈતાળ આદિના શબ્દ અને રૂપાદિ દેખીને ભય પામતો નથી તથા વિવિધ પ્રકારના મૂળ ગુણ અને અનશનાદિક તપસ્યામાં આસક્ત થઈને શરીર ઉપર પણ મમતા રાખતો નથી, તે સાધુ કહેવાય છે. ૧૨. જે સાધુએ દ્રવ્ય ભાવ પ્રતિબંધે કરી નિરંતર દેહને વોસરાવ્યો છે, તથા કોઈ વચને આક્રોશ કરે, દંડાદિકથી હણે અને ખડ્ગાદિકથી

કાપે, તો પણ પૃથ્વીની માફક સર્વ સહન કરવાવાળો થાય, તથા સંયમના ભાવી ફળ માટે નિયાણું તથા કુતુહલ રહિત હોય, તે સાધુ કહેવાય છે. ૧૩. જે સાધુ કાયાએ કરી પરિષહનો પરાજય કરી સંસાર માર્ગથી પોતાના આત્માનો ઉદ્ધાર કરે છે અને સંસારના મૂળ કારણરૂપ જન્મ મરણ રૂપ મહાભયને જાણીને સાધુપણાને લાયક તપસ્યાદિકમાં પ્રયત્ન કરે છે, તે સાધુ કહેવાય છે. ૧૪. જે સાધુ હાથ, પગ, વચન અને ઇંદ્રિયોને પોતાના વશમાં રાખે છે તથા પ્રશસ્ત ધ્યાનમાં આસક્ત રહે છે, આત્માને ધ્યાન પ્રાપ્ત કરનાર ગુણોમાં સ્થિરતા કરે છે અને સૂત્ર અર્થને યથાર્થપણે જાણે છે તે સાધુ કહેવાય છે. ૧૫.

**ઉવહિમ્મિ અમુચ્છિએ અગિદ્ધે, અન્નાય-ઉંછં પુલ-નિપ્પુલાએ ।**
**કય-વિક્કય- સન્નિહિઓ વિરએ, સવ્વ-સઙ્ગાવગએ ય જે સ ભિક્ખૂ ॥૧૬॥**

**અલોલ ભિક્ખૂ ન રસેસુ ગિદ્ધે, ઉંછં ચરે જીવિય-નાભિકઙ્ખે ।**
**ઇડ્ઢિં ચ સક્કારણ પૂયણં ચ, ચએ ઠિયપ્પા અણિહે જે સ ભિક્ખૂ ॥૧૭॥**

**ન પરં વએજ્જાસિ "અયં કુસીલે," જેણન્ન કુપ્પેજ્જ ન તં વએજ્જા ।**
**જાણિય પત્તેયં પુણ્ણ-પાવં, અત્તાણં ન સમુક્કસે જે સ ભિક્ખૂ ॥૧૮॥**

**ન જાઇ-મત્તે ન ય રૂવ-મત્તે, ન લાભ મત્તે ન સુએણ મત્તે ।**
**મયાણિ સવ્વાણિ વિવજ્જઇત્તા, ધમ્મ-જ્ઝાણ-રએ ય જે સ ભિક્ખૂ ॥૧૯॥**

**પવેયએ અજ્જ-પયં મહા-મુણી, ધમ્મે ઠિઓ ઠાવયઈ પરંપિ ।**
**નિક્ખમ્મ વજ્જેજ્જ કુસીલ-લિઙ્ગ, ન યાવિહાસંકુહએ જે સ ભિક્ખૂ ॥૨૦॥**

**તં દેહ-વાસં અસુઇં અસાસયં, સયા ચએ નિચ્ચ-હિય-ઠિયપ્પા ।**
**છિંદિન્તુ જાઈ-મરણસ્સ બન્ધણં, ઉવેઇ ભિક્ખૂ અપુણાગમં ગઇં ॥૨૧॥**

**ત્તિબેમિ ॥ ઇતિ સભિખુઅજ્ઝયણં દસમં સંમત્તં ॥૧૦॥**

**અધ્યયન ૧૦ માની ગાથા ૧૬ થી ૨૧ સુધીના છુટા શબ્દના અર્થ.**

| | |
|---|---|
| ઉવહિમ્મિ-ઉપધિને વિષે | અન્નાયઉંછં-અજાણ્યા ઘરોથી શુદ્ધ અને થોડાં થોડાં વસ્ત્ર લેનાર |
| અમુચ્છિએ-મૂર્ચ્છારહિત | પુલનિપ્પુલાએ-ચારિત્રને અસારતા ઉત્પન્ન કરનાર દોષરહિત |
| અગિદ્ધે-આસક્તિરહિત | |

| | |
|---|---|
| **સંગાવગએ**-દ્રવ્ય અને ભાવ સંગથી રહિત | **જાઇમત્તે**-જાતિનો મદ કરનારા |
| **અલોલ**-લોલુપતા રહિત | **રુવમત્તે**-રૂપનો મદ કરનારા |
| **રસેસુ**-રસને વિષે | **લાભમત્તે**-લાભનો મદ કરનારા |
| **ગિદ્ધે**-આસક્તિ રાખનારા | **સુએણમત્તે**-શ્રુતનો મદ કરનારા |
| **ઉચ્છં**-અજાણ્યાં ઘરોથી થોડી થોડી ગોચરી લેનાર | **ધમ્મજઝાણરએ**-ધર્મધ્યાનમાં તત્પર |
| **જીવિઅ**-સંયમ રહિત જીવિતને | **પવેયએ**-કહે |
| **નાભિકંખી**-ઇચ્છે નહિ | **અજ્જપયં**-શુદ્ધ ધર્મને |
| **ઇડ્ઢિં**-લબ્ધિ આદિ ઋધિને | **કુસીલલિંગં**-કુશીલપણાની ચેષ્ટાને |
| **સક્કારણ પૂઅણં**-સત્કારને અને પૂજનને માટે | **હાસં કુહએ**-હાસ્યને કરનારા |
| **ચએ**-ત્યાગ કરે | **દેહવાસં**-શરીરરૂપ બંધીખાનાને |
| **ઠિઅપ્પા**-જ્ઞાનમાં આત્માને સ્થાપનાર | **હિયઠ્ઠિયપ્પા**-મોક્ષને વિષે સ્થિત છે આત્મા જેનો |
| **અણિહે**-કપટ રહિત | **છિન્દિત્તુ**-છેદીને |
| **વઇજ્જા**-કહે | **અપુણાગમં**-પુનર્જન્મવિનાની |
| **જાણિય**-જાણીને **પત્તેયં**-પોતાનેજ | |

**ભાવાર્થ :** જે સાધુ વસ્ત્રાદિક ઉપધિને વિષે મૂર્ચ્છા રહિત તથા પ્રતિબંધ રહિત પરિચય વિનાના ઘરોથી શુદ્ધ અને થોડાં થોડાં વસ્ત્ર લેનાર, સંયમમાં અસારતા ઉત્પન્ન કરનાર દોષો રહિત, ખરીદવું વેચવું અને સંગ્રહ કરવાથી રહિત, તથા સર્વ દ્રવ્ય ભાવ સંગ રહિત હોય તે સાધુ કહેવાય છે. ૧૬. જે ન પ્રાપ્ત થાય તેવી વસ્તુની પ્રાપ્તિમાં લોલુપતા રહિત હોય, રસમાં ગૃદ્ધ ન હોય, પરિચય રહિત ઘરોથી શુદ્ધ અને થોડી થોડી ગોચરી લેનાર હોય, અસંયમ રૂપ જીવિતવ્યની કાંક્ષા ન રાખનાર, આમર્ષાદિક ઋદ્ધિ, વસ્ત્રાદિકે કરી સત્કાર અને સ્તવનાદિકે કરી પૂજાને અર્થે જેઓ પ્રયત્ન કરતા નથી, તથા જ્ઞાનમાં પોતાના આત્માને સ્થાપનાર અને કપટ રહિત હોય તે સાધુ કહેવાય છે. ૧૭. પોતાના સમુદાયથી ભિન્ન બીજા સાધુઓને દેખી આ કુશિલ છે એમ ન કહેવું પણ પોતાના શિષ્યાદિકને તો શિખામણને અર્થે કહેવું પડે તો કહેવું. જેનાથી બીજાને કોપ થાય તેવાં વચન કહેવાં નહિ; કારણ કે પોતાના કરેલાં પુણ્ય પાપો પ્રત્યેક ભોગવે છે, બીજાને ભોગવવાં પડતાં નથી, તો શા માટે તેને ખોટું લગાડવું જોઈએ ? તેમજ પોતાની અંદર તેવા ગુણો હોય તો પણ ગર્વ કરે નહિ તે સાધુ કહેવાય છે. ૧૮. જે જાતિનો મદ કરતા નથી, તેમજ રૂપનો લાભનો અને શ્રુતનો મદ કરતા નથી; જે સર્વ મદનો ત્યાગ કરી ધર્મ ધ્યાનમાં તત્પર

રહે છે તે સાધુ કહેવાય છે. ૧૯. જે મહામુનિ પરોપકારને માટે શુદ્ધ ધર્મ બીજાને કહે છે, પોતે ધર્મમાં સ્થિર રહે છે અને સાંભળનારને ધર્મમાં સ્થિર કરે છે, તથા ગૃહસ્થપણામાંથી નીકળીને આરંભાદિકે કરી કુશિલપણાની ચેષ્ટાને કરતા નથી, તેમજ હાસ્યકારી ચેષ્ટાઓ પણ કરતા નથી, તે સાધુ કહેવાય છે. ૨૦. મોક્ષના સાધન ભૂત સમ્યક્ દર્શનાદિકમાં રહેલો સાધુ, અશુચિથી ભરેલ અને અશાશ્વત આ દેહવાસનો ત્યાગ કરી, જન્મ મરણના બંધનોને છેદી, પુનર્જન્મ વિનાની ગતિને પ્રાપ્ત થાય છે. આ પ્રમાણે સુધર્માસ્વામી જંબુ નામના પોતાના શિષ્યને કહે છે. ૨૧॥ ઇતિ દશમું સભિક્ષ્વધ્યયન સમાપ્ત ॥

## ॥ અથ શ્રી દશવૈકાલિકે પ્રથમા ચૂલિકા ॥

**ઇહ ખલુ ભો પવ્વઇએણં ઉપ્પન્નદુક્ખેણં સંજમે અરઇસમાવન્ન ચિત્તેણં ઓહાણુપ્પેહિણા અણોહાઇએણં ચેવ હયરસ્સિગયંકુસપોયપડાગાભૂઆઇં ઇમાઇં અઠારસ ઠાણાઇં સમ્મં સંપડિલેહિઅવ્વાઇં ભવંતિ ॥ તં જહા ॥ હં ભો દુસ્સમાએ દુપ્પજીવી ॥૧॥ લહુસગા ઇત્તરિઆ ગિહીણં કામભોગા ॥૨॥ ભુજ્જો અ સાઇબહુલા મણુસ્સા ॥૩॥ ઇમે અ મે દુક્ખે ન ચિરકાલોવટ્ઠાઇ ભવિસ્સઇ ॥૪॥ ઓમજણપુરક્કારે ॥૫॥ વંતસ્સ ય પડિઆયણં ॥૬॥ અહરગઇવાસો-વસંપયા ॥૭॥ દુલ્લહે ખલુ ભો ગિહીણં ધમ્મે ગિહિવાસમજ્ઝે વસંતાણં ॥૮॥ આયંકે સે વહાય હોઇ ॥૯॥ સંકપ્પે સે વહાય હોઇ ॥૧૦॥ સોવક્કેસે ગિહવાસે, નિરુવક્કેસે પરિઆએ ॥૧૧॥ બંધે ગિહવાસે, મુક્ખે પરિઆએ ॥૧૨॥ સાવજ્જે ગિહવાસે, અણવજ્જે પરિઆએ ॥૧૩॥ બહુસાહારણા ગિહીણં કામભોગા ॥૧૪॥ પત્તેઅં પુન્નપાવં ॥૧૫॥ અણિચ્ચે ખલુ ભો મણુઆણ જીવિએ કુસગ્ગજલબિંદુચંચલે ॥૧૬॥ બહું ચ ખલુ ભો પાવં કમ્મ પગડં ॥૧૭॥ પાવાણં ચ ખલુ ભો કડાણં કમ્માણં પુવ્વિં દુચ્ચિન્નાણં દુપ્પડિકંતાણં વેઇત્તા મુક્ખો નત્થિ અવેઇત્તા તવસા વા ઝોસઇત્તા ॥૧૮॥ અઠારસમં પયં ભવઇ ॥ ભવઇ અ ઇત્થ સિલોગો. ॥ જયા ય ચયઇ ધમ્મં, અણજ્જો ભોગકારણા ॥ સે તત્થ મુચ્છિએ બાલે, આયઇં ના વ બુજ્ઝઇ ॥૧॥ જયા ઓહાવિઓ હોઇ, ઇંદો વા પડિઓ છમં ॥ સવ્વધમ્મ-પરિબ્ભઠો, સ પચ્છા પરિતપ્પઇ ॥૨॥ જયા અ વંદિમો હોઇ, પચ્છા હોઇ અવંદિમો ॥ દેવયા વ ચુઆ ઠાણા, સ પચ્છા પરિતપ્પઇ ॥૩॥ જયા અ**

**પૂઇમો હોઇ, પચ્છા હોઇ અપૂઇમો ॥ રાયા વ રજ્જપબ્ભટ્ઠો, સ પચ્છા પરિતપ્પઇ ॥૪॥ જયા અ માણિમો હોઇ, પચ્છા હોઇ અમાણિમો ॥ સિટ્ઠિવ્વ કબ્બડે છૂઢો, સ પચ્છા પરિતપ્પઇ ॥૫॥**

## ॥ પહેલી ચૂલિકાની ગાથા ૧ થી ૫ સુધીના છુટા શબ્દના અર્થ ॥

**પવ્વઇએણં**-દીક્ષા લીધેલા સાધુએ
**ઉપ્પન્નદુક્ખેણં**-દુઃખ ઉત્પન્ન થતાં
**અરઇ**-અરતિ, અશાતા.
**સમાવન્નચિત્તેણં**-પામેલું છે ચિત્ત જેનું
**ઓહાણુપ્પેહિણા**-સંજમનો ત્યાગ કરવાની ઇચ્છા રાખનાર
**અણોહાઇએણં**-સંજમનો ત્યાગ કર્યો નથી એવા
**રસ્સિ**-લગામ
**ગયંકુસ**-હાથીને જેમ અંકુસ
**પોય**-વહાણ
**પડાગાભૂઆઇં**-ધજા સરખાં
**[illegible]**-અસાર
**સમ્મં**-સમ્યક્ પ્રકારે
**સંપડિલેહિઅવ્વાઇં**-વિચારવા યોગ્ય
**દુસ્સમાઇં**-દુષમકાલમાં
**દુપ્પજીવી**-દુઃખે જીવનારા
**લહુસગા**-તુચ્છ, અસાર
**ઇત્તરિઆ**-ક્ષણિક
**કામભોગા**-કામભોગો
**ભુજ્જો**-વારંવાર, ઘણું
**સાયબહુલા**-ઘણા કપટ કરનારા
**અવટ્ઠાઇ**-રહેવાવાળાં
**ઓમજણપુરક્કારે**-હલકા જનને પણ માન આપવું પડે
**વંતસ્સ**-ત્યાગ કરેલાને
**પડિઆયણં**-ફરીથી ખાય
**અહરગઇવાસોવસંપયા**-નીચ ગતિમાં વાસ થવારૂપ કર્મબંધન
**દુલ્લહે**-દુર્લભ
**ગિહિવાસ**-ગૃહસ્થાવાસ
**મજ્ઝે**-મધ્યે
**વસંતાણં**-રહેતાને
**આયંકે**-રોગને વિષે
**વહાય**-વધને માટે
**સંકપ્પે**-સંકલ્પને વિષે
**સોવક્કેસે**-ક્લેશવાળા
**નિરુવક્કેસે**-ક્લેશવગરના
**પરિઆએ**-પર્યાયને વિષે
**બંધે**-બંધવાળો
**મુક્ખે**-મોક્ષવાળો
**અણવજ્જે**-પાપરહિત
**બહુસાહારણા**-ઘણામાં સાધારણ
**પત્તેઅં**-પ્રત્યેક
**કુસગ્ગ**-ડાભની અણી (ઉપર રહેલા)
**કડાણં**-કરેલાં
**પુવ્વિં**-પૂર્વે
**દુચ્ચિન્નાણં**-ખરાબ કામ કરેલાં
**દુપ્પડિકંતાણં**-પ્રાણી વધાદિક કરેલાંને
**વેઇત્તા**-વેદીને, ભોગવીને
**અવેઇત્તા**-ભોગવ્યા વગર

| | |
|---|---|
| **ઝોસઈત્તા**-બાળીને | **પચ્છા**-પાછળથી |
| **અણજ્જો**-અનાર્ય | **પરિતપ્પઇ**-પશ્ચાતાપ કરે છે |
| **ભોગંકારણા**-ભોગના કારણથી | **વંદિમો**-વાંદવા યોગ્ય |
| **મુચ્છિએ**-મૂર્ચ્છીત થએલા | **ચુઆ**-ભ્રષ્ટ થએલા |
| **બાલે**-અજ્ઞાની | **પૂઇમો**-પૂજવા યોગ્ય |
| **આયઈ**-આવતા કાળને | **રાયા**-રાજા |
| **અવબુજ્ઝઇ**-બોધ પામે | **રજ્જપબ્ભઠ્ઠો**-રાજ્યથી પદભ્રષ્ટ થએલો |
| **ઓહાવિઓ**-નીકળી ગયેલો, ભ્રષ્ટ થએલો | **માણિમો**-માનવા યોગ્ય |
| **ઈંદો**-ઈંદ્ર | **સિઠ્ઠિવ્વ**-શ્રીમંતની માફક |
| **પડિઓ**-પડેલો | **કબ્બડે**-ગામડામાં |
| **છમં**-પૃથ્વી ઉપર, જમીન પર | **છૂઢો**-પડેલો |
| **પરિબ્ભઠ્ઠો**-પરિભ્રષ્ટ | |

## અથ પહેલી ચૂલિકા

**ભાવાર્થ :** ગયા અધ્યયનમાં એમ જણાવવામાં આવ્યું કે જે સાધુના ગુણોથી યુક્ત હોય તેજ સાધુ કહેવાય. આ પ્રકારના ગુણવાળો પણ કર્મના બળવત્તરપણાથી (અધિકતાથી) શારીરિક અગર માનસીક દુઃખોથી સીદાય (દુઃખી થાય) તો તેને સંયમમાં સ્થિર કરવો જોઈએ. તે સંયમમાં સ્થિર કરવાને માટે આ ચૂલિકામાં કહેવામાં આવે છે. હે શિષ્યો ! પ્રવ્રજ્યા અંગીકાર કરેલ સાધુ, શારીરિક અગર માનસિક દુઃખો ઉત્પન્ન થવાથી, સંયમથી ઉદ્વેગ પામીને સંયમને ત્યાગ કરવાની ઇચ્છાવાળો થયો છે પણ હજી સુધી સંયમનો ત્યાગ કર્યો નથી, તેણે આ આગળ કહેવામાં આવશે તે અઢાર સ્થાનો સારી રીતે જાણવાં તથા વિચારવાં જોઈએ. તે અઢાર સ્થાનકો, જેમ ઉન્માર્ગે ચાલતા ઘોડાને સન્માર્ગે લાવવાને રશ્મિ (લગામ) હાથીને વશ કરવાને અંકુશ અને વહાણને પ્રવાહના માર્ગ ઉપર લાવવા માટે પતાકા ધ્વજા, તેમ સંયમથી ઉન્માર્ગે ચાલનાર સાધુને આ અઢાર સ્થાનકો સંયમમાં લાવનારાં છે. તેજ બતાવે છે. આ દુષમ કાળમાં પ્રાણીઓ દુઃખે જીવે છે, તો મને ગૃહસ્થાશ્રમનું શું પ્રોયજન છે ? ૧. આ ગૃહસ્થ સંબંધી કામભોગો સાર વિનાના, અલ્પકાલ રહેનારા અને વિપાકે કડવા છે. ૨. આ મનુષ્યના ભોગોને ભોગવવા છતાં વારંવાર તેની અભિલાષા થાય છે પણ તૃપ્તિ થથી નથી. ૩ મને આ શારીરિક અગર માનીસક પેંદા થએલું દુઃખ ઘણો કાળ રહેશે નહિ, માટે ગૃહસ્થાશ્રમનું મને શું

પ્રયોજન છે ? ૪. દીક્ષા લીધેલ સાધુ ધર્મના પ્રભાવથી રાજાદિકોએ કરી પૂજાય છે અને દીક્ષા મૂક્યા પછી નીચ માણસોને પણ તેને અભ્યુત્થાનાદિ સન્માન કરવું પડે છે, માટે ગૃહસ્થાશ્રમથી સર્યું ૫. દીક્ષા લઈને મૂકવી તે વમેલા આહારને ફરી ખાવા જેવું છે. ૬ ગૃહસ્થાશ્રમમાં જવાનો વિચાર નરક અને તિર્યંચોની ગતિમાં જવા લાયક કર્મ બાંધવાના કારણરૂપ છે. ૭. પુત્ર કલત્રાદિ પાશમાં બંધાયેલા ગૃહસ્થાવાસમાં, ગૃહસ્થીઓને ધર્મ કરવો દુર્લભ છે. ૮. તત્કાલ નાશ કરે એવા વિશુચિકાદિ રોગ ધર્મ રૂપી બાંધવ રહિત (સહાયક વિના) ગૃહસ્થને તત્કાલ નાશ કરે છે તેનો વિચાર કરવો. ૯. ઇષ્ટનો વિયોગ અને અનિષ્ટની પ્રાપ્તિરૂપ સંકલ્પ તે ગૃહસ્થને વધને (દુઃખને) માટે થાય છે. ૧૦ ।

સૂત્રમાં જે આંક લખ્યા છે તે પ્રમાણે ૧૧મા થી ૧૫મા સ્થાન સુધોમાં એક આચાર્યના મતે જે સ્થાન એક એકથી ઉલટાં છે તે જુદાં ગણવાથી ૧૫મા સ્થાને ૧૮મો આંક પુરો થાય છે તે કૌસમાં લીધેલા છે; અને બીજા આચાર્યના મત પ્રમાણે આંક મુકેલા ૧૧ થી ૧૮માં આંક સુધીનાં જુદાં જુદાં છે તે આંક મોટા અક્ષરથી મુકેલા છે તે પ્રમાણે સમજવાં.

**ગૃહસ્થાશ્રમ** મહા ક્લેશવાળો છે. જેની અંદર કૃષિ, (ખેતી) પાશુપાલ્ય, (પશુઓનું રક્ષણ) આદિ વાણિજ્યોમાં (વ્યાપારમાં) ટાઢ, તાપ, શ્રમ અને ચિંતાદિ અનેક ક્લેશો રહ્યા છે એમ ચિંતવવું તે. (૧૧) દીક્ષા પર્યાય આ પૂર્વોક્ત ક્લેશોથી રહિત છે તેમજ આરંભ અને ચિંતાદિથી રહિત અને પંડિત પુરુષોને પ્રશંસનીય છે (૧૨) ૧૧ ગૃહવાસ બંધવાળો છે, કારણ કે તેમાં કરાતાં અનુષ્ઠાનો (ક્રિયાઓ વ્યાપારો) બંધનાં હેતુ ભૂત છે; જેમ રેશમનો કીડો પોતાના કરેલા તાંતણામાંજ વીંટાઈ બંધાય છે તેમ ગૃહસ્થીઓ પોતાના કરેલ કર્મથી જ પોતે બંધાય છે એમ સમજવું તે (૧૩) ચારિત્ર પર્યાય મોક્ષરૂપ છે. કેમકે તેની અંદર નિરંતર કર્મ બંધનોનું છુટવાપણું છે; એવો વિચાર કરવો તે. (૧૪) ૧૨ ગૃહસ્થાશ્રમ પાપવાળો છે, કેમ કે તેની અંદર પ્રાણાતિપાતાદિ પાંચ આશ્રવો સેવાય છે; એમ ચિંતવવું તે (૧૫) સંયમ પર્યાય નિર્દોષ છે, કેમ કે અહિંસાદિ વ્રતોનું ત્યાં પાલન કરવાપણું છે; એમ વિચારવું તે. (૧૬) ૧૩ ગૃહસ્થીઓના કામ ભોગો, ચોર અને રાજકુલાદિને સાધારણ છે, અર્થાત્ પ્રાપ્ત થયેલ વિષયો તેઓથી લુંટાઈ જવાના ભયવાળો છે. (તેથી અપાયવાળો

છે); એમ ચિંતવવું તે (૧૭) ૧૪ પુણ્ય, પાપ એ પ્રત્યેકને ભોગવવાનું છે. માતા, પિતા, પુત્ર, કલત્રાદિકને અર્થે કરાયેલું પુણ્ય, પાપ તે કરનાર પોતે જ તેનાં ફળ ભોગવે છે, માટે મને ગૃહસ્થાશ્રમનું શું પ્રયોજન છે ? એમ ચિંતવવું તે (અઢારમું સ્થાનક છે) (૧૮) ૧૫ અરે ! મનુષ્યોનું આયુષ્ય ખરેખર અનિત્ય છે કેમકે તે ડાભની અણી ઉપર રહેલા જળના બિંદુની માફક ચંચળ છે. ૧૬ અરે ! મેં ખરેખર ઘણું સંક્લેશવાળું ચારિત્ર મોહનીય પ્રમુખ કર્મ કર્યું છે, જેથી ચારિત્ર લીધા પછી પણ આવી હલકી બુદ્ધિ ઉત્પન્ન થાય છે. ૧૭ અરે ! ખરેખર પૂર્વે કરેલાં જ્ઞાનાવર્ણીયાદિને તથા અશાતાવેદનીયાદિ પાપકર્મોને, તથા દુશ્ચરિતોને તથા મિથ્યાત્વ, અવિરતિ આદિથી પ્રાણીવધાદિક જે કર્મ કર્યાં હોય એ વેદ્યા પછી મોક્ષ થાય છે. વેદ્યા સિવાય અથવા તપ વડે ખપાવ્યા સિવાય મોક્ષ થતો નથી. ૧૮. અહીં અઢારમું સ્થાનક થાય છે. (આ અર્થોને પ્રતિપાદન કરવા શ્લોકો કહે છે) આ અઢાર કારણો અસંયમથી પાછા હઠવાનાં છે છતાં જે અનાર્ય સરખી ચેષ્ટા કરવા વાળો સાધુ વિષયોને માટે યતિ ધર્મનો ત્યાગ કરે છે, તે વિષયોમાં મૂર્છા પામેલો બાળ, અજ્ઞ આગામી કાળને સારી રીતે જાણતો નથી. ૧ જેમ ઇંદ્ર પોતાના વિમાનની વિભૂતિથી ભ્રષ્ટ થઈને હેઠો પડે છે અને પછી શોચ કરે છે, તેમ જ્યારે આ સાધુ સંયમ રૂપી વિભૂતિથી પાછો હઠી ગૃહસ્થાવાસમાં આવે છે, પછી સર્વ ધર્મથી ભ્રષ્ટ થએલા તે સાધુના જ્યારે તે મોહાદિ શાંત પામે છે, ત્યારે તે પશ્ચાત્તાપ કરે છે કે હા ! આ મેં શું અકાર્ય કર્યું ! એમ અનુતાપ કરે છે. ૨ પહેલાં શ્રમણ પર્યાયમાં રાજાદિકથી વંદનીય થઈને પછી દીક્ષા ત્યાગ કર્યા બાદ અવંદનીય થાય છે ત્યારે જેમ પોતાના સ્થાનકથી ભ્રષ્ટ થએલો દેવ જેમ પશ્ચાત્તાપ કરે છે, તેમ પશ્ચાત્તાપ કરે છે. ૩ જ્યારે સાધુપણામાં પૂજનીક થઈ પછી દીક્ષાનો ત્યાગ કરી અપૂજનીક થાય છે ત્યારે જેમ રાજ્યથી ભ્રષ્ટ થએલો રાજા આગલા વૈભવોને યાદ કરી પશ્ચાત્તાપ કરે છે, તેમ તે પશ્ચાત્તાપ કરે છે. ૪ જેમ કોઈ નગરમાં માનનીક ધનાઢ્ય શેઠને કોઈ ક્ષુદ્ર ગામડામાં નાંખ્યો હોય અને ત્યાં અપમાન થવાથી તે જેમ પશ્ચાત્તાપ કરે છે, તેમ જે સાધુ સંયમ અવસ્થામાં અભ્યુત્થાન આજ્ઞા કરવાદિકે માનનીક થઈને તે પછી દીક્ષા ત્યાગ કરવાથી અમાનનીક થાય છે ત્યારે પાછળથી પશ્ચાત્તાપ કરે છે. ૫

જયા અ થેરઓ હોઇ, સમઇક્કંતજુવ્વણો ।
મચ્છુ વ્વ ગલં ગિલિત્તા, સ પચ્છા પરિતપ્પઇ ॥૬॥

જયા અ કુકુડુંબસ્સ, કુતત્તીહિં વિહમ્મઇ ।
હત્થી વ બંધણે બદ્ધો, સ પચ્છા પરિતપ્પઇ ॥૭॥

પુત્તદારપરિકિણ્ણો, મોહસંતાણસંતઓ ।
પંકોસણ્ણો જહા નાગો, સ પચ્છા પરિતપ્પઇ ॥૮॥

અજ્જ આહં ગણી હુંતો, ભાવિઅપ્પા બહુસ્સુઓ ।
જઇ હં રમંતો પરિઆએ, સામણ્ણે જિણદેસિએ ॥૯॥

દેવલોગસમાણો અ, પરિઆઓ મહેસિણં ।
રયાણં અરયાણં ચ, મહાનરયસારિસો ॥૧૦॥

**ચૂલિકા ૧ની ગાથા ૬ થી ૧૦ સુધીના છુટા શબ્દના અર્થ**

| | |
|---|---|
| **થેરઓ**-વૃદ્ધાવસ્થામાં | **પંકોસણ્ણો**-કાદવમાં ખુંચેલો |
| **સમઇક્કંતજુવ્વાણો**-જુવાની ગયા પછી | **નાગો**-હાથી |
| **મચ્છુવ**-માછલાની પેઠે | **આહં**-ગણી, આચાર્ય |
| **ગલિ**-ગલ, લોહકાંટા ઉપર રાખેલા માંસને | **ભાવિઅપ્પા**-ભાવિત આત્મા |
| **ગલિત્તા**-ખાઇને | **બહુસ્સુઓ**-બહુશ્રુત |
| **કુકુડુંબસ્સ**-ખરાબ કુટુંબની | **સામણ્ણે**-સાધુધર્મ વિષે |
| **કુતત્તીહિં**-ખરાબ ચિંતાઓથી | **જિણદેસિએ**-જિન ભગવાને ઉપદેશ કરેલા |
| **વિહમ્મઇ**-હણાય છે. | **દેવલોગસમાણો**-દેવલોક સરખા |
| **હથ્થીવ**-હાથીની પેઠે | **રયાણં**-પ્રીતિ રાખનાર, રક્ત. |
| **બંધણે**-વિષય બંધનમાં | **અરયાણં**-અપ્રીતિ રાખનાર, અરક્ત |
| **પરીકિણ્ણો**-ખુંચેલો | |
| **મોહસંતાણસંતઓ**-કર્મ પ્રવાહથી વ્યાપ્ત થએલો | |

**ભાવાર્થ :** લોઢાના કાંટા ઉપર રાખેલા માંસને ખાવાની અભિલાષાથી જાળમાં સપડાયેલ માછલો તાળવું વિંધાઈ જવાથી જેમ પશ્ચાત્તાપ કરે છે, તેમ દીક્ષાનો ત્યાગ કરનાર સાધુ યુવાવસ્થાને ઓલંઘીને જ્યારે વૃદ્ધ અવસ્થાને પ્રાપ્ત થાય છે, ત્યારે કર્મના વિપાકને ભોગવતો કર્મ રૂપ કાંટાથી વિંધાઈ તે પશ્ચાત્તાપ કરે છે. ૬. જેમ બંધનથી

બંધાયેલો હાથી પશ્ચાત્તાપ કરે છે તેમ દીક્ષા મૂક્યા બાદ ખરાબ કુટુંબની સંતાપ કરાવવાવાળી ચિંતાથી હણાયેલો સાધુ પાછળથી પશ્ચાત્તાપ કરે છે. ૭. જેમ કાદવમાં ખુંચેલો હાથી પશ્ચાત્તાપ કરે છે, તેમ દીક્ષા મૂક્યા પછી પુત્ર સ્ત્રી આદિના પ્રપંચમાં સપડાઈને તથા કર્મ પ્રવાહથી ઘેરાતાં, તે પશ્ચાત્તાપ કરે છે. ૮. કોઈ બુદ્ધિમાન્ સાધુ આવી રીતે પશ્ચાત્તાપ કરે છે કે જો હું ભાવિત આત્મા અને બહુશ્રુત થઈ જિનેશ્વર ભગવાનના કહેલા શ્રમણ સંબંધી પર્યાયમાં સ્થિર કરીને રહ્યો હોત તો, આજે હું આચાર્યપણાને પામ્યો હોત. ૯. દીક્ષા પર્યાયમાં આસક્ત મહાત્માઓને આ ચારિત્ર પર્યાય દેવલોક સમાન લાગે છે. તેજ દીક્ષા પર્યાય સંયમમાં પ્રીતિ વિનાના અને વિષયની ઇચ્છાવાળાઓને મહા નરકસમાન લાગે છે. ૧૦.

**અમરોવમં જાણિઅ સુક્ખમુત્તમં, રયાણ પરિઆઇ તહારયાણં ।**
**નિરઓવમં જાણિઅ દુક્ખમુત્તમં, રમિજ્જ તમ્હા પરિઆઇ પંડિએ ॥૧૧॥**

**ધમ્માઉ ભટ્ઠં સિરિઓ અવેયં, જન્નગ્ગિ વિજ્ઝાઅમિવપ્પતેઅં ।**
**હીલંતિ ણં દુવ્વિહિઅં કુસીલા, દાઢુદ્ધિઅં ઘોરવિસં વ નાગં ॥૧૨॥**

**ઇહેવ ધમ્મો અયસો અકિત્તી, દુન્નામધિજ્જં ચ પિહુજ્જણંમિ ।**
**ચુઅસ્સ ધમ્માઉ અહમ્મસેવિણો, સંભિન્નવિત્તસ્સ ય હિટ્ઠઓ ગઇ ॥૧૩॥**

**ભુંજિત્તુ ભોગાઇં પસજ્ઝચેઅસા, તહાવિહં કટ્ટુ અસંજમં બહું ।**
**ગઇં ચ ગચ્છે અણભિજ્ઝિઅં દુહં, બોહી અ સે નો સુલહા પુણો પુણો ॥૧૪॥**

**ઇમસ્સ તા નેરઇઅસ્સ જંતુણો, દુહોવણીઅસ્સ કિલેસવત્તિણો ।**
**પલિઓવમં ઝિજ્જઇસાગરોવમં, કિમંગ પુણ મજ્ઝ ઇમં મણોદુહં ॥૧૫॥**

**ચૂલિકા ૧ ગાથા ૧૧ થી ૧૫ સુધીના છુટા શબ્દના અર્થ**

| | |
|---|---|
| **અમરોવમં**-દેવતા સરખું | **અપ્પતેઅં**-અલ્પ તેજવાળો |
| **નિરઓવમં**-નરક સમાન | **દુવ્વિહિઅં**-દુષ્ટ વ્યાપાર કરનાર |
| **ધમ્માઓ**-ધર્મથકી | **દાઢુદ્ધિઅં**-ઝેરી દાઢ વગરના |
| **સિરિઓ**-(તપરૂપ) લક્ષ્મીથી | **ઘોરવિસં**-આકરા વિષને ધારણ કરનારા |
| **વવેયં**-રહિત | **નાગં**-સર્પને |
| **જન્નગ્ગિ**-યજ્ઞનો અગ્નિ | **દુન્નામધિજ્જં**-નિંદવા યોગ્ય |
| **વિજ્ઝાઅં**-બુઝઇ ગએલા જેવો | **પિહુજ્જણંમિ**-નીચ લોકમાં |

**ચુઅસ્સ**-ભ્રષ્ટ થએલાને
**અહમ્મસેવિણો**-અધર્મને સેવન કરનાર
**સંભિન્નવિત્તસ્સ**-ચારિત્રને ખંડિત કરનારની
**હિટ્ઠઓ**-નીચલી
**ભુંજિત્તુ**-ભોગવીને
**પસજ્ઝચેઅસા**-સ્વચ્છંદી મન વડે
**કટ્ટુ**-કરીને
**અણિહિજ્જિઅં**-નહિ ધારેલી
**બોહી**-બોધિ, જિનધર્મની પ્રાપ્તિ
**સુલહા**-સુલભ
**નેરઇઅસ્સ**-નારકીના
**જંતુણો**-જીવને
**દુહોવણીઅસ્સ**-દુઃખથી પ્રાપ્ત થયેલું
**કિલેસવત્તિણો**-એકાંત ક્લેશવાળું
**પલિઓવમં**-પલ્યોપમ
**ઝિજ્જઇ**-નાશ પામે છે.
**સાગરોવમં**-સાગરોપમ
**મજ્ઝ**-મારું
**મણોદુહં**-મન સંબંધી દુઃખ

**ભાવાર્થ :** ચારિત્ર પર્યાયમાં રક્ત થએલાને દેવતા સમાન ઉત્તમ સુખ જાણીને, તથા ચારિત્ર પર્યાયમાં પ્રીતિ વિનાનાને નરકસમાન અત્યંત દુઃખ જાણીને પંડિત પુરુષોએ દીક્ષા પર્યાયમાં આસક્ત થવું. ૧૧ (ચારિત્ર છોડનારને આ લોકમાં થતા દોષો.) ચારિત્ર ધર્મથી ભ્રષ્ટ થયેલ અને તપ રૂપ લક્ષ્મીથી રહિત (આજ કારણથી) દુષ્ટ વ્યાપાર કરનારને, જેમ યજ્ઞનો અગ્નિ બુઝાઈ ગયા પછી તેની રાખને લોકો કદર્થના કરે છે, પગે કચરે છે, તેમ તેના સહચારીઓ હીલણા કરે છે, તથા જેમ ઘોર વિષવાળા સર્પને તેની દાઢ કાઢી લીધા પછી, લોકો તેની હીલણા (તિરસ્કાર) કરે છે, તેમ દીક્ષાથી ભ્રષ્ટ થએલાની લોકો હીલણા તિરસ્કાર કરે છે. ૧૨ (આ લોક તથા પર લોકમાં થતા દોષો.) ધર્મથી ભ્રષ્ટ થએલાને આ લોકમાં અધર્મ (લોકો તેને અધર્મક કહીને બોલાવે છે) અપકીર્તિ અને સામાન્ય નીચ મનુષ્યોમાં પણ ખરાબ નામથી તે (નિંદાય છે) બોલાવાય છે; તેમજ ધર્મથી ભ્રષ્ટ થએલો હોવાથી વ્રતખંડન કરી અધર્મ સેવી ક્લિષ્ટ કર્મ બાંધવાથી નરકની ગતિમાં જાય છે. ૧૩ ચારિત્રનો ત્યાગ કરનાર-ધર્મથી નિરપેક્ષ થઈ વિષયો ભોગવીને અને તથા પ્રકારના આરંભાદિ ઘણો અસંયમ કરીને, વિશેષ દુઃખવાળી અનિષ્ટ ગતિમાં જાય છે, તેને સમ્યક્ત્વ વારંવાર સુલભ થતું નથી; અર્થાત્ તે દુર્લભ બોધિ થાય છે. ૧૪ (દુઃખ આવે તો પણ ચારિત્ર મુકવું નહિ) હે જીવ ! નરક પ્રાપ્ત થએલ નારકીને, દુઃખથી ભરેલું અને એકાન્ત ક્લેશવાળું, પલ્યોપમ અને સાગરોપમનું આયુષ્ય પણ પુરું થઈ જાય છે તો, આ સંયમમાં અરતિથી પેંદા થએલ મન સંબંધી દુઃખ મને કેટલો કાળ રહેવાનું છે. આમ વિચારીને સંયમ સંબંધી દુઃખના કારણથી દીક્ષાનો ત્યાગ ન કરવો. ૧૫

**ન મે ચિરં દુક્ખમિણં ભવિસ્સઇ, અસાસયા ભોગપિવાસ જંતુણો ।**
**ન ચે સરીરેણ ઇમેણ વિસ્સઇ, અવિસ્સઇજીવિઅપજ્જવેણ મે ॥૧૬॥**

**જસ્સેવમપ્પા ઉ હવિઓ નિચ્છિજ્જ, ચઇજ્જ દેહં ન હુ ધમ્મસાસણં ।**
**તં તારિસં નો પઇલંતિ ઇંદિઆ, ઉવિંતિ વાયા વ સુદંસણં ગિરિં ॥૧૭॥**

**ઇચ્ચેવ સંપસ્સિઅ બુદ્ધિમં નરો, આયં ઉવાયં વિવિહં વિઆણિઆ ॥**
**કાએણ વાયા અદુ માણસેણં, તિગુત્તિ ગુત્તો જિણવયણ મહિઠિજ્જાસિ ॥**
**તિબેમિ ॥૧૮॥ ઇતિ રઇવક્કા પઢમા ચૂલા સમ્મત્તા ॥**

### ચૂલિકા ૧ ની ગાથા ૧૬ થી ૧૮ સુધીના છુટા શબ્દના અર્થ

| | |
|---|---|
| **ભોગપિવાસ**-વિષય ભોગવવાની ઇચ્છા | **સુદંસણંગિરિં**-મેરુ પર્વતને |
| **અવિસ્સઇ**-જાય | **સંપસ્સિઅ**-વિચાર કરીને |
| **જીવિઅપજ્જવેણ**-આયુષ્યના અંત વડે | **બુદ્ધિમં**-બુદ્ધિમાન્ |
| **નિચ્છિઓ**-નિશ્ચિત | **આયં**-લાભને |
| **ચઇજ્જ**-ત્યાગ કરે | **ઉવાયં**-ઉપાયને |
| **ધમ્મસાસણં**-ધર્મની આજ્ઞાને | **વિવિહં**-વિવિધ પ્રકારના |
| **તારિસં**-તેવાને | **વિઆણિઆ**-જાણીને |
| **નો પઇલંતિ**-ચળાવતી નથી | **અહિઠ્ઠિજ્જાસિ**-આશ્રય કરે |
| **ઉવિંત્તિવાયા**-ઉત્પાતકાળના વાયરા, તોફાની પવન. | |

**ભાવાર્થ :** (ઉપરની જ વાત વિસ્તારથી કહે છે.) સંયમમાં અરતિવાળું દુઃખ મને ઘણો કાલ રહેશે નહિ, કારણ કે પ્રાયે કરીને વિષયની તૃષ્ણા પ્રાણીઓને યૌવન અવસ્થા સુધી રહે છે, માટે જ વિષયની તૃષ્ણા અશાશ્વતી છે; કદાચ વૃદ્ધાવસ્થા સુધીમાં પણ આ શરીરે વિષય તૃષ્ણા નહિ જાય, તો પણ મને આકુળ થવું ન જોઈએ; કારણ કે મરણ થશે ત્યારે તો વિષય ઇચ્છા ચાલી જશે જ. ૧૬ (આવા દૃઢ વિચારવાળાને ફળ બતાવે છે) જે સાધુઓનો આત્મા આવા દૃઢ વિચાર ઉપર આવેલો છે, કે કોઈ પણ જાતનું સંયમમાં વિઘ્ન આવે છતે દેહનો ત્યાગ કરવો, પણ ધર્મની આજ્ઞાનો ત્યાગ નહિ કરવો; આવા નિશ્ચયવાળા મહાત્માઓને ઇંદ્રિયોના વિષયો સંયમ સ્થાનથકી કંપાવી (ચળાવી) શકતા નથી. આજ અર્થમાં દૃષ્ટાન્ત કહે છે કે, ઉત્પાત કાલનો તોફાની વાયરો હોય તો પણ મેરુ પર્વતને કંપાવી શકતો

નથી, તેવી જ રીતે તે દૃઢ નિશ્ચયવાળા સાધુને ઇંદ્રિયરૂપી વાયરાઓ ચલાવી શકતા નથી. ૧૭ (ઉપરની સર્વ વાતનો ઉપસંહાર કરે છે.) આ અધ્યયનમાં કહેવામાં આવેલ (દુ:પ્રજીવિત્વાદિથી લઈને) યથાયોગ્ય જ્ઞાનાદિના લાભ અને કાળ વિનયાદિ વિવિધ પ્રકારના તેના ઉપાયોનો, બુદ્ધિમાન્ સાધુએ વિચાર કરીને મન, વચન, અને કાયા વડે ત્રણ ગુપ્તિથી ગુપ્ત થઈને તીર્થંકર મહારાજના કહેલા ઉપદેશને યથાશક્તિ પાળવામાં તત્પર થવું. ૧૮ ઇતિ પ્રથમા ચૂલિકા સમાપ્તા.

## ।। અથ દ્વિતીયા ચૂલિકા ।।

**ચૂલિઅં તુ પવક્ખામિ, સુઅં કેવલિભાસિઅં ।**
**જં સુણિત્તુ સુપુણ્ણાણં, ધમ્મે ઉપ્પજ્જએ મઈ ।।૧।।**

**અણુસોઅપટ્ઠિઅબહુજણંમિ, પડિસોઅલદ્ધલક્ખેણં ।**
**પડિસોઅમેવ અપ્પા, દાયવ્વો હોઉકામેણં ।।૨।।**

**અણુસોઅસુહો લોઓ, પડિસોઓ આસવો સુવિહિઆણં ।**
**અણુસોઓ સંસારો, પડિસોઓ તસ્સ ઉત્તારો ।।૩।।**

**તમ્હા આયારપરક્કમેણં, સંવરસમાહિબહુલેણં ।**
**ચરિઆ ગુણા અ નિયમા, અ હુંતિ સાહૂણ દટ્ઠવ્વા ।।૪।।**

**અનિએઅ વાસો સમુઆણચરિઆ, અન્નાયઉંછં પઇરિક્કયા અ ।**
**અપ્પોવહી કલહવિવજ્જણા અ, વિહારચરિઆ ઇસિણં પસત્થા ।।૫।।**

### બીજી ચૂલિકાની ગાથા ૧ થી ૫ સુધીના છુટા શબ્દના અર્થ

| | |
|---|---|
| **ચૂલિઅં**-ચૂલિકાને | **બહુજણંમિ**-ઘણા લોક છતે |
| **પવક્ખામિ**-કહીશું | **પડિસોઅ**-વિષય પ્રવાહથી ઉલટા |
| **સુઅં**-શ્રુતરૂપ | **લદ્ધલક્ખેણં**-લબ્ધ લક્ષ્ય |
| **કેવલિભાસિઅં**-કેવલજ્ઞાનીએ કહેલ | **દાયવ્વો**-આપવો, દેવો |
| **સુણિત્તુ**-સાંભળીને | **હોઉકામેણં**-(મુક્ત) થવાની ઇચ્છા રાખનારે |
| **સુપુણ્ણાણં**-પુણ્યવંત જીવોને | **લોઓ**-લોક |
| **ઉપ્પજ્જએ**-ઉત્પન્ન થાય છે | **આસવો**-દીક્ષારૂપ આશ્રમ |
| **અણુસોઅપટ્ઠિએ**-વિષય પ્રવાહના વેગમાં અનુકૂળ | |

| | |
|---|---|
| **સુવિહિઆણં**-સુવિહિત સાધુઓનો | **અનિએઅ**-અનિયત |
| **ઉવ્વારો**-ઉતાર | **વાસો**-રહેવું, વાસ **સમુઆણ**-સમુદાન |
| **આયારપરક્કમેણં**-આચારને વિષે પરાક્રમવાળા | **પયરિક્કયા**-પ્રતિરિક્તતા, એકાંત સ્થળમાં વાસ |
| **ચરિઆ**-સમાધિને વિષે આચરણ | **કલહવિવજ્જણા**-કલેશનો ત્યાગ |
| **નિયમા**-નિયમો | **ચરિઆ**-મર્યાદા |
| **દઠ્ઠવ્વા**-જાણવા યોગ્ય | **પસત્થા**-વખાણવા લાયક |

## (અથ દ્વિતીયા ચૂલિકા)

**ભાવાર્થ :** પૂર્વ ચૂલિકામાં સંયમમાર્ગમાં સીદાતા સાધુને સ્થિર કરવાનો ઉપાય બતાવ્યો. આ ચૂલિકામાં વિહાર સંબંધી હકીકત કહેવામાં આવશે. હું ચૂલિકાનું વ્યાખ્યાન કરીશ. આ ચૂલિકા શ્રુતજ્ઞાન છે અને કેવળી* ભગવાનની કહેલી છે; જેને સાંભળીને પુણ્યવાન્ મનુષ્યોને ચારિત્ર ધર્મમાં શ્રદ્ધા ઉત્પન્ન થાય છે. ૧ ઘણા મનુષ્યો વિષય પ્રવાહના વેગથી અનુકૂળ સંસાર સમુદ્ર તરફ ગમન કરે છે પણ વિષય પ્રવાહથી વિપરીત સંયમ તરફ લક્ષ રાખીને મુક્ત થવાની ઇચ્છા રાખનારાએ તો પોતાના આત્માને વિષયપ્રવાહથી પ્રતિકૂળ જ પ્રવર્તાવવો જોઈએ. ૨ જેમ પાણી નીચાણવાળી જમીન તરફ જલ્દી ઉતરી શકે છે, તેવી જ રીતે આ જીવોને વિષયો

*આ ચૂલિકા કેવલજ્ઞાનીની કહેલી છે. આ વિશેષણ માટે વૃદ્ધ સંપ્રદાય એવો છે કે, ક્ષુધાને સહન નહિ કરી શકનાર એક સાધુને ચોમાસી આદિ કોઈ પર્વમાં કોઈ સાધ્વીએ આગ્રહથી ઉપવાસ કરાવ્યો. તે સાધુ આરાધના પૂર્વક રાત્રિમાં મરણ પામ્યા. સાધ્વીને ખબર પડવાથી પોતે પશ્ચાત્તાપ કરવા લાગી કે મારાથી સાધુનો ઘાત થયો આ હેતુથી ઉદ્વેગ પામેલી તે સાધ્વીને એવો વિચાર થયો કે આ વાતનો નિર્ણય તીર્થંકરને પૂછીને કરું. સાધુની હત્યાનું પાપ મને લાગ્યું કે નહિ આવા તેના વિચારને અનુસરીને તેના ગુણને આધીન થએલા દેવે તે સાધ્વીને ઉપાડીને શ્રી સીમંધર સ્વામી નામના તીર્થંકર પાસે મહાવિદેહ ક્ષેત્રમાં મૂકી. ત્યાં તેના સંબંધમાં પૂછવાથી તીર્થંકર તરફથી જવાબ મળ્યો કે તમારા પરિણામ શુદ્ધ હોવાથી તે સાધુના મરણનું પાપ તમને લાગે નહિ. તમે શુદ્ધ છો એમ કહી બે ચૂલિકાઓ (સંભળાવી) આપી કે જે આ ચૂલિકાનું વ્યાખ્યાન ચાલે છે. તે જ છે આ હેતુથી કેવલજ્ઞાનીની કહેલી આ ચૂલિકા છે એ વિશેષણ અપાયું છે.

તરફ પ્રવૃતિ કરવી તે સુખકારી છે, અર્થાત્ અનુકૂળ પ્રવૃત્તિ સુખે કરી શકાય છે. જેમ સમુદ્ર તરફ નીચાણમાં ઢળતી નદીના પ્રવાહમાં સન્મુખ સામે પૂર આવવું એ ઘણી મુશ્કેલીવાળું છે, તેમ વિષયાસક્ત લોકોને સાધુઓનો વ્રત પાળવારૂપ આશ્રમ તે પ્રતિશ્રોત સમાન કઠણ છે. વિષયમાં પ્રવૃત્તિ કરવા રૂપ અનુશ્રોતમાં (નીચાણમાં) ચાલવાથી સંસારની વૃદ્ધિ થાય છે અને તેના ત્યાગ કરવા રૂપ પ્રતિશ્રોતમાં (ઉંચા ભાગ ઉપર) પ્રવૃત્તિ કરવાથી સંસારનો પાર પમાય છે. ૩ આજ કારણથી જ્ઞાનાચારાદિ આચારને વિષે પરાક્રમવાળા અને ઇંદ્રિયાદિક વિષયોને વિષે સંવરવાળા તથા બીલકુલ આકુળતા વિનાના સાધુઓએ એક ઠેકાણે નિરંતર ન રહેવા રૂપ ચર્યા, મૂલગુણ અને ઉત્તર ગુણ રૂપ ગુણો, તથા પિંડવિશુદ્ધિ આદિ નિયમોને યથા અવસરે કરવા જોઈએ. ૪ (સાધુની ચર્યા બતાવે છે.) અનિયત વાસ (એક ઠેકાણે મર્યાદા ઉપરાંત વધુ ન રહેવું), અનેક ઠેકાણેથી યાચીને ભિક્ષા ગ્રહણ કરવી, નિર્દોષ ઉપકરણ લેવાં સેવવાં, થોડી ઉપધિ રાખવી અને ક્લેશનો ત્યાગ કરવો, આ મુનિઓની વિહાર ચર્યા પ્રશસ્ત (વખાણવા લાયક) છે. ૫

**આઇન્ન ઓમાણ વિવજ્જણા અ, ઓસન્નદિટ્ઠાહડભત્તપાણે ।**
**સંસટ્ઠકપ્પેણ ચરિજ્જ ભિક્ખૂ, તજ્જાયસંસટ્ઠ જઈ જઇજ્જા ॥૬॥**

**અમજ્જમંસાસિ અમચ્છરીઆ, અભિક્ખણં નિવ્વિગઇં ગયા અ ।**
**અભિક્ખણં કાઉસગ્ગકારી, સજ્જાયજોગે પયઓ હવિજ્જા ॥૭॥**

**ણ પડિન્નવિજ્જા સયણાસણાઇં, સિજ્જં નિસિજ્જં તહ ભત્તપાણં ।**
**ગામે કુલે વા નગરે વ દેસે, મમત્તભાવં ન કહિં પિ કુજ્જા ॥૮॥**

**ગિહિણો વેઆવડિઅં ન કુજ્જા, અભિવાયણવંદણપૂઅણં વા ।**
**અસંકિલિટ્ઠેહિં સમં વસિજ્જા, મુણી ચરિત્તસ્સ જઓ ન હાણી ॥૯॥**

**ણ યા લભેજ્જા નિઉણં સહાયં, ગુણાહિઅં વા ગુણઓ સમં વા ।**
**ઇક્કો વિ પાવાઇં વિવજ્જયંતો, વિહરિજ્જ કામેસુ અસજ્જમાણો ॥૧૦॥**

**ચૂલિકા ૨ ના ગાથા ૬ થી ૧૦ સુધીના છુટા શબ્દના અર્થ**

| | | |
|---|---|---|
| આઇન્ન-આકીર્ણ, રાજકુલ | વિવજ્જણા-વર્જન | દિઠ્ઠાહડ-જોઈને લાવેલા |
| ઓમાણ-અપમાન | ઓસન્ન-વખાણવાલાયક | સંસઠ્ઠકપ્પેણ-સંસક્ત કલ્પ વડે |

**ચરિજ્જ**-ચાલે
**તજ્જાયસંસટ્ઠ**-સ્વજાતિ આહારથી ખરડેલ
**જઇજ્જા**-યત્ન કરે
**અમજ્જમંસાસિ**-મદિરા અને માંસનું ભક્ષણ ન કરનારા
**અમચ્છરીઆ**-મત્સર રહિત
**અભિખ્ખણં**-વારંવાર
**નિવ્વિગઇ**-વિગઇ ત્યાગને
**ગયા**-અંગીકાર કરનારા
**કાઉસગ્ગકારી**-કાઉસગ્ગ કરનાર એવા
**સજ્ઝાયજોગે**-સ્વાધ્યાય યોગમાં
**પયઓ**-પ્રયત્ન વાલો
**પડિન્નવિજ્જા**-પ્રતિજ્ઞા કરાવે
**મમત્તભાવં**-મમત્વભાવ
**કહિં**-કદાચિત્
**વેઆવડિઅં**-વૈયાવચ્ચ (ભક્તિ)
**અભિવાયણ**-વાણી વડે નમસ્કાર
**અસંકિલિટ્ઠેહિં**-કલેશથી રહિત
**વસિજ્જા**-રહે
**હાણી**-હાની
**ગુણાહિઅં**-વિશેષ ગુણવાન
**કામેસુ**-ઇચ્છામાં, કામાદિકને વિષે
**વિહરિજ્જ**-વિચરે
**અસજ્જમાણો**-આસકિ રહિત

**ભાવાર્થ :** (તેજ વિશેષથી બતાવે છે) મુનિઓએ રાજકુળમાં તેમજ જમણવારમાં ગોચરીને અર્થે ન જવું, તથા સ્વપક્ષ (સ્વધર્મી શ્રાવકાદિકથી) પરપક્ષથી (અન્ય દર્શની તરફથી) અપમાન થતું હોય તેને પણ વર્જવું. પ્રાયે કરી દેખી શકાય તેવા પ્રકાશવાળા સ્થળેથી લાવેલ આહાર પાણી લેવું તથા અચિત્ત આહારાદિથી ખરડેલ ભાજન કડછી હાથ વગેરેથી આહાર આદિ લેવાં અને તે પણ સ્વ જાતિવાળા આહારથી ખરડેલ ભાજન કડછી હાથ વગેરેથી આહાર આદિ લેવાનો યત્ન સાધુઓએ કરવો. ૬ (ઉપદેશ અધિકાર કહે છે.) સાધુઓએ મદિરા અને માંસનું ભક્ષણ ન કરવું, કોઈ ઉપર દ્વેષ ન કરવો, વારંવાર વિગઇઓનો ત્યાગ કરવો, વારંવાર (સો ડગલાં ઉપર) જવા-આવવાનું થતાં કાઉસગ્ગ કરવો અને સ્વાધ્યાય યોગ વાંચના પૃચ્છનાદિકમાં પ્રયત્ન કરવો. ૭ માસ કલ્પ પૂરો થયા બાદ વિહાર કરતી વખતે શ્રાવકો પાસે આવી પ્રતિજ્ઞા સાધુએ ન કરાવવી કે, શયન (સંથારો) આસન (પાટલાદિ) શય્યા (વસ્તિ), નિષિદ્યા એટલે સઝાય કરવાની ભૂમિ તેમજ ભાત પાણી વિગેરે અમે જ્યારે બીજી વાર ફરીને આવીએ ત્યારે આપજો; હાલ સાચવી રાખો વિગેરે. આમ પ્રતિજ્ઞા કરાવવાથી મમત્વ વધે છે, માટે જ સાધુઓએ ગામ, શ્રાવકાદિ કુળ, નગર, અને દેશ એ આદિ કોઈને વિષે મમત્વ ભાવ નહિ કરવો. ૮ (ઉપદેશના અધિકારને જ કહે છે.) સાધુઓએ ગૃહસ્થીઓની વૈયાવચ્ચ ન

કરવી. તેમજ વચનથી નમસ્કાર, કાયાથી વંદન, પ્રણામ અને વસ્ત્રાદિકે કરી પૂજા પણ ન કરવી. તેમ કરવાથી ગૃહસ્થીઓ સાથે સંબંધ થયાથી ચારિત્ર માર્ગમાંથી ભ્રષ્ટ થવાય છે અને બન્નેનું અકલ્યાણ થાય છે. આ કારણથી જ્યાં ચારિત્રની હાની ન થાય તેવા અસંક્લિષ્ટ પરિણામવાળા સાધુઓની સાથે વસવું રહેવું. ૯ જ્ઞાનાદિ ગુણોથી અધિક અથવા પોતાના જેવા ગુણવાળો નિપુણ સહાયક સાધુ જો ન મળે તો સંહનનાદિ સારાં હોય તો, પાપના કારણભૂત અસદ્ અનુષ્ઠાનોનો ત્યાગ કરીને અને કામાદિકમાં આસક્ત નહિ થતાં, એકલાં પણ વિહાર કરવો, પણ પાસથ્થાદિ પાપ મિત્રોની સોબતમાં ન રહેવું. ૧૦

**સંવચ્છરં વા વિ પરં પમાણં, બીઅં ચ વાસં ન તહિં વસિજ્જા ।**
**સુત્તસ્સ મગ્ગેણ ચરિજ્જ ભિક્ખૂ, સુત્તસ્સ અત્થો જહ આણવેઇ ॥૧૧॥**

**જો પુવ્વરત્તાવરરત્તકાલે, સંપિક્ખએ અપ્પગમપ્પગેણં ।**
**કિં મે કડં કિંચમેકિચ્ચસેસે, કિં સક્કણિજ્જં ન સમાયરામિ ॥૧૨॥**

**કિં મે પરો પાસઇ કિંચ અપ્પા, કિં વાહં ખલિઅં ન વિવજ્જયામિ ।**
**ઇચ્ચેવ સમ્મં અણુપાસમાણો, અણાગયં નો પડિબંધ કુજ્જા ॥૧૩॥**

**જત્થેવ પાસે કઇ દુપ્પઉત્તં, કાએણ વાયા અદુ માણસેણં ।**
**તત્થેવ ધીરો પડિસાહરિજ્જા, આઇન્નઓ ખિપ્પમિવ ખલીણં ॥૧૪॥**

**જસ્સેરિસા જોગ જિઇંદિઅસ્સ, ધિઇમઓ સપ્પુરિસસ્સ નિચ્ચં ।**
**તમાહુ લોએ પડિબુદ્ધજીવિ, સો જીઅઇ સંજમજીવિએણં ॥૧૫॥**

**અપ્પા ખલુ સયયં રક્ખિઅવ્વો, સવિંદિએહિં સુસમાહિએહિં ।**
**અરક્ખિઓ જાઇપહં ઉવેઇ, સુરક્ખિઓ સવ્વદુહાણ મુચ્ચઇ ॥ ત્તિબેમિ ॥૧૬॥**

**ઇતિ વિવિત્તચરિઆ બીઆ ચૂલા સમ્મત્તા ॥૨॥**

**ઇઇ દસવેઆલિઅં મુલસુત્તં સંમત્તં**

**ચૂલિકા ૨ ની ગાથા ૧૧ થી ૧૬ સુધીના છુટા શબ્દના અર્થ**

| | | |
|---|---|---|
| સંવચ્છરં-વર્ષાઋતુ | સુતસ્સ-સૂત્રના | પુવ્વરત-પેહેલી રાતે |
| પમાણં-પ્રમાણ | મગ્ગેણ-માર્ગે | અવરત્ત-પાછલી રાતે |
| વાસં-વર્ષને | આણવેઇ-આજ્ઞા કરે | સંપિખ્ખઇ-જુએ તપાસે |

| | |
|---|---|
| **સક્કણિજ્જં**-બની શકે એવું | **જિઇંદિઅસ્સ**-જિતેંદ્રિય |
| **ખલિઅં**-પ્રમાદ | **ધિઇમઓ**-ધૈર્યતાવાળા |
| **અણુપાસમાણો**-જોતો, વિચારતો | **સપ્પુરિસસ્સ**-સત્પુરુષના |
| **જથ્થેવ**-જે ઠેકાણે | **પડિબુદ્ધજીવિ**-પ્રમાદ રહિત જીવનાર |
| **દુપ્પઉત્તં**-અયોગ્ય રીતે યોગોને યોજ્યા હોય | **સંજમ જીવિએણં**-સંજમ જીવિત વડે |
| **પડિસાહરિજ્જા**-ઠેકાણે લાવે | **રખ્ખિઅવ્વો**-રક્ષણ કરવો |
| **આઇન્નઓ**-જાતિવંત (અશ્વ) | **જાહપહં**-જાતિપથ, સંસાર પ્રત્યે |
| **ખલીણં**-લગામને | **ઉવેઇ**-પામે છે. |

**ભાવાર્થ :** (વિહારના કાળનો નિયમ બતાવે છે) વર્ષાઋતુમાં સાધુઓએ એક ઠેકાણે ચાર માસ રહેવું અને છુટા કાળમાં એક ઠેકાણે એક માસકલ્પ કરવો. જે ઠેકાણે એક ચોમાસું અગર એક માસકલ્પ કર્યો હોય, તે ઠેકાણે આંતરા વિના ચોમાસું અગર માસકલ્પ કરવો નહિ; પણ બીજું અગર ત્રીજું ચૌમાસુ, તથા બીજો અગર ત્રીજો માસકલ્પ ગયા બાદ ત્યાં રહેવું કલ્પે. અપવાદાદિ કોઈ ગાઢ કારણે એક ઠેકાણે વધારે રહેવાનું થાય તો મહિને મહિને ઉપાશ્રય અગર ખુણો બદલાવીને ત્યાં રહેવું. આમ ન કરવાથી ગૃહસ્થીઓના પ્રસંગથી ચારિત્રથી ભ્રષ્ટ થવા સુધીના દોષો પેંદા થાય છે. વધારે શું કહેવું ? જેમ સૂત્રનો અર્થ આજ્ઞા આપે અને પૂર્વાપર વિરોધ ન આવે તેવી રીતે સાધુઓએ સૂત્રને માર્ગે ચાલવું. ૧૧ (વિવિક્ત ચર્યાવાળા સાધુને સંયમમાં ન સીદાવાનો ઉપાય) સાધુઓએ રાત્રીના પહેલા પહોરમાં અને છેલ્લાં પહોરમાં પોતપોતાના આત્માનો તપાસ કરવો કે, શક્તિને અનુસારે તપસ્યાદિક ધર્મ કાર્યો મેં શાં શાં કર્યાં ? હવે કરવાલાયક કાર્યો મને કયાં કયાં છે ? અને મારાથી બની શકે તેવા વૈયાવચ્ચાદિ કયાં કાર્યો હું કરતો નથી ? એ આદિ સંબંધમાં ઘણો સારો ઉંડો વિચાર કરવો. ૧૨ શું મારા સ્ખલિતપણાને સ્વપક્ષી અગર પર પક્ષીઓ જુવે છે ? અથવા ચારિત્રમાં સ્ખલના પામતા મને હું જોઉ છું ? અથવા હું ચારિત્રમાં સ્ખલના પામું છું, એમ જાણું છું છતાં શા માટે ત્યાગ કરી શકતો નથી ? આ પ્રમાણે જો કોઈ પણ સાધુ સારી રીતે વિચાર કરશે તો તે સાધુ, ભાવી (અનાગત) કાલ સંબંધી પ્રતિબંધને નહિ જ કરે અર્થાત આમ વિચારતાં ફરી તેવો દોષ નહિ આચરે. ૧૩ કોઈપણ સંયમ સ્થાનના અવસરમાં મન, વચન, કાયાએ કરી થતી ખરાબ વ્યવસ્થાને જોવામાં આવે તો બુદ્ધિમાન્

સાધુએ તે પોતાની ભૂલ તત્કાલ સુધારવી જોઈએ. તેના ઉપર દૃષ્ટાન્ત બતાવે છે કે, જેમ જાતિવાન્ ઘોડો જલદી નિયમિત ગતિને અંગીકાર કરે છે. તેમ સાધુઓ દુઃપ્રયોગનો ત્યાગ કરીને સમ્યગ્ વિધિનો અંગીકાર કરે. ૧૪ જીતેંદ્રિય, સંયમને વિષે ધૈર્યવાન્ અને મહા પુરુષ એવા સાધુને પોતાના હિતને વિચારવાની દેખવાની પ્રવૃત્તિવાળા મન, વચન, કાયાના યોગો નિરંતર વર્તે છે, તેવા સાધુઓને લોકો પ્રતિબુદ્ધજીવી કહે છે; અર્થાત્ દીક્ષા દીવસથી લઈને મરણપર્યંત પ્રમાદ રહિત જીવવાવાળો કહે છે અને તેવા ગુણવાળો સાધુ જીવિતવ્ય ગુણ વડે કરીને જીવે છે. (દશવૈકાલિક શાસ્ત્રનો ઉપસંહાર કરતાં ઉપદેશનો સાર બતાવે છે.) ૧૫ સર્વ ઇંદ્રિયોના વિષય વ્યાપારની નિવૃત્તિ કરીને પરલોકના કષ્ટ થકી નિરંતર પોતાના આત્માનું રક્ષણ કરવું. જો તમે ઇંદ્રિયોના વિષયોથી આત્માનું રક્ષણ નહિ કરો તો ભવોભવ સંસારમાં રખડવું પડશે; અને જો અપ્રમાદી થઈ આત્માનું રક્ષણ કરશો તો શારીરિક અને માનસિક સર્વ દુઃખ થકી તમે મુક્ત થશો, એમ હું તમને કહું છું. ૧૬ ઇતિ શ્રી દશવૈકાલિક સૂત્ર બાળાવબોધ સમાપ્તઃ

## અથશ્રી

# ।। શ્રી વૃદ્ધિવિજયજીકૃત દશવૈકાલિકની સજ્ઝાયો ૧૧ લિખ્યંતે ।।

।। સુગ્રીવ નયર સોહામણુંજી ।। એ દેશી ।।

શ્રી ગુરુપદ પંકજ નમીજી, વળી ધરી ધરમની બુદ્ધિ ।
સાધુ ક્રિયા ગુણ ભાખશ્યુંજી, કરવા સમકિત શુદ્ધિ ।।૧।। મુનિસર
ધરમ સયલ સુખકાર, તુમ્હે પાળો નિરતિચાર મુનિસર ૦ એ આંકણી.

જીવદયા સંજમ તવો જી, ધરમ એ મંગલ રૂપ ।
જેંહના મનમાં નિત વસેજી, તસ નમે સૂર નર ભૂપ ।।મુ૦।।૨।।

ન કરે કુસુમ કિલામનાજી, વિચરતો જિમ તરુવૃંદ ।
સંતોષે વળી આતમાજી, મધુકર ગ્રહી મકરંદ ।।મુ૦।।૩।।

તિણિ પરે મુનિ ઘર ઘર ભમીજી, લેતો શુદ્ધ આહાર ।
ન કરે બાધા કોઈને જી, દીએ પિંડને આધાર ।।મુ૦।।૪।।

પહિલે દશવૈકાલિકેંજી, અધ્યયને અધિકાર ।
ભાખ્યો તે આરાધતાં જી, વૃદ્ધિવિજય જયકાર ।।મુ૦।।૫।।

ઇતિ ।।૧।।

।। સીલ સોહામણુ પાલીએ, એ દેશી ।।

નમવા નેમિજીણંદને, રાજુલ રુડી નારીરે ।
સીલ સુરંગી સંચરે, ગોરી ગઢ ગિરિનારીરે ।।૧।।

સીખ સોહામણી મન ધરો, તુહ્મે નિરુપમ નિર્ગ્રંથરે ।
સવિ અભિલાષ તજી કરી, પાળો શુદ્ધો પંથરે ।।સી૦।।૨।।

પાઉસભીની પદમિની, ગઇ તે ગુફા માંહિ તેમરે ।
ચતુરા ચીર નિચોવતી, દીઠી ઋષિ રહનેમિરે ।।સી૦।।૩।।

ચિત્ત ચલ્યો ચારિત્રિયો, વયણવદે તવ એમ રે ।
સુખ ભોગવીએ સુંદરી, આપણે પૂરવ પ્રેમરે ।।સી૦।।૪।।

તવ રાયજાદી તે ભણે, ભુંડા ઇમ સ્યૂં ભાષેરે ।
વચણ વિરુદ્ધ તે બોલતાં, કાંઈ કુળ લાજ ન રાખે રે ॥સી૦॥૫॥

હું પુત્રી ઉગ્રસેનની, અને તું યાદવ કુળ જાયો રે ।
એ નિરમલ કુળ આપણાં, તો કેમ અકારિજ થાયોરે ॥સી૦॥૬॥

ચિત્ત ચળાવીસ એણી પરે, નિરખી જો તું નારીરે ।
તો પવના હડ તરુ પરે, થાઇશ અથિર નિરધારીરે ॥સી૦॥૭॥

ભોગ ભલા જે પરિહર્યા, તે વળી વાંછે જેહરે ।
વમન ભખી કુકર સમો, કહીએ કુકરમી તેહરે ॥સી૦॥૮॥

સરપ અગંધન કુલતણા, કરે અગનિ પરવેશરે ।
પણ વમ્યું વિષ નવિ લિયેં, જો જોઉં જાતિ વિશેષરે ॥સી૦॥૯॥

તિમ ઉત્તમ કુલ ઉપના, છોડી ભોગ સંજોગરે ।
ફિરી તેહને વાંછે નહીં, હુએ જો પ્રાણ વિયોગરે ॥સી૦॥૧૦॥

ચારિત્ર કિમ પાળી શકે, જો નવિ જાયેં અભિલાષરે ।
સીદાતો સંકલપથી, પગ પગ ઇમ જિન ભાષેરે ॥સી૦॥૧૧॥

જો કણ કંચન કામિની, અછતિં અણ ભોગવતાં રે ।
ત્યાગી ન કહીએં તેહને, જો મન એ સવી જોગવતારે ॥સી૦॥૧૨॥

ભોગ સંજોગ ભલા લહી, પરિહરિ જેહ નિરીહોરે ।
ત્યાગી તેહજ ભાષીયો, તસ પદ નમુ નિસ દિસોર ॥સી૦॥૧૩॥

એમ ઉપદેસે અંકુશે, મયંગલ પરિ મુનિરાજોરે ।
સંયમ મારગે થિર કર્યો, સાર્યાં વંછિત કાજો રે ॥સી૦॥૧૪॥

એ બીજા અધ્યયનમાં, ગુરુ હિત સીખ પયાસે રે ।
લાભવિજય કવિરાયનો, વૃદ્ધિ વિજય એમ ભાષેરે ॥સી૦ ॥૧૫॥

ઇતિ ॥૨॥

પંચ મહાવ્રત પાળીયે એ દેશી

આધાકર્મી આહાર ન લીજીએ, નિશિ ભોજન નવિ કરીએ ।
રાજપિંડને રાજ્જાંતરનું, પિંડ વળી પરિહરિએ કે ॥૧॥
મુનિવર એ મારગ અનુસરિયેં,
જીમ ભવજળ નિધિ તરીએ ॥ એ આંકણી ॥

સાહામો આણ્યો આહાર ન લીજે. નિત પિંડ નવી આદરીયે ।
શી ઇચ્છા એમ પૂછી આપે, તેહ નવિ અંગી કરીયેં કે ॥મુ૦॥૨॥

કંદમૂલ ફળ બીજ પ્રમુખ વળી, લવણાદિક સચિત્ત ।
વરજે તિમ વળી નવિ રાખીજે, તેહ સંનિધિ નિમિત્ત કે ॥મુ૦॥૩॥

ઉગટણું પીઠી પરિહરિયેં, સ્નાન કદા નવિ કરીયે ।
ગંધ વિલેપન નવિ આચરીયે, અંગ કુસુમ નવિ ધરીયે કે ॥મુ૦॥૪॥

ગ્રહસ્તનું ભાજન નવિ વાવરિયે, પરિહરિયે વળી આભરણ ।
છાયા કારણ છત્ર ન ધરિયે, ધરેન ઉપાનહ ચરણ કે ॥મુ૦॥૫॥

દાતણ ન કરે દરપણ ન ધરે, દેખે નવિ નિજ રૂપ ।
તેલ ચોપડીયે ન કાંકસી ન કીજે, દીજે ન વસ્ત્રે ધૂપ કે ॥મુ૦॥૬॥

માંચી પલંગ નવિ બેસીજે, કીજે ન વિંજણે વાય ।
ગ્રહસ્થ ગેહ નવિ બેસીજે, વિણ કારણ સમુદાયકે ॥મુ૦॥૭॥

વમન વિરેચન રોગ ચિકીત્સા, અગ્નિ આરંભ નવિ કિજે ।
સોગટાં સેત્રંજ પ્રમુખ જે ક્રીડા, તે પણ સવિ વરજિજે ॥મુ૦॥૮॥

પાંચ ઇંદ્રી નિજ વસી આણે, પંચાશ્રવ પચખી જે ।
પંચ સમિતિ ત્રણ ગુપતિ ધરીને, છકાય રક્ષા તે કીજે કે ॥મુ૦॥૯॥

ઉનાલે આતાપના લીજે, સીયાલે સીત સહીયે ।
સંત દંત થઇ પરિસહ સહેવા, થિર વરસાલે રહીયે કે ॥મુ૦॥૧૦॥

ઇમ દુક્કર કરણી બહુ કરતા, ધરતાં ભાવ ઉદાસી ।
કરમ ખપાવી કેઇ હુઆ, શીવ રમણીસ્યૂં વિલાસી કે ॥મુ૦॥૧૧॥

દશવૈકાલીક ત્રીજેં અધ્યયનેં, ભાખ્યો એહ આચાર ।
લાભ વિજય ગુરુ ચરણ પસાયે, વૃદ્ધિવિજય જયકાર કે ॥મુ૦॥૧૨॥
ઇતિ ॥ ૩ ॥

સુંણ સુંણ પ્રાણી વાણી જિન તણી એ દેશી

સ્વામી સુધર્મારે કહે જંબુપ્રતે, સુણ સુણ તુ ગુણ ખાંણી ।
સરસ સુધારસ હુંતી મીઠડી, વીર જીણેસર વાંણી ॥સ્વા૦॥૧॥

સૂક્ષમ બાદર ત્રસ સ્થાવર વળી, જીવ વિરાહણ ટાલ ।
મન વચ કાયારે ત્રિવિધે સ્થિર કરી, પહિલું વ્રત સુવિચાર ॥સ્વા૦॥૨॥

ક્રોધ લોભ ભય હાસે કરી, મીથ્યામા ભાંખોરે વયણ ।
ત્રિકરણ શુદ્ધિ વ્રત આરાધજે, બીજું દીવસ ને રયણ ॥સ્વા૦॥૩॥

ગામ નગર વનમાંહિ વિચરંતાં, સચિત્ત અચિત્ત તૃણમાત્ર ।
કાંઇ અદિધાં મત અંગીકરો, ત્રીજું વ્રત ગુણ પાત્ર ॥સ્વા૦॥૪॥

સુર નર તિરયંચ યોની સંબંધીયા, મૈથુન કરી પરિહાર ।
ત્રિવિધે ત્રિવિધે તું નિત પાળજે, ચઉથું વ્રત સુખકાર ॥સ્વા૦॥૫॥

ધણ કણ કંચણ વસ્તુ પ્રમુખ વળી, સર્વ અચિત્ત સચિત્ત ।
પરિગ્રહ મૂર્ચ્છા રે તેહની પરિહરી, ધરી વ્રત પંચમ ચિત્ત ॥સ્વા૦॥૬॥

પંચ મહાવ્રત યેણી પેર પાળજ્યો, ટાળજો ભોજન રાતિ ।
પાપ સ્થાંનક સઘળાં પરિહરી, ધરજો સમતા સવિ ભાંતિ ॥સ્વા૦॥૭॥

પુઢવી પાણી વાયુ વનસ્પતિ, અગની એ થાવર પંચ ।
બિતિ ચઉ પંચિંદ્રિ જલચર, થલચરા ખચરા ત્રસ એ પંચ ॥સ્વા૦॥૮॥

એ છકાયની વારો વિરાધના, જયણા કરી સવિ વાંણિ ।
વિણ જયણારે જીવ વિરાધના, ભાંખે તિહુ અણ ભાંણ ॥સ્વા૦॥૯॥

જયણા પુરવક બોલતાં બેસતાં, કરતાં આહાર વિહાર ।
પાપ કરમ બંધ કહીયેં નવિ હુયે, કહે જિન જગદાધાર ॥સ્વા૦॥૧૦॥

જીવ અજીવ પહેલાં ઓલખી, જિમ જયણા તસ હોય ।
જ્ઞાન વિના નવિ જીવ દયા પળે, ટળે નવી આરંભ કોય ॥સ્વા૦॥૧૧॥
જાણપણાથી સંવર સંપજે, સંવરે કરમ ખપાય ।
કરમ ક્ષયથી રે કેવળ ઉપજે, કેવળી મુગતિ લહેઇ ॥સ્વા૦॥૧૨॥
દશવૈકાલિક ચઉથા અધ્યયનમાં, અરથ પ્રકાશ્યો રે એહ ।
શ્રી ગુરુ લાભવિજય પદ સેવતાં, વૃદ્ધિ વિજય લહે તેહ ॥સ્વા૦॥૧૩॥
ઇતિ ॥ ૪ ॥

વીર વખાણી રાણી ચેલણા એ દેશી

સુઝતા આહારની ખપ કરોજી, સાધુજી સમય સંભાલ ।
સંયમ શુદ્ધ કરવા ભણીજી, એષણા દુષણ ટાલ ॥સુ૦॥૧॥
પ્રથમ સઝાય પોરસી કરીજી, અણુસરી વળી ઉપયોગ ।
પાત્ર પડિલેહણ આચરોજી, આદરી ગુરુ અણુયોગ ॥સુ૦॥૨॥
ઠાર ધુવર વરસાતનાજી, જીવ વિરાહણ ટાલ ।
પગે પગે ઇર્યા શોધતાંજી, હરિકાયાદિક નાલિ ॥સુ૦॥૩॥
ગેહ ગણિકા તણાં પરિહરોજી, જીહાં ગયાં ચલચિત્ત હોય ।
હિંસક કુલ પિણ તિમ તજોજી, પાપ તિહાં પરત્યક્ષ જોય ॥સુ૦॥૪॥
નિજ હાથે બાર ઉઘાડીને જી, પયસિયેં નવિ ઘર માંહિ ।
બાળ પશુ ભિક્ષુક પરમુખનેજી, સંઘટિ જઇયેં નહિ ઘરમાંહિ ॥સુ૦॥૫॥
જલ ફલ જલણ કણ લુણસ્યુંજી, ભેટતાં જે દિયે દાંન ।
તે કલ્પે નહિ સાધુનેજી, વિહરવું અન્ન ને પાન ॥સુ૦॥૬॥
સ્તન અંતરાય બાળક પ્રતેંજી, કરીનેં રડતો ઠવેઇં ।
દાન દિયે ઉલટ ભરીજી, તોહિ પણ સાધુ વરજેહ ॥સુ૦॥૭॥
ગર્ભવંતી વળી જે દીયેંજી, તે પણ અકલ્પ હોય ।
માલિંનીસરણી પ્રમુખે ચડીજી, આણી દીયેં કલપે ન સોય ॥સુ૦॥૮॥

મૂલ્યે આણ્યું પણિ મત લીયોજી મત લીઓ કરી અંતરાય ।
વિહરતા થંભ ખંભાદિકેજી, ન અડો કો થિર ઠવો પાય ॥સુ૦॥૯॥
એણિપરેં દોષ સર્વે છાંડતાંજી, પામીયેં આહાર જો શુદ્ધિ ।
તો લિયેં દેહ ધારણ ભણીજી, અણ લહેં તો તપવૃદ્ધિ ॥સુ૦॥૧૦॥
વચણ લજ્જા તૃષા ભક્ષનાજી, પરિસહથી થીર ચિત્ત ।
ગુરુ પાસે ઇરિયાવહી પડિકમીજી; નિમંતરી સાધાંનેં નિત ॥સુ૦॥૧૧॥
શુદ્ધ એકાન્ત ઠામે જઇજી, પડિકમી ઇરિયાવહી સાર ।
ભોયણ દોષ સવિ છાંડિનેજી, થીર થઇ કરવો આહાર ॥સુ૦॥૧૨॥
દશવૈકાલીકે પાંચમેજી, અધ્યયને કહ્યો એ આચાર ।
તે ગુરુ લાભ વિજય સેવતાંજી, વૃદ્ધિ વિજય જયકાર ॥સુ૦॥૧૩॥
ઇતિ ॥ ૫ ॥

મમ કરો માયા કાયા કારમી - એ દેશી

ગણધર સુધર્મ એમ ઉપદીસે, સાંભળો મુનિવૃંદરે ।
સ્થાનક અઢાર એ ઓળખો, જેહ છે પાપના કંદરે ॥ગ૦॥૧॥
પ્રથમ હિંસા તિહાં છાંડીએ, જુઠ નવિ ભાંખીએ વચણરે ।
તૃણ પણ અદત્ત નવિ લીજીએ, તજીએ મેહુણ સયણરે ॥ગ૦॥૨॥
પરિગ્રહ મૂર્છા પરિહરો, નવિ કરો ભોયણ રાતિરે ।
છંડો છક્કાયવિરાધના, ભેદ સમજી સહુ ભાંતિરે ॥ગ૦॥૩॥
અકલ્પ આહાર નવિ લીજીએ, ઉપજે દોષ જે માંહી રે ।
ધાતુના પાત્ર મત વાવરો, ગૃહી તણાં મુનિવર પ્રાહી રે ॥ગ૦॥૪॥
ગાદીએ માંચીએ ન બેસીએ, વારિએ સય્યા પલંગરે ।
રાત રહિએ નવિ તે સ્થળે, જિહાં હોવે નારી પ્રસંગરે ॥ગ૦॥૫॥
સ્નાન મજ્જન નવિ કીજીએ, જીણે હુવે મન તણો ક્ષોભરે ।
તેહ શણગાર વળી પરિહરો, દંત નખ કેશ તણી શોભરે ॥ગ૦॥ ૬॥

છઠે અધ્યયને એમ પ્રકાશીઓ, દસવૈકાલિક એહ રે ।
લાભવિજય ગુરુ સેવતાં, વૃદ્ધિ વિજય લહ્યો તેહ રે ॥ગ૦॥૭॥
ઇતિ ॥ ૬ ॥

કપૂર હુવે અતિ ઉજળોરે ॥ એ દેશી

સાચું વયણ જે ભાંખીયે રે, સાચી ભાષા તેહ ।
સચ્ચા મોસા તે કહીયે રે, સાચું મૃષા હોય જેહરે ॥ ૧ ॥
સાધુજી કરજો ભાષા શુદ્ધ ॥ કરી નિર્મળ નિજ બુદ્ધિરે ॥
સા૦ ॥ કર૦ ॥ એ આંકળી ॥

કેવળ જૂઠ જિહાં હોવે રે, તેહ અસચ્ચા જાણ ।
સાચું નહિ જૂઠું નહિરે, અસત્યા અમૃષા ઠાણરે ॥સા૦॥કર૦॥૨॥

એ ચારે માહેં કહી રે, પહેલી ભાષા હોય ।
સંયમ ધારી બોલવી રે, વચન વિચારી જોયરે ॥સા૦॥કર૦॥૩॥

કઠીન વયણ નવિ ભાંખિએ રે, તુંકારો રેકાર ।
કોઇના મર્મ ન બોલીએ રે, સાચા પણ નિર્ધાર રે ॥સા૦॥કર૦॥૪॥

ચોરને ચોર નવિ ભાંખીએરે, કાણાને ન કહે કાણ ।
કહિએ ન અંધો અંધને રે, સાચું કઠિન એ જાણરે ॥સા૦॥કર૦॥૫॥

જેહથી અનરથ ઉપજેરે પરને પીડા થાય ।
સાચું વયણ તે ભાંખતાં રે, લાભથી ત્રોટો જાય રે ॥સા૦॥કર૦॥૬॥

ધર્મસહિત હિતકારીયારે, ગર્વ રહિત સમતોલ ।
થોડલા તે પણ મીઠડારે, બોલ વિચારી બોલ રે ॥સા૦॥કર૦॥૭॥

એમ સવિ ગુણ અંગીકરી રે, પરહરી દોષ અશેષ ।
બોલતાં સાધુને હુવે નહિ રે, કર્મનો બંધ લવ લેશ રે ॥સા૦॥કર૦॥૮॥

દસવૈકાલિક સાતમેરે અધ્યયને એ વિચાર ।
લાભવિજય ગુરુથી લહેરે, વૃદ્ધિવિજય જયકાર રે ॥સા૦॥કર૦॥૯॥
ઇતિ ॥ ૭ ॥

રામ સીતાને ધીજ કરાવે ॥ એ દેશી

કહે શ્રી ગુરુ સાંભળો સાંભળો ચેલારે, આચારજ એ પુન્યના વેલારે ।
છક્કાય વિરાહણ ટાળો રે, ચિત્ત ચોખે ચારિત્ર પાળો રે ॥૧॥

પુઢવી પાષાણ ન ભેદોરે, ફળ ફુલ પત્રાદિન છેદોરે ।
બીજ કુંપળ વન મત ફરજોરે, જીવ વિરાધનથી ડરજોરે ॥૨॥

વળી અગ્નિ મ ભેટશો ભાઇરે, પીજો પાણી ઉનું સદાઇરે ।
મત વાવરો કાચું પાણી રે, એહવી છે શ્રી વીરની વાણી રે ॥૩॥

હિમ ધૂઅર વડ ઉંબરાંરે, ફળ કુંથુઆ કીડી નગરાં રે ।
નીલ ફૂલ હરી અંકૂર રે, ઇંડાલ એ આઠે પૂરારે ॥૪॥

સ્નેહાદિક ભેદે જાણી રે, મત હણજો સૂક્ષ્મ પ્રાણી રે ।
પડિલેહી સવિ વારજોરે, ઉપકરણે પ્રમાદ મ કરજોરે ॥૫॥

જયણાએ ડગલાં ભરજો રે, વાટે ચાલંતાં વાત મ કરજોરે ।
મત જ્યોતિષ નિમિત્ત પ્રકાસો રે, નિરખો મત નાચ તમાસો રે ॥૬॥

દીઠું અણદીઠું કરજો રે, પાપ વ્યસન ન શ્રવણે ધરજો રે ।
અણસૂજતો આહાર તજજો રે, રાતે સન્નિધ સવિ વરજોરે ॥૭॥

બાવીસ પરિસહ સહેજો રે, દેહ દુઃખે ફળ સદ્દહજોરે ।
અણપામે કાર્પણ્ય મ કરજોરે, તપ શ્રુતનો મદ નવિ ધરજો રે, ॥૮॥

સ્તુતિ ગતિ સમતા ગ્રહે જોરે, દેશ કાળ જોઇને રહેજો રે ।
ગૃહસ્થશું જાતિ સગાઇ રે, મત કાઢજો મુનિવર કાંઇરે ॥૯॥

ન રમાડો ગૃહસ્થના બાળ રે, કરો ક્રિયાની સંભાળ રે ।
યંત્ર મંત્ર ઔષધનો ભામોરે, મત કરજો કુગતિ કામો રે ॥૧૦॥

ક્રોધે પ્રીતિ પૂરવલી જાયરે, વલી માને વિનય પલાયરે ।
માયા મિત્રાઇ નસાડેરે, સવિ ગુણ તે લોભ નસાડે રે ॥૧૧॥

તે માટે કષાય એ ચાર રે, અનુક્રમે દમજો અણગાર રે ।
ઉપશમશું કેવળ ભાવે રે, સરલાઇ સંતોષ સભાવે રે ॥૧૨॥

બ્રહ્મચારીને જાણજો નારી રે, જૈસી પોપટને માંજારી રે ।
તેણે પરિહરો તસ પરસંગ રે, નવ વાડ ધરો વળી ચંગ રે ॥૧૩॥
રસ લોલુપ થઇ મત પોષોરે, નિજકાય તપ કરીને શોષો રે ।
જાણી અથીર પુદ્‌ગલ પિંડરે, વ્રત પાલજો પંચ અખંડરે ॥૧૪॥
કહ્યું દસવૈકાલિકે એમ રે, અધ્યયને આઠમે તેમ રે ।
ગુરુ લાભ વિજયથી જાણી રે, બુધ વૃદ્ધિવિજય મન આણી રે, ॥૧૫॥
ઇતિ ॥૮॥

શેત્રુંજે જઇએ લાલન, શેત્રુંજે જઇએ ॥ એ દેશી

વિનય કરેજો ચેલા, વિનય કરેજો ॥
શ્રી ગુરુ આણા શીશ ધરેજો ॥ ચેલા ૦॥ શી૦ ॥ એ આંકણી ॥
ક્રોધી માનીને પરમાદી, વિનય ન શિખે વળી વિષ વાદી ॥ચેલા૦॥વ૦॥૧॥
વિનય રહિત આશાતના કરતાં, બહુ ભવ ભટકે દુર્ગતિ ફરતાં ॥ચે૦॥દુ૦॥
અગ્નિ સર્પ વિષ જિમ નવિ મારે, ગુરુ આસાયણ તેથી અધિક પ્રકારે ॥ચે૦॥અ૦॥૨॥
અવિનયે દૂખિઓ બહુ સંસારી, અવિનયી મુક્તિનો નહિ અધિકારી ॥ચે૦॥ન૦॥
કોહ્યા કાનની કુતરી જેમ, હાંકી કાઢે અવિનયી તેમ ॥ચે૦॥અં૦॥૩॥
વિનય શ્રુત તપ વળી આચાર, કહીએ સમાધીનાં ઠામ. એ ચાર ॥ચે૦॥ઠા૦॥
વળી ચાર ચાર ભેદ એકેક, સમજો ગુરુ મુખથી સુવિવેક ॥ચે૦॥થી૦॥૪॥
તે ચારેમાં વિનય છે પહેલો, ધર્મ વિનય વિણ ભાંખે તે ઘેલો ॥ચે૦॥ભાં॥
મૂળથકી જિમ શાખા કહીએ, ધર્મ ક્રિયા તિમ વિનયથી લહીએ ॥ચે૦॥વિ૦॥૫॥
ગુરુ માન વિનયથી લહે સો સાર, જ્ઞાન ક્રિયા તપ જે આચાર ॥ચે૦॥જે૦॥
ગરથ પખે જિમ ન હોએ હાટ, વિણ ગુરુ વિનય તેમ ધર્મની વાટ ॥ચેલા૦॥ધ૦॥૬॥
ગુરુ નાન્હો ગુરુ મોટો કહીએ, રાજાપરે તસ આણા વહીએ ॥ચે૦॥આ૦॥
અલ્પશ્રુત બહુ શ્રુત પણ જાણો, શાસ્ત્ર સિદ્ધાંતે તેહ મનાણો ॥ચે૦॥તે૦॥૭॥
જેમ શશી ગ્રહ ગણે વિરાજે, મુનિ પરિવારમાં તેમ ગુરુ ગાજે ॥ચે૦॥તે૦॥
ગુરુથી અલગા મત રહો ભાઇ, ગુરુ સેવ્યે લહેશો ગૌરવાઇ ॥ચે૦સો૦॥૮॥
ગુરુ વિનયે ગીતારથ થાશો. વંછિત સવિ સુખ લખમી કમાશો ॥ચે૦॥લ૦॥
શાંત દાંત વિનયી લજ્જાળુ, તપ જપ ક્રિયાવંત દયાળુ ॥ચે૦॥વં૦॥લ॥

ગુરુકુળવાસી વસતો શિષ્ય, પૂજનીય હોયે વિસવાવીશ ॥ચે૦॥વિ૦॥
દસવૈકાલિક નવમે અધ્યયને, અર્થ એ ભાંખ્યો કેવળી વયણે ॥જે૦॥કે૦॥
ઇણીપરે લાભવિજય ગુરુ સેવી, વૃદ્ધિવિજય સ્થિર લખમી લહેવી ॥ચે૦॥લ૦॥૧૦॥
ઇતિ ॥ ૯ ॥

તે તરીયા ભાઇ તે તરીઆ ॥ એ દેશી

તે મુનિ વંદો તે મુનિ વંદો, ઉપશમ રસનો કંદો રે ।
નિર્મળ જ્ઞાન ક્રિયાનો ચંદો, તપ તેજે જેહવો દિણંદોરે ॥તે૦॥૧॥
એ આંકણી ॥

પંચાશ્રવનો કરિ પરિહાર, પંચમહાવ્રત ધારોરે ।
ષટ્ જીવતણો આધાર, કરતો ઉગ્ર વિહારો રે ॥તે૦॥૨॥

પંચ સમિતિ ત્રણ ગુપ્તિ આરાધે, ધર્મધ્યાન નિરાબાધ રે ।
પંચમગતિનો મારગ સાધે, શુભ ગુણ તો ઇમ વાધેરે ॥તે૦॥૩॥

ક્રયવિક્રય ન કરે વ્યાપાર, નિર્મમ નિરહંકાર રે ।
ચારિત્ર પાળે નિરતિચારે, ચાલંતો ખડ્ગની ધાર રે ॥તે૦॥૪॥

ભોગને રોગ કરી જે જાણે, આપે પુન્ય વખાણો રે ।
તપ શ્રુતનો મદ નવિ આણે, ગોપવી અંગ ઠેકાણેરે ॥તે૦॥૫॥

છાંડી ધન કણ કંચન ગેહ, થઇ નિઃસ્નેહી નિરીહરે ।
ખેહ સમાણી જાણી દેહ, નવિ પોસે પાપે જેહરે ॥તે૦॥૬॥

દોષરહિત આહાર જે પામે, જે લૂખે પરિણામેરે ।
લેતો દેહનું સુખ નવિ કામે, જાગતો આઠેઇ જામે રે ॥તે૦॥૭॥

રસનારસ રસિઓ નવી થાવે, નિર્લોભી નિર્માય રે ।
સહે પરિસહ સ્થિર કરી કાયા, અવિચળ જિમ ગિરિરાય રે ॥તે૦॥૮॥

રાતે કાઉસગ્ગ કરી સમશાને, જો તિહાં પરિસહ જાણે રે ।
તો નવિ ચૂકે તેહવે ટાણે, ભય મનમાં નવિ આણે રે ॥તે૦॥૯॥

કોઇ ઉપર ન ધરે ક્રોધ, દિયે સહુને પ્રતિબોધ રે ।
કર્મ આઠ ઝીપવા જોધ, કરતો સંયમ શોધ રે ॥તે૦॥૧૦॥

દસવૈકાલિક દસમાધ્યયને, એમ ભાંખ્યો આચાર રે ।
તે ગુરુ લાભવિજયથી પામે, વૃદ્ધિ વિજય જયકાર રે ॥તે૦॥૧૧॥
ઇતિ ॥૧૦॥

નમોરે નમો શ્રી શત્રુંજય ગિરિવર - એ દેશી

સાધુજી સંયમ સૂધો પાળો, વ્રત દૂષણ સવિ ટાળો રે ।
દસવૈકાલિક સૂત્ર સંભાળો, મુનિ મારગ અજુઆળોરે ॥ સા૦ ॥૧॥ એ આંકણી ॥

રોગાંતિક પરિસહ સંકટ, પરસંગે પણ ધારરે ।
ચારિત્રથી મત ચૂકો પ્રાણી, ઇમ ભાંખે જિન સાર રે ॥સા૦॥સં૦॥૨॥

ભ્રષ્ટાચારિ ભુંડો કહાવે, ઇહ ભવ પર ભવ હાર રે ।
નરક નિગોદતણા દુઃખ પામે, ભમતો બહુ સંસાર રે ॥સા૦॥સં૦॥૩॥

ચિત્ત ચોખે ચારિત્ર આરાધે, ઉપશમનીર અગાધ રે ।
ઝીલે સુંદર સમતા દરીએ, તે સુખ સંપત્તિ સાધેરે ॥સા૦॥સં૦॥૪॥

કામધેનુ ચિંતામણી સરિખું, ચારિત્ર ચિત્તમેં આણોરે ।
ઇહ ભવ પર ભવ સુખદાયક એ સમ, અવર ન કાંઇ જાણો રે ॥સા૦॥સં૦॥૫॥

સિજ્જંભવ સૂરીએ રચિઆં, દસ અધ્યયન રસાલાં રે ।
મનકપુત્રહેતેં તે ભણતાં, લહીએ મંગળમાળારે ॥સા૦॥સં૦॥૬॥

શ્રી વિજયપ્રભ સૂરિને રાજ્યે, બુધ લાભવિજયને શિષ્યેરે ।
વૃદ્ધિ વિજય વિબુધ આચાર એ, ગાયો સકળ જગીશેરે ॥સા૦॥સં૦॥૭॥
ઇતિ દશવૈકાલિક સજ્ઝાય સંપૂર્ણ. ॥૧૧॥

## સૂત્ર-સાર

જેના ચાર અધ્યયનોનો પઠન-પાઠન-ચિંતન, મનન અને નિધિધ્યાસન ચતુર્વિધ સંઘ માટે આવશ્યક અને બહુ જ ઉપયોગી છે તથા બાકીના છ અધ્યયનો સંયમી એવા પૂ. સાધુ-સાધ્વીજી ભગવંતોના પઠન-પાઠન, ચિંતન, મનન, નિધિધ્યાસન વિગેરે માટે આવશ્યક અને ઉપયોગી છે. જેમાં સંયમીઓની સુંદર દિનચર્યા, ગોચરી ચર્યા, વાક્ય શુદ્ધિ, આચાર શુદ્ધિ તથા વિનય અને ગુણો દર્શાવેલી છે તથા અસ્થિરતા અને કર્મજનિત અરતિ દૂર કરવા માટે ચૂલિકાઓ કળશરૂપ છે.

પ્રકાશક
**શ્રી મુક્તિચંદ્ર શ્રમણ આરાધના ટ્રસ્ટ**
મુક્તિનગર - ગિરિવિહાર, તળેટી રોડ,
પાલીતાણા - ૩૬૪૨૭૦

Printed by Siddhi Printorium
Phone : 079 - 211 29 39